પ્રસાદ નં. ૧૫૧

પ્રવચનસાર ગાથા ૧૯૪

(ફાગણ વદ ૭, ગુરુવાર)

આ ગાથામાં એમ કહે છે કે શુદ્ધાત્માની પ્રાપ્તિનું ફળ મોહનો નાશ થવો તે છે. તે મોહ કેમ નાશ થાય ? આ આત્મા સ્વજ્ઞેય છે ને બાકીના અનંતા જીવ અને પુદ્ગલો–પરજ્ઞેયો અધ્રુવ છે, તે આ આત્માને શરણ લેવા યોગ્ય નથી, એમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. પરથી લાભ થાય એવું કહેનારા કુદેવ-કુગુરુ છે ને સાચું વસ્તુસ્વરૂપ કહેનારા સુદેવ-સુગુરુ છે. મુમુક્ષુ જીવ તે પરજ્ઞેયો વચ્ચે વિવેક કરે છે ને શુભરાગ હોય છે ત્યારે સાચા દેવ-ગુરુ પાસે જઈને સાંભળવાનો વિકલ્પ તેને આવે છે. સાચા દેવ ને ગુરુ પણ તેને એમ કહે છે કે "ભાઈ, અમારું સાંભળવાનો ભાવ, ભક્તિ–પૂજાનો ભાવ—એ મલિનભાવ છે. એ ભાવથી બંધન છે. અમારા તરફનું વલણ પણ બંધનનું કારણ છે. અમો તને શરણ નથી. ભલે શાસ્ત્રમાં પંચપરમેષ્ઠીને શરણ કહ્યા પણ તે વ્યવહાર કથન છે. અમારા ઉપર દ્રષ્ટિ રહેશે ત્યાંસુધી ધર્મ થશે નહિ. તારો આત્મા જ એક શરણરૂપ છે. તેની દ્રષ્ટિ કર ને અમારા ઉપર દ્રષ્ટિ છોડ." જે જીવ દેવગુરુ વગેરે પર જ્ઞેયો ઉપરથી લક્ષ ઉઠાવી, આત્મા ધ્રુવ છે તેનું શરણ લ્યે છે, તેને શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે ને મોહ ઉત્પન્ન થતો નથી એટલે કે મોહનો નાશ થાય છે. ॥૧૯૪॥

હવે, મોહગ્રંથિ છેદાવાથી શું થાય છે, તે કહે છે :—

ગાથા ૧૯૫

હણી મોહગ્રંથિ, ક્ષય કરી રાગાદિ, સમ સુખદુઃખ જે
જીવ પરિણમે શ્રામણ્યમાં, તે સૌખ્ય અક્ષયને લહે. ૧૯૫.

અન્વયાર્થ :—જે મોહગ્રંથિને નષ્ટ કરી, રાગ-દ્વેષનો ક્ષય કરી, સમ સુખદુઃખ થયો થકો મુનિપણામાં પરિણમે છે, તે અક્ષય સૌખ્યને પ્રાપ્ત કરે છે.

રાગ-દ્વેષનું મૂળ દર્શનમોહ છે.

પરપદાર્થથી લાભ-નુકશાન થાય, પુણ્યથી ધર્મ થાય એવી જે માન્યતા તે મોહની ગાંઠ છે. એવા મોહના નાશ થવાથી રાગ-દ્વેષ નાશ થાય છે કારણ કે રાગ-દ્વેષનું મૂળ મિથ્યાત્વ છે. તે મોહ છેદ્યા વિના રાગ-દ્વેષ કદી પણ છૂટે નહિ. જે જીવ માને છે કે આપણે સાચી સમજણ કર્યા વિના રાગ-દ્વેષ ઘટાડો તો તે રાગ-દ્વેષ કદી પણ ઓછા થાય નહિ; જેમ કે પાંદડાં તોડી નાખવાથી વૃક્ષનો નાશ થતો નથી

કારણ કે તે પાંદડાં બે ચાર માસમાં ફરી ઊગી નીકળશે પણ જો તે ઝાડનું મૂળ કાપી નાંખ્યું હોય તો તેનાં પાંદડાં સુકાઈ જાય છે ને ઝાડ ફરી ઊગવા પામતું નથી તેમ અજ્ઞાની જીવ ઉપવાસ, વ્રત, તપ, સમજણ વગરનાં કરે તો કષાયમંદતા દેખાય પણ સંસારનું પરિભ્રમણ મટે નહિ પણ પરથી લાભ-નુકશાનની માન્યતારૂપી મોહ મૂળમાંથી છેદી નાખે તો સંસારના પરિભ્રમણનો અંત આવે છે. માટે જેને રાગ-દ્વેષનો નાશ કરવો હોય તેણે દર્શનમોહનો પ્રથમ નાશ કરવો જોઈએ. મિથ્યાત્વ ટળ્યા વિના રાગ-દ્વેષ ટળે નહિ ને રાગ-દ્વેષ ટળ્યા વિના ચારિત્ર આવે નહિ. ચારિત્ર વગર મુક્તિ થાય નહિ.

ચારિત્રનું મૂળ સમકિત છે.

આ જ્ઞેય અધિકાર છે. પરજ્ઞેય તરફનું વલણ તે મલિનતાનું કારણ છે ને સ્વજ્ઞેય તરફનું વલણ મલિનતાનું નાશક છે. સ્વજ્ઞેય પરથી જુદું છે માટે એક છે, એક છે તે શુદ્ધ છે, શુદ્ધ છે તે જ ધ્રુવ છે. તે જ અનુભવ કરી એકાગ્ર થવા યોગ્ય છે ને તેનાથી મોહનો નાશ થાય છે. આમ જે જીવ સ્વજ્ઞેયનો આશ્રય કરી સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તેને સ્થિરતા થતાં ચારિત્રદશા પ્રગટ થાય છે. **दंसण मूलो धम्मो** ચારિત્ર તે સાક્ષાત્ ધર્મ છે ને તે ધર્મનું મૂળ સમકિત છે. પરજ્ઞેય તરફની પ્રવૃત્તિ હઠાવી સ્વજ્ઞેયની પ્રતીતિ ને જ્ઞાન કરવું તે સમ્યગ્દર્શન ને જ્ઞાન છે. આમ જે જીવ સ્વની પ્રતીતિ કરી ઠરે છે તેને ચારિત્રદશા પ્રગટ થાય છે ને ચારિત્રદશા પ્રગટ થવાથી રાગ-દ્વેષનો નાશ થાય છે.

મુનિઓ પરમ મધ્યસ્થતા ધારણ કરી અંતર વિશેષ રમણતા કરે છે.

આવી રીતે મુનિ રાગ-દ્વેષનું ક્ષપણ કરે છે. તે મુનિ પરમ મધ્યસ્થતા ધારણ કરે છે. શ્રામણ્ય એટલે મુનિપણાનું લક્ષણ પરમ મધ્યસ્થતા છે. ચોથે ગુણસ્થાને મધ્યસ્થતા તો પ્રગટ થઈ છે, અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં સુખદુઃખની કલ્પના કરતા નથી, શરીરની ક્રિયાથી ધર્મ નથી, પુણ્યથી ધર્મ નથી, સ્વજ્ઞેયની સાચી પ્રતીતિમાં ધર્મ છે એમ સ્વજ્ઞેય-પરજ્ઞેયની વહેંચણી ને વિવેક તો પ્રથમથી જ ચોથે ગુણસ્થાને પ્રગટ થયો હતો પણ હવે મુનિ વિશેષ લીનતા કરી અસ્થિરતાની જે લાગણી ઊઠતી તે હવે સ્વભાવની વિશેષ લીનતા દ્વારા ઊઠવા દેતા નથી. કોઈ શરીરના કટકા કરે તો દ્વેષ કરતા નથી ને કોઈ ચંદન શરીરને ચોપડે તો રાગ કરતા નથી. આબરુ સારી ને અણઆબરુ ખરાબ, તંદુરસ્ત શરીર સારું ને માંદું શરીર ખરાબ—એવા અસ્થિરતાના વિકલ્પો પણ પોતાના જ્ઞાન સ્વભાવની વિશેષ લીનતા કરી થવા દેતા નથી. તેથી મુનિને પરમ મધ્યસ્થતા પ્રગટ થઈ છે. આવા

પરમ મધ્યસ્થતા લક્ષણવાળા શ્રામણ્યમાં મુનિનું પરિણમન હોય છે. બાહ્ય સુખદુઃખના પ્રસંગોના માત્ર જ્ઞાતાદ્રષ્ટા રહે છે, અસ્થિરતાની વૃત્તિ પણ ઉત્પન્ન થવા દેતા નથી. જુઓ, આનું નામ મુનિદશા ! શ્રામણ્યનું લક્ષણ પરમ મધ્યસ્થતા કહ્યું છે પણ શ્રામણ્યનું લક્ષણ નગ્નદશા કે મોરપીંછ કહ્યું નથી. અથવા પાંચ મહાવ્રત, ૨૮ મૂલગુણનું પાલન પણ શ્રામણ્યનું લક્ષણ કહ્યું નથી. મોરપીંછ, નગ્નદશા તો પરજ્ઞેય છે. તેને અહીં યાદ પણ કરેલ નથી. આનું નામ મુનિદશા છે.

પરમ મધ્યસ્થતાના કારણે અવિનાશી સુખની પ્રાપ્તિ થાય છે.

આવી રીતે મુનિપણામાં પરિણમનથી એટલે વિશેષ સ્થિરતા કરીને મુનિ અક્ષય—અવિનાશી સુખને પ્રાપ્ત કરે છે. તે સુખનું લક્ષણ અનાકુળતા છે. આકુળતા રહિત પરમ આનંદને તેઓ પામે છે. અજ્ઞાની જીવ પૈસા, બૈરાં—છોકરાં, બંગલામાં આનંદ માને તે તો દુઃખરૂપ આકુળતા છે. આમ સ્વભાવની લીનતાથી શાંત સમભાવને લીધે મુનિ આનંદ ને મુક્તિ પામે છે.

આવી રીતે પરજ્ઞેય તરફનું વલણ ફેરવી સ્વજ્ઞેયનાં શ્રદ્ધા જ્ઞાન કરવાં તે સમ્યક્દર્શન-જ્ઞાન છે, તેનાથી ચારિત્ર પ્રગટ થાય છે. ચારિત્રરૂપી મધ્યસ્થતાથી અક્ષય સૌખ્યની પ્રાપ્તિ થાય છે.

આથી મોહરૂપી ગ્રંથિના ભેદથી એટલે કે મિથ્યાત્વના નાશથી અવિનાશી સુખની પ્રાપ્તિ થાય છે. ॥૧૯૫॥

હવે, એક જ આત્માને જે અગ્ર કરે છે એ જેનું લક્ષણ છે એવું ધ્યાન આત્માને અશુદ્ધતા લાવતું નથી, એમ નક્કી કરે છે :—

ગાથા ૧૯૬

જે મોહ મળ કરી નષ્ટ, વિષયવિરક્ત થઈ, મન રોકીને,
આત્મસ્વભાવે સ્થિત છે, તે આત્મને ધ્યાનાર છે. ૧૯૬.

અન્વયાર્થ :—જે દર્શનમોહ તથા ચારિત્રમોહનો ક્ષય કરી, પરપદાર્થ તરફના વલણથી વિરક્ત થઈ, મનનો નિરોધ કરી, સ્વભાવમાં સમવસ્થિત છે, તે આત્માને ધ્યાનાર છે.

મોહ-રાગ-દ્વેષના અભાવથી પરજ્ઞેયો તરફ વલણ જતું નથી.

ટીકા :—પરદ્રવ્યના કારણે લાભ-નુકશાન માને તે દર્શનમોહ છે ને પરદ્રવ્યપ્રવૃત્તિમાં આસક્તિ હોય તે ચારિત્રમોહ છે. જેણે દર્શનમોહ તથા ચારિત્રમોહનો અભાવ કર્યો છે તેને પરદ્રવ્યની પ્રવૃત્તિનો અભાવ થાય છે.

(૧) ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. જ્ઞાનસ્વભાવની સાચી પ્રતીતિ કરે તેને જ અંતર રમણતારૂપ ચારિત્ર પ્રગટ થાય. સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોય નહિ.

(૨) રાગ-દ્વેષનું મૂળ દર્શનમોહ છે. જે રાગ-દ્વેષ થાય છે તેનું કારણ પરપદાર્થ પ્રત્યે એકત્વબુદ્ધિરૂપ મોહ છે. દર્શનમોહ ટળ્યા વિના રાગ-દ્વેષ ટળે નહિ.

(૩) પરદ્રવ્ય પ્રવૃત્તિનું મૂળ મોહ-રાગ-દ્વેષ છે. આત્મા સિવાય શરીર, મન, વાણી, દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરે તરફની જે પ્રવૃત્તિ થાય છે તેનાં બે કારણ છે :—

(અ) તેનાથી લાભ-નુકશાન માની જે પ્રવૃત્તિ થાય છે તેનું મૂળ દર્શનમોહ છે.

(બ) તેનાથી લાભ-નુકશાન માન્યા વિના પોતાની નબળાઈના કારણે પરદ્રવ્ય તરફ પ્રવૃત્તિ થાય તેનું મૂળ ચારિત્રમોહ—રાગ-દ્વેષ છે.

મુનિએ મોહ-રાગ-દ્વેષ ટાળ્યા છે માટે તેમને પરદ્રવ્યપ્રવૃત્તિ નથી, ને તેનો અભાવ થવાથી પરદ્રવ્ય તરફ વિરક્તતા થાય છે. આત્મા સ્વજ્ઞેય છે ને બાકીનાં બધાં પરજ્ઞેય છે. સ્વજ્ઞેય આત્મા શુદ્ધ ચિદાનંદ છે એવી શ્રદ્ધા કરી મિથ્યાત્વને ટાળે છે ને વિશેષ લીનતા કરવાથી પરદ્રવ્ય તરફનું વલણ રહેતું નથી એટલે કે સ્થિરતા થતાં રાગ-દ્વેષનો નાશ થાય છે.

પરદ્રવ્ય પ્રવૃત્તિરૂપ ચંચળતાના અભાવથી ધ્યાન થાય છે.

જેમ દરિયાના મધ્યમાં રહેલા કોઈ એકાકી વહાણ ઉપર બેઠેલા પંખીને વહાણ સિવાય બીજા વહાણનો, ઝાડનો કે જમીનનો આધાર નથી તેથી તે પંખી ઊડતું અટકી જાય છે. તેમ મુનિને પરપદાર્થો તરફ વલણ રહ્યું નથી, સ્વવલણદશા ઘણી વધી ગઈ છે. તેથી મનને બીજાં દ્રવ્યોનો આધાર નથી. માત્ર એક આત્મદ્રવ્ય તરફ વળવાનું રહે છે. તેથી મનની પ્રવૃત્તિ પણ અટકી જાય છે. ચંચળતાનું મૂળ મન છે, ને મનનો નિષેધ થવાથી ચંચળતા ઉત્પન્ન થતી નથી કારણ કે મનના અવલંબને પુણ્યપાપ થાય છે ને આત્માના અવલંબને મુક્તિ થાય છે. ચંચળતા તે ભાવમન છે ને મન તે દ્રવ્યમન છે. પ્રથમ બાહ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર, શરીર, કુટુંબ આદિ પરદ્રવ્યનું આલંબન તો છોડાવેલ જ હતું. હવે અંદર દ્રવ્યમન છે તે પણ પરજ્ઞેય છે ને તેનું પણ અવલંબન છોડાવે છે. મનનો સંબંધ તૂટવાથી ચંચળતા નાશ થાય છે, ને ચંચળતા નાશ થવાથી પોતાના અનંત જ્ઞાનદર્શન સ્વભાવમાં દ્રઢપણે ટકવું થાય છે. આત્મામાં દ્રઢપણે ટકવું તે સ્વરૂપમાં પ્રવૃત્તિ છે. આકુળતા રહિતપણું છે ને એક આત્માને જ અગ્ર કરેલ છે માટે તેને ધ્યાન કહે છે ને ધ્યાનના ફળમાં મુક્તિ છે.

૧. આત્મા સિવાય પરપદાર્થોથી લાભ-નુકશાન માનવું તે મોહ છે. તે મોહ રાગ-દ્વેષનું મૂળ છે.

૨. ચારિત્રનું મૂળ સમકિત છે, કારણ કે સમકિત વિના ચારિત્ર હોય નહિ.

૩. આત્મા સિવાય પરદ્રવ્યથી લાભ માનીને પ્રવૃત્તિ કરે તેનું મૂળ મોહ છે, ને પરથી લાભ માન્યા વિના પ્રવૃત્તિ કરે તો તે પ્રવૃત્તિનું મૂળ રાગ-દ્વેષ છે.

૪. ચંચળતાનું મૂળ મન છે. મનના અવલંબને પુણ્યપાપ થાય છે, પણ આત્માના અવલંબને ચંચળતા થતી નથી. આત્માના અવલંબને મુક્તિ થાય છે.

આવી રીતે પરજ્ઞેય ને સ્વજ્ઞેયના વિવેકપૂર્વક શ્રદ્ધા-જ્ઞાનથી સમ્યગ્દર્શન થાય છે ને દર્શનમોહનો નાશ થાય છે. દર્શનમોહનો નાશ થયા પછી આત્મસ્થિરતા થતાં ચારિત્રમોહ એટલે રાગ-દ્વેષ નાશ પામે છે. મોહ, રાગ-દ્વેષ નાશ પામતાં પરદ્રવ્ય પ્રત્યેની પ્રવૃત્તિનો અભાવ થાય છે. પરદ્રવ્ય પ્રત્યેની પ્રવૃત્તિનો અભાવ થતાં મનની ચંચળતાનો અભાવ થાય છે. મનની ચંચળતાનો અભાવ થતાં આત્મા વિષે એકાગ્ર થાય છે ને તેનાથી ધ્યાન થાય છે. ધ્યાનના ફળમાં કેવળજ્ઞાન ને સિદ્ધપદ મળે છે.

*

પ્રસાદ નં. ૧૫૩

પ્રવચનસાર ગાથા ૧૯૬

(ફાગણ વદ ૯, શનિવાર)

ધ્યાન અશુદ્ધતાનું કારણ નથી.

આ જ્ઞેય અધિકાર છે. આત્મા સ્વજ્ઞેય છે, પરજ્ઞેયો આત્મામાં જણાવા યોગ્ય છે. પરજ્ઞેયોમાં સુખ માની આશ્રય કરે તો મલિનતા થાય છે માટે જેને મલિનતાનો અભાવ કરવો હોય તેણે સ્વજ્ઞેય સન્મુખ દ્રષ્ટિ કરવી. પરથી લાભ-નુકશાન માને તો દર્શનમોહ છે ને લાભ-નુકશાન માન્યા વિના પરમાં પ્રવૃત્તિ તે ચારિત્રમોહ છે. સ્વમાં એકાગ્ર થવાથી ચારિત્રમોહ નાશ પામે છે ને ધ્યાનદશા પ્રગટ થાય છે. આથી એમ નક્કી થાય છે કે ધ્યાનસ્વભાવ સમવસ્થાનરૂપ હોવાને લીધે આત્માથી જુદું નહિ હોવાના કારણે અશુદ્ધતાનું કારણ નથી. પ્રથમ તો આત્મા સ્વજ્ઞેય છે ને બીજા બધા પરજ્ઞેય છે, તે લાભ-નુકશાનનું કારણ નથી એમ શ્રદ્ધા-જ્ઞાન કરવાં, તે પ્રથમ સમ્યગ્દર્શન ધ્યાનસ્વભાવ સમવસ્થાનરૂપ છે. ને દર્શનમોહ નાશ થયા પછી સ્વભાવમાં એકાગ્રતા કરવી તે બીજું ચારિત્ર ધ્યાનસ્વભાવ સમવસ્થાનરૂપ છે. આવી રીતે ધ્યાન અશુદ્ધતાનું કારણ નથી.

અર્હંતને ધ્યાન શેનું છે ? તે પ્રશ્ન આ જ્ઞેય અધિકારમાં કેમ લીધો?

હવે કેવળી ભગવાન તો પરિપૂર્ણ દશાને પામ્યા છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય પ્રગટ થયું છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે છે તેવા ભગવાનને શાસ્ત્રમાં ધ્યાન કહ્યું છે, એમ શિષ્ય શાસ્ત્ર દ્વારા જાણે છે. તે પૂછે છે કે ભગવાનને હવે કાંઈ કરવાનું બાકી તો રહેતું નથી છતાં તેને શુક્લધ્યાન કેમ કહ્યું હશે ? એમ શિષ્ય પ્રશ્ન પૂછે છે. જુઓ, આ શિષ્યની તૈયારી છે. ભગવાન વીતરાગ સર્વજ્ઞ થઈ ગયા, તેનું શું બાકી છે ? નીચલી દશામાં રાગ હોય તો તો ધ્યાન કરવાનું રહે કારણ કે સ્વભાવમાં પૂર્ણ સ્થિરતા નથી પણ અર્હંતને શું બાકી છે ?

શિષ્ય અર્હંતના સ્વરૂપને જાણે છે. અર્હંત ત્રણકાળ ત્રણ લોકના પદાર્થને જાણે છે. તેમનું નગ્ન શરીર પરમ ઔદારિક સ્ફટિક જેવું હોય છે. લૂગડાનો તાણોવાણો ન હોય, આહાર પાણી ન હોય, રોગ-શોક ન હોય, ઝાડા ન હોય, એવું અર્હંતનું સ્વરૂપ છે. પણ અર્હંત ભગવાન પરિપૂર્ણ સ્વજ્ઞેયદશાને પામ્યા નથી. યોગગુણ તથા પ્રતિજીવી ગુણ વગેરેની અશુદ્ધતા છે ને તેનું નિમિત્ત અઘાતિકર્મ

પણ છે. એટલી તે જ્ઞેયમાં કચાશ છે માટે અર્હંતને ધ્યાનદશા છે. સિદ્ધદશા પરિપૂર્ણ શુદ્ધ જ્ઞેય છે તેને ધ્યાન નથી. અર્હંતને અશુદ્ધતા છે તેથી ધ્યાન બાકી છે. એમ જ્ઞેયનું યથાર્થ સ્વરૂપ બતાવવા અર્હંતના શુક્લધ્યાનની વાત જ્ઞેય અધિકારમાં લીધી છે.

ગાથા ૧૯૭

શા અર્થને ધ્યાવે શ્રમણ, જે નષ્ટઘાતિકર્મ છે,
પ્રત્યક્ષ સર્વ પદાર્થ ને જ્ઞેયાન્ત પ્રાપ્ત નિઃશંક છે ? ૧૯૭.

અન્વયાર્થ :—જેમણે ઘનઘાતિ કર્મનો નાશ કર્યો છે, જે સર્વ પદાર્થોના સ્વરૂપને પ્રત્યક્ષ જાણે છે અને જે જ્ઞેયના પારને પામેલા છે એવા સંદેહરહિત શ્રમણ ક્યા પદાર્થને ધ્યાવે છે ?

છદ્મસ્થ જીવને મોહ તથા અલ્પજ્ઞતા હોવાને કારણે ધ્યાન હોય છે.

ટીકા : (૧) જે જીવો મિથ્યાદ્રષ્ટિ છે તેને મોહનો સદ્‌ભાવ હોવાના કારણે તે તૃષ્ણા સહિત જોવામાં આવે છે તેથી તે પર તરફથી ખસી સ્વજ્ઞેય તરફ વળવા પ્રયત્ન કરે છે. (૨) અને પોતાને અલ્પજ્ઞદશા વર્તે છે ને તેમાં જ્ઞાનાવરણીય કર્મ નિમિત્તરૂપે છે, તેથી છદ્મસ્થ જીવ બધા પદાર્થો પ્રત્યક્ષ જાણી શકતો નથી અને બધા પદાર્થોને સૂક્ષ્મતાથી જાણી શકતો નથી તેથી જે જે પદાર્થોની અભિલાષા હોય તે માટે જે પદાર્થ જાણવાની ઇચ્છા હોય તેને જાણવા માટે અને જેના વિષે સંદેહ હોય તેનો નિર્ણય કરવા માટે ધ્યાન કરતો જોવામાં આવે છે. વળી નીચલી દશામાં રાગનો પણ સદ્‌ભાવ વર્તે છે તેથી રાગને ટાળવા માટે ધ્યાન કરતો જોવામાં આવે છે અને તે બરાબર છે. અલ્પજ્ઞ જીવના ધ્યાનનું કારણ તો સમજી શકાય છે.

પણ ભગવાન તો વીતરાગ ને સર્વજ્ઞ છે તો પછી તેઓ શેનું ધ્યાન કરે છે ?

પણ ભગવાન સર્વજ્ઞ છે, તેમને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય ને અંતરાય એ ચાર ઘનઘાતિ કર્મોનો નાશ થયો છે.

૧. ભગવાનને મોહનો અભાવ છે. તેઓ વીતરાગદશાને પ્રાપ્ત થયેલા છે. કોઈ પણ પ્રકારની તૃષ્ણા નથી.

૨. સર્વજ્ઞદશા પ્રગટ થઈ છે. ત્રણ લોકના ને ત્રણ કાળના પદાર્થને એક સમયમાં હસ્તામલકવત્ જાણે છે ને તેમને નિમિત્તરૂપે જ્ઞાનાવરણીય કર્મનો

નાશ થયો છે. બધા પદાર્થોનું સ્વરૂપ પ્રત્યક્ષ છે, જ્ઞેયોનો પાર પામેલા છે. કોઈપણ પદાર્થની અભિલાષા નથી, જાણવાની ઇચ્છા નથી તેમ જ કોઈ પણ પ્રકારનો ભગવાનને સંદેહ નથી તો તેમને અભિલાષા કરવાયોગ્ય, જાણવાની ઇચ્છાયોગ્ય, અથવા સંદેહવાળો પદાર્થ ક્યો બાકી હોઈ શકે ? એટલે કે એક પણ ન હોય. બધાં જ્ઞેયોને જાણી ચૂક્યા છે. તો પછી તેઓ શેનું ધ્યાન કરે છે ? આમ આ ગાથામાં શિષ્ય અર્હંતનું સ્વરૂપ વિશેષ જાણવા માટે જિજ્ઞાસાપૂર્વક પૂછે છે.

<u>ભાવાર્થ</u> :—જગતના સામાન્ય જનો મોહના નિમિત્તે પોતાની યોગ્યતાથી તૃષ્ણાવાળા છે તેથી તેમને કોઈ કોઈ ઇષ્ટ પદાર્થની ઇચ્છા રહ્યા કરે છે; વળી તે પોતાની યોગ્યતાના કારણે ને જ્ઞાનાવરણીયરૂપ કર્મના નિમિત્તે ઘણા પદાર્થને તો જાણતો જ નથી તથા જે પદાર્થને જાણે છે તેને પૃથક્ કરીને ઘણી સૂક્ષ્મતાથી જાણતો નથી તેથી તેને નહિ જાણેલા પદાર્થને જાણવા માટે જિજ્ઞાસા તથા અસ્પષ્ટ રીતે જાણેલા પદાર્થ વિષે શંકા રહે છે. આમ હોવાથી તેને અભિલાષાવાળા, જિજ્ઞાસાવાળા ને સંદેહવાળા પદાર્થનું ધ્યાન સંભવે છે.

પરંતુ સર્વજ્ઞ ભગવાનને નિમિત્તરૂપે મોહનીયકર્મનો અભાવ હોવાથી ને પોતાની યોગ્યતાથી વીતરાગતા છે માટે તેમને ઇચ્છા નથી. વળી સર્વજ્ઞદશા પ્રગટ છે ને નિમિત્તરૂપે જ્ઞાનાવરણીય કર્મ નથી તેથી ભગવાન સર્વે પદાર્થોને અત્યંત સ્પષ્ટતાથી પરિપૂર્ણ જાણે છે; તેથી તેમને કોઈ પદાર્થ પ્રત્યે અભિલાષા, જિજ્ઞાસા કે સંદેહ નથી તો પછી તેમને ક્યા પદાર્થનું ધ્યાન સંભવે છે ?

જુઓ, અહીં શિષ્ય એટલી લાયકાતવાળો તો છે કે અર્હંતના સ્વરૂપને બરાબર જાણે છે, ભગવાનને વીતરાગ માને છે, તેમને ઇચ્છા નથી ને તેઓ પરિપૂર્ણ છે એમ તે જાણે છે એટલે જે જીવ ભગવાનને રોગ માને, આહાર કરાવે તે તો ભગવાનનું સ્વરૂપ જાણતા નથી. ભગવાન રોગ, શોક, તૃષ્ણા, ભય વગેરે બધા દોષથી મુક્ત છે ને તેમને કાંઈ જાણવું બાકી નથી, એમ કબૂલ કર્યા પછી પૂછે છે કે ભગવાનને ધ્યાન શેનું છે ?

હવે, સર્વજ્ઞ ભગવાને–તેરમા ગુણસ્થાનવાળા અર્હંત પ્રભુએ શુદ્ધ આત્માની પ્રાપ્તિ કરી છે તે પરમ અવ્યાબાધ સુખને ધ્યાવે છે એમ પૂર્વની ગાથા ૧૯૭ ના ઉત્તરરૂપ ગાથા હવે કહે છે–

ગાથા ૧૯૮

બાધા રહિત, સકલાત્મમાં સંપૂર્ણ સુખજ્ઞાનાઢ્ય જે,
ઇન્દ્રિય—અતીત અનિંદ્રિ તે ધ્યાવે પરમ આનંદને. ૧૯૮.

અન્વયાર્થ :—અનિન્દ્રિય અને ઇન્દ્રિયાતીત થયેલો આત્મા સર્વ બાધા રહિત અને આખા આત્મામાં સમંત (સર્વ પ્રકારનાં, પરિપૂર્ણ) સૌખ્ય તેમ જ જ્ઞાનથી સમૃદ્ધ વર્તતો થકો પરમ સૌખ્યને ધ્યાવે છે.

કેવળી ભગવાન પોતે અનિન્દ્રિયપણે વર્તે છે.

નીચલી દશામાં જડ ઇન્દ્રિયો તરફનું વલણ સહજ સુખ ને જ્ઞાનને બાધા પહોંચાડે છે. જ્યાંસુધી ઇન્દ્રિયો તરફનું વલણ છે ત્યાંસુધી અતીન્દ્રિય સુખ ને કેવળજ્ઞાન થતું નથી. તે ઇન્દ્રિયો આત્માના અમુક જ પ્રદેશેથી ને અમુક પ્રકારે લૌકિક સુખ ઉત્પન્ન કરવામાં તથા જ્ઞાન થવામાં નિમિત્ત છે. નીચલી દશામાં જ્ઞાનનો ઉઘાડ બધે હોય પણ કાર્ય અમુક પ્રદેશેથી થાય છે ને લૌકિક સુખ કે જે પરમાર્થે દુઃખ છે તેમાં ઇન્દ્રિયો નિમિત્ત છે. તે ઇન્દ્રિયો આત્માના જ્ઞાનમાં તથા સુખમાં નિમિત્ત નથી. ભગવાનને ઇન્દ્રિયો તરફનું વલણ સર્વથા છૂટી ગયું છે તેથી શરીર તથા જડ ઇન્દ્રિયોનો સદ્‌ભાવ હોવા છતાં તેમને ઇન્દ્રિયોનો અભાવ કહ્યો છે. આવી રીતે ભગવાન પોતે અનિન્દ્રિયપણે વર્તે છે.

કેવળી ભગવાન બીજાઓને ઇન્દ્રિયાતીત છે.

ભગવાન બીજાઓને ઇન્દ્રિયથી અગોચર વર્તે છે, ઇન્દ્રિયથી જણાય તેવા નથી. ઇન્દ્રિયોથી જે જણાય છે તે તો ભગવાનનું શરીર ને વાણી છે. તે કાંઈ ભગવાનનું સ્વરૂપ નથી. તે તો જડ છે. એટલે જે પોતાના આત્માને ઇન્દ્રિય ને મનથી પાર થઈ સ્વભાવથી ઓળખે તે ભગવાનને પારખી શકે. બાહ્યથી પારખ તે ભગવાનની પારખ નથી. કેવળી ભગવાન આત્માના જ્ઞાનથી ઓળખાય તેવા છે માટે ઇન્દ્રિયાતીત છે.

કેવળી ભગવાનને સર્વ પ્રદેશે સુખ ને જ્ઞાન ભરેલાં છે.

વળી ભગવાન વિઘ્નરહિત, પરિપૂર્ણ પારમાર્થિક સુખ ને પરિપૂર્ણ જ્ઞાનદશાને પામેલા છે. નીચલી દશામાં સુખમાં બાધા પહોંચતી, વળી તે લૌકિક સુખ હતું. અહીં તો પારમાર્થિક અનાકુળ સુખ, કોઈ દિવસ બાધા ન પહોંચે તેવું સુખ પ્રગટેલ છે. વળી છદ્મસ્થદશામાં અમુક પ્રદેશે જ્ઞાનનું કાર્ય દેખાતું જ્યારે ભગવાનને તો અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાન પ્રગટી ગયું છે. આખા આત્મામાં સમંત

સૌખ્ય અને જ્ઞાનથી સમૃદ્ધ હોય છે. તેથી કેવળી ભગવાનના આત્માને કોઈ અભિલાષા, જિજ્ઞાસા ને સંદેહ હોતાં નથી.

કેવળી ભગવાનને પરિપૂર્ણ સિદ્ધદશા થતાં સુધી શુક્લધ્યાન હોય છે.

આમ હોવા છતાં કેવળી ભગવાન અપૂર્વ અને અનાકુળતા જેનું લક્ષણ છે એવા પરમ સૌખ્યને ધ્યાવે છે. એટલે કે અનાકુળતા સાથે રહેલા એક આત્મારૂપી વિષયના અનુભવનરૂપે જ માત્ર સ્થિત રહે છે અને આત્મસ્થિત રહેવાથી સહજ જ્ઞાન ને આનંદસ્વભાવ સિદ્ધદશાની પ્રાપ્તિ થાય છે. છદ્મસ્થ દશામાં જેમ ધ્યાન કરવાનું રહે છે તેમ ભગવાનને ધ્યાન કરવું પડતું નથી, પણ પરમ અવ્યાબાધ સુખ પ્રગટ થયું નથી. યોગગુણની અશુદ્ધતા છે, ચાર પ્રતિજીવી ગુણોની પર્યાયની અશુદ્ધતા છે, ઉર્ધ્વગમન સ્વભાવ પણ શુદ્ધતારૂપે પ્રગટ્યો નથી–એટલી ભગવાનના આત્મામાં કચાશ છે ને નિમિત્તરૂપે ચાર અઘાતિ કર્મો બાકી છે. એટલી સ્વપર્યાયમાં તેમને કચાશ છે, અધૂરાશ છે. તે અધૂરાશ ટાળવા માટે છદ્મસ્થની જેમ વિકલ્પ અથવા પુરુષાર્થ કરવો પડતો નથી પણ એક આત્મારૂપી વિષયના અનુભવમાં સ્થિત રહે છે ને ક્રમે કરીને મલિનતા ટળી સિદ્ધદશા થાય છે. એકમાં અવસ્થિત રહે છે માટે ભગવાનને શુક્લધ્યાન કહ્યું છે. આટલી મલિનતા ભગવાનને પોતાને કારણે છે તે પણ સ્વીકારવું જોઈએ. તે મલિનતા અઘાતિકર્મ બાકી છે માટે રહી છે એમ કોઈ કહે છે તે વાત ખોટી છે. પોતાના ઉપાદાનની તે તે વખતની યોગ્યતા મુજબ કેવળી ભગવાન તેરમે ગુણસ્થાને છે માટે સિદ્ધ થવાનું બાકી છે. તેથી તેમને ધ્યાન કહ્યું છે.

પોતાના આત્માને તથા પંચપરમેષ્ઠીને માન્યા ક્યારે કહેવાય ?

જે જીવને પોતાના આત્માનાં તથા પંચપરમેષ્ઠીનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં હોય તેણે નીચલી વાતો માન્ય રાખવી જોઈએ :–

૧. વસ્ત્ર–પાત્રસહિત મુનિપણું માને નહિ, તેમ જ સમ્યગ્દર્શન થયું ન હોય ને માત્ર શરીરનું નગ્નપણું ધારણ કરે તો પણ મુનિપણું માને નહિ. સમ્યગ્દર્શન સહિત અંતર સ્વરૂપરમણતા કરતાં જે આગળ વધે છે ને બાહ્ય નગ્ન દિગંબરદશા વર્તે છે તેને મુનિપણું કહે છે.

૨. ગૃહસ્થાશ્રમમાં કેવળજ્ઞાન થાય તેમ માને નહિ, સ્ત્રીપણે કેવળજ્ઞાન થાય તેમ માને નહિ, કેવળજ્ઞાન થયા પછી ભગવાન વસ્ત્ર ધારણ કરે તેમ માને નહિ પણ કેવળજ્ઞાન પ્રગટે ત્યારે પુરુષ શરીર, નગ્ન દિગંબરદશા જ હોય, બીજું હોય નહિ.

૩. કેવળી ભગવાનને ઝાડા, રોગ વગેરે હોય નહિ. બીજાને ઉપદેશ દેવાનો વિકલ્પ હોય નહિ પણ પરિપૂર્ણ વીતરાગદશા અંતરમાં બાધારહિત ને બાહ્યમાં શરીર પણ બાધારહિત પરમઔદારિક સ્ફટિક જેવું હોય છે ને ઇચ્છા વિના ઓહમ અનક્ષરી દિવ્યધ્વનિ નીકળતી હોય છે.

૪. બધા થઈને એક આત્મા નથી પણ દરેક આત્મા સ્વતંત્ર જુદે જુદો છે, એક આત્મામાં એક ગુણ નથી પણ અનંતા ગુણો છે. વળી એક ગુણ પ્રગટ્યો માટે બીજા ગુણો એ જ વખતે પરિપૂર્ણ પ્રગટી જાય એમ નથી પણ ગુણોમાં ક્રમ વિકાસ થાય છે એમ ગુણની સ્વતંત્રતા સ્વીકારવી જોઈએ. વસ્તુ એકાંત અદ્વૈત નથી પણ દ્વૈતાદ્વૈત છે. વસ્તુ એક છે ને ગુણ-પર્યાયે અનેકપણું છે. વળી ગુણો એક સાથે—અક્રમે છે પણ પર્યાયો એકસાથે નથી—ક્રમે છે.

૫. આમ બધાં દ્રવ્યો ગુણ-પર્યાયવાળાં ને પલટનવાળાં છે એમ સ્વીકારીને પોતાના આત્માની સાચી શ્રદ્ધા કરીને પોતામાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તે સમ્યગ્દર્શનરૂપી ધ્યાન છે. પણ સમ્યગ્દર્શન પ્રગટ્યું એટલે તુરત જ ચારિત્ર થવું જોઈએ ને તુરત કેવળી પામી સિદ્ધ થાય એમ હોતું નથી, ક્રમે વિકાસ થાય છે. શ્રદ્ધાગુણ સવળે છે, જ્ઞાન સમ્યક્ છે પણ અધૂરું છે ને ચારિત્ર વગેરે ગુણોમાં વિપરીતતા છે. આમ અંશે નિર્મળતા ને ક્રમે વિકાસ કબૂલવાં જોઈએ.

૬. સ્વપર્યાય આગળ વધતાં ચારિત્રની સ્થિરતા થાય છે ને વીતરાગદશા થાય છે, તે ચારિત્રનું ધ્યાન છે. ચારિત્ર તથા શ્રદ્ધાગુણની પર્યાયો પૂર્ણ થઈ પણ કેવળજ્ઞાન નથી, જ્ઞાન, દર્શન વીર્ય વગેરે અનંતમે ભાગે છે, તેનો પૂર્ણ વિકાસ થયો નથી, એમ કબૂલવું જોઈએ.

૭. સ્વજ્ઞેયપર્યાય આગળ વધતાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય પ્રગટે છે પણ પરમ અવ્યાબાધ સુખ નથી તેમ જ બીજા ગુણો પરિપૂર્ણ પ્રગટ્યા નથી. ચાર પ્રતિજીવી ગુણો, યોગગુણ, વૈભાવિકગુણ, પ્રદેશત્વ વગેરે ગુણોની અશુદ્ધતા છે એટલી સ્વજ્ઞેયની પરિપૂર્ણતામાં કચાશ છે. તે કચાશ અઘાતિ કર્મને લીધે નથી પણ પોતાની યોગ્યતાના કારણે છે તેથી ત્યાં શુક્લધ્યાન છે. ત્યાં પણ ક્રમ વિકાસ છે.

૮. તે શુક્લધ્યાન પૂરું થવાથી પરિપૂર્ણદશા પ્રગટ થાય છે ને ત્યાં નિમિત્તરૂપે શરીર અથવા કર્મ હોતાં નથી. ત્યાં એક સિદ્ધ બીજા સિદ્ધમાં ભળી જતાં નથી. ત્યાં સમયે સમયે પર્યાયમાં પલટો થઈ રહ્યો છે, સહજ સુખ ને આનંદને

ભોગવી રહ્યો છે. સિદ્ધ ફરી સંસારમાં અવતરતા નથી. આમ સ્વજ્ઞેયની પર્યાય સિદ્ધદશામાં પરિપૂર્ણ થાય છે.

આમ યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન કરવાં જોઈએ ને પોતાના આત્મામાં આવાં શ્રદ્ધા-જ્ઞાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરે તો પંચપરમેષ્ઠીને યથાર્થ માન્યા કહેવાય.

વળી જુદી જુદી કથનપદ્ધતિ પણ સમજવી જોઈએ. સમયસારમાં કહે કે જેણે આત્માની સાચી પ્રતીતિ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તે સિદ્ધ થઈ ગયો ને જ્ઞાનીના ભોગને નિર્જરાનો હેતુ કહે છે. ત્યાં ચારિત્રને ગૌણ કરીને દર્શનપ્રધાન કથન કરેલ છે. જ્યારે પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન કથનમાં આ ગાથામાં કહેલ છે કે કેવળજ્ઞાન પ્રગટવા છતાં શુદ્ધિ બાકી છે. કારણ કે અહીં અર્હંતના જ્ઞેયપર્યાયનું યથાર્થ જ્ઞાન કરાવવું છે. તેથી ૧૩મે ગુણસ્થાને યોગગુણ વગેરેની અશુદ્ધતા છે તેટલી સ્વજ્ઞેયની પરિપૂર્ણ પર્યાયમાં અશુદ્ધતા છે, તે બતાવેલ છે. તે અશુદ્ધતા ટળીને સિદ્ધદશા થશે માટે ત્યાં શુક્લધ્યાન કહ્યું છે. આ જ્ઞેય અધિકાર છે. જ્ઞેયની પર્યાયનું યથાર્થ જ્ઞાન કરાવે છે.

<u>ભાવાર્થ</u> :—ભગવાનને ધ્યાન શું કામ હોય છે, તેનો ઉત્તર આ ગાથામાં આપ્યો છે કે એક અગ્રનું—વિષયનું સંવેદન તે ધ્યાન છે. સર્વે આત્મપ્રદેશે પરિપૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભરેલા સર્વજ્ઞ ભગવાન પરમાનંદ સ્વરૂપ પોતાના નિજ આત્માને એકને જ સંવેદન કરતા હોવાથી તેમને પરમાનંદનું ધ્યાન છે અર્થાત્ તેઓ પરમ સૌખ્યને ધ્યાવે છે.

*　　*　　*

પ્રસાદ નં. ૧૫૪

પત્રિકા ભાગ–૧

પ્રવચનસાર ગાથા ૧૯૯

(ફાગણ વદ ૧૦, રવિવાર)

હવે પૂર્વે કહ્યો તે જ, શુદ્ધ આત્માની ઉપલબ્ધિ જેનું લક્ષણ છે એવો મોક્ષનો માર્ગ છે, એમ નક્કી કરે છે :—

ગાથા—૧૯૯

શ્રમણો, જિનો, તીર્થંકરો, આ રીત સેવી માર્ગને,
સિદ્ધિ વર્યા; નમું તેમને, નિર્વાણના તે માર્ગને.

અન્વયાર્થ :—જિનો, જિનેન્દ્રો અને શ્રમણો (અર્થાત્ સામાન્ય કેવળીઓ, તીર્થંકરો અને મુનિઓ) આ રીતે (પૂર્વે કહેલી રીતે જ) માર્ગમાં આરૂઢ થયા થકા સિદ્ધ થયા. નમસ્કાર હો તેમને અને તે નિર્વાણ માર્ગને.

"શુદ્ધાત્માનાં શ્રદ્ધા, જ્ઞાન, રમણતા
આ એક જ મોક્ષમાર્ગ છે, બીજો નથી."

બધાય કેવલી ભગવંતો, તીર્થંકર ભગવંતો તથા એકાવતારી સંતો શુદ્ધાત્મામાં પ્રવૃત્તિની વિધિથી જ મોક્ષમાર્ગને પામેલા ને એ જ વિધિથી સિદ્ધ પદને પામ્યા છે. શરીર, મન, વાણીની ક્રિયા આત્મા કરી શકતો નથી; પુણ્ય પાપ વિકાર છે, આત્મા વિકાર રહિત જ્ઞાન સ્વરૂપ છે તેવી અંતર પ્રતીતિ, તેવું અંતર સ્વસંવેદન જ્ઞાન, તેવી અંતર સ્થિરતા આ એક જ વિધિ મોક્ષમાર્ગ છે. તત્વાર્થ સૂત્રમાં સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગ કહેલ છે. એ ત્રણેને એક 'શુદ્ધાત્મતત્ત્વ પ્રવૃત્તિ'માં સમાડી દીધેલ છે. અનંતા સિદ્ધો, કેવળીઓ, સંતો આ એક જ માર્ગથી મોક્ષને પામ્યા છે, પરંતુ કોઈ બીજી રીતે મોક્ષ પામ્યા નથી, કોઈ દેહની ક્રિયાથી કે પુણ્યથી મોક્ષને પામ્યા એમ નથી. પુણ્ય-પાપથી નિવૃત્તિ ને સ્વભાવમાં રમણતા કરવી એ જ વિધિ છે, બીજી વિધિ નથી. ચોથા કાળમાં એ જ વિધિ હતી ને પંચમ કાળમાં પણ એ જ વિધિ છે. પંચમકાળ માટે બીજી વિધિ હોઈ શકે નહિ. વળી મહાવિદેહ ક્ષેત્રમાં હોય કે ભરતખંડમાં હોય, ગમે તે ક્ષેત્રે હોય તો પણ વિધિ આ એક જ છે.

અમૃતચંદ્રાચાર્ય મહારાજે અદ્‌ભુત ટીકા કરી છે. દેહ દેવળમાં રહેલો ભગવાન આત્મા, રાગથી જુદો ચૈતન્ય પ્રભુ અંતરશ્રદ્ધાથી મુક્તદશાને પામે છે. કોઈ દયા, દાન, વ્રત, જાત્રા વગેરેના ભાવોથી મુક્ત થયાં નથી. ઘણા જીવો અજ્ઞાનથી કહે છે કે :—વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એ વાત જ ખોટી છે. વ્યવહાર કહેતાં જ આરોપિત કથન છે. આરોપ ક્યારે આવી શકે ? કે નિશ્ચય, શ્રદ્ધા, જ્ઞાન, રમણતા પોતામાં પ્રગટ કરે તો વિકલ્પ તો વ્યવહાર અથવા આરોપ આવે છે. જેમ પાણીમાં પાણી કાયમ રહીને મોજાં ઉઠે છે તેમ આત્મામાં આત્મા કાયમ રહીને અવસ્થા બદલી થાય છે. પુણ્યથી ધર્મ થાય, પરથી લાભ થાય એવી માન્યતા તે ઊંધી શ્રદ્ધા છે. પણ આત્મા જ્ઞાન- સ્વભાવી છે એવાં શ્રદ્ધા-જ્ઞાન, રમણતા કરવાથી વીતરાગીપર્યાય ઉત્પન્ન થાય છે. આમ ઊંધી શ્રદ્ધા જ્ઞાનનો વ્યય થઈ સાચાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાય ઉત્પન્ન થાય છે ને આત્મા ધ્રુવ ટકે છે માટે પુણ્ય-પાપ વિનાના જ્ઞાનાનંદ સ્વભાવમાં પ્રવૃત્તિ એક જ મોક્ષમાર્ગ છે, બીજો નથી. આચાર્ય ભગવાન કહે છે કે :—અમોએ આ વિધિ વિષે ઘણું કહ્યું, હવે વિસ્તારથી બસ થાઓ.

"પૂર્ણ શુદ્ધ દશા પામેલા સિદ્ધોને તથા શુદ્ધ દશારૂપ મોક્ષમાર્ગને નો આગમ ભાવ નમસ્કાર હો !"

તે શુદ્ધ આત્મ સ્વરૂપમાં પ્રવર્તેલા સિદ્ધ ભગવંતોને તથા આત્મ-સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગને અમારો નોઆગમ ભાવ નમસ્કાર હો ! જેમાંથી શુદ્ધ આત્મા ભાવ્ય છે. ધ્યેય છે—ધ્યાન કરવાયોગ્ય છે, ને મારી પર્યાય ધ્યાન કરનાર છે, ભાવક છે. એવો ભાવ્ય ભાવકનો વિભાગ અસ્ત થયો છે કે શુદ્ધ આત્મા તે વંદ્ય છે ને હું વંદન કરનાર છું, શુદ્ધ આત્મા આરાધવા યોગ્ય છે ને મારી પર્યાય આરાધનાર છે એવા ભેદો ટળી ગયા છે. એવો નો આગમભાવ નમસ્કાર હો ! આત્મા પરિપૂર્ણ જ્ઞાયક સ્વરૂપ છે, એવા જ્ઞાનમાં પરિણમવું તે ભાવ નમસ્કાર છે, તેનું જે જ્ઞાન તેને આગમભાવ નમસ્કાર કહે છે, ને તેવા જ્ઞાન સહિત એકાગ્રતારૂપે પરિણમવું તેનો આગમભાવ નમસ્કાર છે—

"જુઓ આ પંચમકાળના આચાર્ય ભગવાનની મોક્ષમાર્ગ વિષે દ્રઢતા તથા પુરુષાર્થ !"

અહો આચાર્ય ભગવાન ભાવલિંગી મુનિ હતા, સ્વરૂપની અંતર રમણતા કરતાં હતાં. છઠ્ઠી સાતમી ભૂમિકામાં ઝૂલતા હતાં. તેઓ પોતાના સ્વસંવેદન જ્ઞાન ને અનુભવસહિત વાત કહે છે કે "અમોએ અમારા આત્માના મોક્ષનો માર્ગ નક્કી

કર્યો છે.'' અભ્યંતર ઘણી વીતરાગી દશા વધી ગઈ હતી, આનંદ કંદ સ્વભાવમાં રમણતા કરતા હતા, ને બાહ્યમાં નગ્ન દિગમ્બર દશા વર્તતી હતી, મોરપીંછી ને કમંડળ એ બે સંયમના સાધન સિવાય બીજું કાંઈ પણ હોઈ શકે નહિ, અમોએ આ મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે. આચાર્ય ભગવાનને અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાન ન હતું તોપણ મોક્ષમાર્ગનો નિર્ણય થઈ ચૂક્યો હતો. અમો સિદ્ધ થવાના છીએ એ જાહેરાત કરીએ છીએ. જુઓ, કેટલી દ્રઢતા ને પુરુષાર્થ છે, પોતાના આત્માની સાક્ષી છે. ભગવાનને પૂછવા જવું પડતું નથી. અજ્ઞાની જીવોને તો શંકા પડે કે હું ભવી હઈશ કે અભવી? ભગવાન પાસે જઈને પૂછું ને ભગવાન કહે કે તું ભવી છો તો ભવીની ખબર પડે ! એવા જીવો તો સ્થૂળ અજ્ઞાની છે. તેવા જીવો તો કદી તરવાના નથી. ભવી–અભવીનો નિર્ણય જેને નથી તે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કદી કરી શકે નહિ. અહીં તો આચાર્ય ભગવાન કહે છે કે અમોએ મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે. તે બરાબર છે ને તમો પણ એ જ રસ્તે ચાલ્યા આવો. જ્ઞાનસ્વભાવી આત્માના શ્રદ્ધા-જ્ઞાન જે જીવ કરશે તેને સમ્યક્દર્શન થઈ મુક્તિ અવશ્ય થશે. અહીં તો ચરમ શરીરી અથવા અચરમ શરીરી એટલે કે આ ભવમાં અથવા એકાદ ભવ પછી મુક્તિ છે, તેવી વાત કરી છે. બીજી વાત યાદ કરી જ નથી, અમો તો મોક્ષમાર્ગમાં પ્રવર્તન કરી રહ્યા છીએ. અહીં આચાર્ય ભગવાન અનુભવ સહિત મોક્ષમાર્ગ બતાવી રહ્યા છે. ॥૧૯૯॥

હવે ''સામ્યને પ્રાપ્ત કરું છું.'' એવી પાંચમી ગાથામાં કરેલી પૂર્વ પ્રતિજ્ઞાનું નિર્વહણ કરતા થકા આચાર્ય ભગવાન પોતે પણ મોક્ષમાર્ગ ભૂત શુદ્ધાત્મ પ્રવૃત્તિ કહે છે.

ગાથા—૨૦૦

એ રીત તેથી આત્મને જ્ઞાયકસ્વભાવી જાણીને,
નિર્મમપણે રહી સ્થિત આ પરિવર્જું છું હું મમત્વને. ૨૦૦.

અન્વયાર્થ :—શુદ્ધ આત્મામાં પ્રવૃત્તિ વડે જ મોક્ષ થતો હોવાથી એ રીતે આત્માને સ્વભાવથી જ્ઞાયક જાણીને હું નિર્મમત્વમાં સ્થિત રહ્યો થકો મમતાનો પરિત્યાગ કરું છું.

''હું આ મોક્ષાધિકારી છું, એવા પંચમકાળના આચાર્યોના મોક્ષના ભણકાર !''

જુઓ ! પંચમકાળના આચાર્ય કુંદકુંદ ભગવાન બે હજાર વરસ પહેલાં ને અમૃતચંદ્રાચાર્ય એક હજાર વરસ પહેલાં થઈ ગયા. અવધિ કે મનઃપર્યયજ્ઞાન ન

હતું, છતાં કહે છે કે "હું આ મોક્ષાધિકારી છું." અજ્ઞાની જીવો પૈસા આદિના અધિકારી થાય છે. આચાર્ય ભગવાન કહે છે કે હું મોક્ષનો અધિકારી છું. કેટલી દ્રઢતા ! પંચમકાળમાં મોક્ષ નથી ને ? એ પ્રશ્ન જ ઉઠતો નથી, કાળ સામું જોતા નથી, વળી હું કેવો છું ? કેવળ જ્ઞાયકસ્વભાવી. આત્મા સિવાયના પરપદાર્થો તથા દયા-દાનના ભાવો તે મારાં જ્ઞેય છે ને હું તેનો જ્ઞાતા છું. તે મારા દ્રશ્ય છે ને હું તેનો દ્રષ્ટા છું, જગતનો સાક્ષી છું. જેમ હું જ્ઞાયક છું તેમ જગતના બધાં જીવો નિગોદથી માંડીને કેવળી સુધીના તમામ જીવો અંતરમાં જ્ઞાયકસ્વભાવી છે. તે જ્ઞાયક સ્વભાવ બહારમાંથી આવતો નથી, દેવ-ગુરુ-શાસ્ત્રમાંથી આવતો નથી પણ અંતર પડેલો છે. અજ્ઞાની જીવને સંયોગી બુદ્ધિ છે તે કારણે હું મનુષ્ય છું, હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું પંડિત છું, હું મૂર્ખ છું, એમ તે માને છે. તે બધો મોહ છે, પર્યાયદ્રષ્ટિ છે. આત્મા સંયોગો તથા રાગનો જાણનાર છે, જ્ઞાયકસ્વભાવી છે, ચૈતન્યમૂર્તિ છે, જગતનો સાક્ષી છે.

"જુઓ ! આચાર્ય ભગવાન આત્મ તત્ત્વના પરિજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મામાં પ્રવર્તે છે."

આચાર્ય ભગવાન કહે છે કે હું મોક્ષાધિકારી જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક મમત્વના ત્યાગરૂપ અને નિર્મમત્વના ગ્રહણરૂપ વિધિ વડે સર્વ ઉદ્યમથી શુદ્ધાત્મામાં પ્રવર્તું છું. જુઓ, તત્ત્વના પરિજ્ઞાનપૂર્વક કહ્યું છે. સાચા તત્ત્વના જ્ઞાન વિના મમત્વનો ત્યાગ ને નિર્મમત્વનું શરણ થઈ શકે નહિ. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવી તે જીવ તત્ત્વ છે, શરીર મન વાણી અજીવ તત્ત્વ છે. દયા-દાન તે પુણ્ય તત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી તે પાપ તત્ત્વ છે. બન્ને આસ્રવ ને બંધના કારણ છે. આમ નવતત્ત્વનાં સાચાં શ્રદ્ધા-જ્ઞાન કરવાથી સંવર નિર્જરા થાય છે ને અંતર સ્થિરતા વધવાથી મુનિપણું પ્રગટે છે ને ક્રમે ક્રમે મોક્ષ પર્યાય પ્રગટે છે. આવી રીતે સમસ્ત પ્રકારે જ્ઞાન કરીને, મમતાનો ત્યાગ કરીને નિર્મમત્વપણું ગ્રહણ કરું છું. જુઓ ! અહીં બૈરાં, છોકરાં, પરવસ્તુનો ત્યાગ ને શરીરના નગ્નપણાનું ગ્રહણ કીધું નથી. કારણ કે તે તો પરજ્ઞેયો છે, તેનો ગ્રહણ- ત્યાગ આત્મા કરી શકતો નથી, વળી મમતાનો ત્યાગ કરું છું તે કથન પણ નાસ્તિથી છે. અંતર જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવમાં લીન થતાં મમતાનો ત્યાગ થઈ જાય છે ને નિર્મમત્વપણું ગ્રહણ થાય છે. આ વિધિ વડે સર્વ ઉદ્યમથી શુદ્ધ આત્માના અનુભવમાં પ્રવર્તું છું. કારણ કે બીજું કાંઈ પણ કરવા યોગ્ય નથી. આચાર્ય ભગવાન કહે છે કે કોઈ શુભભાવ કરવા યોગ્ય નથી. શુભભાવ વિકલ્પ દશામાં આવે તે જુદી વાત છે પણ તે કર્તવ્ય નથી ॥

"મારે જગતના સમસ્ત પદાર્થો સાથે જ્ઞેય જ્ઞાયક લક્ષણ સંબંધ જ છે."

એ આ પ્રમાણે છે કે પ્રથમ એટલે મુદ્દાની વાત એ છે કે હું સ્વભાવથી જ્ઞાયક જ છું, મારો જાણવાનો સ્વભાવ દેવ-ગુરુથી પ્રાપ્ત થાય તેમ નથી. તેમ જ દિવ્યધ્વનિથી પ્રાપ્ત થાય તેવો નથી. સમસ્ત પદાર્થોની સાથે મારે જ્ઞેય જ્ઞાયક સંબંધ જ છે. પરને હું બચાવી શકું ને પરનો મારા ઉપર ઉપકાર થાય તેવું મારામાં છે જ નહિ. અનંત કાળથી કોઈનો ઉપકાર મારા ઉપર નથી ને મેં કોઈના ઉપર ઉપકાર કર્યો નથી, હું માત્ર જાણનાર છું, હું આચાર્ય છું ને બીજા મુનિઓ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા વિગેરેનું રક્ષણ કરી શકું, મારા શિષ્યોને હું ધર્મ પમાડી શકું એવો મારો સ્વભાવ નથી. નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવો સાથે મારે જ્ઞેય જ્ઞાયક લક્ષણ સંબંધ છે, તે સંબંધ પણ વ્યવહારથી છે. નિશ્ચયથી તો હું મારા આત્માને જાણું છું ને મારા આત્માને જાણતાં પર જ્ઞેયો જણાઈ જાય છે, એટલો વ્યવહાર સંબંધ છે તે સિવાય મારે બીજો કોઈ સંબંધ નથી. પરંતુ બીજા સ્વસ્વામિ લક્ષણાદિ સંબંધો નથી. દેવ-ગુરુ તે મારા સ્વામી નથી, તે તેમના સ્વામી છે. વળી સ્ત્રી, કુટુંબ વગેરેનો હું સ્વામી નથી, તે તેના સ્વામી છે. વળી પુણ્ય-પાપ જે વિકાર થાય છે તેનો પણ હું સ્વામી નથી. તે બધા જણાવા યોગ્ય પદાર્થો ને હું તેનો જાણનાર છું.

આમ જ્ઞાયક સ્વભાવને જાણવો તે ધર્મ મોક્ષનું કારણ છે.

પ્રવચનસાર ગાથા ૨૦૦

(ફાગણ વદ ૧૧, સોમવાર)

આત્માને પર પદાર્થ તથા રાગ સાથે જ્ઞેય જ્ઞાયક લક્ષણ સંબંધ વ્યવહારથી છે, નિશ્ચયથી નથી.

આ ગાથામાં કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે કે હું શુદ્ધાત્માની પ્રાપ્તિ કરું છું. બધા માટે આ એક જ માર્ગ છે. આત્મા જ્ઞાયક છે, પર પદાર્થો જ્ઞેય છે. તે સંબંધ પણ વ્યવહારથી છે, નિશ્ચયથી પરસાથે મારે સંબંધ નથી. નિશ્ચયથી આત્મા સ્વજ્ઞેય છે ને પોતે જ્ઞાયક છે. પર પદાર્થ તથા રાગ-દ્વેષ બધી ચીજો છે ખરી, તે તેનો વ્યવહારે આત્મા જાણનાર છે પણ બીજો સંબંધ પર સાથે કહેવો તે વસ્તુ સ્વરૂપમાં નથી. આમ પ્રથમ જ્ઞાન નિર્મળ કર્યા પછી ચારિત્રમાં નિર્મળતા પ્રગટે છે એટલે અહીં સ્વજ્ઞેય દ્રવ્યની પરિપૂર્ણતા જાહેર કરે છે ને આવી પરિપૂર્ણતા દરેક જીવને થઈ શકે છે. આવી રીતે પરપદાર્થ તથા રાગ તે જ્ઞેયને હું જ્ઞાયક એવો જ્ઞેય જ્ઞાયક

સંબંધ માત્ર વ્યવહારથી છે, નિશ્ચયથી પર સાથે તે સંબંધ પણ નથી. નિશ્ચયથી સ્વજ્ઞેયને જ હું જાણું છું.

આમ કેવળ જ્ઞાયક હોવાથી મારે પરપદાર્થો સાથે પણ સહજ જ્ઞેય જ્ઞાયક લક્ષણ સંબંધ જ છે, પરંતુ બીજા સ્વસ્વામી લક્ષણાદિ સંબંધો નથી.

(૧) પર સાથે સ્વસ્વામી લક્ષણ સંબંધ નથી.

બૈરાં, છોકરાં વગેરે જે પર છે તે મારાં ને હું એનો સ્વામી, એવો સ્વસ્વામી લક્ષણ સંબંધ નથી. અજ્ઞાની જીવ માને છે કે એ બધાં મારે તાબે છે પણ તે તેની માન્યતા ઊંધી છે, કારણ કે તે પરજ્ઞેયો છે. પરજ્ઞેયો સ્વજ્ઞેયને તાબે કદી થાય નહિ.

હું પરની દયા પાળી શકું છું, હું પરની હિંસા કરી શકું, હું લક્ષ્મીને રાખી શકું, એવો મારો સ્વભાવ નથી. લક્ષ્મી સ્વ ને હું એનો સ્વામી એવો સ્વસ્વામી સંબંધ મારે લક્ષ્મી સાથે નથી પણ હું પોતે જ્ઞાયક છું ને મારા જ્ઞાન પર્યાયનો હું સ્વામી છું એવો સ્વસ્વામી સંબંધ છે.

(૨) પર સાથે તાદાત્મ લક્ષણ સંબંધ નથી.

શરીર, કર્મ તથા રાગ-દ્વેષ વગેરે પર છે. તે આત્મા સાથે તન્મય થાય તેમ કદી બનતું નથી, પરપદાર્થો તો તન્મય નથી પણ આત્માની પર્યાયમાં થતા રાગ-દ્વેષ પણ સ્વભાવમાં તન્મય થતા નથી. કર્મનો ઉદય આવે, કર્મ સત્તામાં રહે, કર્મનો બંધ પડે તે મારા આત્મામાં કદી તન્મય થતાં નથી, કારણ કે મારું લક્ષણ તો જ્ઞાન છે. તેઓનાં લક્ષણ જુદાં જુદાં છે. મારે તેની સાથે કદીપણ તાદાત્મ્ય નથી, મારે તો મારા જ્ઞાનસ્વભાવ સાથે તાદાત્મ્ય છે.

(૩) પર સાથે લક્ષ્ય લક્ષણ સંબંધ નથી.

પરપદાર્થો શરીર વગેરે તે લક્ષણ છે ને આત્મા તે લક્ષણ દ્વારા લક્ષ્ય થાય એવો લક્ષ્ય લક્ષણ સંબંધ નથી. ઉત્કૃષ્ટ દયા-દાનાદિ શુભ વિકલ્પો તે લક્ષણ ને આત્મા તે લક્ષણથી લક્ષ્ય થાય એવો નથી પણ જ્ઞાન તે લક્ષણ ને આત્મા તે લક્ષ્ય એવો લક્ષ્ય લક્ષણ સંબંધ છે પણ પર સાથે એવો સંબંધ નથી એટલે નક્કી થયું કે (અ) રાગ સાથે લક્ષ્ય લક્ષણ સંબંધ નથી, (બ) રાગ સાથે તાદાત્મ્ય લક્ષણ સંબંધ નથી. (ક) રાગ સાથે જ્ઞેય-જ્ઞાયક સંબંધ વ્યવહારે છે.

(૪) પર જીવ સાથે ગુરુ શિષ્ય સંબંધ નથી.

હું ગુરુ છું ને આ બધા મારા શિષ્ય છે એવો ગુરુ-શિષ્યનો સંબંધ મારામાં નથી. હું આચાર્ય છું ને સાધુ, અર્જિકા, શ્રાવક ને શ્રાવિકા એ ચાર તીર્થ છે. એ ચાર તીર્થની આચાર્ય તરીકે રક્ષા કરી શકું એવો સંબંધ મારામાં નથી. અહીં તો સ્વજ્ઞેયની પરિપૂર્ણતા બતાવવી છે. તેમાં અનંતા પરનો અભાવ બતાવે છે. સ્વજ્ઞેયની પ્રતીતિ કરી સ્વજ્ઞેયની પરિપૂર્ણ દશાના ભણકાર વાગે છે. મારે તો જ્ઞેય જ્ઞાયક સંબંધ છે. અહીં પ્રવચનસારમાં જ્ઞાન પ્રધાન અધિકારમાં પર સાથે જ્ઞેય જ્ઞાયક સંબંધ બતાવ્યો છે. દ્રષ્ટિપ્રધાન કથનોમાં પર સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધ પણ દ્રષ્ટિ સ્વીકારતી નથી.

(૫) પર સાથે વિશેષણ વિશેષ્ય સંબંધ નથી.

દેવ-ગુરુ-શાસ્ત્ર તથા વાણી તે વિશેષણ ને હું એનો વિશેષ્ય એવો સંબંધ મારે પર સાથે નથી, વિશેષણ = ખાસ ધર્મ, વિશેષ્ય = ધર્મી પદાર્થ, હું ધર્મી પદાર્થ. દેવ-ગુરુ-શાસ્ત્ર વિગેરે પરથી ઓળખાતો નથી, કર્મ વિશેષણ ને આત્મા વિશેષ્ય એવો વિશેષણ—વિશેષ્ય સંબંધ નથી. જ્ઞાન દર્શન વગેરે આત્માના વિશેષણો છે ને આત્મા તે વિશેષણોથી ઓળખાતો પદાર્થ છે માટે ગુણો વિશેષણો છે ને દ્રવ્ય આત્માને વિશેષ્ય છે. પોતાના ગુણ સાથે વિશેષણ-વિશેષ્ય સંબંધ છે પણ પર સાથે વિશેષણ—વિશેષ્ય સંબંધ નથી.

(૬) જ્ઞેયો જ્ઞાયકને પરાધીન ને જ્ઞાયક જ્ઞેયોને પરાધીન એવો પરાધીન જ્ઞેયજ્ઞાયક સંબંધ નથી.

શરીર તે સ્વ ને આત્મા તેનો સ્વામી, કર્મ તે સ્વ ને આત્મા તેનો સ્વામી એવો પર સાથે સંબંધ નથી. હું તો તેનો જ્ઞાયક છું વળી હું જ્ઞાયક છું ને તે જ્ઞેયો મારા જ્ઞાયકપણાને લીધે છે, એમ નથી. તેમ તે જ્ઞેયો છે માટે હું જ્ઞાયક છું, એમ પણ નથી. હું છું તો શરીર, મન, વાણી, લક્ષ્મી છે ને તે પદાર્થો છે તો હું છું, એમ માનવું તે ભ્રાંતિ છે. એમ માનવાથી પરપદાર્થ સાથે સ્વસ્વામીસંબંધ થઈ જાય છે. આમ સ્પષ્ટ હોવાના કારણે જીવ પરની દયા પાળી શકે નહિ, લક્ષ્મી રાખી શકે નહિ, લક્ષ્મી વાપરી શકે નહિ, એ સ્પષ્ટ છે છતાં અજ્ઞાની જીવ ભ્રાંતિથી માને છે કે શરીર મારું છે. હું તેને ચલાવી શકું છું, હું વાણી બોલી શકું છું. લક્ષ્મી મારી ચીજ છે ને હું તેને વાપરી શકું છું, એમ માને છે તે ભ્રાન્તિ છે. હું જ્ઞાયક છું ને તે બધાં મારાં જ્ઞેયો છે. હું પ્રમાતા છું ને તે બધા મારાં પ્રમેયો છે. એવો વ્યવહારે સંબંધ છે. નિશ્ચયથી તો તે સંબંધ પણ સ્વભાવમાં નથી. વ્યવહારે આટલો સંબંધ છે પણ તેને

ઓળંગીને હું છું તો શરીર વગેરે છે, ને પર છે તો હું છું, એમ માનવું તે મિથ્યાદર્શન છે. જ્ઞાયક ને જ્ઞેય બન્ને સ્વતંત્ર છે, કોઈ કોઈને પરાધીન નથી, એમ સ્વતંત્ર જ્ઞાન કરવું તે ધર્મ છે.

(૭) પર સાથે ગુણ-ગુણી સંબંધ નથી.

બીજી ચીજો મારા આત્મામાં ગુણ કરે—લાભ કરે ને હું ગુણી થાઉં એવો ગુણ-ગુણી સંબંધ નથી. સિદ્ધ ભગવાન અથવા સાક્ષાત્ કેવળી ભગવાન મને ગુણરૂપ નીવડે એમ બનતું નથી. મારે તેઓની સાથે ગુણ—ગુણી સંબંધ નથી. અનંતા જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે મારા ગુણો છે ને હું તે ગુણોનો સમૂહ–ગુણી છું એવો ગુણ-ગુણી સંબંધ છે.

(૮) પર સાથે વાચ્ય-વાચક સંબંધ નથી.

પરપદાર્થો વાચક, વાણી શબ્દ તે વાચક ને હું આત્મા વાચ્ય એવો વાચ્ય-વાચક સંબંધ મારામાં નથી કારણ કે વાણી તે પર છે ને પરથી આત્માનું સ્વરૂપ જણાતું નથી. મારું સ્વરૂપ મારાથી વાચ્ય છે અર્થાત્ જણાય તેવું છે.

(૯) પર સાથે ગ્રાહ્ય-ગ્રાહક સંબંધ નથી.

અહીં ગ્રાહ્યનો અર્થ પકડાવા યોગ્ય ને ગ્રાહકનો અર્થ પકડનાર એટલો જ અર્થ લેવો. આત્મા ગ્રાહ્ય = પકડવા યોગ્ય ને પરપદાર્થો ને રાગ તે ગ્રાહક એટલે પકડનાર છે, એમ આત્મા પર તથા રાગથી પકડાય તેવો નથી.

બીજી રીતે, આત્મા તે ગ્રાહક = પકડનાર ને શરીરાદિ પરપદાર્થો તે ગ્રાહ્ય = પકડાવા યોગ્ય. એટલે આત્મા પર પદાર્થને ગ્રહે અથવા પકડે એવો સંબંધ નથી. વળી, રાગ પકડાવા યોગ્ય ને આત્મા પકડનાર એટલે આત્મા રાગને પકડે તેવો પણ સંબંધ નથી એટલે ગ્રાહ્ય-ગ્રાહક સંબંધ નથી. આત્મા પોતે પોતાની પર્યાયને પકડે છે પણ પર સાથે સંબંધ નથી.

(૧૦) પર સાથે કર્તા-કર્મ સંબંધ નથી.

આત્મા કર્તા ને શરીરાદિનું ચાલવું, પરિણમવું, વાણીનું પરિણમવું તે આત્માનું કર્મ તેવો કર્તા-કર્મ સંબંધ નથી. વળી પરચીજો શરીરાદિ વગેરે કર્તા ને આત્મામાં નિર્મળ પર્યાયનું પ્રગટવું તે કાર્ય એવો કર્તા-કર્મ સંબંધ નથી. વળી, આત્મા કર્તા ને રાગ-દ્વેષાદિ તેનું કાર્ય તેવો કર્તા-કર્મ સંબંધ નથી. વળી શુભરાગ તે કર્તા ને સમ્યગ્દર્શનાદિ રૂપ વીતરાગી પરિણામ તેનું કાર્ય એવો પણ કર્તા-કર્મ

સંબંધ નથી. આત્મા કર્તા ને નિર્મળ પર્યાય એનું કર્મ એવો કર્તા-કર્મ સંબંધ પોતામાં હોઈ શકે પણ પર સાથે હોઈ શકે નહિ.

(૧૧) પર સાથે આધાર-આધેય સંબંધ નથી.

આત્મા આધાર ને શરીર, મન, વાણી આધેય એટલે તે પદાર્થો આત્માને આધારે છે, એમ માનવું તે ભ્રમ છે. આત્મા આધાર ને કુટુંબ પરિવાર આધેય એટલે કે તે આત્માના આધારે નભે છે એ ભ્રમ છે એવો આધાર—આધેય સંબંધ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર આધાર ને આત્મા આધેય એમ પણ નથી. આત્મા આધાર ને રાગ-દ્વેષાદિ આધેય એટલે રાગ-દ્વેષ વસ્તુસ્વભાવના આધારે પ્રગટે છે એવો આધાર—આધેય સંબંધ નથી. શુભરાગ આધાર ને આત્માના વીતરાગી પરિણામ તે આધેય એટલે કે શુભરાગના આધારે ધર્મ પ્રગટે એવો આધાર–આધેય સંબંધ નથી. હું આત્મા આધાર છું ને મારા જ્ઞાન-દર્શનાદિ ગુણો આધેય છે એવો આધાર—આધેય સંબંધ છે.

(૧૨) પર સાથે રક્ષ્ય–રક્ષક સંબંધ નથી.

બાપ રક્ષક થઈને દીકરા દીકરીને રક્ષે એવો રક્ષ્ય-રક્ષક સંબંધ નથી. દેવ, ગુરુ તે રક્ષક ને શિષ્ય, શાસ્ત્ર તથા શાસન તે રક્ષાવા યોગ્ય એવો રક્ષ્ય રક્ષક સંબંધ નથી. શાસન શાસનને કારણે નભે છે, ભગવાન અથવા આચાર્યના કારણે શાસનની રક્ષા નથી. હું આત્મા રક્ષક અને મારી નિર્મળ પર્યાય રક્ષ્ય છે.

તીર્થંકર ધર્મ પિતા મુમુક્ષુ પુત્રને કહે છે કે :—
“પરને માત્ર જાણવા જેટલો તારે સંબંધ છે.”

આવી રીતે પરપદાર્થો સાથે સ્વસ્વામી લક્ષણાદિ સંબંધો નથી પણ સહજ જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. જેવી રીતે પિતા પોતાના પુત્રને કહે કે :—ભાઈ, આ પાડોશી સાથે લગ્ન વખતે ખારેક આપવા જેટલો સંબંધ છે ને સગાં વહાલાંને જમાડવાનો સંબંધ છે. ને બીજા જીવો સાથે જમાડવાનો સંબંધ નથી માત્ર થોડી સોપારી કે ખારેક આપી લગ્નનો વ્યવહાર સાચવી લેવો એથી વધારે સંબંધ નથી. એમ અહીં ત્રિલોકનાથ જગત્ પિતા, ધર્મ પિતા પોતાના પુત્રને—મુમુક્ષુને કહે છે કે ભાઈ, સાંભળ, જેવો હું જગતનો સાક્ષી છું, બધા પદાર્થોનો જ્ઞાયક છું તેવો મારો સ્વભાવ પણ જ્ઞાયક છે. તું મારી જાતનો છું, મારો લઘુનંદન છો, તારે પર સાથે કેવો ને કેટલો સંબંધ રાખવો? તે હું તને કહું છું. જ્ઞાન દર્શનાદિગુણો તથા તેના પર્યાયો તારા છે ને નિશ્ચયથી તેની સાથે તારો જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. વ્યવહારથી પર

જ્ઞેયોને જાણવાનો જેટલો સંબંધ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ પરિવાર, શરીર, મન, વાણી તારા પાડોશી છે, એને તારે જાણવા જેટલો સંબંધ છે. વળી, જે શુભાશુભ લાગણીઓ ઉઠે છે તે પણ તારા જ્ઞેય છે, તેને તારો જાણવાનો સંબંધ છે. કુટુંબાદિનું કે શરીરનું કાંઈ કરી દેવાનો તારે સંબંધ નથી અથવા દેવ-ગુરુ-શાસ્ત્ર તને ધર્મ પમાડે તેવો સંબંધ નથી ને દયા-દાનાદિ વિકલ્પ ઉઠે છે તે કરવાનો તારો સંબંધ નથી પણ તે બધાને જાણવાનો તારો સ્વભાવ છે.

આચાર્ય ભગવાન જાહેર કરે છે કે "પરને તથા પુણ્યને તારા માનવાની ભ્રમણારૂપી સંસારની દુકાનને ઉઠવ."

અહીં પણ તીર્થંકરની જેમ ધર્મ પિતા કુંદકુંદાચાર્ય દેવ કહે છે કે :—પર સાથે અહીં ઉપર જણાવ્યા તે બધા સંબંધો ખોટા છે. પર પદાર્થો સાથે સંબંધ બાંધીને સંસારની દુકાન ચોરાશી લાખ અવતારોમાં રઝળવાની દુકાન તેં ચલાવી હતી તે દુકાન હવે ઉઠાવ. બૈરાં છોકરાંએ હેરાન કર્યો, કર્મોએ ભૂંડું કર્યું, દેવ-ગુરુ-શાસ્ત્રે મારું ભલું કર્યું એવી માન્યતાની દુકાન ઉઠાવ. છોકરાને સમજણ ઘણી આપી પણ સમજ્યો નહિ તે બધી ભ્રમણા છે. તારે છોકરો જ કે દી હતો ? બાપને દીકરો નથી, દીકરાને બાપ નથી, બન્ને સ્વતંત્ર જીવો છે. દીકરા મારા ને હું એનો એવી માન્યતાની દુકાનને ઉઠાવ, સમસ્ત જગતના પદાર્થો માત્ર મારે જાણવા યોગ્ય છે, એથી વિશેષ કાંઈ સંબંધ નથી. એવો જ્ઞાયકસ્વભાવ પર્યાયમાં પ્રગટ કરીશ તો ધર્મ થશે ને ચોરાશીના અવતાર મટશે. અમોએ પણ બધા સાથે માત્ર જાણવા દેખવાનો સંબંધ રાખ્યો છે.

"આચાર્ય ભગવાનને સર્વ પદાર્થો પ્રત્યે નિર્મમત્વ વર્તે છે."

આચાર્ય ભગવાન કહે છે કે વિશ્વના સમસ્ત પદાર્થો સાથે જ્ઞેય-જ્ઞાયક લક્ષણ સંબંધ છે તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી, સર્વત્ર નિર્મમત્વ જ છે. કોઈ પદાર્થ બગડે અથવા સુધરે, મારે તેની સાથે સંબંધ નથી. શિષ્યો ધર્મ પામે તો મારું સુધરતું નથી ને ધર્મ ન પામે તો મારું કાંઈ બગડતું નથી. શિષ્યો કહે કે "આપ તો, ભગવાન ! આપ તો ધર્મના થાંભલા છો. આપ સ્વર્ગમાં જશો પછી શાસન કેમ ચાલશે ? આચાર્ય જવાબ આપે છે કે અમોએ તો પહેલેથી જ પાળ બાંધી છે કે શાસન સાથે અમારે કાંઈ સંબંધ નથી. શાસન અમારા આધારે પહેલેથી જ નથી. લાયક જીવો પોતાના કારણે ધર્મ પામે છે. શાસન રક્ષ્યને હું રક્ષક એવો રક્ષ્ય-રક્ષક સંબંધ નથી, માત્ર જ્ઞેય-જ્ઞાયક સંબંધ જ છે. અંતર ચૈતન્ય દળ બિરાજે છે, તે જીવ છે. તે જ્ઞાયક સ્વભાવ કોઈ દિવસે પરરૂપે થયો જ નથી. પોતાના મકાનની

બહાર ખાડાના પાણીમાં ભેંસ પાણી ડહોળતી હોય ને કોઈ કહે કે ભેંસ પાણી ડહોળે છે પણ તે જીવ કહે કે 'ભેંસ અમારી નથી ને પાણી પણ અમારું નથી.' તેથી તે જોવા જવાનું કર્તવ્ય માનતો નથી. તેવી રીતે પરપદાર્થો એના કારણે પલટે, ભાંગે તૂટે એમાં અમારે કાંઈ સંબંધ નથી. કોઈ આચાર્ય ભગવાનને ખબર આપે કે પુસ્તકો ફાટી ગયાં, મકાન તૂટી ગયું, કોઈ શિષ્ય મરી ગયો, આચાર્ય ભગવાન કહે છે કે પુસ્તકો જ અમારે કે દી હતા ? કોનો શિષ્ય ? અમારે શિષ્ય જ ન હતો. અમારે પર સાથે કાંઈ સંબંધ નથી. પરને લીધે અમારું બગડતું કે સુધરતું નથી. અહીં દ્રષ્ટિપૂર્વક વિશેષ લીનતાની વાત છે. આચાર્ય ભગવાન કહે છે કે સર્વત્ર નિર્મમત્વ અમોને વર્તે છે.

"જ્ઞાયક ભાવમાં જણાતાં જ્ઞેયો કેવાં છે ?"

હવે ભગવાન આત્માને એક જ્ઞાયકભાવ વર્તે છે ને તેનો સ્વભાવ બધાં જ્ઞેયોને જાણવાનો છે. તે જ્ઞેયો કેવાં છે ?

(૧) ક્રમે પ્રવર્તતા, અનંત ભૂત—વર્તમાન—ભાવી વિચિત્ર પર્યાય સમૂહવાળો છે. તે પર્યાયો કેવા છે ?

(અ) ક્રમે પ્રવર્તતા દેવ, ગુરુ, શાસ્ત્ર, સ્ત્રી કુટુંબ પરિવાર, શરીર, મન, વાણી તે બધા જ્ઞેયોની પર્યાયો ક્રમે પ્રવર્તે છે. રોગી જીવ વિચાર કરે છે કે આ દવા પહેલાં ન આવી ને હમણાં કેમ આવી ? જીવે ઇચ્છા કરી માટે આવી? ના, તે જ્ઞેય પર્યાયો તે ક્ષેત્રે ક્રમ પ્રવર્તતી આવે છે. કોઈ જીવ પહેલાં સમજતો ન હતો ને પછી ગુરુના ઉપદેશના નિમિત્તે સમજવા લાગ્યો, તે સમજણની પર્યાય ઉપદેશને લીધે આવી ? ના, તે સમજણની પર્યાય ક્રમે પ્રવર્તતી આવી છે.

(બ) અનંત છે :—પર્યાયો અનંત છે. એક દ્રવ્યની જેટલી ભૂતકાળની પર્યાયો થઈ તેના કરતાં તે દ્રવ્યની ભવિષ્યની પર્યાયો અનંતગુણી છે. આમ અનંત જ્ઞેયો અનંતી પર્યાયોવાળાં છે.

(ક) ભૂત-વર્તમાન-ભાવી વિચિત્ર પર્યાય સમૂહવાળાં જ્ઞેયો છે.

એક જીવ અનાદિનો નિત્ય નિગોદમાં છે, વ્યવહાર રાશીમાં કદી આવ્યો નથી. તે જીવ શુભભાવ કરી બીજે સમયે પંચેન્દ્રિય મનુષ્ય થાય છે, ને ત્યાં મુનિપણું અંગીકાર કરી તે જ ભવે મોક્ષ પામે છે. ગયા ભવમાં નિગોદ હતો, મનુષ્ય થયો ને સિદ્ધ થયો, આ શું? તે તે વખતના જ્ઞેય પર્યાયોની સ્વતંત્ર વિચિત્રતા.

એક આઠ વરસનો બાળક મુનિપણું ધારણ કરી, કેવળ પામી સિદ્ધ થાય, આ શું ? આટલો બધો ફેરફાર !

એક પરમાણુ એક વખતે અનંત ગુણો લીલો છે. બીજે સમયે અનંત ગુણો ધોળો થઈ ગયો. એનું કારણ ?

બ્રહ્મદત્ત ચક્રવર્તી એક સમયે ચક્રવર્તી રાજા ને બીજે સમયે સાતમી નરકનો નારકી ? આટલો બધો ફેરફાર !



સંધ્યા પડે ત્યાં વાદળાં લાલ ચોળ રંગનાં થઈ જાય, પાછાં તુરત વીખરાય જાય, 'આમ કેમ ?' આમ કેમ પ્રશ્નને અવકાશ નથી. તે તે જ્ઞેયો ક્રમે પ્રવર્તતા, વિચિત્ર પર્યાય સમૂહવાળાં છે. કોઈ અકસ્માત નથી. જ્ઞેયોની ક્રમબદ્ધ પર્યાયોની હારમાળાનો હારડો ક્રમે વિચિત્રતારૂપે પરિણમી રહ્યો છે. મારા જ્ઞાયકસ્વભાવમાં એમ જ જણાવા યોગ્ય છે.

(૨) જ્ઞેયો અગાધ સ્વભાવવાળાં ને ગંભીર છે :—

જ્ઞેયો ક્યારે કેવા પલટો ખાશે તે છદ્મસ્થના જ્ઞાનમાં ન આવે. જ્ઞેયોમાં એકાએક એવો પલટો આવે કે છદ્મસ્થ જીવ સ્તબ્ધ થઈ જાય. વીસ વરસનો રૂષ્ટ-પુષ્ટ જુવાન કાલ સુધી સાવ સાજો હતો. આજે સવારે ઊલટી થઈ ને હાર્ટ ફેઈલ થઈ ગયું, આ શું? એક માણસને સાધારણ ફોડકી થઈ હતી, ફોડકીને કાઢવા ગયો ત્યાં એકદમ આખા શરીરે સોજા ચડી ગયા. આ એકાએક માંદગી શેની આવી? સંયોગને લીધે આવી? ધ્યાન ન રાખ્યું માટે આવી? ભાઈ, પરદ્રવ્ય કારણ નથી. તે જ્ઞેયો અગાધ ને ગંભીર સ્વભાવવાળાં છે. તે તેના કારણે પલટે છે ને સંયોગરૂપે હોય છે. જેમ ગૂમડા ઉપર રૂઝ હોય ને અંદર સડતું હોય તેની બાહ્યથી ખબર પડતી નથી તેમ જ્ઞેયોનો સ્વભાવ ગંભીર છે. કેવો ક્યારે પ્રગટ થશે તે અલ્પજ્ઞને ખબર પડે નહિ, આમ જ્ઞેયો ક્રમે પ્રવર્તતા અનેક પ્રકારના, અનંત પર્યાયો સહિત છે. અગાધ ને ગંભીર સ્વભાવવાળાં છે.

“એક જ્ઞાયકભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી, ક્રમે પ્રવર્તતા, અનંત, ભૂત-વર્તમાન-ભાવી વિચિત્ર પર્યાયસમૂહવાળાં, અગાધ-સ્વભાવ અને ગંભીર એવાં સમસ્ત દ્રવ્યમાત્રને—જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયાં હોય, ચીતરાઈ ગયાં હોય, દટાઈ ગયાં હોય, ખોડાઈ ગયાં હોય, ડૂબી ગયા હોય, સમાઈ ગયાં હોય, પ્રતિબિંબિત થયાં હોય.....”

કેવા છે તે શુદ્ધ આત્મા ?

((૧)) અનંતા જ્ઞેયોને એક સમયમાં શુદ્ધ આત્મા પ્રત્યક્ષ કરે છે.

આવાં જ્ઞેય પદાર્થોને છદ્મસ્થ જીવ ભલે એક પછી એક જાણે તો પણ એવી રીતે, ક્રમસર જાણવું તે જ્ઞાયકનો મૂળ સ્વભાવ નથી. અગાધ જેમનો સ્વભાવ છે અને જેઓ ગંભીર છે એવાં સમસ્ત દ્રવ્યોને ભૂત, વર્તમાન તેમ જ ભાવી કાળના, ક્રમે થતાં, અનેક પ્રકારનાં, અનંત પર્યાયો સહિત એક સમયમાં જ પ્રત્યક્ષ જાણવાનો આત્માનો સ્વભાવ છે.

(૧) જ્ઞેયો કોતરાઈ ગયા હોય :—જ્ઞાયક સ્વભાવ સમસ્ત દ્રવ્યોને જાણે છે. અરીસામાં કેરી ને શ્રીફળ દેખાય છે પરંતુ તે પદાર્થો અરીસામાં નથી પણ અરીસા બહાર છે. તેમ ચૈતન્યમૂર્તિ અરીસામાં ભૂત, વર્તમાન ને ભવિષ્યના અનંત પર્યાયોવાળાં જ્ઞેયો જાણે કે કોતરાઈ ગયા છે છતાં તે જ્ઞેયો જ્ઞાનમાં પેઠાં નથી, જ્ઞાનની બહાર છે.

જેમ અરીસામાં નજર કરતાં બહારની ચીજો જણાઈ જાય છે તેમ મારા ચૈતન્ય અરીસામાં બધી ચીજો જણાઈ જાય છે.

(૨) જ્ઞેયો ચીતરાઈ ગયાં હોય :—

જેમ દિવાલ ઉપર ચિત્રો ચીતરાઈ ગયા હોય છે તેમ જ્ઞાયક-સ્વભાવની ભીંત ઉપર બધાં જ્ઞેયો ચીતરાઈ ગયાં છે.

(૩) જ્ઞેયો દટાઈ ગયાં હોય :—

જેમ અરીસામાં બધી ચીજો એક ઉપર એક દટાયેલી દેખાય છે તેમ જ્ઞાયકસ્વભાવમાં બધાં જ્ઞેયો દટાઈ ગયાં હોય છે. અનંતા કેવળી, અર્હન્તો, અનંતા સિદ્ધો, મારાં જ્ઞાનમાં દટાઈ ગયાં છે, હું અનંતા કેવળીને જાણનારો છું.

(૪) જ્ઞેયો ખોડાઈ ગયાં હોય :—

જેમ ભીંતમાં ખીલા એક પછી ખોડાઈ ગયાં હોય છે. તેમ ચૈતન્ય ભીંતમાં એક પછી એક જ્ઞેયો ખોડાઈ ગયાં છે.

(૫) જ્ઞેયો ડૂબી ગયાં હોય :—

જેમ પાણીમાં માણસો ડૂબી જાય છે તેમ જ્ઞાયક સમુદ્રમાં લોકાલોકનાં જ્ઞેયો ડૂબી ગયાં છે. તે જ્ઞેયોને નાનાપણું બતાવે છે ને જ્ઞાયક સમુદ્ર મોટો બતાવે છે.

(૬) જ્ઞેયો સમાઈ ગયાં હોય :—

તે જ્ઞેયો ક્ષેત્રાંતર કરીને મારા જ્ઞાયકસ્વભાવમાં આવીને સમાતા નથી પણ સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલતાં, સ્વને જાણતાં પરપ્રકાશક જ્ઞાનમાં બધાં જ્ઞેયો જણાઈ જાય છે. એટલે તે જ્ઞેયો મારામાં સમાઈ ગયાં હોય એમ લાગે છે.

(૭) પ્રતિબિંબિત થયાં હોય :–

જેમ અરીસામાં બધી ચીજોનાં પ્રતિબિંબ પડે છે તેમ જ્ઞાયકસ્વભાવમાં બધાં જ્ઞેયોના પ્રતિબિંબ પડે છે.

એમ એક એક ક્ષણમાં સર્વ જ્ઞેયોને તે શુદ્ધ આત્મા પ્રત્યક્ષ કરે છે. વર્તમાનદશા સાધક હોવા છતાં કેવળજ્ઞાન મારો સ્વભાવ છે, અનંત જ્ઞેયોને પ્રત્યક્ષ જાણે તેવો હું આત્મા છું, સિદ્ધ થવાનો છું, એમ જ્ઞાની માને છે.

((૨)) "જ્ઞેય જ્ઞાયક સંબંધને લીધે વ્યવહારે અનેકતા હોવા છતાં જ્ઞાયકસ્વભાવ એકરૂપ છે."

વળી તે શુદ્ધ આત્મા કેવો છે ? આત્મા તે જાણનાર ને બધા પદાર્થો જણાવા યોગ્ય છે. તે પદાર્થોને જણાય ને આત્મા તેને ન જાણી શકે એમ કદી બની શકે નહિ.

(a) એ જ્ઞેયો મારાં છે એવી મમતા ટાળી શકાય છે.

(b) પરજ્ઞેયોની હયાતી મારા જ્ઞાયક સ્વભાવને લીધે છે, એમ પણ નથી.

(c) મારા જ્ઞાયકસ્વભાવની હયાતી પરજ્ઞેયોની હયાતીને લીધે છે, એમ પણ નથી.

(d) વિશ્વરૂપતા અથવા અનેકરૂપતા વ્યવહારે મારામાં દેખાય છે તે અનેકરૂપતા અનેક જ્ઞેયો છે માટે છે, એમ પણ નથી.

(e) પણ મારા સ્વ-પરપ્રકાશક જ્ઞાન સ્વભાવની પરપ્રકાશક શક્તિના કારણે વિશ્વરૂપતા—અનેકરૂપતા પામ્યો છું.

(f) આવી રીતે વ્યવહારે મારા કારણે અનેકરૂપતા પામતો હોવા છતાં મારો શુદ્ધ આત્મા સહજ અનંત શક્તિવાળા જ્ઞાયક સ્વભાવ વડે એકરૂપતા કદી પણ છોડતો નથી.

((૩)) "અનાદિ કાળથી અનંતા ભવોમાં શુદ્ધ આત્મા જ્ઞાયકભાવપણે જ રહ્યો છે."

અનાદિ સંસારથી આત્મા જ્ઞાયકપણે રહ્યો છે. જીવ કીડીમાં હોય કે કાગડામાં હોય, મોક્ષમાર્ગમાં હોય કે સર્વાર્થ સિદ્ધિના દેવ તરીકે હોય, અલ્પજ્ઞ હોય કે સર્વજ્ઞ હોય, રંક હોય કે રાજા હોય, બધા વખતે શુદ્ધ આત્મા એકલો જ્ઞાયકસ્વભાવપણે રહેલો છે. તે શરીરરૂપે કદી થયો નથી. અનાદિથી આ જ સ્થિતિ રહી છે. લોકો કહે છે કે ઋષભદેવ ભગવાને સંસારમાં ૭૨ કળા શીખવી. ભગવાન ઋષભદેવ કહે છે કે સંસારદશામાં પણ અમો જ્ઞાયક જ હતા, અમોએ કોઈને કાંઈ શીખવ્યું નથી. અમોએ સુધારો વધારો કર્યો નથી, અમો તો પૂર્વે જ્ઞાયક હતા ને અત્યારે પણ જ્ઞાયક જ છીએ.

"મોહથી અજ્ઞાની જીવ જ્ઞાયકને અન્યથા થયો માને છે પણ તે અન્યથા થતો નથી."

જેને (જ્ઞાયકભાવને) મોહથી અજ્ઞાની જીવો બીજી રીતે માને છે. અજ્ઞાની જીવ માને છે કે અમારા બાહુબળથી અમો પૈસા કમાણાં પણ તે માન્યતા ભૂલ ભરેલી છે, તું તો જ્ઞાયક છો. પૈસા ક્રમે પ્રવર્તતા જ્ઞેયો છે, તે તેના કારણે આવે છે ને જાય છે, તું જ્ઞાયકપણું ચૂકીને તેનો ધણી થઈને બેઠો છે. અજ્ઞાની જીવ માને છે કે હોંશીયાર માણસ હોય તો બહારના સંયોગોમાં ફેર પડે પણ તે માન્યતા જૂઠી છે. માન્યતાનો ફેર પડે છે પણ સંયોગોમાં ફેર કરી શકે નહિ. અજ્ઞાની જીવ મોહ વડે બીજી રીતે માને છે છતાં તેનો જ્ઞાયકભાવ પણ જ્ઞાયક ફીટીને જડરૂપ અથવા રાગરૂપ થયો નથી. વળી, પુણ્યથી ધર્મ થાય, નિમિત્તથી ધર્મ થાય, એમ મોહથી માને છે. એમ માનવાથી સ્વજ્ઞેય ને પરજ્ઞેય સ્વતંત્ર રહેતાં નથી એટલે જીવો મોહથી સ્વજ્ઞેયને પરાધીન માને ભલે પણ જ્ઞાયક શુદ્ધ આત્મા ફીટીને કદી પરરૂપ થયો નથી.

"આચાર્ય ભગવાન કહે છે કે શુદ્ધ આત્મા જેવો છે તેવો જ હું પ્રાપ્ત કરું છું."

કુંદકુંદાચાર્ય ભગવાન તથા અમૃતચંદ્રાચાર્ય મહારાજ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા મહાભાવ લિંગી મુનિઓ હતા. ૬—૭ ભૂમિકા હજારોવાર આવતી, અંતર ભાવલિંગી મુનિ ને બાહ્ય નગ્ન દિગમ્બર દશા ને માત્ર મોરપીંછ ને કમંડળ હતાં, તેવા મુનિઓ કહે છે કે ઉપર કહ્યો તેવો શુદ્ધ આત્મા જે સર્વે જ્ઞેયોને એક સમયમાં પ્રત્યક્ષ કરે છે, જે એકરૂપતા કદી છોડતો નથી, જે અનાદિથી જ્ઞાયકભાવે રહ્યો છે ને જેને મોહથી જીવો અન્યથા માને છે છતાં તે તો જ્ઞાયક જ છે. એવા શુદ્ધ આત્માને આ મોહને ઉખેડી નાખીને, અતિ નિષ્કંપ રહેતો થકો, જેવો છે તેવો જ પ્રાપ્ત કરું છું. આચાર્ય ભગવાનને દર્શનમોહનો તો નાશ થયો છે પણ

અસ્થિરતાના મોહનો પણ નાશ કરું છું, એમ કહે છે. 'મોહને ઉખેડીને' એટલે જાણે કે મોહ હોય ને તેનો નાશ કરતા હોય ? એમ નથી, એ કથન પદ્ધતિ છે. સ્વભાવમાં સ્થિર થતાં મોહ ઉત્પન્ન થતો નથી. તે કથનને 'મોહને ઉખેડી નાખ્યો છે' એમ કહે છે. સ્વજ્ઞેયને પરજ્ઞેયરૂપ નહિ કરતો, પરપર્યાયને સ્વપર્યાય નહિ કરતો, અતિ નિષ્કંપ રહું છું, મારા આત્માને જરાય પણ કંપાયમાન થવા દેતો નથી. જેવો શુદ્ધ આત્મા શક્તિરૂપે છે તેવો જ પ્રાપ્ત કરું છું એટલે કે પર્યાયમાં અનુભવું છું.

"સાક્ષાત્ સિદ્ધભૂત નિજ આત્માને તથા સિદ્ધ ભગવંતોને ભાવનમસ્કાર સદાય સ્વયમેવ હો."

આ રીતે સમ્યક્જ્ઞાનનું મૂળ દર્શન વિશુદ્ધિ છે. દર્શન વિશુદ્ધિ વિના જ્ઞાન સમ્યક્ થાય નહિ. આવી રીતે જ્ઞાન સાથે દર્શન વિશુદ્ધિ હોવાને લીધે જ્ઞાનસ્વભાવમાં અત્યંત બાધા વિનાની લીનતા વર્તે છે. વર્તમાન સાધક મુનિદશા હોવા છતાં સાક્ષાત્ સિદ્ધભૂત એવા અમારા આ નિજ આત્માને તથા એવી સિદ્ધ દશા પામેલા સિદ્ધ ભગવંતોને ભાવ નમસ્કાર સદાય સ્વયંમેવ હો. ભાવ નમસ્કારનું લક્ષણ—પોતાને જે ભાવ્ય વસ્તુ હોય તેમાં જ એકાગ્ર થવું તે છે. આચાર્ય ભગવાન ને ભાવ્ય તો પોતાનો શુદ્ધ આત્મા છે. તે શુદ્ધાત્મામાં લીન થાય છે તેથી એની મેળે જ ભાવ નમસ્કાર થઈ જાય છે.

અહીં કોઈ પૂછે કે છઠ્ઠે ગુણસ્થાને વર્તતા મુનિએ પોતાને સિદ્ધભૂત કેમ કહી દીધા ? સમાધાન :—સિદ્ધદશા માટેનો ઉગ્ર પુરુષાર્થ બતાવે છે. એકાદભવ સ્વર્ગ નો આવે તોપણ કેવળદશા ને સિદ્ધદશામાં વિઘ્ન આવે એવું અમો ભાળતા નથી, કારણ કે અમારી લીનતા તો અવ્યાબાધ છે, એટલે કે વિઘ્ન વિનાની છે, તેથી સિદ્ધનો આરોપ વર્તમાનમાં આપી દીધો છે. વળી, ભાવ નમસ્કાર સદાય હો, એમ કહ્યું છે. સદાય શબ્દ મુનિપણાની ઉગ્રતા બતાવે છે. સમ્યક્દર્શન સહિતના ચારિત્રની અખંડ પરિણતિ છે માટે સદાય શબ્દ વાપરેલ છે જુઓ. આ અદ્ભુત મુનિદશા ! જે પોતાને સાક્ષાત્ સિદ્ધભૂત ગણે છે, એટલો ઉગ્ર પુરુષાર્થ છે કે સિદ્ધપદ તો જાણે હાથવેંતમાં હોય એમ બતાવે છે. આવી રીતે આચાર્ય ભગવાને પોતાના શુદ્ધ આત્માને તથા સિદ્ધ ભગવંતોને સદાય ભાવ નમસ્કાર કર્યા.

આવી રીતે સ્વજ્ઞેયની પરિપૂર્ણ શુદ્ધ દશાનું વર્ણન કર્યું, આવો પોતાના સ્વજ્ઞેયને પરિપૂર્ણ શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનમાં લેવો તે સમ્યક્જ્ઞાન છે.

અગાધ જ્ઞાયકસ્વભાવપરાયણ શ્રી સદ્ગુરુદેવનો જય હો ! વિજય હો !*

(ફાગણ વદ ૧૨, મંગળવાર)

હવે શ્લોક દ્વારા જિન ભગવંતે કહેલા શબ્દ બ્રહ્મના સમ્યક્ અભ્યાસનું ફળ કહેવામાં આવે છે.

શ્લોક ૧૦

"જ્ઞેયોની સ્વતંત્રતાની વાત સર્વજ્ઞના શાસ્ત્રમાં જ છે. બીજે ક્યાંય નથી."

આ રીતે જ્ઞેય તત્ત્વને સમજાવનાર સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. વીતરાગી દશા પ્રગટ કરી સર્વજ્ઞપણું થયું ને ઓમ્ ધ્વનિમાં જે વસ્તુનું પરિપૂર્ણ સ્વરૂપ આવ્યું તેને શબ્દબ્રહ્મ કહે છે. તે સાંભળીને કુંદકુંદાચાર્ય ભગવાને આ શાસ્ત્રો રચ્યાં છે. છયે દ્રવ્યો સ્વતંત્ર છે, દરેક દ્રવ્યમાં અનંતા ગુણો છે, આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંત ગુણોનો પિંડ છે, સમયે સમયે અવસ્થા પલટે છે. તેમાં પરલક્ષે અશુદ્ધતા થાય છે, તે તેનું ખરું સ્વરૂપ નથી. શુદ્ધના લક્ષે અશુદ્ધતા ટળી શકે છે. કર્માદિ પદાર્થો પરજ્ઞેય છે. તે પણ સ્વતંત્ર પલટન પામે છે. સ્વજ્ઞેય પરજ્ઞેયનું કાંઈપણ કરી શકે નહિ. આમ આત્મા દરેક રજકણથી ને બીજા આત્માથી જુદે જુદો છે, એવી સ્વતંત્રતાની વાત જ્ઞેય અધિકારમાં કરી છે. આવી સાચી ને ઝીણી વાત જૈન સર્વજ્ઞના શાસ્ત્ર સિવાય બીજે હોઈ શકે નહિ.

"સ્વલક્ષે સત્સમાગમે શાસ્ત્રનો સમ્યક્પણે અભ્યાસ કરવો."

તે ભગવાનની ઓમ્ ધ્વનિમાં જે આવ્યું તેનો ઊંડા ઊતરીને અભ્યાસ કરીએ છીએ. જુઓ, સમર્થ આચાર્ય ભગવાન પણ કહે છે કે "અમો ઊંડા ઊતરીને અભ્યાસ કરીએ છીએ" તો પછી મુમુક્ષુ જીવે તો બરાબર શાસ્ત્રનો અભ્યાસ સ્વલક્ષે કરવો જોઈએ. શાસ્ત્ર ભણી તો જાય પણ જેમ સિંહણના દૂધ સોનાના વાસણમાં ટકે છે તેમ દ્રવ્યાનુયોગનું સાચું જ્ઞાન પાત્રતા ને વૈરાગ્યવાળા જીવની ભૂમિકામાં ટકે છે. અનંત કાળથી પર લક્ષ કરી ચોરાશીના અવતાર કર્યા, હવે મારે મારું હિત કરવું છે, એમ સ્વલક્ષે સત્સમાગમે શાસ્ત્ર વાંચન-મનન કરી ઊંડા ઊતરવું જોઈએ. ભગવાન આત્મા પરબ્રહ્મ છે ને તેને બતાવનારી વાણી શબ્દબ્રહ્મ છે. જેમ કુવામાં ઊંડા ઊતરી જીવ તાગ લાવે છે તેમ સ્વલક્ષે ઊંડા ઊતરવું જોઈએ. વ્રત, તપ આદિ કર્યા છે ને પર લક્ષે શાસ્ત્ર અભ્યાસ પણ કર્યો છે પણ અહીં સમ્યક્ શબ્દ વાપરેલ છે. સમ્યક્ એટલે જેમ છે તેમ યથાર્થ અભ્યાસ કરવો.

શાસ્ત્રમાં ડૂબકી મારવી? શાસ્ત્ર તો જડ છે. શાસ્ત્ર બોલતું નથી. સત્સમાગમે સમ્યક્ અભ્યાસ કરવો જોઈએ.

આચાર્ય ભગવાન કહે છે કે અમારો કહેવાનો સાર એ છે કે પરજ્ઞેયને વિકાર ઉપરથી દ્રષ્ટિ ઉઠાવીને સ્વજ્ઞેયમાં શ્રદ્ધા-જ્ઞાન ને લીનતા કરજે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે.

"સ્વલક્ષે શાસ્ત્રના અભ્યાસનું ફળ વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા છે."

અહીં આચાર્ય ભગવાન કહે છે કે શબ્દબ્રહ્મને સમ્યક્પણે અવગાહન કરીને અમો માત્ર શુદ્ધાત્મામાં લીન રહીએ છીએ. સમ્યક્ શ્રદ્ધા, સ્વસંવેદન જ્ઞાનને સ્વરમણતા રૂપ ચારિત્ર એનાથી સદા યુક્ત રહીએ છીએ, અને બધાં શાસ્ત્રોનો સાર અમોએ એ જ કાઢ્યો છે. જે શાસ્ત્ર દેહની ક્રિયાથી ને પુણ્યથી ધર્મ થાય એમ બતાવે તેને અમો શાસ્ત્ર કહેતા નથી, ધર્મ તો આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી થાય તેમ છે ને તેજ મુક્તિનું કારણ છે. વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે જ્ઞેય અધિકારનું ફળ છે. અમો અંતરદ્રષ્ટિ કરી પવિત્ર રહીએ છીએ કોઈપણ વિકલ્પ અમોને શરણભૂત નથી, મા સ્વજ્ઞેય શુદ્ધાત્મા જ એક શરણભૂત છે.

(હવે શ્લોક દ્વારા મુક્ત આત્માના જ્ઞાનનો મહિમા કરીને જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકારની પૂર્ણાહુતિ કરવામાં આવે છે.)

શ્લોક—૧૧

આત્માનું સાચું જ્ઞાન કરે છે તે કેવળજ્ઞાન દશાને પામે છે. આત્મા પરની ક્રિયા વિનાનો, પુણ્ય-પાપ વિનાનો છે, એવી શ્રદ્ધા કરે તો ચારિત્ર દશા પામે. શ્રદ્ધા વિના ચારિત્ર હોઈ શકે નહિ, ચારિત્ર કરતાં કેવળજ્ઞાન દશા પામે છે. નિગોદ, નરક, કાગડા, કૂતરા, દેવ વગેરે અનંતા ભવો કર્યા પણ હું શુદ્ધ ચિદાનંદ છું—એવી શ્રદ્ધા કરી નહિ. શરીરની ક્રિયાથી ને નિમિત્તથી લાભ થાય તેમ માન્યું, ને રોટલા ન ખાધા એટલે ઉપવાસ થયો ને ધર્મ થયો, એમ અજ્ઞાની માને છે. રાગ રહિત સહજાનંદ સ્વરૂપમાં ડૂબકી મારવી ને રોટલા ખાવાની ઇચ્છા જ ઉત્પન્ન ન થવી તે ઉપવાસ છે. જેટલો વખત રખડવામાં ગયો છે તેટલો વખત મુક્તિ લેતાં થતો નથી.

જે જીવ પોતે આનંદ સ્વરૂપ છે એવાં શ્રદ્ધા જ્ઞાન કરી પોતામાં સંપૂર્ણપણે લીન થાય છે તે પરમાત્મપણાને શીઘ્ર પામે છે. બધાનું એક સમયમાં તે જીવ જ્ઞાન કરી લ્યે છે. લોકાલોકને જાણે છે. અનેક પ્રકારના જ્ઞેયોને પોતાના જ્ઞાનમાં જાણી લ્યે છે. તે જ્ઞાન પરમાં રોકાતું નથી. સંપૂર્ણ જ્ઞાન પ્રગટ થઈ પોતામાં જ

એકાગ્ર થાય છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય પ્રગટ કરી આત્મા દેદીપ્યમાન થાય છે.

"પરનું ધ્યાન અનંત વાર રાખ્યું છે, પણ તેથી સંસાર ચાલુ રહ્યો છે."

અજ્ઞાની જીવો બહારના બધા પદાર્થોનું ધ્યાન રાખવા કહે છે. આંબાનું ધ્યાન રાખજે, પૈસાનું ધ્યાન રાખજે, લોટનું ધ્યાન રાખજે, કૂતરો લોટ ન ખાઈ જાય તેનું ધ્યાન રાખજે, નામું લખતાં તો ચોપડામાં ધ્યાન રાખજે, બોલવામાં ધ્યાન રાખજે, પૈસા કેને આપવાના છે ને કેની પાસેથી લેવાના છે તે ધ્યાન રાખજે, નોકરનું ધ્યાન રાખજે, ઉધરાણી લઈને ભાગી ન જાય તેનું ધ્યાન રાખજે, ગાડીએ જવું હોય તો પા કલાક વહેલા પહોંચવાનું ધ્યાન રાખડે, કુટુંબ કબીલાનું ધ્યાન રાખજે, એમ અનાદિથી અજ્ઞાની જીવો પરનું ધ્યાન રાખવાનું કહે છે, ને તેમાં એકત્વ બુદ્ધિ કરે છે. તેથી સંસાર ચાલુ રહ્યો છે.

"એક વાર આત્માનું ધ્યાન રાખે તો સમ્યક્દર્શન પ્રગટ થઈ કેવળદશા પામે."

અહીં આચાર્ય ભગવાન કહે છે કે :–બધાનું ધ્યાન રાખ્યું, તારો આત્મા કોણ છે તેનું કદી ધ્યાન રાખ્યું ? માટે હવે તારા શુદ્ધ સ્વરૂપનું ધ્યાન રાખ. શરીર, મન, વાણી પર છે. તેની ક્રિયા તારાથી થાય છે, એવું ધ્યાન રાખીશ નહિ. તારામાં વિકાર થાય છે, તે તારો માનીશ નહિ. અંતર જ્ઞાતાદ્રષ્ટાપણાથી કદી ચુકાય નહિ, તેનું ધ્યાન રાખજે. અર્હન્તે જાણેલું ને કહેલું તું માનીશ તો તું અર્હન્ત થઈશ, એમ ધ્યાન રાખજે. સમયે સમયે તારા પરિણામનું ધ્યાન રાખજે, એમ સાચી શ્રદ્ધા થતાં, સમ્યગ્દર્શન રૂપી ધ્યાન પ્રગટ થઈ, શુક્લધ્યાન પ્રગટ થઈ, કેવળજ્ઞાન પ્રગટ થશે. આવી રીતે જીવ કેવળજ્ઞાન થતાં પ્રગટ દેદીપ્યમાન થાય છે.

હવે શ્લોક દ્વારા દ્રવ્ય અને ચરણનો સંબંધ બતાવી જ્ઞેય તત્ત્વ પ્રજ્ઞાપન નામના દ્વિતીય અધિકારની અને ચરણાનુયોગ સૂચક ચૂલિકા નામના તૃતીય અધિકારની સંધિ દર્શાવવામાં આવે છે.

શ્લોક ૧૨

"ચરણ દ્રવ્યાનુસાર હોય છે, અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે"

અર્થ :—ચરણ દ્રવ્યાનુ સાર હોય છે. આત્મા સ્વ વસ્તુ જ્ઞાયક જ્યોતિ છે તેવી દ્રષ્ટિ કરીને સ્થિરતા કરવી તે ચરણ એટલે ચારિત્ર દ્રવ્યના અનુસાર હોય છે.

આત્માનાં સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન કરી અંતર આત્માના આશ્રયે રમણતા પ્રગટ થાય છે. આત્માના ભાન વિના ચારિત્ર હોઈ શકે નહિ. નિશ્ચયનું ભાન હોય તો પાંચ મહાવ્રતના વિકલ્પને દ્રવ્ય ચારિત્ર નામ પામે છે. મુનિપણું, ચારિત્ર તો અંતર સ્થિરતા જ છે, તે પાલન થઈ ન શકે તો તેની ભાવના રાખવી પણ ખોટું મુનિપણું માનવું નહિ. ગૃહસ્થાશ્રમમાં સાચાં શ્રદ્ધા-જ્ઞાન કરી એકાવતારી થઈ શકાય છે. પણ દ્રવ્યના ભાન વિના ક્રિયા કાંડાદિ કરે તો તે ચારિત્ર નથી. તેને તો સંસારમાં રખડવાનું રહે છે. એક સાધારણ નોકરને રાખવો હોય તો કેટલું ભણ્યો છે તે તથા તેની બીજી તપાસ કરીને નોકરીમાં રાખે છે, પણ અહીં ધર્મમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની પણ ખબર ન હોય, વસ્તુસ્વરૂપની ખબર ન હોય, ત્યાં લઈ લ્યે પડિમા ને દીક્ષા, ને કહેશે કે આટલી વસ્તુ ખપે ને આ (વસ્તુ) ન ખપે ને અમોને ધર્મ થઈ ગયો ! પણ ભાઈ, ચરણ દ્રવ્યના અનુસારે હોય છે, દ્રવ્યના શ્રદ્ધા-જ્ઞાન કરી યથાશક્તિ સ્થિરતા થતાં રાગનો ઘટાડો સહેજે થઈ જાય છે ને દ્રવ્યના જ્ઞાન વિના રાગ યથાર્થ રીતે મંદ પણ થતો નથી.

આત્માનું જ્ઞાન ચરણ અનુસાર હોય છે. જે જીવ માંસ ખાતો હોય, દારૂ પીતો હોય, લંપટી હોય, કાળા કેર કરતો હોય, હજારો માણસોને નુકશાન કરવાના ભાવ હોય, માછલાં ખાતો હોય, અનીતિનું પાલન કરતો હોય, અભક્ષ્ય ખોરાક લેતો હોય, નિંદ્ય કાર્ય કરતો હોય, તેને તો કદી પણ આત્માનું ભાન થઈ શકે નહિ, તે મુમુક્ષુપણાને પણ લાયક નથી. પરંતુ મારે મારું હિત કરવું છે—એવાં વૈરાગ્યવાળા જીવને જેટલા પ્રમાણમાં રાગ ઘટાડે તેટલી અંતર સ્વરૂપમાં લીનતા થાય છે. જે જીવ યથાર્થ ભાન કરે ને રાગ ઘટાડે તેને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનવાના પરિણામ ન હોય, આવી રીતે બન્ને અરસપરસ અપેક્ષાસહિત છે. માટે આત્માના સાચાં શ્રદ્ધા-જ્ઞાન કરી મોક્ષમાર્ગમાં આરોહણ કરો. અથવા આત્માના ભાન સહિત રાગનો ઘટાડો કરી મોક્ષમાર્ગમાં આરોહણ કરો. જે જીવ સાચાં શ્રદ્ધા-જ્ઞાન કરે છે તે વીતરાગી દશા જરૂર પ્રગટ કરે છે ને રાગ ઘટાડે છે તેટલી શુદ્ધિ વધતી જાય છે ને વીતરાગી દશા પ્રગટ કરે છે. બન્ને અરસપરસ છે માટે મુમુક્ષુઓ મોક્ષમાર્ગમાં આરોહણ કરો.

આમ શ્રીમદ્ ભગવંત્કુંદકુંદાચાર્ય દેવ પ્રણીત શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્ય દેવ વિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં જ્ઞેય તત્ત્વ પ્રજ્ઞાપન નામનો દ્વિતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો. .....(ચાલુ)

*

પ્રસાદ નં. ૧૫૪ અ

પત્રિકા ભાગ—૨

ચરણાનુયોગસૂચક ચૂલિકા

(ફાગણ વદ ૧૩, બુધવાર)



હવે બીજાઓને ચરણાનુયોગ સૂચવનારી ચૂલિકા છે.

(તેમાં પ્રથમ શ્રી અમૃતચંદ્રાચાર્ય દેવ શ્લોક દ્વારા હવેની ગાથાની ઉત્થાનિકા કરે છે.)

શ્લોક ૧૩

"આત્માનાં સાચાં શ્રદ્ધા-જ્ઞાન કરવાથી વીતરાગી પરિણામ પ્રગટે છે."

આત્મા વસ્તુ છે, અનંત ગુણોનો પિંડ છે, શરીર-મન-વાણીથી જુદો છે. આત્મા કૂટસ્થ નથી, પણ પરિણામી નિત્ય છે, પલટતો ન હોય તો દુઃખ પલટીને સુખનો અનુભવ થઈ શકે નહિ અને નિત્ય ન હોય તો દુઃખનો નાશ કરી શાંતિનો ધરનાર ને અનુભવ કરનાર પદાર્થ રહેતો નથી. માટે આત્મા નિત્ય પરિણામી છે. વળી, નિત્ય હોય તે કોઈથી બન્યો હોય, એમ બને નહિ માટે આત્મા અનાદિ-અનંત-શાશ્વત પદાર્થ છે. અજ્ઞાની પરપદાર્થમાં સુખ માની અવસ્થામાં અજ્ઞાનભાવ કરે છે. આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે તે સુખનું ધામ છે, એમ સાચી સમજણ કરે તો ધર્મ ને શાંતિ થાય. આમ દ્રવ્યની સિદ્ધિમાં ચરણની સિદ્ધિ છે. આત્મા દેહાદિથી ને વિકલ્પથી ભિન્ન છે, એવા શુદ્ધ સ્વભાવમાં રમવું, ચરવું, લીન થવું તે ચરણ અથવા આચરણ છે.

કોઠીને ધોવાથી કાદવ નીકળે છે, તેમ શરીર કોઠી છે તેને ગાળવાથી આત્માનું કલ્યાણ થતું નથી. ત્રિકાળ શાંત સ્વભાવ છે, તેમાં દુઃખ હોઈ શકે નહિ

પણ પોતાનો સ્વભાવ ચૂકીને પરનો આશ્રય કરી સુખની માન્યતાનો વિકલ્પ ઉઠાવવો તે દુઃખ ને વિકૃત અવસ્થા છે. તે દુઃખની અવસ્થા પર- પદાર્થને લીધે નથી. નરકમાં પણ જીવોને નરકના પ્રતિકૂળ સંયોગોનું દુઃખ નથી પણ શરીર મારું ને તેને પ્રતિકૂળતા પડવાથી મને દુઃખ થાય છે. એવી એકત્વ બુદ્ધિ તે દુઃખનું કારણ છે. આવા ઉપાધિ ભાવો અનંતા ભવોમાં અનેક પ્રકારના કરતો આવ્યો છે, તે ઉપાધિભાવો કેમ મટે ? તે ઉપાધિભાવ પરને લીધે નથી, તેમ જ નિરુપાધિ સ્વભાવમાં પણ ઉપાધિ નથી. સ્વભાવ તો ઉપાધિ રહિત છે, એવાં સાચાં શ્રદ્ધા-જ્ઞાન કરે તો તે દ્રવ્યના આશ્રયે ઉપાધિ રહિત થાય છે ને તેમાં લીનતા કરી શાંતિ મેળવે છે. પુણ્ય-પાપના ભાવ આચરણ નથી પણ પુણ્ય-પાપ વિનાનો આત્મા છે એવા દ્રવ્યની સિદ્ધિમાં ચરણની સિદ્ધિ છે, એટલે વીતરાગી પરિણામની સિદ્ધિ છે.

"આત્માનું લક્ષ રાખી જેટલા વીતરાગી પરિણામ થાય તેટલા પ્રમાણમાં દ્રવ્યની સિદ્ધિ છે."

ચરણની સિદ્ધિમાં દ્રવ્યની સિદ્ધિ છે. જેટલા પ્રમાણમાં રાગનો અભાવ કરે તેટલા પ્રમાણમાં દ્રવ્યની શુદ્ધિ થાય અને શાંતિ વધે, તે જ દ્રવ્યની સિદ્ધિ છે. અજ્ઞાની જીવો પરનું હું કરું છું, એમ અભિમાન કરે છે તેથી દુઃખી થાય છે ને જે જીવ યથાર્થ સ્વભાવ સમજી જ્ઞાન કરે છે, તે સુખી થાય છે એટલે આત્મ સ્વભાવની વાત કર્યા પછી ચરણાનુયોગની વાત કરી છે. આત્મ સ્વભાવ સમજ્યા વિનાનું કહેવાતું ચારિત્ર છાર ઉપર લીંપણા સમાન છે. જેટલા પ્રમાણમાં આત્મ સ્વભાવને લક્ષે કામ-ક્રોધાદિને છેદે તેટલા પ્રમાણમાં સ્થિરતા થાય છે, ને શાંતિ થાય છે, ને તે દ્રવ્યની સિદ્ધિ છે.

"જ્ઞાતાદ્રષ્ટા શાંત સ્વભાવ અનુસાર વિશેષવીતરાગી પરિણામ લાવો."

આમ જાણીને શુભાશુભ ભાવોથી નહિ વિરામ પામેલા એવા સમ્યક્જ્ઞાની ગૃહસ્થો પણ દ્રવ્યથી અવિરુદ્ધ ચારિત્ર આચરશે.

અહીં આચરવાની વાત મુનિ માટે નથી કારણ કે તેઓ તો વીતરાગી ચારિત્ર સહિત જ છે, પરિણમી રહ્યા છે. પણ જે સમ્યક્જ્ઞાની ગૃહસ્થો છે, તેમને આસક્તિના કારણે હજુ શુભાશુભભાવો વિરામ પામ્યા નથી. તેમને આચાર્ય ભગવાન કહે છે કે જેવી દ્રવ્યની શ્રદ્ધા કરી છે તેવી જ દ્રવ્યમાં લીનતા કરો, તેનાથી વિરુદ્ધ વિકલ્પ ઉઠાવો નહિ. વળી શુભાશુભ ભાવો છોડવામાં પણ હઠ હોઈ શકે નહિ. આત્મસ્વભાવમાં જેટલી સ્થિરતા વધશે તેટલું ચારિત્ર આવશે ને શુભાશુભ ભાવો

સહેજે છુટી જશે. દ્રવ્યથી અવિરુદ્ધ ચરણ કહ્યું છે. 'અવિરુદ્ધ' ઉપર ખાસ વજન છે. જેવો જ્ઞાન સ્વભાવ શાંતિથી ભરેલો છે તે અનુસાર યથાશક્તિ વીતરાગી પરિણામ લાવો, અજ્ઞાન તપમાં ઘણી કલુષિતતા-થાક-ખેદ જોવામાં આવે છે. એવા થાક ને ખેદ જ્ઞાનપૂર્વક ચરણમાં કદી હોઈ શકે નહિ માટે સહજ વીતરાગી પરિણામ થાય તેમ આચરણ કરો કારણ કે વીતરાગી આચરણમાં દ્રવ્યની સિદ્ધિ છે.

(૧) આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ છે, એવા શ્રદ્ધા-જ્ઞાન થતાં ચરણ એટલે આચરણની સિદ્ધિ છે.

(૨) આત્માના ભાન સહિત રાગનો ઘટાડો કરી જેટલા પ્રમાણમાં વીતરાગી પરિણામ થાય તેટલી શાંતિ થાય છે ને તેમાં દ્રવ્યની સિદ્ધિ છે.

(૩) આવી રીતે અરસપરસ જાણીને હે સમ્યક્જ્ઞાની ગૃહસ્થો ! દ્રવ્યના શ્રદ્ધા-જ્ઞાન વિશેષ ટકાવી રાખીને દ્રવ્યથી વિરુદ્ધ નહિ એવા શાંત પરિણામ વીતરાગી પરિણામ આચરો, એમ કહીને આચાર્ય ભગવાન જે સમ્યક્દ્રષ્ટિ ગૃહસ્થો છે તેમને મુનિપણું અંગીકાર કરવા માટે હવે પછી ચૂલિકામાં ઉપદેશ શરૂ કરે છે.

(૪) એ ઉપરથી એમ નક્કી થાય છે કે તે ચરણ અથવા આચરણ અમો તો પામ્યા છીએ ને અંતરભાન સહિત અમોને તો વિશેષ શાંતિ આગળ વધી ગઈ છે. તમારે પણ જો આવી શાંતિ જોઈતી હોય તો અમો જેવું સદાચરણ કરી રહ્યા છીએ તેમ તમે પણ આચરો.

"સદાચરણ એટલે શું ?"

લૌકિકમાં ઘણા કહે છે કે જીવોને સદાચરણ હોવું જોઈએ પણ અજ્ઞાની જીવોને સદાચરણ શબ્દના ભાવની ખબર નથી. સદાચરણનો વ્યુત્પત્તિ અર્થ તો સત્ આચરણ છે. પણ તે તો શબ્દો છે, શબ્દો તો વાચક છે ને વાચક પાછળનો વાચ્ય ભાવ શું છે તે સમજવો જોઈએ. સાકર શબ્દમાં સાકર નથી પણ સાકરમાં સાકર (મીઠાશ) છે તેમ સદાચરણ તો શબ્દ છે શબ્દમાં સદાચરણ નથી પણ તેનો ભાવ પોતામાં સમજે તો સદાચરણ સમજ્યો કહેવાય. સત્ = કાયમ રહેનારો આત્મા. સત્ પદાર્થ છે તેમાં રમણતા કરવી, તેમાં ચરવું તે સદાચરણ છે. માટે સત્ શું છે તેનું જ્ઞાન પ્રથમ કરવું જોઈએ. (૧) સતના જ્ઞાન વિના સતનું આચરણ હોઈ શકે નહિ. તેમ સતનું જ્ઞાન થાય કે તુરત જ આચરણ થઈ જાય, એમ પણ નથી. અજ્ઞાની જીવો સમજ્યા વિના હઠ કરે છે, તે વસ્તુ સ્વરૂપ નથી માટે સાચું જ્ઞાન કરીને પછી પોતાના આત્મામાં ખેદ ન થાય, કંટાળો ન આવે ને શાંતિ વધે

એવું આચરણ કરો. તુરત જ ચારિત્ર લઈ લ્યો એમ અમો કહેતા નથી પણ સહજ પુરુષાર્થ અનુસાર લીનતા કરો. અમોએ તો ચારિત્ર અંગીકાર કર્યું છે, અમો તો ભાવલિંગી મુનિ છીએ, સ્વરૂપમાં રમણ કરનારા છીએ. તમારે એવી શાંતિ જોઈતી હોય તો અમો કહીએ છીએ તેમ કરો.

હવે ગાથા શરૂ કર્યા પહેલાં તેની સાથે સંધિને અર્થે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવા માટે જ્ઞાન તત્ત્વ પ્રજ્ઞાપન અધિકારની પહેલી ત્રણ ગાથાઓ લખી છે ને નમસ્કાર કર્યા છે.

હવે, આ અધિકારની ગાથા શરૂ કરવામાં આવે છે.

ગાથા—૨૦૧

એ રીત પ્રણમી સિદ્ધ, જિનવરવૃષભ મુનિને ફરી ફરી,
શ્રામણ્ય અંગીકૃત કરો, અભિલાષ જે દુઃખ મુક્તિની. ૨૦૧.

અન્વયાર્થ :—જો દુઃખથી પરિમુક્ત થવાની ઇચ્છા હોય તો, પૂર્વોક્ત રીતે (જ્ઞાન તત્ત્વ પ્રજ્ઞાપનની પહેલી ત્રણ ગાથાઓ પ્રમાણે) ફરી ફરી ને સિદ્ધોને, જિનવરવૃષભોને (અર્હન્તોને) તથા શ્રમણોને પ્રણમીને (જીવ) શ્રામણ્યને અંગીકાર કરો.

"તમારે પરિપૂર્ણ સુખી થવું હોય તો બાહ્ય અભ્યંતર વીતરાગી મુનિપણું અંગીકાર કરો."

જો તમારે દુઃખથી પૂરે પૂરા મુક્ત થવું હોય તો હું તમોને તેનો ઉપાય કહું છું. (વર્તમાનમાં દીક્ષા માટે ભગાડે ને સંતાડે ને પરાણે દીક્ષા આપી દ્યે, તેને તો વસ્તુ સ્વરૂપનું ભાન નથી, તેવાની વાત નથી) વળી કેટલાક અજ્ઞાની જીવોને પુણ્યનો ઉદય હોય તેથી પૈસા હોય ને બીજી પણ અનુકૂળતા હોય, તેને તો દુઃખ જ લાગતું નથી, પણ તે અજ્ઞાનભાવ છે. તે મોટો દુઃખી છે. તે પદાર્થો હોય તો મને ઠીક પડે એ માન્યતા જ મોટું દુઃખ ને આકુળતા છે. જીવને દુઃખ દેખાય તો દુઃખ ટાળવાનો ઉપાય કરે. આચાર્ય ભગવાન કહે છે કે ચોરાશીના અવતારમાં એકત્વબુદ્ધિનું દુઃખ લાગ્યું હોય ને હવે તેમાંથી સમસ્ત પ્રકારે છુટવું હોય તો મુનિપણાને અંગીકાર કરો. એ ઉપરથી એમ નક્કી થાય છે કે :—

(૧) વર્તમાન અવસ્થામાં દુઃખ છે, જો વર્તમાનમાં દુઃખ ન હોય ને અનાદિથી પર્યાયમાં પણ સુખી હોય તો દુઃખ ટાળવું છે ને સુખ પ્રગટ કરવું છે એવી ઇચ્છા થાય નહિ.

(૨) તે દુઃખ સંયોગી ચીજોમાં, શરીરમાં કે પ્રતિકૂળ સંયોગોમાં નથી. પર વસ્તુને લીધે દુઃખ હોય તો કદી દુઃખ રહિત થઈ શકે નહિ.

(૩) સ્વજ્ઞેયને ચૂકીને પરજ્ઞેયમાં મારાપણું માની સુખ માનવું તે દુઃખ છે ને તે એક સમયની અવસ્થા છે.

(૪) આત્માના સ્વભાવમાં દુઃખ હોય તો દુઃખ આત્માનો સ્વભાવ થઈ જાય ને તેથી દુઃખ રહિત કદી થાય નહિ માટે પર્યાયમાં દુઃખ હોવા છતાં આત્મા સ્વભાવે નિરુપાધિ સુખ રૂપ છે.

(૫) તે નિરુપાધિ સ્વભાવના લક્ષે શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા કરતાં દુઃખ ટળી સુખ ઉત્પન્ન થઈ શકે છે.

(૬) પર્યાય પલટન પામે છે ને દુઃખ-સુખ બન્ને અવસ્થા વખતે ધ્રુવ- સ્વભાવ કાયમ રહે છે.

(૭) આ પ્રમાણે શ્રદ્ધા-જ્ઞાન તો સમ્યગ્જ્ઞાનીએ કરેલ છે પણ આસક્તિને લીધે શુભાશુભ ભાવો વર્તે છે એટલું પણ આસક્તિનું દુઃખ છે.

માટે આચાર્ય ભગવાન કહે છે કે તમારે સમસ્ત પ્રકારે દુઃખથી રહિત થવું હોય તો પંચ પરમેષ્ઠીને વંદન કરીને બાહ્ય અભ્યંતર મુનિપણું અંગીકાર કરો.

ટીકા :—આચાર્ય ભગવાન કહે છે કે દુઃખથી મુક્ત થવા માટે મેં જેમ કર્યું તેમ તમો કરો, શુભાશુભ પરિણામ બન્ને દુઃખ છે, વિકૃત સ્વભાવ છે, તે દુઃખથી રહિત થવા પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરી મુનિપણું મેં અંગીકાર કર્યું છે.

"કેવા છે તે પંચ પરમેષ્ઠી ?"

અર્હન્તો :—રાગ રહિત વીતરાગી દશા છે ને એક સમયમાં ત્રણકાળ ત્રણ લોકના પદાર્થોને જાણે છે. અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય પ્રગટેલ છે. તે જીવન મુક્ત દશા વાળા ભગવાન અર્હન્ત છે.

સિદ્ધો :—અર્હન્તદશા પછી અશરીરી વિદેહ મુક્ત દશા થાય, એકલો આત્મા પરિપૂર્ણ જાણવાવાળો રહે ને જેને બધા ગુણો પ્રગટ થયા છે તે સિદ્ધ છે.

આચાર્ય :—આત્મા જ્ઞાનાનંદ છે, નિર્વિકારી છે, એવી પ્રતીતિ સહિત વિશેષ રમણતા કરે છે તે આચાર્ય છે. બાહ્ય પદવીમાં મોટા છે.

ઉપાધ્યાય :—જેને આત્માનુ ભાન છે ને જેની સમીપે ચૈતન્યનું ભણતર બીજા સાધુ કરે છે તે ઉપાધ્યાય છે.

<u>સાધુ :—</u>જે સ્વરૂપના સાધક છે તે સાધુ છે. નગ્નદશા કે વિકલ્પ તે સાધુપણું નથી.

<u>"કેવું મુનિપણું આચાર્ય ભગવાને અંગીકાર કર્યું ?"</u>

પંચ પરમેષ્ઠીને દેહથી નમીને તથા વચનથી સ્તુતિ કરીને નમસ્કાર કર્યા ને મુનિપણું અંગીકાર કર્યું, તે મુનિપણું એવું છે કે જેમાં વિશુદ્ધદર્શન અને જ્ઞાનપ્રધાન છે, એટલે નક્કી થયું કે આત્મા શરીરાદિની ક્રિયાથી રહિત છે. પુણ્ય-પાપ જેટલો નથી. શુદ્ધ જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે, એવા આત્માના સમ્યક્જ્ઞાન વિના મુનિપણું હોઈ શકે નહિ અને આ શાસ્ત્રમાં લખાયેલ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અને જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન એ બે અધિકારોની રચનાથી અમારું મુનિપણું વિશેષ દ્રઢ થયું છે, આત્માનું ભાન તો હતું અંતરમાં પુણ્ય-પાપની લાગણીનાં લૂગડાં કાઢી નાખ્યા છે ને સ્વરૂપ રમણતા વધી ગઈ છે ને બાહ્ય નગ્ન દિગંબર દશા વર્તે છે, એવા મુનિપણાને અમોએ અંગીકાર કર્યું છે, સમ્યગ્જ્ઞાન ને શ્રદ્ધા વગર એકલી નગ્ન દશા ધારણ કરે તે મુનિપણું નથી ને ભાન થયા પછી અંતરદશા આગળ વધે ત્યારે બાહ્ય નગ્ન દશા શરીરની હોય છે, વસ્ત્ર હોય તેમ બને નહિ.

<u>"તમારે દુઃખ ટાળવા મુનિપણું લેવું હોય તો અમારા પાસે ચાલ્યા આવો, અમો આ ઊભા."</u>

આવી રીતે તમારે સંસારના બધાં દુઃખોથી છૂટવું હોય તો તમો પણ આત્માનાં સાચાં શ્રદ્ધા-જ્ઞાન કરો ને પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરીને અમોએ મુનિપણું અંગીકાર કર્યું તેમ તમો પણ અંગીકાર કરો. તે મુનિપણું અંગીકાર કરવાનો જેવો અમોએ અનુભવ્યો છે તેવા માર્ગ તેના પ્રણેતા **<u>અમે આ ઊભા.</u>** ચારિત્ર કેમ પાળવું, મુનિદશા કેવી હોય? તે જાણવું હોય તો અનુભવશક્તિ અમો આ મોક્ષમાર્ગમાં ઉભા છીએ. તમો ચાલ્યા આવો, સાંભળો, તત્ત્વજ્ઞાન વિના સમ્યક્દર્શન હોય નહિ, સમ્યક્દર્શન વિના મુનિપણું હોય નહિ ને મુનિના ચારિત્ર વિના મુક્તિ હોય નહિ માટે આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન પ્રથમ હોવા જોઈએ, પછી વિશેષ લીનતા સહજ થતાં મુનિપણું આવે છે, હઠથી આવતું નથી. જે સાધુ પદને ગણધરના નમસ્કાર પહોંચે છે, તે સાધુપણું જેવું તેવું નથી. સાધુપણું એટલે કેવળી ભગવાનના વજીર છે. તે સાધુપદ લેવું હોય તો અમો આ ઊભા. જુઓ, આચાર્ય ભગવાનની સિંહવૃત્તિ–ઉગ્ર પુરુષાર્થ, આચાર્યદેવ કહે છે કે ચાલ્યા આવો મોક્ષમાર્ગે તેના પ્રણેતા અમો આ ઉભા.

હવે મુનિ થવા ઇચ્છનાર પહેલાં શું શું કરે છે, તે ઉપદેશે છે :–

પ્રવચનસાર ગાથા ૨૦૨

(ફાગણ વદ ૧૪, વાર ગુરુવાર)

બંધુજનોની વિદાય લઈ, સ્ત્રી-પુત્ર-વડીલોથી છૂટી,
દ્રગ-જ્ઞાન-તપ-ચારિત્ર-વીર્યાચાર અંગીકૃત કરી. ૨૦૨.

અન્વયાર્થ :—શ્રામણ્યાર્થી બંધુવર્ગની વિદાય લઈને વડીલો, સ્ત્રી અને પુત્રથી મુક્ત કરવામાં આવ્યો થકો જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારને અંગીકાર કરીને.....

"જેના ચરણમાં ગણધર ભગવાનના નમસ્કાર પહોંચે તે સાધુપદ કેવું હશે ?"

ટીકા :–દેહ, મન, વાણી આત્માનું સ્વરૂપ નથી. પુણ્ય-પાપ એ આત્માનું કર્તવ્ય નથી, આત્મા તો જ્ઞાનસ્વભાવી છે. તેના શ્રદ્ધા-જ્ઞાન કર્યા પછી આત્મામાં રમણતા કરવી તે વીતરાગી દશા મુનિપણું છે ને ત્યારે બાહ્યથી શરીરની નગ્નદશા હોય છે ને માત્ર મોરપીંછને કમંડળ હોય છે, લોકો વસ્ત્ર સહિત મુનિપણું કહે છે. તે મુનિ નથી અથવા સમ્યક્દર્શન વિના એકલી નગ્નદશા તે પણ મુનિપણું નથી. બાહ્ય–અભ્યંતર સહજ વીતરાગદશા વર્તે છે તે મુનિપણું છે. તે મુનિપણું અંગીકાર કરવાની વિધિ આ ગાથામાં કહે છે. પ્રથમ મુનિપણાના ઉમેદવાર જીવને આત્મા સહજ આનંદ સ્વરૂપ છે તેવાં સાચાં શ્રદ્ધા-જ્ઞાન હોવાં જોઈએ, ઓળખાણ તો કરો કે સાધુપદ કેવું હોય, તીર્થંકર ભગવાનના વજીર, ચાર જ્ઞાનના ધણી એવા ગણધર ભગવાન પણ પોતે નમસ્કાર મંત્ર બોલે છે ત્યારે "ણમો લોએ સવ્વસાહૂણં" એ પદમાં કહે છે કે "હે સંત્ તારા ચરણમાં મારો નમસ્કાર હજો." જેના ચરણમાં ધર્મ વજીર ગણધરના નમસ્કાર પહોંચે તે સાધુપદ કેવું હશે? જેને આત્માનું ભાન થયું છે, દયા-દાનના વિકલ્પને પણ જે ઝેર સમજે છે, વારંવાર છઠ્ઠી અને સાતમી ભૂમિકાએ મુનિ ઝૂલે છે, જેને "દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો." એવા દેહથી જુદા, ચૈતન્યનો વારંવાર અનુભવ થાય છે, જેને બાહ્ય અભ્યંતર નિર્ગ્રંથ દશા વર્તે છે, તેને સાધુ અથવા મુનિ કહે છે. તે મુનિ પદના ઉમેદવાર ગૃહસ્થને પ્રથમ સમ્યગ્દર્શન ને જ્ઞાન તો થયાં હોવાં જોઈએ. તે હવે વિશેષ વૈરાગ્ય લાવી, સ્વભાવમાં રમણતા કરી, કેવળજ્ઞાન લેવા માટે મુનિપણું અંગીકાર કરે છે, તેની વિધિ કહેવાય છે.

"મુનિપણાનો ઇચ્છક જીવ સમ્યક્ભાન સહિત બંધુ વર્ગની વિદાય લ્યે છે."

પ્રથમ તે મુનિપણાના ઉમેદવાર સમ્યક્જ્ઞાની ગૃહસ્થ બંધુ વર્ગની વિદાય લ્યે છે. અહો આ પુરુષના શરીરના બંધુવર્ગમાં વર્તતા આત્માઓ! જુઓ, બંધુંનું શરીર તો જડ છે, પરમાણુનું બનેલું છે, તેની પાર રહેલા આત્માને સંબોધે છે. આ પુરુષનો આત્મા જરાપણ તમારો નથી, એમ નિશ્ચયથી જાણો. મારા શરીરનો સંબંધ તમારે ત્યાં થયો માટે હું તમારો થઈ ગયો એમ માનશો નહિ. હવે કેવળજ્ઞાન સાધવા માટેનું મુનિપદ લેવા માટે તમારી પાસે વિદાય લેવા આવ્યો છું. શરીરથી જુદી, દયા-દાનાદિના વિકલ્પથી રહિત, જ્ઞાન જ્યોતિ પ્રગટ થઈ ગઈ છે, આટલું તો પ્રથમ હોવું જોઈએ. અનાદિથી આત્માનું ભાન ન હતું, અનંતવાર મુનિપણું લીધેલ, જૈન સાધુ થયેલ પણ આત્માનું ભાન ન હતું. હવે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એવું સ્વસંવેદન જ્ઞાન મને પ્રગટ થયું છે ને વિકાર જરા થાય છે તેને જ્ઞાનજ્યોતિ બાળી નાખે છે. સમકિત થયું છે કે નહિ તે ભગવાન જાણે, તેવી શંકા મને પડતી નથી. મને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે. મારો આત્મા સાક્ષી આપે છે. શરીર અથવા પુણ્ય-પાપમાંથી કેવળજ્ઞાન પ્રગટ થતું નથી પણ મારા આત્મામાંથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. હવે મારા સંસારની સ્થિતિ પૂરી થવા આવી છે, દેહ, કર્મ, વાણી, અજીવ છે. પુણ્ય-પાપ આસ્રવ બંધ છે. તેનાથી રહિત ચૈતન્યમૂર્તિ આત્મા છે. તે અનાદિ બંધુ છે તેની પાસે જાઉં છું, તમો મારા બંધુ ન હતા, એવા શ્રદ્ધા-જ્ઞાન તો હતાં કારણ કે એક આત્માને પર આત્મા બંધુ હોઈ શકે નહિ, વળી જે આસક્તિનો રાગ થતો તે બંધુના કારણે થતો નહિ પણ મારા રાગના કારણે તમારા ઉપર લક્ષ જતું તે રાગનો પણ આશ્રય છોડી અરાગી આત્મામાં ઠરવા માગું છું. જુઓ ! આ મુનિદશા ! અહીં તો દીક્ષા માટે ભાગી જાય, દેહની ક્રિયામાં ધર્મ માને, પર વસ્તુ છોડવાથી ધર્મ માને તેવા મિથ્યાદ્રષ્ટિની તો વાત છે જ નહિ, પણ અહીં તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે, શરીરની ક્રિયાનો ને રાગનો સ્વામી નથી એવા ભાનવાળો જીવ કહે છે કે હે ભાઈ, તમારા તરફ મારા કારણે જે લક્ષ જતું તે રાગનું વલણ તોડી સ્વભાવમાં ઠરવા માગું છું માટે તમારી વિદાય લઉં છું.

"મુનિપણાનો ઇચ્છક જીવ સમ્યક્ભાન સહિત માતાપિતાની વિદાય લ્યે છે."

અહો આ પુરુષના શરીરના પિતાના આત્મા ! અહો આ પુરુષના શરીરની માતાના આત્મા ! આ પુરુષના આત્માને તમોએ જન્મ આપ્યો નથી એમ નિશ્ચયથી

જાણો. આ આત્માના શરીરને નિમિત્તથી જન્મ આપ્યો તે વ્યવહારથી કહેવાય છે. આત્માને તો નિમિત્ત તરીકે પણ જન્મ આપ્યો નથી. જેમ મડદું ઘરમાં રખાતું નથી તેમ આ શરીર પણ મડદું છે, સંસારની વૃત્તિથી વૈરાગ્ય પામી આત્મામાં રમણતા કરી કેવળજ્ઞાન લેવા જાઉં છું, માટે તમો આ આત્માને છોડો, હે માતા પિતા ! કોઈ પરની ક્રિયાનો હું ધણી નથી, પુણ્યપાપનો હું કર્તા નથી, મને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે, અનાદિના માતા પિતા તો ચૈતન્ય સ્વભાવ છે. તેની પાસે હું જવા માગું છું માટે તમારી વિદાય લઉં છું.

"મુનિપણાનો ઇચ્છક જીવ સમ્યક્ભાન સહિત સ્ત્રીની વિદાય લ્યે છે".

અહો, આ પુરુષના શરીરની રમણીના આત્મા ! આ પુરુષના આત્માને તું રમાડતો નથી એમ નિશ્ચયથી તું જાણ. તું શરીરને રમાડનાર હતી, અમારી પ્રીતિ તો આત્મામાં છે, તું શરીરને ઓળખે છે. તારે તો શરીર સાથે સંબંધ છે, આત્માનો આનંદ ને પ્રીતિ આત્મામાં છે. મારી પ્રીતિ મારા આત્મામા છે, હે શરીરની રમણી ! હું તો ચૈતન્યજ્યોત છું, શુદ્ધ સહજાનંદ સ્વરૂપ છું, તારી સાથે પ્રીતિ કરું તેવો મારો સ્વભાવ નથી ને આ શરીર તો મારું છે જ નહિ, હું આજે પુણ્ય-પાપ રહિત શાંત સ્વસંવેદન સહિત સહજાનંદની સ્વાનુભૂતિ સ્ત્રી પાસે જાઉં છું. શાંત અનાકુળ વ્યક્તદશાના અનુભવમાં રમવું તે અનાદિ રમણીનો સ્વભાવ હતો, તે વ્યક્ત પર્યાયમા પ્રગટે છે, અંતર હતો તે પ્રાપ્ત થાય છે. અનાદિ રમણી શબ્દ વાપરેલ છે. દ્રવ્ય સાથે અભેદ કરીને વાત કરી છે. જે વલણ ભાવ તારા તરફ જતો હતો તે હવે સ્વભાવ તરફ વાળવા માગું છું. તેથી હે રમણીના આત્મા ! તું મને છોડ, આ આત્મા પોતાની સ્વાનુભતિ–અંતર શાંતિરૂપ રમણી પાસે જાય છે.

"મુનિપણાનો ઇચ્છક જીવ સમ્યક્ભાન સહિત પુત્રની વિદાય લ્યે છે".

અહો, આ પુરુષના શરીરના પુત્રના આત્મા ! આ પુરુષના આત્માથી તું ઉત્પન્ન થવા યોગ્ય નથી, એમ નિશ્ચયથી તું જાણ. આત્માને બાપ-દીકરાપણું નથી. શરીરને દીકરો કહેવાય છે તેથી તું આ આત્માને છોડ. શરીર તો જડ છે ને પુણ્ય-પાપ વિકાર છે, તેનાથી રહિત આત્મા જ્ઞાનજ્યોતિ છે, એવું અમોને ભાન થયું છે. પ્રથમ તારા તરફ રાગનું વલણ હતું તે છેદીને આત્મા તરફ વલણ કરીએ છીએ. આ આત્મા પોતે જ પોતાનો અનાદિ જન્ય છે તેની પાસે જાય છે. આ રીતે વડીલો, સ્ત્રી અને પુત્રથી પોતાને છોડાવે છે. એટલે તે પ્રત્યેનો રાગ છોડી સ્વભાવમાં ઠરવા માંગે છે.

"મુનિપણું લેતા પહેલાં કુટુંબીજનોની સંમતિ લેવી જ એવો સર્વથા નિયમ નથી".

અહીં એમ સમજવું કે જે કોઈ જીવ મુનિ થવા ઇચ્છે છે, તે પહેલેથી જ સંસારથી વૈરાગ્યવાળો જ હોય છે. તેથી કુટુંબની સંમતિથી મુનિ થવાનો નિયમ નથી, એમ કુટુંબના ભરોસે રહેવાથી તો જો કોઈ કુટુંબી રજા ન આપે તો મુનિ જ ન થઈ શકે. આમ કુટુંબને રાજી કરીને જ મુનિપણું અંગીકાર કરવાનો નિયમ નથી છતાં કોઈ જીવને મુનિ થતા પહેલાં એવાં વૈરાગ્યવાળાં વાક્યો નીકળે છે. એવા વૈરાગ્યનાં વચનો સાંભળી કુટુંબનો કોઈ અલ્પ સંસારી જીવ વૈરાગ્યને પામે છે. આત્મા ભાષા બોલી શકતો નથી, ભાષા જડ છે તે તેના કારણે નીકળે છે, ને ભાષાના કારણે પર જીવો સમજતા નથી પણ એવા ભાવ હોય ને વાણી નીકળે ને કોઈ જીવ પોતાના કારણે સમજે તો એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે.

"અહો જ્ઞાનાચાર, આત્મામાં ઠરી ન શકું ત્યાં સુધી વ્યવહારથી તને અંગીકાર કરું છું."

મુનિપણાનો ઇચ્છક–જીવ શુદ્ધમાં ઠરી ન શકે ત્યાંસુધી વ્યવહાર પંચાચારને અંગીકાર કરે છે.

(૧) કાળ :—અમુક કાળે ભણવું, સવારે સાંજે વગેરે યોગ્યકાળે શાસ્ત્ર ભણવું.

(૨) વિનય :—શાસ્ત્રનો વિનય કરવો.

(૩) ઉપધાન :—શાસ્ત્રની જ્ઞાન આરાધના માટે તપશ્ચર્યા કરવી.

(૪) બહુમાન :—સત્ શાસ્ત્ર તરફ બહુમાન આવવું.

(૫) અનિન્હવ :—જેની પાસેથી જ્ઞાન મળ્યું હોય તેને ગોપવે નહિં. જે જ્ઞાનીના નિમિત્તે પોતાને વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થઈ હોય તેનું નામ ગોપવે નહિ, પણ તેનો ઉપકાર માને.

(૬) અર્થ :—શાસ્ત્રના અર્થો.

(૭) વ્યંજન :—શાસ્ત્રના શબ્દો.

(૮) તદુભય :—અર્થો ને શબ્દો બન્ને.

આવા આઠ પ્રકારના જ્ઞાનાચારમાં શુભ વિકલ્પો ઊઠે છે. હે જ્ઞાનાચાર! શુદ્ધ આત્માનો તું નથી, એમ નિશ્ચયથી હું જાણુ છું કારણ કે તે રાગ છે ને રાગ તે શુદ્ધ સ્વભાવનું કાર્ય નથી પણ સાધક દશામાં ઠરી ન શકું ત્યાં સુધી શુભ વિકલ્પો આવ્યા વિના રહેતા નથી તેથી જ્યાં સુધી તારી મહેરબાનીથી શુદ્ધ આત્માની

પ્રાપ્તિ કરું નહિ ત્યાં સુધી તને અંગીકાર કરું છું. જુઓ, આ ચરણાનુયોગ છે ને તેમાં વ્યવહાર ને નિમિત્તના કથનો આવે છે માટે અર્થ બરાબર સમજવો જોઈએ. શુભરાગને જ્ઞાની હેય સમજે છે છતાં અધૂરી દશામાં શુભરાગ હોય છે, માટે વ્યવહારે અંગીકાર કર્યો એમ બોલાય છે, પણ તે વિકલ્પો તો રાગ છે ને રાગથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થતી નથી. તે વિકલ્પોને તોડી સ્વભાવમાં ઠરે છે એટલે વિકલ્પના પ્રસાદથી શુદ્ધ આત્માનો અનુભવ થયો, એમ કથન કરવામાં આવે છે. શુદ્ધ ઉપયોગમાં ઠરી ન શકે ત્યાં સુધી જ્ઞાનાચાર સંબંધીના શુભ વિકલ્પો આવે છે, તેનું જ્ઞાન કરાવે છે. કુદેવ, કુગુરુએ કહેલાં શાસ્ત્રના ભણતરની વાત નથી પણ સાચા દેવ-ગુરુએ પ્રરૂપેલા સાચાં શાસ્ત્રનાં બહુમાનના શુભ રાગની વાત છે, ખરેખર નિશ્ચયથી પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા છે, વ્યવહારથી સત્ શાસ્ત્રનો મહિમા છે.

"અહો દર્શનાચાર ! આત્મામાં ન ઠરી શકું ત્યાં સુધી તને વ્યવહારથી અંગીકાર કરું છું."

(૧) અહો નિઃશંકિત્વ :—વીતરાગે કહેલાં છ દ્રવ્યો ને નવ તત્ત્વોના સ્વરૂપમાં મને શંકા નથી. એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ, ધર્મ પામવાનો રસ્તો એક જ છે. નિશ્ચયથી મારા જ્ઞાન સ્વરૂપમાં મને જરાપણ શંકા નથી ને જ્યાં સુધી અંતરમાં ઠરી શકતો નથી ત્યાં સુધી ભગવાન સર્વજ્ઞ વીતરાગે કહેલાં તત્ત્વોમાં નિઃશંકપણું છે. તે તત્ત્વો જોઈ જવાનો વિકલ્પ ઉઠે છે ને હું જાણું છું કે વિકલ્પ નિશ્ચયથી મારું સ્વરૂપ નથી છતાં વ્યવહારથી આવ્યા વિના રહેતો નથી ત્યાંસુધી તે અંગીકાર કરું છું એટલે કે વિકલ્પવાળી દશામાં દર્શનના વ્યવહાર નિઃશંકિત્વનું અંગનું જ્ઞાન કરાવ્યું છે. નિશ્ચયથી પોતાના સ્વરૂપમાં નિઃશંક છે ને વ્યવહારથી સર્વજ્ઞે કહેલાં છ દ્રવ્યો ને નવ તત્ત્વોમાં નિઃશંક છે.

(૨) અહો નિઃકાંક્ષિત્વ :—ભગવાને કહેલો છે તે સિવાય બીજા ધર્મોની અન્યમતની કાંક્ષા નથી. અન્યમતમાં કાંઈ ધર્મ હશે? એમ અન્યમતમાં ૩૬૩ પાખંડીના માર્ગમાં કાંક્ષા કરતો નથી. મુનિ થવા પહેલાં આટલી દ્રઢતા છે. આ માર્ગ સાચો હશે કે કેમ એમ લથડપથડ રાખી અન્યમતની ઇચ્છા કરતો નથી ને જૈન ધર્મમાં પણ પુણ્યને પુણ્યના ફળની પણ ઇચ્છા રાખતો નથી. નિશ્ચયથી પોતાના સ્વરૂપમાં ઇચ્છારહિત ઠરી જવું એ જ ભાવના છે ને ન ઠરી શકે ત્યાં સુધી વીતરાગ માર્ગ એ જ માર્ગ છે, એવો વિકલ્પ ઊઠે છે ને તેનો નિષેધ વર્તે છે. આ પણ દર્શનાચારનું બીજું વ્યવહાર અંગ છે ને તેનું જ્ઞાન કરાવ્યું છે. નિશ્ચયથી ઇચ્છા રહિત પોતાનું સ્વરૂપ છે, વ્યવહારથી અન્યમતની અથવા પુણ્યની કાંક્ષા નથી.

આ પ્રમાણે મુનિપણાનો ઇચ્છક જીવ નિશ્ચયના ભાન સહિત દીક્ષા લેતી વખતે પંચાચારને અંગીકાર કરે છે, તેની વાત ચાલે છે. આવી રીતે ભાન સહિત મુનિપણું અંગીકાર કરવું તે ચારિત્ર છે ને ચારિત્ર તે મુક્તિનું કારણ છે.

ફાગણ વદ ૦)), શુક્રવાર

આજે અમાસ હોવાથી સવારે વાયર રીલ રેકોર્ડીંગ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સમયસાર ગાથા ૧૪૩નું પ્રવચન સંભળાવવામાં આવ્યું હતું.

પ્રવચનસાર ગાથા—૨૦૨ ચાલુ

(ચૈત્ર સુદ ૧, શનિવાર)

જેને આત્મ કલ્યાણ કરવું છે તેણે આત્માનું સ્વરૂપ યથાર્થ જાણીને અંતર સ્થિરતા વિશેષ કરી મુનિપણું અંગીકાર કરવું જોઈએ તે મુનિપણું અંતર બાહ્ય નિર્ગ્રંથ દશા છે. તે મુનિપણાના ઇચ્છક જીવે પ્રથમ તો આત્માનાં યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન કરવાં જોઈએ તે જ્ઞાન થયા પછી પોતાની સહજદશા આગળ વધતાં મુનિપણું ધારણ કરવા ઇચ્છે છે તે જીવ પોતાના વડીલો વગેરેની રજા લઈ પંચાચાર અંગીકાર કરે છે તેમાં જ્ઞાનાચારની વાત આવી ગઈ છે. હવે દર્શનાચારની વાત ચાલે છે.

"અહો દર્શનાચાર ! આત્મામાં ઠરી ન શકું ત્યાંસુધી તને વ્યવહારથી અંગીકાર કરું છું."

દર્શનાચારમાં નિઃશક્તિ ગુણથી નિશ્ચયથી પોતાના સ્વરૂપમાં શંકા નથી ને વ્યવહારથી નવ તત્ત્વો અને છ દ્રવ્યોમાં શંકા નથી, નિઃકાંક્ષિત ગુણથી નિશ્ચયથી પોતાના સ્વરૂપની પ્રાપ્તિની ઇચ્છા છે ને વ્યવહારથી અન્યમત તથા પુણ્યની ઇચ્છા નથી. ભગવાને કહેલા ધર્મની ઇચ્છા રહે છે, એ વાત કહેવાઈ ગઈ છે.

(૩) અહો નિર્વિચિકિત્સત્વ :—મુનિઓનાં નગ્ન મેલાં શરીર જોઈ, દુર્ગંછા કરવી નહિ. મુનિને ઊલટી થતી હોય અથવા બીજી અશુચિ જોઈને સમકિતીને દુર્ગંછા થતી નથી. નિશ્ચય અર્થ એ છે કે પોતાનું શુદ્ધ સ્વરૂપ કેમ જલદી પ્રગટ થતું નથી એમ જ્ઞાનાનંદ સ્વભાવમાં દુર્ગંછા ન કરવી પણ પોતામાં સહજ ઠરવું તે નિશ્ચય છે ને ઠરી ન શકે ત્યાંસુધી મુનિઓનાં શરીર પ્રત્યે ગ્લાનિનો વિકલ્પ ન થવા દેવો તે વ્યવહાર છે, તે રાગ છે. તે મારું સ્વરૂપ નથી એમ હું જાણું છું પણ તે આવ્યા વિના રહેતો નથી.

(૪) અહો નિર્મૂઢ દ્રષ્ટિત્વ :—બાહ્યમાં સમકિતીને કદાચ પુણ્ય ઓછાં હોય ને અન્યમતી મિથ્યાદ્રષ્ટિનાં પુણ્યનો ઉદય કદાચ ઘણો દેખાય ને ધામધૂમ મોટી દેખાય તો પણ સમકિતી મનમાં મુંઝાય નહિ કે આટલો બધો અન્યમતી ને પુણ્યનો ઉદય? પણ અંતરમાં વીતરાગ દેવ જ સાચાં છે, એમ પ્રતીતિ રાખે. નિશ્ચયથી સ્વરૂપમાં મૂઢતા થવા ન દેવી ને વ્યવહારથી અન્યમતનો પુણ્યોદય જોઈ પોતામાં મૂઢતા ન આવવા દેવી, તે વિકલ્પ છે. તે નિશ્ચયથી આત્માનું સ્વરૂપ નથી છતાં વ્યવહારથી તે શુભ વિકલ્પને વિકલ્પવાળી દશામાં અંગીકાર કરે છે.

(૫) અહો ઉપબૃંહણ :—નિશ્ચયથી પોતાના સ્વભાવમાં ગુણની વૃદ્ધિ થવી ને વ્યવહારથી બીજા ધર્માત્માઓ ગુણની વૃદ્ધિ પામે એવો વિકલ્પ ઊઠે છે છતાં તે વિકલ્પ પોતાનું સ્વરૂપ નથી, એમ માને છે.

(૬) અહો સ્થિતિકરણ :—નિશ્ચયથી પોતાના સ્વભાવમાં પોતાના પર્યાયને સ્થિત કરે છે ને વ્યવહારથી બીજા સાધર્મી ડગી જતા હોય તો સમજાવી, વીતરાગી માર્ગમાં સ્થિર કરવા. બીજાને મોક્ષમાર્ગમાં સ્થાપવાનો વિકલ્પ રાગ છે, તેને પોતાનું સ્વરૂપ માનતો નથી.

(૭) અહો વાત્સલ્ય :—નિશ્ચયથી પોતાના અનંતગુણોમાં પ્રીતિ રાખવી ને વ્યવહારથી સાધર્મી પ્રત્યે ગાયને વાછરડા પ્રત્યે પ્રેમ આવે એવો સાધર્મી પ્રત્યે પ્રેમ રાખવો તે રાગ છે, તેને પોતાનું સ્વરૂપ માનતો નથી.

(૮) અહો પ્રભાવના :—પોતામાં ગુણોની પ્રભાવના થવી તે નિશ્ચય છે ને ધર્મની પ્રભાવના થાય, મહિમા વધે એવો વિકલ્પ ઊઠે તે વ્યવહાર પ્રભાવના છે, તે રાગ છે. નિશ્ચયથી તે પોતાનું સ્વરૂપ નથી એમ સમજે છે.

અહો દર્શનના આઠ આચાર ! વ્યવહાર આઠ અંગો જે કહ્યા તે શુદ્ધ આત્માના તું નથી એમ નિશ્ચયથી જાણું છું તોપણ જ્યાંસુધી સ્વભાવમાં ઠરી શકતો નથી ત્યાંસુધી વ્યવહારે આવા શુભ વિકલ્પો ઊઠે છે, તેને અંગીકાર કરું છું અને જાણું છું ને તારા પ્રસાદથી મારા શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે એટલે તારા તરફના વિકલ્પને પણ છોડીને શુદ્ધ સ્વભાવમાં ઠરતાં આત્માનો અનુભવ થાય છે એટલે તારા વ્યવહાર આઠ અંગોથી અનુભવ થયો એમ કહેવામાં આવે છે. કારણ કે અધૂરી દશામાં તે વિકલ્પો આવ્યા વગર રહેતા નથી છતાં તે ધર્મ નથી એમ માનવું જોઈએ.

"અહો ચારિત્રાચાર ! આત્મામાં સ્થિર ન થાઉં ત્યાંસુધી તને વ્યવહારથી અંગીકાર કરું છું."

હવે મુનિપણાનો ઇચ્છક ચારિત્રાચાર અંગીકાર કરે છે.

પાંચ મહાવ્રતો

(૧) અહિંસા મહાવ્રત = આત્માના રાગ રહિત સ્વરૂપના ભાન સહિત કોઈને દુઃખ ન આપવાનો શુભ વિકલ્પ.

(૨) સત્ય મહાવ્રત :—સતસ્વરૂપ આત્માના ભાન સહિત સત્ય ને પ્રિય ભાષા બોલવાનો શુભ વિકલ્પ.

(૩) અચૌર્ય મહાવ્રત :—જ્ઞાનાનંદ સ્વરૂપના ભાન સહિત વગર આપેલી કોઈની ચીજ ન લેવાનો શુભ ભાવ.

(૪) બ્રહ્મચર્ય મહાવ્રત :—બ્રહ્મસ્વરૂપ આત્માના ભાન સહિત સંપૂર્ણ બ્રહ્મચર્ય પાલનનો શુભભાવ.

(૫) અપરિગ્રહ મહાવ્રત :—પરિગ્રહ રહિત આત્માના ભાન સહિત વસ્ત્રાદિ સમસ્ત પ્રકારના પરિગ્રહ ત્યાગનો શુભભાવ.

ત્રણ ગુપ્તિ

(૧) કાય ગુપ્તિ :—શરીર ને આત્મા જુદા છે એવા ભાન સહિત શરીર તરફની પ્રવૃત્તિને ગોપવવાનો શુભ ભાવ.

(૨) વચન ગુપ્તિ :—વાણી ને આત્મા જુદા છે એવા ભાનસહિત વાણી તરફની વૃત્તિને વશ કરવાનો શુભ ભાવ.

(૩) મન ગુપ્તિ :—મન ને આત્મા જુદા છે એવા ભાનસહિત મન તરફની વૃત્તિને વશ કરવાનો શુભ ભાવ.

પાંચ સમિતિ :—

(૧) ઇર્યા સમિતિ :—આત્મા ને શરીરની ક્રિયા જુદા છે એવા ભાનસહિત જોઈને ચાલવાનો ભાવ કે જેથી પ્રમાદના વશે બીજાના જીવની હિંસામાં નિમિત્ત ન થાય એવો શુભ ભાવ.

(૨) ભાષા સમિતિ :—આત્મા ને ભાષાની ક્રિયા જુદી છે એવા ભાન સહિત વિચારીને બોલવાનો ભાવ.

(૩) એષણા સમિતિ :—આત્મા ને આહારની ક્રિયા જુદી છે એવા ભાન સહિત નિર્દોષ આહાર લેવાની વૃત્તિ ઊઠે તે શુભ રાગ છે.

(૪) આદાન નિક્ષેપણ સમિતિ :—પર પદાર્થને લેવા મૂકવાની ક્રિયા આત્મા કરી શકતો નથી એવા ભાન સહિત કમંડળ, મોરપીંછ વગેરે સાવધાની પૂર્વક જોઈ તપાસીને મૂકવાનો શુભ ભાવ.

(૫) પ્રતિષ્ઠાપન સમિતિ :—પરપદાર્થની ક્રિયા આત્મા કરી શકતો નથી એવા ભાન સહિત પરપદાર્થો એવી રીતે ક્ષેપણ કરવા કે જેથી બીજા જીવને દુઃખમાં નિમિત્ત ન થાય એવો શુભ ભાવ.

અહો મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિના કારણભૂત પંચમહાવ્રત સહિત, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ સ્વરૂપ ચારિત્રાચાર ! તે તેર પ્રકારે જે શુભ ભાવો ઊઠે છે તે નિશ્ચયથી મારું સ્વરૂપ નથી, પણ જ્યાંસુધી આત્માની શુદ્ધતા પ્રાપ્ત ન થાય ત્યાંસુધી તેને વ્યવહારે અંગીકાર કરું છું. તેર પ્રકારના ભાવો પુણ્યાસ્રવ છે, બંધનું કારણ છે, છતાં વીતરાગ ન થાય ત્યાંસુધી આવ્યા વિના રહેતા નથી. અહીં ચરણાનુયોગનું કથન છે તેથી "મોક્ષમાર્ગની પ્રવૃત્તિના કારણભૂત" એમ કહ્યું છે ને તેનાથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે એમ કહ્યું છે તે નિમિત્તથી કથન છે. તેર પ્રકારના શુભ ભાવો બંધનું કારણ છે છતાં તેનો અભાવ કરી સ્વભાવમાં ઠરે છે ને મોક્ષમાર્ગમાં આવ્યા વિના રહેતા નથી તેથી નિમિત્તથી કથન કહેલ છે.

"અહો તપાચાર ! સ્વભાવમાં સ્થિર ન થાઉં ત્યાંસુધી તને વ્યવહારથી અંગીકાર કરું છું."

હવે મુનિપણાનો ઇચ્છક જીવ તપાચાર અંગીકાર કરે છે.

(૧) અનશન :—પર વસ્તુનો ત્યાગ આત્મા કરી શકતો નથી એવા ભાન સહિત આત્માની સમીપે રહેવું તે નિશ્ચય ઉપવાસ છે ને અમુક દિવસ આહારની વૃત્તિ ન થવી તે શુભ રાગ છે.

(૨) અવમૌદર્ય :—વસ્તુના ભાન સહિત ભૂખ કરતાં ઓછો ખોરાક લેવાનો શુભ રાગ.

(૩) વૃત્તિ પરિસંખ્યાન :–વસ્તુના ભાન સહિત પોતાના પરિણામમાં વૃત્તિને મર્યાદિત કરી અમુક કરતાં વધારે વસ્તુ ન લેવી, બે ઘેરથી વધારે ન જવું એવા શુભ રાગ.

(૪) રસ પરિત્યાગ :—પર વસ્તુના ગ્રહણ—ત્યાગ આત્મામાં નથી એવા ભાનસહિત દહીં, દૂધ, ખાંડ, મિષ્ટાન્ન વગેરે રસનો ત્યાગ કરવાનો શુભ રાગ.

(૫) વિવિક્ત શય્યાસન :—પર વસ્તુનો આત્મામાં અભાવ છે એવા ભાન સહિત સ્ત્રીથી તથા વસ્તીથી દૂર એકાંત સ્થાનમાં સ્વરૂપ વિચાર કરવાનો શુભ ભાવ.

(૬) કાય ક્લેશ :—શરીરની ક્રિયાથી આત્મા જુદો છે એવા ભાન સહિત બહારના તીવ્ર તાપ અથવા એવા સંયોગોમાં આસન લગાવી શરીર ઉપરની આસક્તિ ઘટાડવા તપશ્ચર્યા કરવાનો શુભ રાગ.

(૭) પ્રાયશ્ચિત્ત :—સ્વરૂપના ભાન સહિત પોતાથી કાંઈ પાપ થયું હોય અથવા દોષ લાગ્યો હોય તેનું પ્રાયશ્ચિત્ત લેવાનો શુભ રાગ.

(૮) વિનય :—પોતાના જ્ઞાનાનંદમાં રમવું તે વિનય છે એ ભાનસહિત દેવ-ગુરુ-શાસ્ત્રાદિના વિનયનો શુભ રાગ.

(૯) વૈયાવૃત્ય :—પોતાના જ્ઞાનમૂર્તિ સ્વભાવમાં ડૂબકી મારવી તે નિશ્ચય વૈયાવૃત્ય છે એવા ભાન સહિત સાધુ વગેરેની સેવા કરવાનો શુભ રાગ.

(૧૦) સ્વાધ્યાય :—પોતાના સ્વરૂપમાં ઠરવું તે સ્વાધ્યાય છે એવા ભાન સહિત શાસ્ત્ર વાંચન કરવું, પ્રશ્નોત્તર કરવા, ગુરુની વાણી સાંભળવી તે શુભ રાગ છે.

(૧૧) ધ્યાન :—સ્વભાવમાં એકાગ્ર થવું તે નિશ્ચય ધ્યાન છે એવા ભાન સહિત હું જ્ઞાનાનંદસ્વરૂપ તરફ ઢળું—નમું એવો જે વિકલ્પ તે શુભ રાગ છે.

(૧૨) વ્યુત્સર્ગ :—સ્વરૂપના ભાન સહિત પરિગ્રહના ત્યાગની ભાવનાનો શુભ રાગ.

અહો બાર પ્રકારના તપના શુભરાગ ! શુદ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું પણ જ્યાં સુધી ઠરી શકતો નથી ત્યાં સુધી બાર પ્રકારના તપનો શુભ રાગ આવે છે ને તેથી વીતરાગતા પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી તને અંગીકાર કરું છું. ખરેખર તો આત્માના પ્રસાદથી શુદ્ધતા થાય છે પણ વ્યવહારથી બાર તપના શુભ રાગના પ્રસાદથી શુદ્ધતા થાય છે, એમ કથન કરેલ છે. કોઈ કહે કે આવા તપો વ્યવહારથી આવતાં જ નથી તો તે પણ વસ્તુસ્વરૂપ સમજતો નથી ને વિકલ્પો આવ્યા માટે શુદ્ધતા થઈ એમ સમજે તો પણ તે ખોટું છે. માટે મુનિ પોતાના સ્વરૂપમાં ઠરી ન શકે ત્યાં સુધી યથાશક્તિ બાર પ્રકારના તપો વ્યવહારથી અંગીકાર કરે છે.

"અહો વીર્યાચાર ! આત્મામાં સ્થિર ન થાઉં ત્યાં સુધી તને વ્યવહારથી અંગીકાર કરું છું."

હવે મુનિપણાનો ઇચ્છક જીવ વીર્યાચાર અંગીકાર કરે છે. અહો ! જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર ને તપાચારમાં પ્રવર્તાવનારી સ્વશક્તિના અંગોપનસ્વરૂપ વીર્યાચાર ! શુદ્ધ આત્માનો તું નથી, એમ નિશ્ચયથી હું જાણું છું કારણ કે ચારે આચારમાં પુરુષાર્થ કરું, વીર્ય ફોરવું એવો વિકલ્પ ઉઠાવવો તે શુભ રાગ છે ને શુભ રાગ તે આત્માનું સ્વરૂપ નથી. છતાં સ્વભાવમાં ઠરી શકતો નથી ત્યાં સુધી જુદા જુદા આચારોમાં વીર્ય ફોરવવાનો વિકલ્પ ઊઠ્યા વિના રહેતો નથી. અહીં વીર્ય તે દેહના વીર્યની વાત નથી, તે તો જડ છે, તેને આત્મા ફોરવી શકતો નથી પણ અંતર પુરુષાર્થની વાત છે. હું પુરુષાર્થ ફોરવું એવો જે ભેદ પડે છે તે શુભ રાગ છે, તે અધૂરી દશામાં આવે છે. સ્વભાવમાં સંપૂર્ણ ઠરું નહિ ત્યાં સુધી તેવા શુભ રાગને અંગીકાર કરું છું. વિકલ્પોના પ્રસાદથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ કહી છે, તે વ્યવહારથી કહ્યું છે, અંતર પોતાના સ્વભાવના પ્રસાદથી ઠરે છે ને નિશ્ચય પ્રગટ કરે છે ત્યારે વ્યવહારથી શુભ વિકલ્પના પ્રસાદથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થઈ, એમ બોલવામાં આવે છે. આવી રીતે મુનિપણાનો ઇચ્છક જીવ, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચારને અંગીકાર કરે છે.

"જ્ઞાનસ્વભાવમાં પરવસ્તુનાં ગ્રહણ-ત્યાગ તો નથી જ પરંતુ રાગના ગ્રહણ-ત્યાગ પણ નથી."

ધર્મી જીવ પોતાના આત્માના સ્વરૂપને જાણે છે અને અનુભવે છે ને મુનિ થવા પહેલા જેટલા શુભ રાગ ઊઠે છે તેનાથી પોતાના સ્વરૂપને જુદો જાણે છે. જ્યારથી તેને ભેદવિજ્ઞાન પ્રગટ થયું છે ત્યારથી જેટલા શુભાશુભ ભાવો છે તે બધાનો શ્રદ્ધા અપેક્ષાએ ત્યાગ કરી ચૂક્યો છે ને જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવ એકને જ આદરણીય માન્યો છે. જુઓ, આ ધર્મની પ્રથમ ભૂમિકાથી ચોથા ગુણસ્થાનથી જ આવી શ્રદ્ધા-જ્ઞાન વર્તે છે. ધર્મી જીવને પર વસ્તુના ગ્રહણ-ત્યાગ તો છે જ નહિ કારણ કે આત્મામાં પર વસ્તુનો ત્રણેકાળ અભાવ છે, પણ શુદ્ધ સ્વભાવને અંગીકાર કરું ને રાગનો ત્યાગ કરું એવા વિકલ્પને પણ સ્વભાવમાં સ્થાન નથી. રાગનો ત્યાગ કરું એવા વિકલ્પથી રાગ ઉત્પન્ન થાય છે પણ રાગનો ત્યાગ થતો નથી, પણ ટંકોત્કીર્ણ નિજસ્વભાવ અંગીકાર કરતાં ને તેમાં સ્થિરતા કરતાં રાગની ઉત્પત્તિ જ થતી નથી, તેને રાગનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. સમ્યકદ્રષ્ટિ ધર્માત્માને આવાં શ્રદ્ધા-જ્ઞાન વર્તે છે તેથી શ્રદ્ધા ને જ્ઞાન અપેક્ષાએ કાંઈ ત્યાગવાનું

કે કાંઈ અંગીકાર કરવાનું રહેતું નથી. જુઓ, પ્રથમ આવાં શ્રદ્ધા-જ્ઞાન તો અવશ્ય થવાં જોઈએ, ત્યારપછી તે જીવ મુનિપણું ધારણ કરે.

"અશુદ્ધ ઉપાદાનની યોગ્યતાના કારણે પર્યાયમાં સાધકજીવને શુભાશુભ ભાવો થાય છે."

આ પ્રમાણે સ્વભાવદ્રષ્ટિ હોવા છતાં પોતાની પર્યાયમાં પોતાના અશુદ્ધ ઉપાદાનના કારણે ને નિમિત્તરૂપે કર્મના ઉદયના કારણે શુભાશુભ ભાવો થાય છે. ને જે પ્રકારે રાગ થવાનો હોય છે તે પ્રકારે થાય છે. છતાં ધર્મી જાણે છે કે તે મારી નબળાઈથી થાય છે, તે મારું સ્વરૂપ નથી, તે શુભાશુભ ભાવોને નહિ છૂટતા જાણીને ધર્મી જીવ આકુળ-વ્યાકુળ થતો નથી, મારા ચૈતન્યની એકાગ્રતામાં ખામી છે તેથી થાય છે. નીચલી ભૂમિકા અનુસાર કૃષ્ણ નીલ કાપોતાદિ લેશ્યાના પરિણામો થવા છતાં આકુળ વ્યાકુળ થતો નથી ને તે પરિણામોને ટાળવાનો પુરુષાર્થ કર્યા વિના પણ રહેતો નથી. જો તે શુભાશુભ ભાવો રાખવાનો ભાવ હોય તો મિથ્યાદ્રષ્ટિ છે. પુરુષાર્થ મુજબ ટાળે છે ને બાકી રહે છે તેને પોતાની કમજોરી સમજે છે પણ આકુળ-વ્યાકુળ થતાં નથી.

"સ્વભાવના લક્ષસહિત અશુભ રાગનો નાશ કરી પંચાચારના શુભરાગને હેય દ્રષ્ટિએ અંગીકાર કરે છે."

સ્વભાવદ્રષ્ટિમાં તો સકળ વિભાવને ટાળવાની દ્રષ્ટિ છે. તે દ્રષ્ટિ સહિતના પુરુષાર્થથી ગુણસ્થાનોના સામાન્ય ક્રમ અનુસાર પ્રથમ અશુભ પરિણતિ ઘણી છૂટી જાય છે. કુટુંબાદિ ઉપરનો અશુભરાગ પ્રથમ છોડે છે ને પછી ધીમે ધીમે શુભ રાગને પણ છોડે છે. આવી રીતે આત્મ સ્વભાવના ભાન સહિત ગૃહવાસનો ને કુટુંબના અશુભ રાગ છોડે છે ને સ્વભાવમાં ઠરી ન શકે ત્યાં સુધી વ્યવહાર પંચાચારોને અંગીકાર કરે છે. ગમે તે શુભ રાગ હોય તોપણ તેનો શ્રદ્ધા અપેક્ષાએ તો નિષેધ જ વર્તે છે પણ પોતાની કમજોરીથી રાગ છૂટતો નહિ જાણી શુભ રાગમાં વર્તે છે, છતાં દ્રષ્ટિ તો અખંડ જ્ઞાન સ્વભાવ ઉપર જ પડી છે. જો કે શ્રદ્ધા અપેક્ષાએ સમસ્ત શુભાશુભનો નિષેધ જ વર્તે છે ને તેનો ત્યાગી છે છતાં પોતાના અશુદ્ધ- ઉપાદાનની યોગ્યતાના કારણે શુભ રાગ નહિ છુટો જાણી ઉપર કહ્યા પ્રમાણે પાંચે આચારને ગ્રહણ કરે છે.

જુઓ, આ મુનિદશા અંતર ભાન વિના નગ્ન શરીરની અવસ્થામાત્ર ધારણ કરે ને બાહ્યમાં શુભના પણ કાંઈ ઠેકાણા નહિ હોય તેને મુનિપણું કહેતા નથી, માટે મુનિપણું જેવું છે તેવું શ્રદ્ધા-જ્ઞાનમાં યથાર્થ લેવું જોઈએ.

પ્રવચનસાર ગાથા ૨૦૩

(ચૈત્ર સુદ ૨, રવિવાર)

"આત્માના શ્રદ્ધા-જ્ઞાન થયા પછી મુનિપણું અંગીકાર કરવું એમ જૈન ધર્મની પરિપાટી છે."

પ્રથમ જીવોએ આત્મજ્ઞાન મેળવવું જોઈએ. આત્મભાન વિના મુનિપણું હોઈ શકે નહિ. જેમ માલ વિના બારદાન શેનું ? જે માલ નાખો તેનું નામ બારદાનને આપે છે. કોથળામાં મગ નાખે તો મગનો કોથળો ને અડદ નાખે તો અડદનો કોથળો, પણ માલ વગર કોથળાનું નામ પડતું નથી. આત્માના શ્રદ્ધા-જ્ઞાન રૂપી માલ નાખ્યા વિના શરીરની નગ્ન અવસ્થારૂપ કોથળાને મુનિપણાનું નામ પણ આપી શકાતું નથી. જૈન ધર્મમાં પરિપાટી એમ છે કે પ્રથમ તત્ત્વજ્ઞાન ભણે, સમ્યક્દર્શન પ્રગટ કરે ને પછી ચરણાનુયોગ અનુસાર ચારિત્ર અંગીકાર કરે છે તે મુનિપણાનો ઇચ્છક જીવ કુટુંબાદિની વિદાય લઈ પંચાચાર અંગીકાર કરે છે, તે વાત કહેવાઈ ગઈ છે. હવે, જેમની પાસે દીક્ષા લેવા જાય છે તે દીક્ષાચાર્ય કેવા હોય છે, તે વાત કહે છે. જેમ કોઈને ત્યાં રૂપિયા વ્યાજે મૂકવા હોય તો તે પેઢીની શાખ કેવી છે તે તપાસે છે. પેઢીની તપાસ વિના રૂપિયા વ્યાજે મૂકતો નથી તેમ જેની પાસે દીક્ષા લેવી હોય તે ગુરુ કેવા હોવા જોઈએ, તેની પણ જીવે ઓળખાણ કરવી જોઈએ.

પછી તે (દીક્ષા લેનાર) કેવો થાય છે, તે હવે ઉપદેશે છે.

ગાથા—૨૦૩

'મુજને ગ્રહો' કહી પ્રણત થઈ, અનુગ્રહીત થાય ગણી વડે,
–વયરૂપ કુલ વિશિષ્ટ, યોગી, ગુણાઢ્ય ને મુનિ—ઇષ્ટ જે. ૨૦૩.

અન્વયાર્થ :—જે શ્રમણ છે, ગુણાઢ્ય છે. કુળ, રૂપ તથા વયથી વિશિષ્ટ છે અને શ્રમણોને અતિ ઇષ્ટ છે એવા ગણીને 'મારો સ્વીકાર કરો' એમ કહીને પ્રણત થાય છે (–પ્રણામ કરે છે) અને અનુગૃહીત થાય છે.

દીક્ષા આપનાર ગુરુ કેવા હોવા જોઈએ ?

ટીકા :—મુનિપણાના ઇચ્છક જીવને આત્માનું ભાન છે. તે વિશેષ ગુણવાન મુનિ પાસે જઈ પ્રણામ કરે છે ને દીક્ષાની આજ્ઞા માગે છે. ગુરુ પણ સમ્યક્દર્શન જ્ઞાન સહિત વિશેષ સ્થિરતા હોય છે, અંતરભાવ લિંગી દશા ને બાહ્ય નગ્નદશા વર્તે છે, વિકલ્પવાળી દશામાં શુભ ભાવ આવે છે, તેનો પણ નિષેધ વર્તે છે ને ત્રણ

કષાયનો નાશ કરેલ છે ને સંજ્વલનનો મંદરાગ વર્તે છે, જે ટાળી વીતરાગદશા પ્રગટ કરવા માંગે છે, વળી દીક્ષા લેવા આવનાર શિષ્યનાં શ્રદ્ધા-જ્ઞાન બરાબર છે કે નહિ તે તપાસે તેમ જ તે મુનિ પદ પાળી શકશે એવી સહનશીલતા દેખે તો જ દીક્ષા આપે છે કારણ કે નિયમ એવો છે કે પ્રથમ દ્રવ્યાનુયોગ અનુસાર તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન કરી, ઉદાસીન પરિણામ હોય ને પરિષહ સહન કરવાની તાકાત જુએ તો પોતે દીક્ષા લેવા જાય ને તો જ ગુરુ દીક્ષા આપે છે. તે દીક્ષા આપનાર ગુરુ કેવા હોય છે, તેની વાત કરે છે.

(૧) ગુરુ શ્રમણ છે :—પોતાને આત્માનું ભાન છે ને ભાન સહિત અંતરભાવ લિંગ દશા ઘણી વધી ગઈ છે અંતરમાં લાગણીનાં લૂગડાં નથી ને બાહ્યથી પણ વસ્ત્ર રહિત નગ્ન દશા વર્તે છે. દેહ, મન, વાણીથી જુદું અસંગ તત્ત્વ વારંવાર અનુભવે છે. દ્રવ્યનો આશ્રય કરી જે લીનતા કરે છે ને કરાવે છે તે સમસ્ત વિરતિની પ્રવૃત્તિને તુલ્ય પોતાની આત્મદશા છે એવા મુનિપણાને લીધે ગુરુ શ્રમણ છે.

(૨) ગુરુ ગુણાઢ્ય છે :—એવું મુનિપણું પાળવામાં પોતે પ્રવિણ છે ને બીજા પાસે મુનિપણું પળાવવામાં પણ પ્રવિણ છે તેથી ગુણોનો ભરપૂર ભંડાર છે. ધીરજ, શાંતિ, ઉદાસીનતા વગેરે ગુણોના દરિયા છે તેથી ગુરુ ગુણાઢ્ય છે.

(૩) ગુરુ કુળ વિશિષ્ટ છે :—દીક્ષા ગુરુને બધા લૌકિકજનો શંકાથી રહિતપણે સેવવા લાયક પૂજ્ય ગણે છે. લૌકિકમાં ન છાજે તેવી અનીતિ વાળા હલકા આચરણવાળા હોય નહિ. સ્વચ્છંદી, લોભી, માની હોય તે તો લૌકિક નિંદ્ય છે, તે તો ગુરુને લાયક નથી. વળી તેનું કુળ પણ પહેલેથી સારું હોય તે દીક્ષા ગુરુના કુળમાં ક્રૂરતાદિ દોષથી રહિતપણું હોય. કુળપણ સજ્જનતાવાળું હોવું જોઈએ ગુરુના માતાપિતાની પણ લૌકિકમાં છાપ સારી હોય તેથી કુળ વિશિષ્ટ છે.

(૪) ગુરુ રૂપ વિશિષ્ટ છે :—અંતરમાં નિર્વિકલ્પદશા વર્તે છે. પરના સંગથી તથા ચિત્તના સંગથી જુદો વર્તે છે તેવા અંતર ભાવલિંગને બતાવનારું બહિરંગ નગ્નલિંગ વર્તે છે, જેને વસ્ત્ર પાત્ર ન હોય. વળી બહારમાં—શરીરની ચેષ્ટામાં ચપળતા, હાસ્ય, મશ્કરીની ચેષ્ટા ન દેખાય. ઉદાસીન પરિણામ અંતર વર્તે છે ને જગતના પદાર્થો જોઈ તેમને આશ્ચર્ય કે વિસ્મયતા થતાં નથી. બાહ્યથી એમ લાગે કે જાણે મુનિ અંતર ઠરી ગયા હોય ! અહીં રૂપની વાત નથી પણ મુખ ઉપર ગંભીરતા ને આડભીડતા

લાગે, વૈરાગ્યમય ઉદાસીન લાગે, જેના હૃદય કળવાં પણ કઠણ પડે એવા અંતરભાવને બતાવનારું બાહ્યરૂપ વર્તે છે તેથી રૂપ વિશિષ્ટ છે.

(૫) ગુરુ વય વિશિષ્ટ છે :—જે ગુરુમાં બાળપણની રમતગમતને લીધે થતી અસ્થિરતા વર્તતી નથી પણ જેઓ ગંભીર છે ને વૃદ્ધાવસ્થામાં પણ થતી અસ્થિરતા ગુરુમાં વર્તતી નથી અને જુવાનીને લીધે લોહી ચટકા ભરતું હોય ને વિષય વાસના દેખાતી હોય એવી યુવાનીની છાકટી વૃત્તિથી રહિત થયા છે. આમ બાળપણાની અસ્થિરતા, જુવાનીની વિષય વાસના ને વૃદ્ધાવસ્થાની અસ્થિરતા ત્રણે અવસ્થાના દોષથી દીક્ષા ગુરુ રહિત છે માટે તે ગુરુ વય વિશિષ્ટ છે.

(૬) ગુરુ શ્રમણોને અતિ ઈષ્ટ છે :—પોતાને અંતરદશા ઘણી આગળ વધી ગઈ છે ને બીજાને અંતરદશા આગળ વધવામાં નિમિત્ત થાય છે, તે દીક્ષા ગુરુને સાધારણ દોષ તો હોતા નથી. વળી શિષ્યો આવીને પ્રાયશ્ચિત્ત લ્યે તો ગંભીરપણે સાંભળે છે ને આલોચના આપે છે પણ શિષ્યની ખાનગી વાત ઉઘાડી પાડતા નથી. મુમુક્ષુ શ્રાવકો અને નાના મુનિઓ વારંવાર તેમની પાસે પ્રાયશ્ચિત્ત લ્યે છે તેથી મુનિઓમાં તે ગુરુ ઘણાં પ્રિય થઈ પડ્યા છે. વળી દેહની ક્રિયામાં ને પુણ્યમાં ધર્મ માનવો તે મનુષ્ય વ્યવહાર છે, તે મનુષ્ય વ્યવહારરૂપ દોષનો તેમણે નાશ કર્યો છે ને આત્માના શ્રદ્ધા-જ્ઞાન સહિત રમણતા કરવી તે આત્મ વ્યવહાર છે, તે તેઓ આચરે છે ને અચરાવે છે, આથી તે શ્રમણોને અતિ ઇષ્ટ છે.

"શ્રામણ્યાર્થી કહે છે :—હે ભગવંત અંતરના અનુભવથી મને અનુગૃહિત કરો."

આવા દીક્ષાચાર્ય જે શ્રમણ છે, ગુણાઢ્ય છે, કુળ વિશિષ્ટ છે, રૂપ વિશિષ્ટ છે. વય વિશિષ્ટ છે અને શ્રમણોને અતિ ઇષ્ટ છે. તેમની પાસે મુનિપણાના ઇચ્છક જીવ દીક્ષા માટે જાય છે. હે ભગવંત, મારા આત્મ સ્વભાવમાં આનંદ ને રમણતા કરી લીનતા કરું એવી કૃપા કરો. જુઓ, કેટલો વિનય ! આત્માનું ભાન છે ને લીનતા પોતે કરશે તેટલી થશે છતાં હે નાથ તમો મને અંતર અનુભવથી અનુગૃહિત કરો, આત્માનું ભાન છે પણ વિશેષ લીનતાની ઝંખના કરે છે. આત્માના જ્ઞાનસ્વભાવમાં ચરવું તે આચરણ છે. એમ વિનય કરીને દીક્ષાચાર્યને મુનિપણાનો ઇચ્છક વિનયથી પ્રણામ કરે છે ને કહે છે કે મારે પુણ્ય કે સ્વર્ગ જોઈતું નથી, મારે તો વીતરાગી શાંતિ જોઈએ છે.

દીક્ષાચાર્ય કૃપા કરી કહે છે :—"તને શુદ્ધાત્માની પ્રાપ્તિ થાઓ."

આ પ્રમાણે જ્યારે મુનિપણાનો ઇચ્છક, આચાર્ય પાસે આવી વિનંતી કરે છે ત્યારે આચાર્ય તેની લાયકાત અને વૈરાગ્ય જોઈ કહે છે કે "તને શુદ્ધાત્માના અનુભવની સિદ્ધિ થાઓ" એમ આચાર્ય શ્રામણ્યાર્થીને આશીર્વાદ આપે છે, તે મુનિપણાના ઇચ્છક જીવને માગેલી વસ્તુ મળી જવાથી, ગુરુની કૃપા મળ્યાથી તે ભાગ્યવંત થાય છે. ગુરુ આત્માનો અનુભવ શિષ્યને આપી શકતા નથી ને ગુરુને જે વિકલ્પ ઊઠે છે તેનાથી વાણી બોલાતી નથી. વાણીના કે વિકલ્પના કર્તા ગુરુ નથી. શિષ્યને પોતાના આત્માના અનુભવની ધગશ છે, તે પોતે પોતાના પુરુષાર્થથી પ્રગટ કરે છે તો ગુરુની કૃપાથી પ્રગટ થયો એ વ્યવહારથી બોલવામાં આવે છે. અજ્ઞાની જીવો ચારિત્રને લોઢાના ચણા જેવું ને વેળુના કોળિયા જેવું કહે છે, તે બધો ભ્રમ છે. ચારિત્ર કષ્ટદાયક નથી, સિદ્ધ ભગવાનના જેવી આનંદની લ્હેર મુનિને વર્તે છે. અમૃતના કુંડ વહે છે. આત્માના ભાન સહિત આનંદના શેરડા ફૂટે છે, મુનિપણું તો શાંતિદાયક છે.

આવી રીતે દ્રવ્યદ્રષ્ટિ કરું તો આત્મજ્ઞાન થાય. આત્મજ્ઞાન થયા પછી ચારિત્ર પ્રગટ કરે ને ચારિત્રદશા પ્રગટ થયા પછી—કેવળજ્ઞાન પ્રગટ કરે. મુનિપણા વિના કેવળજ્ઞાન હોઈ શકે નહિ, માટે મુનિપદની સાચી ઓળખાણ કરવી જોઈએ.

વળી, ત્યારપછી તે કેવો થાય છે, તે હવે ઉપદેશે છે.

ગાથા—૨૦૪

પરનો ન હું, પર છે ન મુજ, મારું નથી કંઈ પણ જગે,
—એ રીત નિશ્ચિત ને જિતેન્દ્રિય સાહજિકરૂપધર બને. ૨૦૪.

અન્વયાર્થ :—હું પરનો નથી, પર મારાં નથી, આ લોકમાં મારું કાંઈ નથી—આવા નિશ્ચયવાળો અને જિતેન્દ્રિય વર્તતો થકો તે યથાજાતરૂપ ધર (સહજરૂપ ધારી) થાય છે.

"અનંતા પરપદાર્થો ઉપરથી રાગની વૃત્તિ ઉઠાવી શ્રામણ્યાર્થી યથાજાત ઉપર ધર થાય છે."

ટીકા :—તે સાધુપણાનો અર્થી આત્માનું જેવું મૂળભૂત છે તેવું સ્વાભાવિક રૂપ ધારણ કરે છે. પ્રથમ તો હું આત્મા છું, દેહ દેવળમાં બિરાજમાન આત્મતત્ત્વ

છું, હું જરાય પરનો નથી ને પર પદાર્થો જરાય મારા નથી. શરીર, મન, વાણી, સ્ત્રી, કુટુંબ પરિવાર કે દેવ-ગુરુ-શાસ્ત્ર મારાં નથી ને હું એનો નથી.

વળી આત્મામાં પુણ્ય-પાપની લાગણીઓ ઉઠે છે તે પણ પર છે, તેથી હું તેનો થયો નથી. જેઓ જેવો વર્તમાનમાં પુણ્ય-પાપ રહિત ને શરીર વિનાનો અસંગ તત્ત્વ છું તેવો જ ત્રણે કાળે છું. પારમાર્થિક દ્રષ્ટિએ મારે કોઈ પદાર્થ સાથે સંબંધ નથી તેથી છ દ્રવ્યોથી ભરેલા લોકમાં મારા આત્મા સિવાય બીજું કોઈપણ મારું નથી. છ દ્રવ્યોમાં બધા આત્માઓ, અનંતા પુદ્‌ગલો, અંસખ્ય કાળાણુ, ધર્મ, અધર્મ, આકાશ આવી જાય છે. તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તેનામાં છે. મારાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી હું છું. તેને લીધે હું નથી ને મારે લીધે તે નથી. દરેક આત્મા અને પરમાણુ સ્વતંત્ર છે. નિગોદના એક સામાન્ય શરીરમાં એક નિગોદનો જીવ બીજા નિગોદના જીવથી અભાવરૂપ વર્તે છે. એક પરમાણુ બીજા પરમાણુના સંબંધથી રહિત નિરાળો છે. અજ્ઞાની ભલે માને પણ મારે કોઈની સાથે જરાપણ સંબંધ નથી.

હું ચિદાનંદ જ્ઞાનસ્વભાવી આત્મા છું ને શરીર તથા રાગના વ્યવહારરૂપે નથી એમ અનેકાન્ત છે. આવા શ્રદ્ધા-જ્ઞાન તો પ્રથમ ગૃહસ્થ દશામાં હતાં. હવે સ્વભાવનાં આશ્રયે અંતરમાં ધ્યાન ને લીનતા કરી ચારિત્ર પ્રગટ કરે છે. અંતરમાં રાગની લાગણી તૂટતી જાય છે ને સહજ અંતર યથાજાતરૂપ ધર થાય છે.

આનું નામ ભાવલિંગ મુનિપણું છે. સાચા ભાન વિના મુનિપણું આવે નહિ. પાંદડા તોડવાથી ઝાડ સુકાતું નથી તેમ સમ્યક્‌દર્શન વિના સંસારનું મૂળ નાશ પામતું નથી ને સમ્યક્‌દર્શન થયા પછી આવું યથાજાતરૂપ ધર મુનિપણું હોય તો વીતરાગદશા થાય છે માટે મુનિપણું કેવું હોય, તેનું સાચું જ્ઞાન પ્રથમ કરવું જોઈએ.

*

પ્રસાદ નં. ૧૫૭

(નોંધ : પ્રવચનસાર ગાથા ૧૯૮ સુધીનાં વ્યાખ્યાનની નોંધ અંક ૧૫૩માં અપાયેલ છે. ગાથા ૧૯૯ થી ૨૦૩ સુધીના વ્યાખ્યાનો અંક નં. ૧૫૪ તરીકે અપાશે.)

પ્રવચનસાર ગાથા ૨૦૪ ટીકા.

(ચૈત્ર સુદ ૩, સોમવાર)

સાધુપદ કેવું હોય ? સાધુ થવા માગે તેની તૈયારી કેવી હોય ? તેની આ વાત છે. આ સાધુપદ વગર કેવળજ્ઞાન ન થાય. આત્માનું ભાન થયા પછી શ્રામણ્યાર્થી શું કરે છે ? તે કહે છે :—

''વળી, ત્યારપછી શ્રામણ્યાર્થી યથાજાતરૂપધર થાય છે.'' આત્માનો જે મૂળભૂત જ્ઞાનાનંદ સ્વભાવ છે તેવી દશા થાય તેનું નામ યથાજાતરૂપધર છે. એવી અંતરદશા વિના મુનિપદ ન હોય. યથાજાતરૂપધર મુનિ થયા પહેલાં જ્ઞાની આવું જાણે છે કે 'હું જરાય પરનો નથી ને પર પણ જરાય મારાં નથી. દયાદિનો વિકલ્પ પણ જરાય મારો નથી. હું તો જ્ઞાન છું.' આવા ભાનપૂર્વક સાધુપદ હોય એ સાધુ તો કેવળજ્ઞાનીના દીવાન છે, તેમને કેવળજ્ઞાન લેવાની તૈયારી થઈ ગઈ છે.

''સર્વદ્રવ્યો તત્ત્વતઃ પર સાથે સમસ્ત સંબંધ રહિત છે.'' ભગવાન આત્માને સમસ્ત પર સાથે કાંઈ સંબંધ નથી. આવું ભાન તો ગૃહસ્થાશ્રમમાં થાય છે. તાદાત્મ્ય સંબંધ, સંયોગ સંબંધ, લક્ષ્ય—લક્ષણ સંબંધ, ગુણ—ગુણી સંબંધ વગેરે કાંઈ સંબંધ મારે પર સાથે નથી. માત્ર જ્ઞેયજ્ઞાયક સંબંધ સિવાય બીજા કોઈ પણ સંબંધ મારે પર સાથે નથી. એ વાત ગાથા ૨૦૦ના પ્રવચનમાં આવી ગઈ છે.

રાગ સાથે મારે સ્વસ્વામી સંબંધ નથી, રાગ સાથે હું એકમેક નથી. રાગાદિ લક્ષણ ને આત્મા લક્ષ્ય એવો લક્ષ્ય-લક્ષણ સંબંધ પણ મારે વિકાર સાથે નથી. રાગ તે ગુણ ને હું ગુણી, તે રાગાદિ લાભ કરાવનાર ને હું લાભ લેનાર એવો સંબંધ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર લાભ દેનાર ને હું લાભ લેનાર એવો સંબંધ પર સાથે મારે પરમાર્થે નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ મારે પર સાથે નથી, કર્મ સાથે પણ નથી. સમસ્ત સંબંધનો નિષેધ કર્યો ત્યાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ ક્યાં રહ્યો ? આવા નિર્ણયથી પોતાની મતિને પહેલાં નિર્મળ કરે છે. આ સમજ્યા વિના મુનિપદ કેવું ?

આચાર્યદેવને જંગલમાં વિકલ્પ ઊઠતાં આ રચના થઈ ગઈ છે. પણ તેને પોતાનું કર્તવ્ય માન્યું નથી. હું તો જ્ઞાયક છું. પર સાથે મારે કાંઈ સંબંધ નથી.

આવો નિર્ણય કરતાં વસ્તુદ્રષ્ટિ થાય ને પછી યથાજાતરૂપધર થાય. વસ્તુ તો અનાદિ એવી જ છે, પણ પર્યાયનો નવો જન્મ થાય છે.

સાધુપદ લેનાર જીવને પહેલાં મતિની નિર્મળતા થવી જોઈએ. આ સમજ્યા વગર સાધુપણું હોય નહિ.

"સર્વદ્રવ્યો તત્ત્વતઃ પર સાથે સમસ્ત સંબંધ રહિત છે." બસ ! હું જ્ઞાયક છું, હું જ્ઞાયક ને પર મારાં જ્ઞેય તે પણ વ્યવહાર છે. પરનો મારામાં અભાવ છે, પરમાં મારો અભાવ છે. આવા પરસ્પર અભાવ વગર બન્નેની પૃથક્તા ન રહી શકે.

જે ગુરુ પાસે દીક્ષા લેવા જાઉં છું તેની સાથે મારે પરમાર્થે કાંઈ સંબંધ નથી—એમ નક્કી કરીને પછી દીક્ષા લેવા જાય છે. લોકનાં છયે દ્રવ્યો સાથે મારે કાંઈ સંબંધ નથી. અનંત જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ—એવા છ દ્રવ્યસ્વરૂપ આ લોકમાં આત્માથી અન્ય એવું કાંઈ પણ મારું નથી. હું તો એક જ્ઞાયક છું—આમ નિશ્ચિત મતિવાળો વર્તે છે. આ મન અને ઇન્દ્રિયોનો સ્વામી હું નથી પણ તેનો સ્વામી જડ છે,—એમ તે ઇન્દ્રિયો અને મનને પર જાણીને જિતેન્દ્રિય થાય છે. આવો થઈને પછી યથાજાતરૂપધર થાય ત્યારે મુનિપણું હોય છે. દ્રવ્યેન્દ્રિયો જડના આધારે છે, ને મન પણ જડના આધારે છે,—એમ આત્માને પરથી ભિન્ન જાણ્યો તે ઇન્દ્રિયોને જય કરીને જિતેન્દ્રિય થયો. નિશ્ચિત મતિવાળો થયો તે અસ્તિ અને જિતેન્દ્રિય થયો તે નાસ્તિ; મારો આત્મા જડમન ને ઇન્દ્રિયોના મદદ વડે જાણતો નથી પણ સ્વતઃ પોતાથી જાણ છે. જેનો મારામાં અભાવ છે તે મારા જ્ઞાનના ભાવમાં મદદ કરે એમ હું માનતો નથી. નિમિત્તનો મારામાં અભાવ છે. ઇન્દ્રિયો મારી નથી તો તે મને શું મદદ કરે ? ને મારો જ્ઞાનસ્વભાવ પરમાં જતો નથી તો હું પરમાં શું કરું ?

પ્રશ્ન :—અલ્પજ્ઞ છે છતાં ઇન્દ્રિય અને મનથી કામ કરતો નથી એમ કેમ કહ્યું? ઇન્દ્રિય અને મન નિમિત્ત તો છે ને?

ઉત્તર :—નિમિત્ત એટલે પરદ્રવ્ય. પરદ્રવ્યનો આત્મામાં અભાવ છે, તો તે શું કરે ? આત્મામાં જ્ઞાનનો સદ્ભાવ છે, ને ઇન્દ્રિયોનો અભાવ છે. તો ઇન્દ્રિયો જ્ઞાનમાં શું કરે?

આવું જાણ્યા વગર મુનિપણું થાય નહિ.

(દીક્ષા દેનારા ગુરુ કેવા હોય, તે વાત ગાથા ૨૦૩ માં આવી ગઈ છે. દીક્ષા લેનાર જીવ કેવો હોય, તેનું આ વર્ણન ચાલે છે.)

ઇન્દ્રિયો અને મનનો સંબંધ મારી સાથે નથી, પણ જડ સાથે છે. આવા ભાનપૂર્વક જ્ઞાયકચૈતન્યનું જેવું છે તેવું સહજ સ્વાભાવિક શુદ્ધરૂપ ધારણ કરવાથી યથાજાતરૂપધર થાય છે. આ અંદરના ભાવલિંગની વાત છે. સિદ્ધપદ જેવું શુદ્ધ જે મૂળસ્વરૂપ છે તેને ધારણ કરવાથી—એટલે કે પર્યાયને સ્વભાવ તરફ વાળવાથી—યથાજાતરૂપધર થાય છે. આવી દશા રહિત મુનિપદ હોય. અહો ! મુનિપદ તો એવું છે કે જેના ચરણે ગણધરનો નમસ્કાર પહોંચે. **णमो लोए सव्व साहूणं** દ્વારા સર્વ મુનિઓને ગણધરના નમસ્કાર પહોંચે છે. એવો મુનિપદનો મહિમા છે.

નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ થાય તે તો સ્થૂળ ભૂલ છે. અહીં કહે છે કે મારે નિમિત્ત સાથે સંબંધ જ નથી. તો તેનાથી મને કાંઈ થાય એ વાત જ ક્યાં રહી ? નિમિત્તનો સંબંધ તેના સ્વદ્રવ્ય સાથે છે, મારી સાથે તેનો સંબંધ નથી. પહેલાં જ્ઞાન અને જ્ઞેય અધિકાર દ્વારા આ બધું નક્કી કરાવ્યું છે, પછી આ ચરણાનુયોગ વર્ણવ્યો છે. ॥૨૦૪॥

‘‘હવે, અનાદિ સંસારથી અનભ્યસ્ત હોવાથી જે અત્યંત અપ્રસિદ્ધ છે અને અભિનવ અભ્યાસમાં કુશળતા વડે જેની સિદ્ધિ ઉપલબ્ધ થાય છે એવા આ યથાજાતરૂપધરપણાનાં બહિરંગ અને અંતરંગ બે લિંગોનો ઉપદેશ કરે છે. (પ્ર.પૃષ્ઠ ૩૩૭)

યથાજાતરૂપધરપણું અનાદિથી અનભ્યસ્ત છે ને નવા અભ્યાસમાં કુશળતાથી તે વીતરાગી નિર્મળદશા પ્રાપ્ત થાય છે. વીતરાગી ભાવલિંગનો કદી પૂર્વે અભ્યાસ કર્યો નથી ને હવે નવા અભ્યાસથી તેની સિદ્ધિ થાય છે. તેના અંતરંગ અને બાહ્ય લિંગોનો ઉપદેશ કરે છે :—

ગાથા ૨૦૫—૨૦૬

જન્મ્યા પ્રમાણે રૂપ, લુંચન કેશનું શુદ્ધત્વ ને
હિંસાદિથી શૂન્યત્વ, દેહ—અસંસ્કરણ—એ લિંગ છે. ૨૦૫.
આરંભ મૂર્છા શૂન્યતા, ઉપયોગયોગવિશુદ્ધતા,
નિરપેક્ષતા પરથી, જિનોદિતમોક્ષકારણ લિંગ આ. ૨૦૬.

અર્થ :—જુઓ, પરના સંબંધ રહિત, જ્ઞાનસ્વભાવી આત્માનું ભાન થયા પછી આ મુનિદશા હોય છે. તે કેવી છે ? કે બહારમાં જન્મસમયના રૂપ જેવા રૂપવાળું શરીર છે, એટલે વસ્ત્રપાત્ર કાંઈ નથી. વસ્ત્રાદિ સહિત મુનિપણું માને તે મિથ્યાદ્રષ્ટિ છે; વળી લોચ કરે, શુદ્ધ એટલે બીજા કોઈ પરિગ્રહ વગરના હોય છે, ને

હિંસાદિથી રહિત હોય છે તથા શરીર શણગાર વગરનું હોય છે. આવી શ્રમણદશાની બાહ્યસ્થિતિ છે.

તે અંતરમાં કેવા હોય છે ? કે મૂર્છા અને આરંભ રહિત હોય છે. ઉપયોગ ઘણો નિર્મળ વીતરાગી થઈ ગયો છે. તથા પરની જેને અપેક્ષા નથી. આવું અંતરંગ લિંગ તે મોક્ષનું કારણ છે, એમ ભગવાને કહ્યું છે. આ સિવાય બીજો કોઈ વીતરાગનો માર્ગ નથી. બીજા વીતરાગનું નામ ભલે ધરાવે પણ વીતરાગનો માર્ગ તો આ એક જ છે.

<u>ટીકા :—</u>''પ્રથમ તો પોતાથી યથોક્ત ક્રમ વડે યથાજાતરૂપધર થયેલા આત્માને અયથાજાતરૂપધરપણાનાં કારણભૂત મોહ-રાગ-દ્વેષાદિ ભાવોનો અભાવ હોય જ છે.'' (પ્ર.પૃ. ૩૩૮)

પૂર્વે કહ્યું તેવું ભાન કરીને પછી સહજ આનંદની દશામાં ઝૂલતાં મુનિદશા હોય છે. હઠપૂર્વક પ્રતિકૂળતા સહન કરે તેવો મુનિમાર્ગ નથી. પ્રતિકૂળતા મારામાં છે જ નહિ. ટાઢ-તડકો તે તો બધાં પરદ્રવ્યો સાથે સંબંધ રાખે છે, મારામાં તેનો અભાવ છે. આવા ભાનપૂર્વક અંતરમાં વીતરાગી સ્થિરતા વધી ગઈ છે, ત્યાં આવું મુનિપણું સહજ હોય છે.

યથાજાત એટલે સહજરૂપ, જ્ઞાયકપણું થયું છે. **<u>યથાજાતરૂપ</u>** તો અનાદિનું ત્રિકાળ છે, ને તેવી નિર્મળ પર્યાય પ્રગટ કરી ત્યારે યથાજાતરૂપને ધારણ કર્યું એટલે **'<u>યથાજાતરૂપધર</u>'** થયો.

ક્ષુધા-તૃષાનો સંબંધ જડ સાથે છે. હું તો ચૈતન્ય છું. ક્ષુધા-તૃષાનું દુઃખ મને નથી. તડકા, ટાઢનું દુઃખ મને નથી. હું તો જ્ઞાન છું. પર સાથે મારે કાંઈ સંબંધ નથી, ને મારો સ્વભાવ છે તે મને નુકશાન કરે નહિ. તે પર ચીજનો મારામાં અભાવ છે, માટે તે મને નુકશાન કરે નહિ.–આવું જેને ભાન નથી તે વીતરાગી માર્ગમાં મુનિ નથી.

યથાજાતરૂપધરપણું તે વીતરાગી સહજ દશાની અસ્તિ છે, ને તેમાં મોહ-રાગ-દ્વેષની નાસ્તિ છે. હઠથી ત્યાગ કર્યો નથી પણ સહજ—સ્વભાવમાંથી જન્મેલી વીતરાગીદશા તેવી થઈ ગઈ છે. જુઓ ! આ મુનિદશા ! શ્રી કુંદકુંદાચાર્યદેવ અને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ—તે બધા છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા ભાવલિંગી સંત હતા, પંચપરમેષ્ઠીપદમાં ભળી ગયા હતા. આવું મુનિપણું ન પાળી શકાય તો તેની યથાર્થ શ્રદ્ધા રાખવી જોઈએ પણ આનાથી વિપરીત માનવું ન જોઈએ.

અંદરમાં સહજ વીતરાગદશારૂપ યથાજાતરૂપધર થાય ત્યાં મોહ-રાગ-દ્વેષાદિનો અભાવ હોય જ છે. ને જ્યાં મિથ્યાત્વ—રાગ-દ્વેષાદિનો અભાવ થાય ત્યાં વસ્ત્રાદિ પણ હોય નહિ, કેમ કે મોહાદિના સદ્‌ભાવમાં જ વસ્ત્રાભૂષણ વગેરે હોય છે. વળી માથાના વાળનો શણગાર પણ મુનિને ન હોય. વાળનો લોચ કરતાં દુઃખ લાગતું નથી, કેમ કે વાળ તો પરદ્રવ્ય છે. એવા ભાન સહિત સહજદશા એવી થઈ ગઈ છે કે વાળ ખેંચતા દુઃખ લાગતું જ નથી.

ઋષભદેવ ભગવાને દીક્ષા લીધી ત્યારે તેમની સાથે ત્યાગી થયેલાં ૪૦૦૦ રાજાઓ દ્રવ્યલિંગી થઈને વિપરીત આચરણ કરતા હતા ત્યારે દેવોએ આવીને કહ્યું કે દિગંબર મુનિનો વેશ રાખીને આવાં આચરણ કરશો તો દંડ આપશું. પછી તે રાજાઓએ દ્રવ્યલિંગ છોડીને વેશ પહેરી લીધો હતો. જેને અંતરમાં વીતરાગીદશા હોય તેને બહારમાં ધન–વસ્ત્રાદિનો પરિગ્રહ ન હોય, સાવદ્યયોગ ન હોય. શરીરના સંસ્કાર ન હોય, તે સાબુથી શરીર ધુવે નહિ. આ રીતે રાગાદિના અભાવમાં મુનિઓને આ વસ્ત્રાદિ પાંચ બોલનો અભાવ હોય છે ને તેથી તેમને

૧. જન્મસમયના રૂપ જેવું રૂપ હોય છે.

૨. માથાના ને દાઢીના વાળનો તે લોચ કરે છે.

૩. શુદ્ધપણું હોય છે, એટલે કે વસ્ત્રાદિ કે ધનાદિનો પરિગ્રહ તેમને હોતો નથી.

૪. હિંસાદિ રહિતપણું હોય છે, પૈસાની લેવડદેવડમાં પડે નહિ.

૫. અપ્રતિકર્મ એટલે શરીરની સજાવટ હોતી નથી.

આવું ભાવલિંગી મુનિનું બાહ્યલિંગ છે.

“વળી આત્માને યથાજાતરૂપધરપણાથી દૂર કરવામાં આવેલું જે અયથાજાતરૂપધરપણું તેના કારણભૂત મોહ-રાગ-દ્વેષાદિભાવોનો અભાવ હોવાને લીધે જ, તેમના સદ્‌ભાવમાં હોય છે એવાં જે (૧) મમત્વના અને ક્રમપ્રક્રમના પરિણામ, (૨) શુભાશુભ ઉપરોક્ત ઉપયોગ અને તત્પૂર્વક તથાવિધ યોગની અશુદ્ધિથી યુક્તપણું તથા (૩) પરદ્રવ્યથી સાપેક્ષપણું, તેમનો (એ ત્રણનો) અભાવ હોય છે.” (પ્ર. પૃ. ૩૩૯)

(૧) મુનિઓને મોહાદિનો અભાવ હોવાને લીધે, તે મોહના સદ્‌ભાવમાં હોય છે એવા મમત્વના ને ક્રમપ્રક્રમના પરિણામ હોતા નથી. ક્રમપ્રક્રમ એટલે કોઈ બાહ્ય કાર્યની જવાબદારીનો બોજો પોતાના માથે રાખે નહિ. પાઠશાળા ભણાવવાનો કે પુસ્તક લખવાનો બોજો પોતાના માથે રાખે નહિ. એવા પરિણામ જ હોતા સહજ વિકલ્પ ઊઠે તો થઈ જાય. અમુક વખત પછી સભામાં હાજરી આપવાનું ને

વ્યાખ્યાન કરવાનું એવું કાંઈ કામ મુનિ પોતાના માથે લ્યે નહિ. ગૃહસ્થ શ્રાવકોને તે પ્રકારના રાગાદિ પરિણામ હોય છે પણ મુનિને તેવા પરિણામ હોતા નથી.

લૌકિક કામ તો હોય જ નહિ પણ ધાર્મિક પ્રવૃત્તિનાં કામનો બોજો પણ મુનિ પોતાના માથે રાખે નહિ. એકદમ નિવૃત્ત મુનિદશા છે. વિકલ્પ ઊઠે તો ઉપદેશાદિ કરે, પણ માથે બોજો ન રાખે.

અહો, અમે તો અમારી સહજજ્ઞાનની દશા ધારણ કરીએ છીએ. ઉપદેશાદિ વિના કોઈ કામનો બોજો માથે રાખતા નથી. આવી ત્રણ કષાયના નાશવાળી મુનિદશા છે.

પ્રશ્ન :—ઉપદેશ દેવો તે તો ધર્મનું કામ છે ને ?

ઉત્તર :—ધર્મ તો આત્મામાં થાય કે ઉપદેશમાં ? વિકલ્પ ઊઠે તો ઉપદેશ આપે પણ તે કાર્યનો બોજો માથે રાખતા નથી.

કુંદકુંદપ્રભુ જ્યારે સમયસાર લખવા બેઠા ત્યાં 'મારે આ રચના પૂરી કરવી જ પડશે.' એવો હઠભાવ ન હતો. એ તો સહજ રચના થઈ ગઈ. જ્યાં કાંઈક મમત્વ હોય ત્યાં જ કામની જવાબદારી માથે લેવાના–ક્રમપ્રક્રમના– પરિણામ હોય છે.

(૨) શુભાશુભ ભાવથી રક્ત—મલિન ઉપયોગ મુનિને હોતો નથી, અને તે અશુદ્ધોપયોગપૂર્વકનું પોતાની અશુદ્ધિથી યુક્તપણું મુનિને હોતું નથી, તેમ જ

(૩) પરદ્રવ્યથી સાપેક્ષપણું પણ તેમને હોતું નથી.

આવી સહજ મુનિદશા હોય છે.

*

પ્રસાદ નં. ૧૫૮

પ્રવચનસાર ગાથા ૨૦૫—૨૦૬

(ચૈત્ર સુદ ૪, મંગળવાર)

મુનિપણું કેવું હોય, તેની આ વાત છે. પહેલાં તો આત્માના સ્વભાવનું ભાન થવું જોઈએ. ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દર્શન થવું જોઈએ. તે સમ્યગ્દર્શન કોઈ વાડાની ચીજ નથી, પણ આત્મા પરથી ભિન્ન જ્ઞાનસ્વભાવી જેવો સર્વજ્ઞે જોયો છે તેવો શ્રદ્ધામાં લેવો, તેનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન પછી વિશેષ આત્મસ્થિરતા થાય તે મુનિપણું છે. તેની આ વાત છે.

અંતરમાં ચૈતન્યમૂર્તિનું અવલંબન લઈને રમણતા કરે તેનું નામ મુનિપણું છે. તે મુનિને કોઈ પ્રત્યે મમત્વ—મૂર્છા હોતી નથી; સિદ્ધ ભગવાન જેવા આનંદને અનુભવે તેવી મુનિદશા છે, તે દશા આરંભથી રહિત હોય છે. બાહ્યમાં તો તદ્દન નિવૃત્તિ છે ને અંતરમાં રાગ-દ્વેષાદિ આરંભથી નિવૃત્તિ છે, તેમ જ ઉપયોગની શુદ્ધિ હોય છે. ઉપયોગ સ્વમાં ઘણો ઠર્યો છે; ને પરદ્રવ્યથી સાપેક્ષપણાનો અભાવ છે. મુનિને બાહ્યમાં ગુફાની સ્પૃહા નથી, પણ અંતરમાં ચૈતન્યની ગુફામાં ઊંડે જઈને ધ્યાન કરે છે. સમયસારની ૪૯ મી ગાથાની ટીકામાં શ્રી જયસેનાચાર્યદેવ કહે છે કે "**स एव शुद्धात्मा—निर्विकल्पनिर्मोहनिरंजन निजशुद्धात्म समाधिसंजात सुखामृतरसानुभूति लक्षणे गिरिगुहागहनवरे स्थित्वा सर्वतात्पर्येण ध्यातव्य इति** ।"

"નિર્વિકલ્પ, નિર્મોહ, નિરંજન નિજશુદ્ધાત્માની સમાધિથી ઉત્પન્ન એવા સુખામૃતરસની અનુભૂતિ જેનું લક્ષણ છે એવી ઊંડી ગિરિગુફામાં સ્થિત થઈને સર્વ તાત્પર્યથી તે શુદ્ધાત્મા ધ્યાતવ્ય છે." અહીં ધ્યાન માટે અંદરની ઊંડી ગુફામાં જવાનું કહ્યું છે. બહારની પત્થરની ગિરિગુફામાં તો નોળિયા પણ રહે છે, ને બહારવટિયા પણ ત્યાં રહે છે. પણ અંતરમાં ચૈતન્ય-સ્વભાવની ગુફામાં જઈને મુનિ આત્માને ધ્યાવે છે. એવા મુનિને (૧) મૂર્છા અને આરંભથી રહિતપણું હોય છે. (૨) ઉપયોગ ને યોગની શુદ્ધિ હોય છે તથા (૩) પરની અપેક્ષથી રહિતપણું હોય જ છે. માટે આ અંતરંગ લિંગ છે. ॥૨૦૫—૨૦૬॥

"હવે (શ્રામણ્યાર્થી) આ બન્ને લિંગને ગ્રહીને અને આ આ (–આટલું આટલું) કરીને શ્રમણ થાય છે—એમ ભવતિક્રિયાને વિષે, બંધુવર્ગની વિદાય લેવારૂપ ક્રિયાથી માંડીને બાકીની બધી ક્રિયાઓનો એક કર્તા દર્શાવતાં, આટલાથી (અર્થાત્ આટલું કરવાથી) શ્રામણ્યની પ્રાપ્તિ થાય છે એમ ઉપદેશે છે." :—(પ્ર. પૃ. ૩૩૯)

બાહ્યમાં દ્રવ્યલિંગ થાય ને અંતરમાં ભાવલિંગ ન હોય—તો તે મુનિ નથી; તેમ જ અંતરમાં ભાવલિંગ થયું હોય ને બાહ્યમાં દ્રવ્યલિંગ ન હોય—એમ બને નહિ. અહીં કુટુંબની રજા લઈને ગુરુ પાસે દીક્ષા લઈને મુનિ થયો ત્યાં સુધીની તે બધી ક્રિયાઓનો કર્તા એક આત્મા જ છે, ને આટલું કરવાથી શ્રામણ્યની પ્રાપ્તિ થાય છે, તે કહે છે.

ગાથા ૨૦૭

ગ્રહી પરમગુરુ દીધેલ લિંગ, નમસ્કરણ કરી તેમને,
વ્રત ને ક્રિયા સુણી, થઈ ઉપસ્થિત, થાય છે મુનિરાજ એ. ૨૦૭.

અન્વયાર્થ :—પરમ ગુરુ વડે દેવામાં આવેલાં તે બન્ને લિંગને ગ્રહીને, તેમને નમસ્કાર કરીને, વ્રત સહિત ક્રિયાને સાંભળીને ઉપસ્થિત (આત્માની સમીપ સ્થિત) થયો થકો તે શ્રમણ થાય છે.

ટીકા :—આત્માનું ભાન હતું, પછી કુટુંબીજનોની રજા લઈને, પંચમહાવ્રત ગ્રહણ કરીને, ગુરુ પાસે દીક્ષા લઈને તે જીવ ભાવ અને દ્રવ્ય બન્ને લિંગને ગ્રહે છે, ગુરુને નમસ્કાર કરે છે, વ્રત તથા ક્રિયાને સાંભળે છે અને (અસ્થિત થાય છે; ઉપસ્થિત એટલે આત્માના સ્વભાવમાં સ્થિત થાય છે. ત્યારે શ્રામણ્યની બધી સામગ્રી પૂરી થાય છે, ને ત્યારે તે મુનિ થાય છે. બાહ્યમાં નિર્ગ્રંથ લિંગ ન હોય ને વસ્ત્રાદિ હોય તો ત્યાં મુનિપણાની સામગ્રી નથી. તેમ જ બાહ્યમાં દ્રવ્યલિંગી થઈ જાય પણ અંતરમાં વીતરાગદશારૂપ ભાવલિંગ ન હોય તો તેને પણ મુનિપણાની સામગ્રી નથી, તેથી તે મુનિ નથી. ગૃહસ્થપણામાં રહીને મુનિદશા થઈ જાય—એમ ન બને. આ તો હજી મુનિદશાની વાત છે, કેવળજ્ઞાનીની દશા તો હજી આથીયે ઘણી ઊંચી છે.

પ્રથમ અર્હંતભટ્ટારક તે પરમગુરુ છે. તેમ જ તે કાળે દીક્ષા દેનાર આચાર્ય પરમગુરુ છે. તેઓ યથાર્થ લિંગ બતાવે છે–કે જો ભાઈ ! અંતરમાં જ્ઞાયકસ્વરૂપનું અવલંબન લેજે, બાહ્ય પદાર્થોનું કે પુણ્યનું અવલંબન લઈશ નહિ. અંદરના સ્વરૂપમાં ઠરજે, તે ભાવલિંગ છે, ને બાહ્યમાં નિષ્પરિગ્રહ વગેરે કહ્યાં તે દ્રવ્યલિંગ છે. આવાં બન્ને લિંગોનું સ્વરૂપ પરમગુરુ પ્રતિપાદન કરે છે તેથી તે અર્હંત અને દીક્ષાચાર્ય વ્યવહારથી તે લિંગના દેનાર છે. અંતરમાં પોતે તેવી દશા પ્રગટ કરી ત્યાં નિમિત્તથી ગુરુને તેના દેનાર કહ્યા. જેમ આત્મસિદ્ધિમાં આવે છે કે :–

“તે તો પ્રભુએ આપિયો વર્તું ચરણાધીન.”

તેમ અહીં કહે છે કે ગુરુએ ભાવલિંગ ને દ્રવ્યલિંગ આપ્યાં. આ તો ઉપચાર છે. મુનિ પોતે પણ શરીરના દ્રવ્યલિંગને કરી શકતા નથી, તે તો સહજ થઈ જાય છે. ત્યાં પરમગુરુએ તે દ્રવ્યલિંગ આપ્યું, એમ ઉપચારથી કહેવાય છે. આત્માનું ભાન અને આવી વીતરાગી મુનિદશા વગર સુખી થવાતું નથી. આવી મુનિદશા વગર કેવળજ્ઞાન થાય નહિ ને આવી મુનિદશા સમ્યગ્જ્ઞાન વગર થાય નહિ.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તે તો ધર્મની મૂળ સામગ્રી છે. તે સામગ્રી તો છે, તે ઉપરાંત મુનિદશાની બીજી સામગ્રી શું છે તે અહીં બતાવે છે. શ્રી પરમગુરુ વડે દેવામાં આવેલાં બન્ને લિંગોને સન્માનપૂર્વક અંગીકાર કરે છે કે હે ભગવાન ! આપે મને મુનિપણું આપ્યું, એમ અંગીકાર કરીને તન્મય થાય છે એટલે કે અંતરમાં ડૂબકી મારીને લીન થાય છે.

"પછી જેમણે સર્વસ્વ દીધેલું છે એવા મૂળ અને ઉત્તર પરમગુરુને, ભાવ્ય-ભાવકપણાને લીધે પ્રવર્તેલા ઇતરેતર મિલનના કારણે સ્વ-પરનો વિભાગ જેમાંથી અસ્ત થઈ ગયો છે એવી નમસ્કાર ક્રિયા વડે સંભાવીને—સન્માનીને ભાવસ્તુતિવંદનામય થાય છે." (પ્ર.પૃષ્ઠ ૩૪૧)

હે નાથ ! આપે મને આખો આત્મા આપ્યો, મારો મોક્ષ આપ્યો, મને કલ્યાણ આપ્યું ! હે પ્રભો ! આપે ભાવલિંગ આપીને મને મુક્તિ આપી, આપે મને સર્વસ્વ આપ્યું. જ્યાં પોતે અંદરમાં જાગૃત થયો ત્યાં કહે છે કે હે નાથ ! આપે મને આખો આત્મા જ આપ્યો. આમ મૂળ અને ઉત્તર ગુરુઓ પ્રત્યે વિનયથી નમસ્કાર કરે છે, ને પછી અંતરના આનંદમાં ડૂબતાં ભાવ્ય ને ભાવકપણાનો ભેદ છૂટી જાય છે. હું ભાવક ને ગુરુ ભાવ્ય—એવા સ્વપરના ભેદનો વિકલ્પ તૂટીને પોતે અંદરમાં લીન થઈ ગયો. જ્યાં અંદરના અનુભવમાં લીન થયો ત્યાં તો, ભગવાન પૂરા ને હું અધૂરો, ભગવાન મારા સ્વામી ને હું તેમનો સેવક—એવા ભેદના વિકલ્પ તૂટી જાય છે. આવા અનુભવ વગર મુનિદશા હોતી નથી. અંદર પોતે સ્વરૂપનું બહુમાન કરીને ઠર્યો ત્યાં પરમગુરુને નમસ્કાર અને સન્માન આવી ગયાં. પોતે ધ્યાનમાં લીન થયો ત્યાં પોતે જ ભાવસ્તુતિ ને ભાવવંદનામય થઈ જાય છે. ભગવાનની સ્તુતિનો વિકલ્પ ન રહ્યો. પણ પર્યાય અંતરમાં વળીને ચૈતન્યમૂર્તિ ભગવાનમાં તલ્લીન થઈ ગઈ, નિર્વિકલ્પ સમાધિમાં મશગૂલ થઈ ગઈ, તેનું નામ ભાવસ્તુતિ ને ભાવવંદન છે, એનું નામ મુનિદશા છે.

હજી તો આવી મુનિદશાની ઓળખાણ પણ ન હોય તેને આવા મુનિપણાની ઉમેદવારી કે ભાવના પણ ક્યાંથી હોય ? લૂગડાં ફેરવ્યાં ત્યાં મુનિપણું માની લ્યે, તેને તો હજી સાચું ભાન પણ નથી, તો મુનિદશા તો ક્યાંથી હોય ?

"પછી સર્વ સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ એક મહાવ્રતને સાંભળવારૂપ શ્રુતજ્ઞાન વડે સમયમાં પરિણમતા આત્માને જાણતો થકો, સામાયિકમાં આરૂઢ થાય છે." (પ્ર.પૃ. ૩૪૧)

પંચમહાવ્રત તો વ્યવહાર છે, શુભરાગ છે. નિશ્ચયથી તો આત્મામાં વીતરાગી સ્થિરતારૂપ એક જ મહાવ્રત છે. ચૈતન્યસ્વભાવી આત્મામાં લીન થઈને પરિણમવું—સ્વસમયમાં પરિણમવું—તે સામાયિક છે. બાહ્યમાં સામાયિક નથી. મુનિને સામાયિક હોય, ને ગૃહસ્થને તેનાથી થોડી હોય, પણ જાત તો એક જ છે. ચૈતન્યસ્વરૂપમાં લીનતા વગર સાવદ્યયોગનો એટલે કે પુણ્ય-પાપનો ત્યાગ થઈ શકે નહિ, ને સામાયિક હોય નહિ. બહારથી ભલે સાવદ્ય છોડ્યું દેખાય, પણ જ્યાં અંદર અજ્ઞાનભાવ છે ત્યાં બધોય સાવદ્યયોગ પડ્યો છે. અજ્ઞાન તે જ સૌથી મોટો સાવદ્યભાવ છે.

અંદરમાં આત્માના નિર્વિકલ્પ શ્રુતજ્ઞાન વડે સમયમાં પરિણમતા આત્માને જાણતો થકો, તેના આનંદમાં લીન થાય છે. તે મુનિની સામાયિક છે. જેના ચરણે ગણધરના નમસ્કાર પહોંચે તે મુનિ આવા હોય છે. પુણ્યનો વિકલ્પ છૂટીને ચૈતન્યમાં લીન થયો તેનું નામ સામાયિક છે.

"પછી પ્રતિક્રમણ-આલોચના-પ્રત્યાખ્યાનસ્વરૂપ ક્રિયાને સાંભળવારૂપ શ્રુતજ્ઞાન વડે ત્રિકાળીક કર્મોથી વિવિક્ત (ભિન્ન) કરવામાં આવતા આત્માને જાણતો થકો, અતીત-વર્તમાન-અનાગત કાય-વચન-મન સંબંધી કર્મોથી વિવક્તપણામાં આરૂઢ થાય છે." (પ્ર.પૃષ્ઠ ૩૪૧)

અતીત-વર્તમાન-અનાગત કાય-વચન-મન સંબંધી કર્મોથી ભિન્ન નિજશુદ્ધાત્મપરિણતિ તે પ્રતિક્રમણ-આલોચન-પ્રત્યાખ્યાનસ્વરૂપ ક્રિયા છે.

પ્રતિક્રમણ તો અંતરમાં ચૈતન્યસ્વરૂપની નિર્મળ પરિણતિ થાય તેનું નામ છે. મોઢેથી પાઠ બોલાય તે શબ્દો તો જડ છે, શુભ વિકલ્પ થાય તે પુણ્ય છે, ને અંદર તે શુભથી રહિત થઈને ઠર્યો તેમાં પ્રતિક્રમણ, આલોચના ને પ્રત્યાખ્યાન—એ ત્રણેની ક્રિયા આવી જાય છે. આવી દશા આવ્યા પહેલાં તેનું જ્ઞાન તો કરવું જોઈએ ને ? આ જાણે નહિ ને વિકારમાં કે જડની ક્રિયામાં સામાયિક વગેરે માની લ્યે તેની તો શ્રદ્ધા પણ સાચી નથી.

જ્યાં આત્મામાં લીન થઈને ઠર્યો ત્યાં ત્રણેકાળનાં કર્મોથી આત્મા ભિન્ન થયો, સ્વરૂપમાં ઠરતાં પુણ્ય-પાપની ઉત્પત્તિ જ ન થાય તેનું નામ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને આલોચનાની ક્રિયા છે. એ સિવાય મન-વચન-કાયાની ક્રિયા

આત્માની નથી. આવી ધર્મની ક્રિયા ભગવાન પાસેથી ને ગુરુ પાસેથી સાંભળીને પછી અંતરમાં ઠરીને તેવી ક્રિયા કરે છે, એટલે કે જ્ઞાયકપણે આત્મામાં લીન થાય છે.

"પછી સમસ્ત સાવદ્ય કર્મના આયતનભૂત કાયનો ઉત્સર્ગ કરીને યથાજાતરૂપવાળા સ્વરૂપને એકને એકાગ્રપણે અવલંબીને રહેતો થકો, ઉપસ્થિત થાય છે." (પ્ર. પૃષ્ઠ ૩૪૧)

ક્રમથી બધી વાત કરી છે. પણ અંદરમાં ઠર્યો તેમાં બધું આવી ગયું. કાયા ને સાવદ્યકર્મનું આયતન કહ્યું તે નિમિત્તથી છે. કેમ કે કાયાના આશ્રયે રાગનો વિકલ્પ ઊઠે તે સાવદ્ય છે. પાપ છે, ભગવાન આત્મા ચૈતન્યજ્યોત છે તેના આશ્રયે તે ભાવ ટળીને નિર્મળભાવ થાય તેનું નામ કાયોત્સર્ગ છે. એવો કાયોત્સર્ગ કરીને યથાજાતરૂપવાળા સ્વરૂપને એકને જ અવલંબીને રહે છે ને તેમાં લીન થાય છે, એ રીતે તે મુનિ થાય છે.

અહો ! જ્ઞાનસાગર આત્માને અવલંબીને તેમાં લીન થાય તે મુનિદશા છે. એવી મુનિદશા થતાં તેને સર્વત્ર જ્ઞાયકભાવ રહે છે. વીતરાગભાવ રહે છે. એ રીતે સર્વત્ર સમદ્રષ્ટિ હોવાથી તે જીવ **<u>સાક્ષાત્ શ્રમણ</u>** થાય છે. સર્વત્ર મુનિદશા આવી જ હોય છે.

કોઈ કહે અમે સાધુ ન હોત તો તમને સાધુનાં દર્શનનો ને આહારદાનનો લાભ ક્યાંથી મળત ? માટે તમને દર્શનનો લાભ દેવા અમે સાધુ થયા છીએ— એમ કહેનારને સાધુપણું હોય નહિ. શું બીજાને લાભ દેવા માટે સાધુ થતો હશે ? સાધુ તો પોતામાં લીન રહે છે, ને પરથી નિસ્પૃહ છે. સાક્ષાત્ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા મુનિ અલ્પકાળે કેવળજ્ઞાન પામે છે. આવી મુનિદશાને ઓળખ્યા વગર ધર્મ થાય નહિ ને આવી મુનિદશા થયા વગર કોઈની મુક્તિ થાય નહિ. ॥૨૦૭॥

સાક્ષાત્ શ્રમણ થવા સુધીની વાત લીધી. નિર્વિકલ્પ દશામાંથી વિકલ્પ ઊઠે તો પાછા છઠ્ઠે ગુણસ્થાને આવે છે. તે વખતની સ્થિતિ કેવી હોય છે તે કહે છે. "અવિચ્છિન્ન સામાયિકમાં આરૂઢ થયો હોવા છતાં શ્રમણ કદાચિત્ છેદોપસ્થાપનને યોગ્ય છે," એમ હવે ઉપદેશે છે :—

<u>ગાથા ૨૦૮—૨૦૯</u>

વ્રત, સમિતિ, લુંચન, આવશ્યક, અણચેલ, ઇન્દ્રિયરોધન,
નહિ સ્નાન-દાતણ, એકભોજન, ભૂશયન, સ્થિતિભોજનં. ૨૦૮.

–આ મૂળગુણ શ્રમણો, તણા જિનદેવથી પ્રજ્ઞપ્ત છે,
તેમાં પ્રમત્ત થતાં શ્રમણ છેદોપસ્થાપક થાય છે. ૨૦૯.

છેદોપસ્થાપન બે પ્રકારના છે. એક તો સાતમા ગુણસ્થાનથી પાછા છઠ્ઠે આવ્યા તેટલો સામાયિકમાં ભંગ પડ્યો તેથી તેનું નામ છેદ છે અને છઠ્ઠે ગુણસ્થાને ૨૮ મૂળગુણમાં કાંઈ પ્રમાદ થઈ જાય તો તેને પણ છેદ કહ્યો છે.

અન્વયાર્થ :—વ્રત, સમિતિ, ઇન્દ્રિયરોધ, લોચ, આવશ્યક, અચેલપણું, અસ્નાન, ક્ષિતિશયન, અદંતધાવન, ઊભાં ઊભાં ભોજન અને એક વખત આહાર—આ ખરેખર શ્રમણોનાં મૂળગુણો જિનવરોએ કહ્યાં છે, તેમાં પ્રમત્ત થયો થકો મુનિ છેદોપસ્થાપક થાય છે.

છઠ્ઠે ગુણસ્થાને શુભવૃત્તિ આવે ત્યાં આ ૨૮ મૂળગુણ સિવાય બીજી વૃત્તિ ન હોય. આ ૨૮ મૂળગુણ તે વ્યવહારથી છે, ને પરમાર્થે તો સ્વરૂપમાં ઠરવું તે એક જ મૂળગુણ છે. સામાયિકપૂર્વક છેદોપસ્થાપનની વાત કરી છે. એટલ શુભનો નિષેધ કરીને નિર્વિકલ્પ સામાયિકદશા થઈ ગઈ છે. પછી વિકલ્પ ઊઠતાં છઠ્ઠે ગુણસ્થાને ૨૮ મૂળગુણની શુભવૃત્તિ આવે છે. તેનું નામ છેદોપસ્થાપન છે. પણ તેમાં આ ૨૮ મૂળગુણ સિવાય વસ્ત્ર-પાત્ર વગેરેની વૃત્તિ ન હોય. મુનિદશાનું આવું સ્વરૂપ ભગવાને કહ્યું છે.

*

પ્રસાદ નં. ૧૫૯

પ્રવચનસાર ગાથા ૨૦૮—૨૦૯

(ચૈત્ર સુદ ૫, બુધવાર)

સાધુ પદ કેવું હોય? તેની આ વાત છે. પોતાને આવું સાધુ પદ પ્રગટ્યા પહેલાં પણ સાધુપદ કેવું હોય તેની ઓળખાણ તો કરવી જોઈએ. કેમ કે દેવનું સ્વરૂપ શું ? ગુરુનું સ્વરૂપ શું ? ને શાસ્ત્રનું સ્વરૂપ શું ? તે ન જાણે તો મિથ્યાત્વ ટળે નહિ. માટે મુનિનું સ્વરૂપ જાણવું જોઈએ. બાહ્યમાં પરિગ્રહરહિત થયા વિના, અને અંતરમાં ત્રણ કષાય ટળીને વીતરાગભાવ થયા વિના, મુનિદશા હોય નહિ. ભલે આત્મભાન હોય ને મતિ-શ્રુત-અવધિ એ ત્રણ જ્ઞાન પણ હોય, પરંતુ અંતરમાં આવી વીતરાગદશા થયા વિના મુનિદશા ન હોય. આ એક જ પ્રકારે મુનિદશા છે. દિગંબર શાસન સિવાય બીજામાં બીજી જાતના મુનિ હોય—એમ નથી. દિગંબરશાસન કહો કે વસ્તુનું સ્વરૂપ કહો, તે સિવાય બીજી રીતે મુનિદશા હોતી નથી. માતાએ જન્મ્યો તેવી નિર્વિકાર અને વસ્ત્રાદિરહિત દશા થયા વગર મુનિપદ માને તો તેણે ગુરુનું સ્વરૂપ જાણ્યું નથી.

જેને મુનિદશા થઈ છે તેને સર્વ સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન થઈ ગયું છે. અંતરમાં સાતમા ગુણસ્થાને નિર્વિકલ્પદશા પ્રગટે તે સામાયિક છે. મુનિને આત્મધ્યાનમાં લીન થતાં પ્રથમ સાતમું ગુણસ્થાન પ્રગટે ને પછી છઠ્ઠું આવે છે. નિર્વિકલ્પદશા વખતે એક જ મહાવ્રત છે, તેમાં શુભ વિકલ્પ પણ નથી. પછી છઠ્ઠે આવતાં પંચમહાવ્રતની શુભવૃત્તિ ઊઠે છે. એક લીલોતરીના જીવની હિંસાથી પણ આહાર લેવાની વૃત્તિ ન હોય, એવી અહિંસા હોય. કોઈ જાતનું અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય કે પરિગ્રહના સાવદ્યભાવ મુનિને હોય નહિ. આવા પંચમહાવ્રત હોય છે ને તે પંચમહાવ્રતની સાથે સાથે પાંચ સમિતિ વગેરે ૨૮ મૂળગુણો હોય જ છે.

૨૮ મૂળગુણ આ પ્રમાણે છે :—

૫ મહાવ્રત, ૫ સમિતિ, ૫ ઇન્દ્રિયનિરોધ,

૧ કેશ, ૬ આવશ્યક, ૧ અચેલકપણું, ૧ અસ્નાન, ૧ ભૂમિશયન, ૧ અદંતધાવન, ૧ ઊભાં ઊભાં ભોજન, ૧ એક વખત આહાર = ૨૮

આવા અઠ્ઠાવીસ મૂળગુણનો શુભવિકલ્પ છઠ્ઠે ગુણસ્થાને હોય છે. આનાથી વિરુદ્ધભાવ મુનિને હોય નહિ. મુનિ મુખ્યપણે જંગલમાં આત્મધ્યાનમાં જ હોય. કુંદકુંદાચાર્યદેવે તો આવી મુનિદશા કહી છે. અનંત તીર્થંકર ભગવંતોના સનાતન

માર્ગને કુંદકુંદાચાર્યદેવ જાહેર કરે છે. આનાથી વિરુદ્ધ મુનિદશા માને તો તેણે કુંદકુંદપ્રભુની ને તીર્થંકરોની આજ્ઞાને માની નથી. આવી સહજ મુનિદશા છે, તેમાં હઠ નથી. છઠ્ઠા ગુણસ્થાને આવી શુભવૃત્તિ હોય છે. અંતરમાં વીતરાગભાવ વગર નગ્નદશા થઈ જાય તે કાંઈ મુનિદશા નથી, તે તો દ્રવ્યલિંગ છે. અંતરમાં આત્માના આનંદમાં લીનતા છે ત્યાં એવો ઉદાસીન—વીતરાગભાવ સહજ થઈ ગયો છે કે દાંત સાફ કરવાનો કે વસ્ત્રાદિ લેવાનો વિકલ્પ જ ઊઠતો નથી. મુનિ તો સિંહવૃત્તિવાળા છે—ઊભા ઊભા જ આહાર કરે. શરીરમાં તેવી તાકાત ન હોય તો સંથારો કરી નાખે પણ બીજી રીતે આહાર ન લ્યે.

મુનિ એક જ વખત આહાર લ્યે, બીજી વખત આહારની વૃત્તિ પણ ન ઊઠે. આ બહારની વાત નથી પણ અંદર તે જાતનો વીતરાગભાવ થઈ ગયો છે. આ તો સંતોનો ધોખમાર્ગ છે.

જે ૨૮ મૂળગુણ છે તે નિર્વિકલ્પ સામાયિકના ભેદો છે. અભેદમાં તો નિર્વિકલ્પતા તે એક જ મૂળગુણ છે, ને વિકલ્પ ઊઠતાં ૨૮ પ્રકારો પડે છે. નિર્વિકલ્પ સામાયિકમાં સ્થિર ન હોય ત્યારે—સાતમા ગુણસ્થાને તો આ ૨૮ ભેદના વિકલ્પ પણ ન હોય. પણ જ્યારે તે નિર્વિકલ્પ દશામાં સ્થિર નથી રહી શકતા ત્યારે ૨૮ મૂળગુણના શુભવિકલ્પમાં આવે છે. ત્યાં પણ વીતરાગભાવ તો ટકી રહે છે. અકષાયભાવ ટકાવીને વિકલ્પમાં આવે છે.

“જેમ ‘કેવળ સુવર્ણમાત્રના અર્થીને કુંડળ, કંકણ, વીંટી વગેરેનું ગ્રહણ કરવું (પણ) શ્રેય છે, પરંતુ એમ નથી કે (કુંડળ વગેરેનું ગ્રહણ કદી નહિ કરતાં) સર્વથા સુવર્ણની જ પ્રાપ્તિ કરવી તે જ શ્રેય છે’ એમ વિચારીને તે મુળગુણોમાં વિકલ્પરૂપે (ભેદરૂપે) પોતાને સ્થાપતો થકો છેદોપસ્થાપક થાય છે.” (પ્ર પૃ. ૩૪૩)

સાતમા ગુણસ્થાને નિર્વિકલ્પ સામાયિક તે તો એકલું સોનું છે, ને છઠ્ઠે ગુણસ્થાને આવે છે ત્યારે ૨૮ મૂળગુણના શુભવિકલ્પ ઊઠે છે તે સુવર્ણના પર્યાયો છે, કેમ કે તે શુભવિકલ્પ વખતે પણ અંદર ઘણો અકષાયભાવ તો પડ્યો જ છે.

અહો મુનિદશા ! ક્ષણે ક્ષણે વિકલ્પ તોડીને અંદરમાં એવા લીન થાય છે કે હમણાં કેવળજ્ઞાન લીધું કે લેશે ? કેવળજ્ઞાન લેવાની ઝપટ મારે છે. જ્યારે નિર્વિકલ્પપણે ન રહી શકે ત્યારે છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ ઊઠે છે ને ૨૮ મૂળગુણનો શુભરાગ ઊઠે છે. ત્યાં હઠ નથી કે શુભવિકલ્પ ન જ આવે ! શુભ વિકલ્પ આવે છતાં વીતરાગભાવ ટકી રહે છે, તે અપેક્ષાએ ૨૮ મૂળગુણને પણ સામાયિકસંયમના ભેદો કહ્યા છે. મુનિ છઠ્ઠા ગુણસ્થાન વખતે તેવા શુભરાગમાં રહે

છે, તેનું નામ છેદોપસ્થાપન છે. મૂળ એક નિર્વિકલ્પ સંયમમાં છેદ થઈને ૨૮ મૂળગુણની વૃત્તિ ઊઠી છે, માટે તે મુનિ છેદોપસ્થાપક છે.

હવે મુનિને દીક્ષા દેનાર જેમ બીજા હોય છે તેમ છેદોપસ્થાપક પર પણ હોય છે. તે કહે છે :–

ગાથા ૨૧૦

જે લિંગગ્રહણે સાધુપદ દેનાર તે ગુરુ જાણવા;
છેદદ્વયે સ્થાપન કરે તે શેષ મુનિ નિર્યાપકા. ૨૧૦.

અન્વયાર્થ :—લિંગગ્રહણ વખતે જે પ્રવજ્યાદાયક (દીક્ષા દેનાર) છે તે તેમના ગુરુ છે અને જે છેદદ્વયે ઉપસ્થાપક છે [એટલે કે (૧) જે ભેદોમાં સ્થાપિત કરે છે તેમ જ (૨) જે સંયમમાં છેદ થતાં ફરી સ્થાપિત કરે છે] તે શેષ શ્રમણો નિર્યાપક છે.

સાતમામાંથી છઠ્ઠે આવ્યા તે પોતાના ઉપાદાનની લાયકાત છે, તે વખતે નિમિત્ત કેવું હોય ? તેની વાત ભેગી કરે છે. જે દીક્ષા દેનાર છે. તે ગુરુ છે ને છઠ્ઠે ગુણસ્થાને આવતાં સામાયિક વગેરેનું સ્વરૂપ સંભળાવનાર બીજા પણ હોય છે, તેથી છેદોપસ્થાપક પર પણ હોય છે.

૨૮ મૂળગુણની વૃત્તિ ઊઠે તેટલો પણ નિશ્ચય સંયમમાં છેદ છે, તો પછી બીજા ભાવોની તો વાત જ શી ? આથી વિરુદ્ધભાવો આવે ત્યાં તો મુનિદશા હોતી જ નથી.

છેદ બે પ્રકારના છે. (૧) નિર્વિકલ્પ સંયમમાં ૨૮ મૂળગુણનો વિકલ્પ ઊઠે તે છેદ છે અને (૨) છઠ્ઠે ગુણસ્થાને ૨૮ મૂળગુણમાં કાંઈક અતિચાર લાગે તે પણ છેદ છે.

ટીકા :—જે આચાર્ય લિંગગ્રહણ-કાળે નિર્વિકલ્પ સામાયિકસંયમના પ્રતિપાદક હોવાથી પ્રવજ્યાદાયક છે, તે ગુરુ છે અને ત્યારપછી તુરત જે (આચાર્ય) સવિકલ્પ છેદોપસ્થાપનસંયમના પ્રતિપાદક હોવાથી 'છેદ પ્રત્યે ઉપસ્થાપક (–ભેદમાં સ્થાપનાર) છે, તે નિર્યાપક છે; તેમ જ જે (આચાર્ય) છિન્ન સંયમના પ્રતિસંધાનની વિધિના પ્રતિપાદક હોવાથી 'છેદ થતાં ઉપસ્થાપક (–સંયમમાં છેદ થતાં ફરી તેમાં સ્થાપિત કરનાર)' છે, તે પણ નિર્યાપક જ છે. તેથી છેદોપસ્થાપક પર પણ હોય છે.

નિર્વિકલ્પ સામાયિકમાં ન રહી શકે ને છઠ્ઠે આવે ત્યાં બીજા મુનિ કહે કે : હે મુનિ ! અંતરમાં નિર્વિકલ્પ અપ્રમત્ત ભાવમાં ઝૂલવું તે જ મુનિદશા છે. એમ ઉપદેશ

સાંભળી ને પાછા નિર્વિકલ્પ થઈ જાય, ત્યાં બીજા મુનિને છેદોપસ્થાપક કહેવાય છે. અથવા ૨૮ મૂળગુણમાં કાંઈ અતિચાર લાગે તેને પ્રાયશ્ચિત્ત વગેરે આપીને તે અતિચાર દૂર કરાવે તેને પણ છેદોપસ્થાપક કહેવાય છે. બીજા નિર્યાપક છે એમ કહ્યું તે તો નિમિત્તથી છે. ચરણાનુયોગમાં નિમિત્તનું પણ જ્ઞાન કરાવ્યું છે. ગુરુ નિર્યાપક છે તેનો અર્થ એવો નથી કે ગુરુ આના સંયમનો નિર્વાહ કરી દ્યે છે. પણ પોતે પોતાના સંયમનો નિર્વાહ કરે છે ત્યાં નિમિત્ત તરીકે ગુરુને પણ નિર્યાપક કહેવાય છે.

ઉપદેશ દેનાર ગુરુ પણ ૨૮ મૂળગુણથી વિરુદ્ધ ઉપદેશ દેનારા ન હોય.

છેદોપસ્થાપકના બે અર્થ છે : (૧) જે 'છેદ (–ભેદ) પ્રત્યે ઉપસ્થાપક' છે અર્થાત્ જે ૨૮ મૂળગુણરૂપ ભેદો સમજાવી તેમાં સ્થાપિત કરે છે તે છેદોપસ્થાપક છે; તેમ જ (૨) જે 'છેદ થતાં ઉપસ્થાપક' છે એટલે કે સંયમ છિન્ન (ખંડિત) થતાં ફરી તેમાં સ્થાપિત કરે છે તે પણ છેદોપસ્થાપક છે.

વસ્ત્રસહિત મુનિદશા માને તો તેણે તીર્થંકર ભગવાનને પણ તેવું કહેનારા માનવા પડે, ને શાસ્ત્રને પણ તેવાં જ માનવાં પડે. એ રીતે તેની શ્રદ્ધામાં દેવ-ગુરુ ને શાસ્ત્ર ત્રણેના સ્વરૂપમાં વિપરીતતા થઈ જાય છે, તેમાં તો ગૃહીત મિથ્યાત્વ છે. અહો, મુનિદશાનું સમ્યક્ત્વ, તેની આત્મામાં ઝૂલતી ચારિત્રદશા, ને તેની કેવળજ્ઞાન લેવાની તૈયારી !—આવી મુનિદશાને વિપરીત મનાવે તે કુંદકુંદ ભગવાનનો વિરોધ કરે છે. એકબાજુથી કુંદકુંદ ભગવાનને મહાન કહેવા ને વળી વસ્ત્રસહિત મુનિદશા માનવી તે બે વાતને મેળ નથી. કેમ કે કુંદકુંદ ભગવાન તો કહે છે કે વસ્ત્રસહિત મુનિપણું ત્રણકાળમાં હોય જ નહિ. વસ્તુસ્વરૂપનો ભગવાને કહેલો ને સંતોએ અનુભવેલો મુનિદશાનો માર્ગ આ જ છે, આ સિવાય બીજો માર્ગ છે જ નહિ. વસ્ત્રરહિત પણ મુનિ હોય ને વસ્ત્રસહિત પણ મુનિ હોય—એમ બે પ્રકાર નથી. મુનિને નિર્ગ્રંથ કહેવાય છે—એટલે અંતરમાં તો તેને ત્રણ કષાયની ગાંઠ તૂટી ગઈ છે ને બાહ્યમાં વસ્ત્રાદિ પરિગ્રહનો અભાવ છે.—આવી દશા હોય તો જ વીતરાગમાર્ગમાં મુનિપણું છે. ॥૨૧૦॥

હવે છિન્ન સંયમના પ્રતિસંધાનની વિધિ ઉપદેશે છે :—

ગાથા ૨૧૧—૨૧૨

જો છેદ થાય પ્રયત્ન સહકૃત કાયની ચેષ્ટા વિષે,
આલોચનાપૂર્વક ક્રિયા કર્તવ્ય છે તે સાધુને. ૨૧૧.
છેદોપયુક્ત મુનિ, શ્રમણ વ્યવહારવિજ્ઞ કને જઈ,
નિજ દોષ આલોચન કરી, શ્રમણોપદિષ્ટ કરે વિધિ. ૨૧૨.

અંતરની ઘણી વીતરાગદશાપૂર્વક મુનિદશાનો યથાર્થ વ્યવહાર કેવો હોય ને નિમિત્ત કેવાં હોય તે આ ચરણાનુયોગમાં વર્ણવ્યું છે.

અર્થ :—જો શ્રમણને પ્રયત્નપૂર્વક કરવામાં આવતી કાયચેષ્ટાને વિષે છેદ થાય છે તો તેણે તો આલોચનાપૂર્વક ક્રિયા કરવી જોઈએ.

(પરંતુ) જો શ્રમણ છેદમાં ઉપયુક્ત થયો હોય તો તેણે જિનમતને વિષે વ્યવહારકુશળ શ્રમણ પાસે જઈને, આલોચન કરીને (–પોતાના દોષનું નિવેદન કરીને), તેઓ જે ઉપદેશે તે કરવું જોઈએ.

મુનિને (મુનિત્વોચિત) શુદ્ધોપયોગ તે અંતરંગ અથવા નિશ્ચય પ્રયત્ન છે અને તે શુદ્ધોપયોગદશામાં વર્તતો જે (હઠ વગરનો) દેહચેષ્ટાદિક સંબંધી શુભોપયોગ તે બહિરંગ અથવા વ્યવહાર પ્રયત્ન છે (શુદ્ધોપયોગદશા ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે; તે શુભોપયોગ વ્યવહાર—પ્રયત્નપણાને પણ પામતો નથી.)

અંતરમાં વીતરાગભાવ વગર ૨૮ મૂળગુણના એકલા શુભવિકલ્પ જ કરતો હોય તો તે છઠ્ઠી ભૂમિકાને યોગ્ય શુભોપયોગ નથી, પણ હઠપૂર્વકનો શુભઉપયોગ છે. સહજ શુદ્ધોપયોગીદશાપૂર્વક છઠ્ઠા ગુણસ્થાને શુભ વિકલ્પ થાય તે શુભોપયોગનો વ્યવહાર પ્રયત્ન છે. અંતરમાં કષાય રહિતપણાનો નિશ્ચય પ્રયત્ન હોય ત્યાં જ શુભને વ્યવહારપ્રયત્ન કહેવાય. અંતરમાં વીતરાગભાવ વગરના એકલા શુભને તો મુનિદશાનો વ્યવહારપ્રયત્ન પણ કહેવાતો નથી. અંદરમાં વીતરાગી ભાવ ટકાવી રાખીને ૨૮ મૂળગુણની વૃત્તિ ઊઠી તો તેને વ્યવહાર પ્રયત્ન કહ્યો. મુનિદશા તો અંતરના વીતરાગભાવથી જ ટકી છે.

જ્ઞાતાદ્રષ્ટાસ્વરૂપમાં રમણતા છે, ત્યાં સહજ પ્રમાદથી દોષ થઈ જાય તો નિર્દોષપણે નિવેદન કરી તે દોષ ટાળી નાખે છે. છે તો ક્રમબદ્ધ, સહેજ દોષ થયો તે પણ ક્રમબદ્ધ છે, અંદરમાં જ્ઞાતા સ્વભાવ તરફ દ્રષ્ટિ ને એકાગ્રતા છે, તેના જોરે તે ટળી જાય છે. ચરણાનુયોગમાં તો વ્યવહારનાં કથન આવે, પણ વસ્તુસ્વરૂપમાં તો વિકલ્પનો પણ જ્ઞાતા-દ્રષ્ટાભાવ ઊભો છે.

ટીકા :—"સંયમનો છેદ બે પ્રકારનો છે : બહિરંગ અને અંતરંગ. તેમાં, માત્ર કાયચેષ્ટાસંબંધી તે બહિરંગ છે અને ઉપયોગસંબંધી તે અંતરંગ છે." નિશ્ચયથી કોઈ કાયચેષ્ટાથી દોષ થતો નથી. તેમ જ કાયચેષ્ટાને આત્મા કરી શકે છે—એમ પણ નથી. પણ નિમિત્ત તરીકે કાયાની ચેષ્ટામાં કાંઈ ફેર પડી ગયો, ક્યાંક લીલોતરી ઉપર પગ આવી ગયો, ત્યાં મુનિના ભાવમાં તો દોષ નથી તો તેને

બહિરંગ છેદ કહેવાય છે. ને જો અંતરંગના શુભભાવમાં કાંઈ પ્રમાદ થઈ જાય તો તેને અંતરંગ છેદ કહેવાય છે.

‘‘ત્યાં જો સમ્યક્ ઉપયુક્ત શ્રમણને પ્રયત્નકૃત કાયચેષ્ટાનો કથંચિત્ બહિરંગ છેદ થાય છે, તો તે સર્વથા અંતરંગ છેદથી રહિત હોવાને લીધે આલોચનાપૂર્વક ક્રિયાથી જ તેનો પ્રતિકાર (ઇલાજ) થાય છે.’’

અંદરમાં ઉપયોગનો તો દોષ થતો નથી, ભૂમિકા પ્રમાણે શુદ્ધ ને શુભ બન્ને બરાબર છે, માત્ર શરીરની ચેષ્ટામાં ફેર પડ્યો છે, ત્યાં પોતાને પોતાના પરિણામની તો શંકા નથી, એટલે અંતરંગ છેદ તો જરાય નથી, માત્ર બહિરંગ છેદ છે, તેથી આલોચનાપૂર્વક ક્રિયાથી તે છેદ ટળી જાય છે.

‘‘પરંતુ જો તે જ શ્રમણ ઉપયોગસંબંધી છેદ થવાને લીધે સાક્ષાત્ છેદમાં જ ઉપયુક્ત થાય છે, તો જિનોક્ત વ્યવહારવિધિમાં કુશળ શ્રમણના આશ્રયે, આલોચનપૂર્વક, તેમણે ઉપદેશેલા અનુષ્ઠાન વડે (સંયમનું) પ્રતિસંધાન થાય છે.’’

ને અંતરંગ છેદ થાય એટલે કે અંદર વિકલ્પમાં કાંઈ ફેર પડી ગયો તો ગુરુ પાસે નિવેદન કરીને તેમના ઉપદેશેલા ઉપવાસાદિ અનુષ્ઠાન વડે તે છેદ ટાળે છે.

મૂળ તો અંદર આત્માનું ભાન ને સ્થિરતા છે તે જ મુનિદશા છે, પણ ત્યાં શુભવિકલ્પ કેવો હોય તથા તેનાં નિમિત્ત કેવાં હોય, તેનું જ્ઞાન કરાવવા આ વર્ણન કર્યું છે.

*

પ્રસાદ નં. ૧૬૦

પ્રવચનસાર ગાથા ૨૧૨

(ચૈત્ર સુદ ૬, ગુરુવાર)

મુનિદશા કેવી હોય, તેની આ વાત છે. મુનિને અંતરના આનંદમાં સ્થિરતા હોય તેનું નામ સ્વસ્થભાવ છે; મુનિ તો અંતરના જ્ઞાનના આનંદમાં એકદમ મશગૂલ છે, તેમાં શુભાશુભની વૃત્તિ પણ નથી. એવો વીતરાગી સ્વસ્થ ભાવ અંતરમાં ટકાવી રાખીને, બહારમાં શરીરની હલનચલન વગેરે ક્રિયામાં સહેજ ફેરફાર પડ્યો હોય તો તે માત્ર બાહ્ય છેદ છે, અને તે તો અંતરમાં તેની આલોચના કરવાથી ટળી જાય છે. શરીરની ક્રિયા ઉપર એમ લક્ષ ગયું કે આ આમ થયું, ત્યાં શુભ વિકલ્પથી તેનો વિચાર કરી જાય, તેટલાથી જ બાહ્ય છેદનું પ્રાયશ્ચિત થઈ જાય છે. શુદ્ધ ઉપયોગમાંથી બહાર નીકળીને છઠ્ઠે શુભવિકલ્પ ઊઠ્યો તેટલે અંશે સ્વભાવથી ખસ્યો, માટે ત્યાં શરીરની ક્રિયાને નિમિત્ત તરીકે બાહ્ય છેદમાં ગણી છે, તે છેદ ટાળવા સ્વરૂપ તરફનો વિચાર કરવો—એવી અહીં વાત છે. કાંઈ છઠ્ઠી ભૂમિકામાં દોષ લાગ્યો નથી. શરીરની ચેષ્ટા કાંઈ આત્માની નથી. તેમ જ તે ચેષ્ટાનો દોષ આત્માને લાગ્યો નથી. પણ શુભ વિકલ્પ ઊઠતાં પોતાનું લક્ષ શરીરની ચેષ્ટા ઉપર ગયું છે ત્યારે તેમાં કાંઈ ફેરફાર હોય તો તેનું આલોચન કરવાની વાત કરી છે. કેમ કે તેને અંદરના ભાવમાં તો દોષ લાગ્યો નથી. પણ જો અંદરના ભાવમાં દોષ લાગે, ને સ્વસંવેદનની ભૂમિકાથી ચ્યૂત થાય તો આચાર્ય પાસે જઈને નિર્દોષપણે નિવેદન કરીને પ્રાયશ્ચિત્ત લ્યે છે. અહો ! મુનિઓ અંદર તો જ્ઞાતાદ્રષ્ટા ભાવમાં રાગના પણ કર્તા નથી, એકદમ ઉદાસીન પરિણામ વર્તે છે. દ્રવ્યનું જ અવલંબન છે. ક્રમસર પર્યાય થાય છે તેના જ્ઞાતા છે, તેમાં ફેરફાર કરવાની બુદ્ધિ નથી, એક ચૈતન્ય દ્રવ્યમાં જ પ્રતિબદ્ધ છે. અસંખ્યપ્રદેશી જ્ઞાનપિંડમાં જ લીનતા છે, ત્યાં વિકલ્પ ઊઠતાં પરિણામની કેટલી સરળતા છે. તેની આ વાત છે. અહો મુનિરાજ ભગવાનને સ્વભાવ તરફની એકદમ ઉગ્રતા વર્તે છે.

જેના રૂંવાટે રૂંવાટે વૈરાગ્યની ધારા વહેતી હોય, જેને દેખતાં જ એમ લાગે કે જાણે જગતના પરમેશ્વર હોય, આત્માના અસંખ્ય પ્રદેશે નિર્વિકલ્પ આનંદની ધારા વહે છે, અંદરના સ્વરૂપમાં ઝૂલે છે.....આવા મુનિ જગતના ધર્મપિતા છે. અહો ! અત્યારે તો અહીં આવા વીતરાગી સંતમુનિના દર્શન પણ નથી.....આવી મુનિદશાનું સ્વરૂપ સમજવું પણ અત્યારે લોકોને કઠણ થઈ પડ્યું છે. ॥૨૧૨॥

હવે શ્રામણ્યના છેદનાં આયતનો હોવાથી પરદ્રવ્ય—પ્રતિબંધો નિષેધવા યોગ્ય છે એમ ઉપદેશે છે :—

ગાથા ૨૧૩

પ્રતિબંધ પરિત્યાગી સદા અધિવાસ અગર વિવાસમાં,
મુનિરાજ વિહરો સર્વદા થઈ છેદહીન શ્રામણ્યમાં. ૨૧૩.

શુદ્ધ ઉપાદાન તરીકે ચિદાનંદ આત્મસ્વરૂપમાં સન્મુખ રહે છે, ને નિમિત્ત તરીકે શ્રીગુરુની સમીપમાં તેમના ચરણે વસે છે; અને કાં તો ગુરુની આજ્ઞા લઈને એકાંતમાં વસે છે, સ્વચ્છંદે વર્તતો નથી. ચિદાનંદ સ્વરૂપની રમણતામાં પ્રતિબંધ આવવા દેતો નથી....મુનિદશા તે તો મહા દશા છે, પુરુષને પણ તે દશા દુર્લભ છે, ને સનાતન વીતરાગમાર્ગમાં સ્ત્રીપણામાં આવી મુનિદશા હોતી નથી. તેને બહુ બહુ તો પાંચમું ગુણસ્થાન આવે ને અર્જિકા થાય, પણ છઠ્ઠા—સાતમા ગુણસ્થાને ઝૂલતી મુનિદશાનો ઊગ્ર પુરુષાર્થ તેને હોતો જ નથી.

અહા! ચોવીસે કલાક જેના અંતરમાં એક આત્મા જ....આત્મા....ને આત્માનું જ રટણ છે, ઊગ્રપણે આત્માના ધ્યાનમાં ઘણો વખત રહે છે, નિંદ્રા પણ અમુક વખત બહુ અલ્પ છે....એક કલાક પણ પૂરી નિંદ્રા હોય નહિ, એટલી તો મુનિઓની જાગૃતદશા છે. અત્યારે આવા મુનિ દેખાતા નથી. મુનિને ચૈતન્યની એવી જાગૃતદશા છે કે નિંદ્રા ઊડી ગઈ છે. સાતમે તો નિંદ્રા હોય જ નહિ ને છઠ્ઠાનો કાળ અંતર્મુહૂર્તથી વિશેષ હોય નહિ. મુનિને નિદ્રાનો પણ પ્રતિબંધ નથી, શરીરમાં બહુ થાક લાગ્યો માટે ઘણો વખત બે-ત્રણ કલાક સુધી ઊંઘી જાય—એવી મુનિની દશા ન હોય.

ટીકા :—"ખરેખર બધાય પરદ્રવ્ય—પ્રતિબંધો ઉપયોગના ઉપરંજક હોવાથી નિરુપરાગ ઉપયોગરૂપ શ્રામણ્યના છેદનાં આયતનો છે; તેમના અભાવથી જ અચ્છિન્ન શ્રામણ્ય હોય છે." (પ્ર.પૃષ્ઠ ૩૪૮)

જુઓ આ મુનિ દશા !

મુનિ તો સર્વજ્ઞસ્વભગવાનના દીવાન છે, કેવળજ્ઞાન લેવાની તૈયારીમાં છે. એક વખત આહાર લીધો, પછી આહાર—પાણીની વૃત્તિ ન ઊઠે. ગમે તેવા ધોમ તડકામાં પણ પાણીની વૃત્તિ નથી ઊઠતી. અંદરમાં ચૈતન્યના આનંદના અનુભવમાં રસબોળ વર્તે છે, ત્યાં તૃષા કેવી? ચૈતન્યથી બહાર પરપદાર્થ ઉપર વૃત્તિ જાય તે ચૈતન્યને ઉપરાગ—મલિનતા કરનારી છે. ચૈતન્યનો ઉપયોગ ઓપિત—શોભિત થઈ ગયો છે. વ્યાખ્યાન કરતાં કરતાં કે આહાર કરતાં કરતાં પણ વચ્ચે સાતમા ગુણસ્થાને નિર્વિકલ્પ અનુભવ થઈ જાય છે.....વારંવાર

ચૈતન્યગોળો અંદરમાં છૂટો અનુભવે છે. **આવી મુનિની ક્રિયા છે. બહારમાં આ લેવું ને મૂકવું તે ખરેખર મુનિની ક્રિયા નથી. મુનિની ક્રિયા જોવી હોય તો અંદરમાં આ સમજવું.**

નગ્નવેશમાં કે શુભરાગમાં ખરેખર સાધુ પદ નથી; અંદરમાં એકદમ શુદ્ધોપયોગની જમાવટ થઈ ગઈ છે તેનું નામ સાધુ પદ છે. તે શુદ્ધોપયોગનો જ્યાં અભાવ છે ત્યાં જ શ્રામણ્યનો છેદ છે. શુદ્ધોપયોગમાં છેદ ન પડે ને ચૈતન્યમાં લીનતા ટકી રહે ત્યાં અચ્છિન્ન શ્રામણ્ય છે. માટે શ્રમણોએ પોતાના આત્માને આત્મામાં જ સ્થાપીને તેમાં વસવું. આત્માને વ્રતના રાગમાં સ્થાપવાનું કહ્યું નથી કેમ કે તે પણ વિકાર છે. ઉપાદાન તરીકે અંદરમાં શુદ્ધાત્મામાં જ વસવાનું કહ્યું ને નિમિત્ત તરીકે શ્રીગુરુઓને ગુરુપણે સ્થાપીને તેમની સમીપમાં વસવું. અથવા ગુરુની આજ્ઞા અનુસાર બીજા સ્થાનમાં વસવું. પણ જે રીતે પરદ્રવ્યનો પ્રતિબંધ ન થાય ને શુદ્ધોપયોગ ભાવમાં છેદ ન પડે, તે રીતે શ્રમણો વર્તો !

આ રીતે શ્રમણોને પરદ્રવ્યના પ્રતિબંધનો અભાવ હોય છે તે વાત કરી. હવે કહે છે કે એક સ્વદ્રવ્યથી પ્રતિબદ્ધ થઈને શ્રમણો વર્તે છે. ॥૨૧૩॥

હવે, શ્રામણ્યની પરિપૂર્ણતાનું આયતન હોવાથી સ્વદ્રવ્યમાં જ પ્રતિબંધ (સંબંધ, લીનતા) કરવાયોગ્ય છે, એમ ઉપદેશે છે :—

ગાથા ૨૧૪

જે શ્રમણ જ્ઞાન-દ્રગાદિકે પ્રતિબદ્ધ વિચરે સર્વદા;
ને પ્રયત મૂળગુણે વિશે, શ્રામણ્ય છે પરિપૂર્ણ ત્યાં. ૨૧૪.

અર્થ :—જે શ્રમણ સદા જ્ઞાનમાં અને દર્શનાદિકમાં પ્રતિબદ્ધ તથા મૂળગુણોમાં પ્રયત (પ્રયત્નશીલ) વિચરે છે, તે પરિપૂર્ણ શ્રામણ્યવાળો છે.

મુનિ તો વસ્તુસ્વભાવમાં લીન થઈ ગયા છે, એટલે સ્વદ્રવ્યમાં જ પ્રતિબદ્ધ થઈ ગયા છે, તથા મૂળગુણોમાં પ્રયત્નશીલ વિચરે છે, તેઓ જ પરિપૂર્ણ શ્રામણ્યવાળા છે. જ્યાં સ્વદ્રવ્યમાં લીનતા ન હોય ત્યાં તો શ્રમણપણું હોતું નથી.

ટીકા

"એક સ્વદ્રવ્ય—પ્રતિબંધ જ, ઉપયોગનું માર્જન (શુદ્ધત્વ) કરનારો હોવાથી, માર્જિત (–શુદ્ધ) ઉપયોગરૂપ શ્રામણ્યની પરિપૂર્ણતાનું આયતન છે." (પ્ર. પૃષ્ઠ ૩૪૯)

સ્વદ્રવ્યમાં લીનતારૂપ એક શુદ્ધોપયોગ જ આત્માને શુદ્ધતા કરનારો છે. એ સિવાય કોઈ નિમિત્તનો પ્રતિબંધ કે શુભરાગ તે આત્માને શુદ્ધતા કરનારા નથી. શુદ્ધઉપયોગરૂપ સાધુપણાની પરિપૂર્ણતાનું સ્થાન તો એક માત્ર સ્વદ્રવ્યમાં લીનતા

જ છે. હજી સ્વદ્રવ્યનું ભાન પણ ન હોય, તેને મુનિદશા કેવી ? મુનિદશા રહેવાનું ઘર તો એક આત્મદ્રવ્ય જ છે. ૨૮ મૂળગુણની વૃત્તિ ઊઠે તે પણ ખરેખર શ્રામણ્યદશાનું ઘર નથી. સ્વદ્રવ્યમાં પ્રતિબદ્ધ થયો ત્યાં જ શ્રામણ્યની પરિપૂર્ણતા છે.

"માટે સદાય જ્ઞાનમાં અને દર્શનાદિકમાં પ્રતિબદ્ધ રહીને મૂળગુણોમાં પ્રયતપણે વિચરવું;—જ્ઞાનદર્શનસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યમાં પ્રતિબદ્ધ એવા શુદ્ધ અસ્તિત્વમાત્રપણે વર્તવું એમ તાત્પર્ય છે." (પ્ર. પૃષ્ઠ ૩૪૯)

શુદ્ધ ચૈતન્યસત્તામાં વર્તવું તેનું નામ સાધુપણું છે. શુભરાગમાં વર્તવું તેનું નામ સાધુપણું નથી. ઘણા લોકોએ તો આવું સાધુપણું કદી સાંભળ્યું પણ નહિ હોય ! આત્મા તો જ્ઞાનદર્શનસ્વભાવી છે, એવા આત્મામાં લીન થઈને વર્તવું તે જ મુનિપણાનું તાત્પર્ય છે. પંચમહાવ્રતના વિકલ્પ ઊઠે તે મુનિપણાનું તાત્પર્ય નથી કે વિકલ્પો હોય છે પણ તાત્પર્ય તો શુદ્ધોપયોગ ટકાવવાનું જ છે. હજી આવું મુનિપણું જાણે નહિ ને આનાથી ઊંધું માને તેને તો સાચા માર્ગની શ્રદ્ધા પણ નથી. આ માર્ગ નવો નથી પણ અનાદિનો છે. આ માર્ગ તીર્થંકરો અનાદિથી કહેતા આવ્યા છે, સંતો સેવતા આવ્યા છે. અત્યારે મહાવિદેહમાં આવો જ માર્ગ ધોખપણે વર્તી રહ્યો છે. સીમંધર ભગવાન આવો જ માર્ગ ઉપદેશી રહ્યા છે ને આવો માર્ગ પાળનારા હજારો–લાખો સંતો–મુનિઓ ત્યાં અત્યારે મોજૂદ છે. અહીં શાસ્ત્રમાં એ મુનિદશાનું ચિત્રપટ બતાવાય છે કે જુઓ ! મુનિદશા તો આવી હોય, બીજી રીતે ન હોય. બે હજાર વર્ષ પહેલાં શ્રી કુંદકુંદાચાર્ય ભગવાને આ વાત કરી છે, ને અમૃતચંદ્રાચાર્યે ૧૦૦૦ વર્ષ પહેલાં તેની ટીકા કરી છે, ને તે જ માર્ગ અત્યારે અહીં કહેવાય છે. પહેલાં આવી શ્રદ્ધા કરો. ભલે મુનિદશા ન હોય—પણ પહેલાં તેની યથાર્થ ઓળખાણ તો કરો. આ સિવાય બીજા માર્ગે ધર્મ થશે નહિ.

જૈનદર્શનમાં મુનિપણું ન હોય તો કાંઈ દંડ નથી. ભલે મુનિપણું ન હોય, પણ શ્રદ્ધા તો આવી જ રાખવી જોઈએ. જો આવી શ્રદ્ધા કરે તો પણ તે સાચા માર્ગે છે. પણ જો શ્રદ્ધા ઊંધી કરે તો તેની શ્રદ્ધામાં દોષ આવશે.

અહો ! આ માર્ગ તો અનંત સંતોએ સેવેલો, અનંતા સર્વજ્ઞ તીર્થંકરોએ કહેલો, ગણધરોએ ઝીલેલો, ઇન્દ્રો અને ચક્રવર્તીઓએ આદરેલો માર્ગ છે. આ માર્ગ ત્રણકાળમાં ફરે તેમ નથી. આ માર્ગથી બીજી રીતે માને તેની શ્રદ્ધા મિથ્યા થશે. ॥૨૧૪॥

હવે, મુનિજનને નજીકનો સૂક્ષ્મપરદ્રવ્યપ્રતિબંધ પણ, શ્રામણ્યના છેદનું આયતન હોવાથી, નિષેધ્ય છે એમ ઉપદેશે છે :—

ગાથા ૨૧૫

મુનિ ક્ષપણ માંહી, નિવાસસ્થાન, વિહાર વા ભોજન મહીં,
ઉપધિ—શ્રમણ વિકથા મહીં પ્રતિબંધને ઇચ્છે નહીં. ૨૧૫.

આગમવિરુદ્ધ આહારવિહારાદિ તો મુનિએ છોડ્યા હોવાથી તેમાં પ્રતિબંધ થવો તે તો મુનિને દૂર છે; પરંતુ આગમકથિત આહાર વિહારાદિમાં મુનિ પ્રવર્તે છે તેથી તેમાં પ્રતિબંધ થઈ જવો સંભવિત હોવાથી તે પ્રતિબંધ નજીકનો છે.

અર્થ:—મુનિ આહારમાં ક્ષપણમાં (ઉપવાસમાં), આવસથમાં (નિવાસસ્થાનમાં), વિહારમાં, ઉપધિમાં (પરિગ્રહમાં), શ્રમણમાં (અન્ય મુનિમાં) અથવા વિકથામાં પ્રતિબંધ ઇચ્છતો નથી.

અશુભની તો વાત જ નથી. પણ ભૂમિકાના પ્રમાણમાં જે શુભરાગ હોય, તે રાગમાં પણ પ્રતિબદ્ધનો નિષેધ છે એટલે નિર્દોષ આહાર, વિહાર વગેરેમાં પણ ક્યાંય પરિણામનો પ્રતિબદ્ધ ન થઈ જાય, છૂટા ને છૂટા રહે—એવી મુનિની વીતરાગદશા હોય છે. અંતરબાહ્ય જેની મહા નિર્ગ્રંથદશા છે, ક્યારેક નિર્દોષ આહારની વૃત્તિ ઊઠે, અથવા મહિના મહિનાના ઉપવાસ થયા હોય, વિહાર થાય કે બીજા મુનિઓનો સંગ, 'વિકથા' મોરપીંછ ને કમંડળ—તેમાં ક્યાંય મુનિને પ્રતિબદ્ધ ન હોય.....શુભરાગમાં પણ ઉપયોગની મલિનતા થાય છે, માટે તેટલો પ્રતિબદ્ધ પણ થવા દેવો યોગ્ય નથી.

છદ્મસ્થ મુનિને ધાર્મિક કથાવાર્તા કરતાં પણ નિર્મળ ચૈતન્ય વિકલ્પયુક્ત થવાથી અંશે મલિન થાય છે, તેથી તે ધાર્મિક કથાને પણ વિકથા એટલે કે શુદ્ધાત્મદ્રવ્યથી વિરુદ્ધ કથા કહી છે.

સ્ત્રી આદિની વિકથા તો પાપ છે, તેવી વિકથા તો મુનિને હોય જ નહિ, પણ બીજા સાથે શાસ્ત્રની ચર્ચા વગેરે કથામાં પણ શુભવિકલ્પ છે, ને તેટલે અંશે અંદરનો શુદ્ધોપયોગ રંજિત થાય છે, માટે તે શુભરાગ થાય તેમાંય મુનિએ પ્રતિબદ્ધ થવા જેવું નથી. સ્વદ્રવ્યના શુદ્ધોપયોગમાં જ પ્રતિબદ્ધ થવા જેવું છે....આવા મુનિપણામાં તો આનંદની લહેર છે.

*

પ્રસાદ નં. ૧૬૧

પ્રવચનસાર ગાથા ૨૧૫

(ચૈત્ર સુદ ૭, શુક્રવાર)

જેને આત્માનું કલ્યાણ કરવું હોય તેણે પ્રથમ શરીરાદિ પરદ્રવ્યથી જુદો આત્મા છે તેને ઓળખીને, અંતર્મુખ સ્વભાવની દ્રષ્ટિ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું, તે પહેલો ધર્મ છે. પ્રથમ એવું સમ્યગ્દર્શન થાય ત્યારપછી જ મુનિદશા હોય. તે મુનિદશાનું આ વર્ણન છે; આવી મુનિદશા વગર કેવળજ્ઞાન હોતું નથી. મુનિઓને અંતરસ્વભાવમાં રમણતાપૂર્વક બાહ્યમાં તદ્દન નિર્ગ્રંથદશા થઈ ગઈ છે, તેમને પરદ્રવ્યના પ્રતિબંધ વગરની દશા કેવી હોય છે ? તે કહ્ છે. ઉપાદાનમાં શુદ્ધભાવ પ્રગટે ત્યાં બાહ્યમાં નિમિત્ત કેવું હોય, તે પણ જાણવું જોઈએ. અંદરમાં ચૈતન્યભીંતને અવલંબીને ઉપયોગ થંભી ગયો છે. ત્યાં બાહ્યમાં વસ્ત્રાદિના અવલંબનની વૃત્તિ હોય નહિ. સાધુ પદ તે તો પરમેષ્ઠીપદ છે. અંદરમાં જ્ઞાયકસ્વભાવ પ્રત્યે ઘણો જ આશ્રય વર્તે છે, ઘણી જ સ્થિરતા વર્તે છે. એવા મુનિઓને છઠ્ઠે ગુણસ્થાને આહારાદિની વૃત્તિ ઊઠે, ત્યાં શાસ્ત્રઆજ્ઞાથી વિરુદ્ધ અશુભભાવ તો હોતો જ નથી, પણ શાસ્ત્રઆજ્ઞા અનુસાર જે શુભ છે તેમાં પણ પ્રતિબંધ હોતો નથી.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન થયું તોય આ બધી ચિંતા ન મટી ?

ઉત્તર :—સમ્યગ્દર્શન થયું એટલે શ્રદ્ધામાંથી તો સર્વ ચિંતા ટળી ગઈ છે, એકલા જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ થઈ છે, પણ હજી સ્થિરતા કરીને અંદર ઠરવાનું બાકી છે. મુનિનો આત્મા તો જંગલમાં.....આત્માના આનંદમાં ઝૂલતો—ડૂબકાં ખાતો હોય છે. આત્મજ્ઞાન પછી એવી દશા આવ્યા વિના કેવળજ્ઞાન ન થાય.

૧. અંતરસ્વભાવના આશ્રયે જ શ્રમણદશા ટકી છે, ને તેમાં બાહ્ય નિમિત્ત શરીર છે. તે શરીર શરીરના કારણે નભે છે પણ તેમાં નિમિત્ત તરીકે આહાર છે. મુનિને તે આહારની વૃત્તિ ઊઠે છતાં અંદરમાં ચૈતન્યનો દોર ન તૂટે, શુદ્ધોપયોગની જે ભૂમિકા છે તેમાં ભંગ ન પડવા દે. એટલે આહારની વૃત્તિમાં પ્રતિબદ્ધપણું મુનિને હોતું નથી. સદોષ આહાર તો લ્યે જ નહિ, પણ નિર્દોષ આહારની વૃત્તિમાં પણ પ્રતિબદ્ધ ન થઈ જાય. અંતરસ્વરૂપનો દોર ચૂકીને આહારની વૃત્તિ ન ઊઠે... એવી ઉગ્ર મુનિદશા હોય છે. આ દશાને ઓળખવી જોઈએ.

૨. મુનિ પોતાના સ્વરૂપની ધારા તૂટવા ન દે. મહિના—મહિનાના ઉપવાસ થાય તોય અંદર ખેદ ન થાય. શરીરની વૃત્તિ સાથે વિરોધ ન આવે તેવી રીતે એટલે કે શક્તિ હોય તેટલા પ્રમાણમાં ઉપવાસ કરે. એકદમ હઠથી ઉપવાસ કરે ને શરીર છૂટી જાય એવું ન હોય અને અંદર શુદ્ધાત્મદ્રવ્યમાં નીરંગ અને નિસ્તરંગ સ્થિરતા રચાતી જાય.....અહો ! જાણે કે આહાર કરવાની વૃત્તિથી થાક લાગ્યો હોય, તેમ અંતરના સ્વરૂપમાં વિશ્રાંતિ લ્યે છે. આહારની વૃત્તિ તૂટીને સ્વરૂપમાં ઠર્યા છે. ત્યાં આનંદ છે, વિશ્રામ છે, પણ થાક કે ખેદ લાગતો નથી. આહારની વૃત્તિના રાગથી થાક્યા તે થાકને સ્વરૂપમાં વિશ્રામ લઈને ઉતારે છે. નિરાકુળસ્વરૂપી દ્રવ્યમાં ઠર્યા છે, ત્યાં આહારની આકુળતા થતી નથી. આવી દશાને ભગવાન ઉપવાસ કહે છે. સહજ ઉપવાસ હોય, ઉપવાસમાં હઠ કે પ્રતિબંધ ન હોય.

જેમ છ ગાઉ ચાલી ચાલીને થાક્યો હોય ને તળાઈમાં જઈને વિસામો લ્યે, તેમ મુનિવરો આહારની વૃત્તિથી થાકીને અંદરમાં ચૈતન્યની તળાઈમાં જઈને—લીન થઈને વિસામો લ્યે છે..... સ્વભાવમાં લીન થઈને રાગના થાકને ઉતારે છે ને અંદર અવિકારી પરિણતિ રચાતી જાય છે.

૩. અંતર સ્વરૂપમાં લીન થઈને, તેનું ધ્યાન ધરીને, ચૈતન્યભગવાનની પ્રસિદ્ધિ માટે—એટલે કે કેવળજ્ઞાન પ્રગટ કરવા માટે—ગિરિગુફામાં રહેતા હોય, ત્યાં તે સ્થાનનો પ્રતિબંધ થવા દેતા નથી. આ ગુફામાં જ રહેવું, એવો આગ્રહ નથી. અંદરમાં ચૈતન્યની ભૂમિકામાં પ્રતિબદ્ધ થયા છે, ત્યાં બાહ્ય ગિરિગુફાનાં સ્થાનોનો પ્રતિબંધ નથી. વિકલ્પ ઊઠતાં ગિરિગુફા વગેરે ધ્યાનનાં સ્થાનો પ્રત્યે લક્ષ જાય.....પણ ત્યાં તેનો પ્રતિબંધ નથી.

૪. યથોક્ત શરીરની વૃત્તિના કારણભૂત ભિક્ષાને અર્થે કરવામાં આવતું જે વિહારકાર્ય, તેમાં પણ પ્રતિબદ્ધ નથી.

૫. શ્રામણ્યપર્યાયનું સહકારી કારણ હોવાથી જેનો નિષેધ નથી એવો જે કેવળ દેહમાત્ર પરિગ્રહ છે, પણ મમતા નથી. કમંડળ ને મોરપીંછી ગૌણ છે.

૬. માત્ર અન્યોન્ય બોધ્યબોધકપણે જેમનો કથંચિત્ પરિચય વર્તે છે એવા જે શ્રમણ (અન્ય મુનિ) તેમના પ્રત્યે પણ પ્રતિબંધ નથી.

મુનિને બીજી આડીઅવળી વાત તો હોય નહિ, પણ બીજા મુનિઓ સાથે કાંઈ જ્ઞાનવાર્તા કરતા હોય, કોઈને સમજાવતા હોય કે કોઈ પાસેથી સમજતા હોય—એ સિવાય બીજા હેતુએ મુનિ સાથે પણ પરિચય હોતો

નથી. સ્ત્રીઆદિનો પરિચય મુનિને હોય જ નહિ ને લૌકિક સંગમાં મુનિ પડે નહિ. મુનિને ક્યારેક બીજા મુનિ સાથે જ્ઞાનહેતુએ પરિચય વર્તે છે, તે પરિચય પણ પ્રતિબંધનું કારણ થાય તેવો ન હોય. અંદરના વીતરાગી શુદ્ધભાવ સહિતનો શુભભાવ છઠ્ઠે ગુણસ્થાને કેવો હોય તેની આ વાત છે. એકલા શુભની વાત નથી, કે બાહ્યક્રિયાની વાત નથી. ચરણાનુયોગમાં નિમિત્તથી કથન હોય.

૭. શબ્દરૂપ પુદ્ગલોલ્લાસ (પુદ્ગલપર્યાય) સાથે સંબંધથી જેમાં ચૈતન્યરૂપી ભીંતનો ભાગ મલિન થાય છે એવી, શુદ્ધાત્મદ્રવ્યથી વિરુદ્ધ જે કથા, તેમાં પણ પ્રતિબંધ કરવા જેવો નથી. જ્ઞાયક આત્મા ધ્રુવ છે તે ચૈતન્યભીંત છે, તેમાં શુભવિકલ્પ ઊઠતાં પણ ચૈતન્યભૂમિકા મલિન થાય છે.

આવા આ સાત પ્રકાર કહ્યા તેવા ભાવોમાં મુનિને ક્યાંય પ્રતિબંધ કરવા જેવો નથી. તે શુભવિકલ્પથી પણ જ્ઞાનભૂમિકા ચિત્રિત થાય છે—માટે તે વિકલ્પોથી પણ ચૈતન્યભૂમિને ચિત્રિત થવા દેવી યોગ્ય નથી. આવું મુનિપણું છે.

પ્રશ્ન :—આવું મુનિપણું અત્યારે પાળી શકાય ખરું ?

ઉત્તર :—જો પુરુષાર્થ કરે તો અત્યારે પણ મુનિદશા થવાનો કાંઈ નિષેધ નથી, પણ હજી આવી દશાવાળા કોઈ મુનિ જોવામાં આવ્યા નથી. પહેલાં આ દશા ઓળખવી જોઈએ. આવી મુનિદશા આવ્યા પહેલાં તેની યથાર્થ શ્રદ્ધા કરીને તેની ભાવના કરી શકાય કે :—

અહો ! એ ધન્ય દશા ક્યારે આવે ? સ્વરૂપાનંદની અપૂર્વદશામાં ક્યારે ઝૂલીએ ? ક્યારે મુનિ થઈએ ?

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો; (શ્રીમદ્)

શ્રીમદ્ રાજચંદ્ર મુનિ ન થઈ શક્યા પણ એવી મુનિદશાની ભાવના કરતાં કરતાં સમાધિમરણે દેહ છોડીને ચાલ્યા ગયા. આ ચૈત્ર વદ પાંચમે તેમના સમાધિમરણને ૫૦ વર્ષ પૂરાં થાય છે. તેમને મુનિદશા થઈ ન હતી પણ ‘અપૂર્વ અવસર’માં નિર્ગ્રંથદશાથી માંડીને ઠેઠ સિદ્ધદશા સુધીની ભાવના કરી છે. ભાવના તો કેવળજ્ઞાનની પણ થાય.

મુનિ તો નગ્ન દિગંબર ચૈતન્યસ્વરૂપમાં ઝૂલતા હોય છે. તે મુનિદશાની અંતરમાં ઓળખાણ કરીને તેની ભાવના પણ અત્યારે તો લોકોને દુર્લભ થઈ ગઈ છે.

સિદ્ધ ભગવાન જેવો અનાકુળ શાંત, ઉપશમ રસ અંદર પ્રગટે, ચૈતન્યનો ડુંગરો ફાટીને અંદરથી શાંતરસની ધારા છૂટે, તેવી દશાને ઉપવાસ કહેવાય છે, ને તેવી મુનિદશા હોય છે.

ભાવાર્થ :—આગમવિરુદ્ધ આહારવિહારાદિ તો મુનિએ પ્રથમ જ છોડ્યા છે. હવે સંયમના નિમિત્તપણાની બુદ્ધિએ મુનિને જે (૧) આગમોક્ત આહાર, (૨) અનશન, (૩) ગુફા વગેરેમાં નિવાસ, (૪) વિહાર, (૫) દેહમાત્ર પરિગ્રહ, (૬) અન્ય મુનિઓનો પરિચય અને (૭) ધાર્મિક ચર્ચા—વાર્તા વર્તે છે, તેમના પ્રત્યે પણ રાગાદિ કરવાયોગ્ય નથી—તેમના વિકલ્પોથી પણ મનને રંગાવા દેવું યોગ્ય નથી; એ રીતે આગમોક્ત આહારવિહારાદિમાં પણ પ્રતિબંધ પામવો યોગ્ય નથી કારણ કે તેનાથી સંયમમાં છેદ થાય છે. ॥૨૧૫॥

હવે છેદ શું છે (અર્થાત્ કોને છેદ કહેવામાં આવે છે) તે ઉપદેશે છે :—

ગાથા ૨૧૬

આસન—શયન ગમનાદિકે ચર્યા પ્રયત્નવિહીન જે,
તે જાણવી હિંસા સદા સંતાનવાહિની શ્રમણને. ૨૧૬.

અન્વયાર્થ :—શ્રમણને શયન, આસન (બેસવું), સ્થાન (ઊભા રહેવું), ગમન ઇત્યાદિમાં જે અપ્રયત ચર્યા તે સર્વકાળે સતત હિંસા માનવામાં આવી છે.

છઠ્ઠા ગુણસ્થાને મુનિને શુભરાગ તો છે, પણ ભૂમિકા બહારનો શુભરાગ થઈ જાય તો તેનું નામ પ્રમાદચર્યા છે. અહીં મુનિની ભૂમિકાનો જે શુભરાગ છે તેને અશુદ્ધોપયોગમાં નથી ગણ્યો, કેમ કે તે શુભની સાથે પણ અંદર શુદ્ધતા તો વર્તે છે, ને વિકલ્પ તોડીને શુદ્ધમાં જવાના છે. આ વાત નથી સમજ્યા તેઓએ આ વાતની ટીકા કરી છે કે આહારાદિમાં પણ શુદ્ધોપયોગ કેમ કહ્યો ? પણ અહીં કઈ અપેક્ષા છે ? તેની તેને ખબર નથી. અહીં ચરણાનુયોગનું કથન છે; અંદર શુદ્ધતાની ભૂમિકા ટકાવી રાખીને વર્તતો જે શુભોપયોગ તેને પણ અહીં નિમિત્ત તરીકે શુદ્ધમાં ગણ્યો છે. કેમ કે ભૂમિકા બહારનો શુભરાગ મુનિને હોતો નથી. અહો ! મુનિદશા કેવી હોય ? જગતને તેની ખબર નથી.....

આચાર્ય ભગવાન કહે છે કે મુનિને અંતરરમણતાની ભૂમિકામાં શુભવિકલ્પ ઊઠે પણ તેમાં પ્રમાદ ન થવા દેવો, જો પ્રમાદ કરે તો તેને શુદ્ધોપયોગ ભૂમિકામાં છેદ થાય છે. શુભવિકલ્પથી અપ્રમાદપણે વિહારાદિ કરે તેનું નામ અહીં અપ્રયતચર્યા નથી કહી, ને તેને છેદમાં નથી ગણી, કેમ કે એટલો શુભ આવે તે તો મુનિની છઠ્ઠી ભૂમિકાનું સ્વરૂપ છે. પણ તેમાં જો પ્રમાદી થઈ જાય તો જ તે હિંસા

અને છેદ છે. જો કે શુભ વિકલ્પ ઊઠે તે પણ પરમાર્થે તો હિંસા છે, પણ અહીં તેને હિંસા નથી ગણી કેમ કે તેનાથી છઠ્ઠું ગુણસ્થાન નથી હણાતું. મુનિદશા ટકીને શુદ્ધ સાથે નિમિત્ત તરીકે વર્તતો જે શુભવિકલ્પ છે તેને અહીં હિંસા તરીકે નથી ગણ્યો પણ છઠ્ઠી ભૂમિકાની બહારનો રાગ થઈ જાય—બેદરકારી થઈ જાય, તો ત્યાં સંયમનો છેદ થાય છે ને તે હિંસા છે.

મુનિને અંતરમાં કેવી વીતરાગદશા હોય, કેવી શુદ્ધતા હોય, તે ભૂમિકામાં કેવો વિકલ્પ હોય ને તે ભૂમિકામાં સહજપણે કેવાં બાહ્યનિમિત્તો હોય—તે બધાનું વર્ણન સાથે ને સાથે કર્યું છે. આચાર્યદેવે ચરણાનુયોગ પણ અદ્‌ભુત વર્ણવ્યો છે. ગૃહસ્થોને આવી દશા ન થાય પણ તેની ભાવના રાખીને આવી દશાનું જ્ઞાન તો કરવું જોઈએ ને ? ગૃહસ્થોએ આવી દશાને ઓળખવી જોઈએ, ને આનાથી વિરુદ્ધ હોય તેની શ્રદ્ધા છોડવી જોઈએ. સાચી પ્રતીત અને જ્ઞાનપૂર્વકની મુનિદશા કેવી હોય તેની આ વાત છે. તે મુનિદશા ન થઈ શકે તો તેનાં શ્રદ્ધા-જ્ઞાન ટકાવી રાખે તે પણ સત્યના માર્ગે છે.

મુનિને આહારાદિનો જે શુભવિકલ્પ ઊઠે છે તે તો ઔષધ સમાન છે. જેમ ઔષધની અમુક મર્યાદા હોય છે. કોઈ વૈદે ૨॥ રૂા. ભાર મુરબ્બો દવા તરીકે ખાવાનું કહ્યું તેને બદલે સ્વાદનો ગૃદ્ધિ થઈને ૦॥ શેર મુરબ્બો ખાવા માંડે તો તેને ઊલટું નુકશાન કરે તેમ આ નિર્ગ્રંથ મુનિદશામાં અંદર નિર્વિકલ્પ સ્થિરતા ન ટકે ત્યારે શુભવિકલ્પ ઊઠે તે ઔષધ જેવો છે. પણ જો તે શુભવિકલ્પમાં જ પ્રમાદી થઈ જાય ને અંદરની દશા ચૂકી જાય તો ત્યાં ચૈતન્યની હિંસા થાય છે. બહારની હિંસાની વાત નથી પણ અંદરમાં ચૈતન્યનો ઉપયોગ હણાયો, તે જ હિંસા છે.

પ્રશ્ન :–આટલું બધું ધ્યાન રાખવા માટે તો પડખે કોઈકની જરૂર પડે?

ઉત્તર :—બીજો શું કરે ? પર્યાયની પડખે પોતાનું આખું દ્રવ્ય ઊભું છે, તે દ્રવ્યના આશ્રયે આ બધું સહજ થઈ જાય છે. બીજા કોનું પડખું લેવું છે ?

કોઈ કહે કે “આ તો જિનકલ્પી મુનિની વાત છે; સ્થવીરકલ્પી મુનિને તો વસ્ત્રાદિ હોય !”—તો એમ નથી. ભાઈ ! જિનકલ્પી કે સ્થવીરકલ્પી તે બધાય મુનિઓની દશા તો આવી જ હોય છે. જિનકલ્પી એટલે એકલા રહે તે; અને સ્થવીરકલ્પી એટલે સમુદાયની સાથે રહે તે; એટલો જ ફેર છે. પણ સ્થવીરકલ્પીનો અર્થ એવો નથી કે તે વસ્ત્રાદિ રાખે !

અનાદિઅનંત બધા મુનિઓની અંતર ને બાહ્ય દશા આવી જ હોય છે. મહાવિદેહના મુનિ હો કે ભરતક્ષેત્રના હો, પણ તેની દશા તો આવી જ હોય છે.

આથી વિરુદ્ધદશામાં વસ્ત્રાદિ સહિત મુનિપણું મનાવે તે તો મિથ્યાદ્રષ્ટિ છે. તેની તો અહીં વાત જ નથી. પણ જેને યથાર્થ મુનિદશા હોય તે પણ જો ગમન, આહાર વગેરેમાં પ્રમાદી થઈ જાય તો તેને પણ મુનિપણામાં છેદ પડે છે—હિંસા થાય છે. માટે મુનિઓએ ભૂમિકા અનુસાર વર્તતા શુભમાં પણ પ્રમાદી થવું ન જોઈએ.

અહીં ચરણાનુયોગ છે, તેથી ચારિત્રની ભૂમિકા અનુસાર સાથે વર્તતો જે શુભોપયોગ છે તેને પણ નિમિત્ત તરીકે શુદ્ધોપયોગમાં ગણ્યો છે. કેમ કે ત્યાં મૂળ ભૂમિકા ટકી રહે છે. મૂળ ભૂમિકાને બાધા કરે તેવો શુભભાવ હોય તો તેને અહીં અશુદ્ધ ઉપયોગ ગણ્યો છે. દ્રવ્યાનુયોગમાં તો શુભવિકલ્પને પણ અશુદ્ધ ઉપયોગ જ કહેવાય છે, ને અંતરમાં નિર્વિકલ્પ થઈને લીન થાય તેને જ શુદ્ધોપયોગ કહેવાય છે. માટે ક્યાં કેવો આશય છે તે ગુરુગમે સમજવું જોઈએ. જે મૂઢ જીવોને આ વાતની ખબર નથી તેઓ આચાર્યદેવના આ કથન ઉપર ટીકા કરે છે કે વિહાર કરતાં કરતાં પણ શુદ્ધોપયોગ કેમ કહ્યો? પણ અહીં ચરણાનુયોગમાં કેવી શૈલિ છે તે સમજવાની તેનામાં તાકાત નથી.

*

પ્રસાદ નં. ૧૬૩

પ્રવચનસાર ગાથા ૨૧૭

(ચૈત્ર સુદ ૯, રવિવાર)

હવે છેદના અંતરંગ અને બહિરંગ એવા બે પ્રકાર ઉપદેશે છે :—

ગાથા ૨૧૭

જીવો—મરો જીવ, યત્નહીન આચાર ત્યાં હિંસા નક્કી;
સમિતિ—પ્રયત્નસહિતને નહિ બંધ હિંસામાત્રથી. ૨૧૭.

અર્થ :—જીવ મરો કે જીવો, અપ્રયત આચારવાળાને (અંતરંગ) હિંસા નિશ્ચિત છે; પ્રયતને, સમિતિવંતને (બહિરંગ) હિંસામાત્રથી બંધ નથી.

આત્માનું સમ્યક્ ભાન થયા પછી રાગરહિત અંતરસ્થિરતા થાય ત્યારે મુનિદશા હોય છે ને ત્યાં બાહ્યમાં નિર્ગ્રંથતા સહજ હોય છે. મુનિને ઘણી વીતરાગતા પ્રગટી છે ને અતિ અલ્પ રાગ રહ્યો છે. ત્યાં જો પ્રમાદ વધી જાય તો તે મુનિને હિંસા થાય છે, માટે પ્રમાદભાવ તે હિંસા છે. ભૂમિકા અનુસાર જે શુભવિકલ્પ છે તેને અહીં પ્રમાદમાં નથી ગણ્યો, પણ તે ભૂમિકામાં હોય તેવા શુભવિકલ્પને ઓળંગીને વિશેષ રાગ થાય તો ત્યાં મુનિને પ્રમાદભાવથી હિંસા થાય છે. બહારમાં ભલે પરજીવની હિંસા ન થતી હોય, પણ જો અંતરંગમાં પ્રમાદભાવ હોય તો ત્યાં તે મુનિને હિંસા લાગે છે. જ્ઞાતાદ્રષ્ટા ચૈતન્યસ્વભાવમાં લીનતા થઈ ત્યાં રાગની વૃત્તિ અમુક મર્યાદિત જ હોય, તેટલા રાગને જાણે પણ તેથી વિશેષ રાગ થઈ જાય તો તે પ્રમાદ છે ને તે હિંસા છે. સ્વભાવના આશ્રયે જેટલી વીતરાગતા છે તેટલો તો નિશ્ચય પ્રયત્ન છે ને ત્યાં ભૂમિકા અનુસાર વર્તતો શુભવિકલ્પ તેને વ્યવહાર પ્રયત્નમાં ગણ્યો છે, ને જો ભૂમિકા બહારનો વિકલ્પ ઊઠે તો તેને અહીં અપ્રયતઆચાર એટલે કે પ્રમાદ ગણવામાં આવ્યો છે, ને તે જ હિંસા છે. પર જીવ મરે કે ન મરે તેની સાથે હિંસા—અહિંસાનો સંબંધ નથી. કોઈને તીવ્ર રાગ હોય ને સામો જીવ મરી જાય, તો ત્યાં પણ સામો જીવ મર્યો તેની હિંસા આ જીવને નથી પણ પોતાનો જે તીવ્ર રાગભાવ છે તે જ હિંસા છે, તે જ પાપ છે. એ જ પ્રમાણે પર જીવ ન મરે ને અહીં કષાયભાવ હોય તો હિંસા લાગે જ છે. અહીં મુનિને કષાયભાવ ન હોય ને સામો જીવ મરે તો ત્યાં મુનિને હિંસા લાગતી નથી.

જ્ઞાનસ્વભાવની જે સ્વ-પરપ્રકાશક પર્યાય ખીલે તેનો સ્વભાવ તો રાગના ક્રમને પણ જાણવાનો જ છે. રાગના ક્રમને જ્ઞાન ફેરવતું નથી. જ્ઞાન તો રાગથી

જુદાપણે રહીને રાગને જાણે છે. **<u>જ્ઞાન રાગને લાવતું નથી ને જ્ઞાન રાગને ટાળતું પણ નથી.</u>** ભૂમિકા કરતાં વધારે રાગ થઈ જાય તો સ્વ-પરપ્રકાશક જ્ઞાનમાં તેનો ખ્યાલ આવે છે. જ્ઞાન તો તે ક્ષણે પણ સ્વ-પરપ્રકાશક સ્વભાવથી રાગને પણ જાણે જ છે. તીવ્રરાગ થઈ જાય તોય જ્ઞાન તો તેને જાણે જ છે. જ્ઞાન પોતાના સ્વભાવ સન્મુખ રહીને રાગને જાણે છે.–રાગ સન્મુખ થઈને રાગને જાણતું નથી. આ તો જ્ઞાનગુણના સ્વભાવની વાત થઈ. અને જે રાગ થાય ચારિત્રની વિકારી પર્યાયનો તે જ કાળ છે, તે પર્યાયનો તેવો જ ક્રમ છે. છઠ્ઠે ગુણસ્થાને અમુક રાગ હોય તેનાથી વિશેષ થાય તો જ્ઞાન તેને જાણે છે કે આ ભૂમિકાને માટે આ તીવ્રરાગ છે. ત્યાં જ્ઞાનનો સ્વભાવ તો તે વખતે તેવા રાગને જ જાણવાનો છે. તે વખતનો પુરુષાર્થ પણ તેવો જ છે, અને રાગનો પણ તેવો જ ક્રમ છે, ત્યાં જ્ઞાને જાણ્યું છે કે આ ભૂમિકા કરતાં વિશેષ રાગ છે તે હિંસા છે.

જ્ઞાયક નિર્વિકલ્પ આત્મામાં જેટલી અભેદપરિણતિ થઈ છે તેટલી નિશ્ચયસમિતિ છે.

શુદ્ધાત્મસ્વરૂપમાં (મુનિત્વોચિત) સમ્યક્ 'ઇતિ' અર્થાત્ પરિણતિ તે નિશ્ચયસમિતિ છે. અને તે દશામાં વર્તતી જે (હઠ વગરની) ઈર્યા—ભાષાદિ સંબંધી શુભ પરિણતિ તે વ્યવહાર—સમિતિ છે. (શુદ્ધાત્મસ્વરૂપમાં સમ્યક્ પરિણતિરૂપ દશા ન હોય ત્યાં શુભ પરિણતિ હઠસહિત હોય છે; તે શુભ પરિણતિ વ્યવહારસમિતિ પણ નથી.)

<u>દ્રષ્ટિ</u> તો અખંડ એકાકાર જ્ઞાયક દ્રવ્યને જ કબૂલે છે.

<u>જ્ઞાન</u> સ્વ-પરપ્રકાશક સ્વભાવથી, તે તે ભૂમિકાના રાગને પણ જાણે છે.

<u>ચારિત્ર</u>માં ભૂમિકા અનુસાર રાગ હોય છે, ને ભૂમિકાની મર્યાદાથી રાગ વધી જાય તો ત્યાં હિંસા છે.

રાગ તો તેના કાળક્રમે આવ્યો છે, પણ તે ભૂમિકાને માટે તેવો તીવ્રરાગ થાય તે હિંસા છે—એમ જ્ઞાનમાં ખ્યાલ કરાવ્યો છે.

આહાર સદોષ હોય. અધઃકર્મી આહાર હોય, પણ જો મુનિને અંતરમાં તે પ્રકારનો વિકલ્પ ન ઊઠ્યો તો ત્યાં તે આહાર લેવા છતાં મુનિને ભૂમિકા બહારનો તીવ્ર રાગ નહિ હોવાથી હિંસા લાગતી નથી.

<u>ટીકા :—</u>"અશુદ્ધોપયોગ તે અંતરંગ છેદ છે, પરપ્રાણોનો વ્યપરોપ (–બીજાના પ્રાણોનો વિચ્છેદ) તે બહિરંગ છેદ છે.

છઠ્ઠા ગુણસ્થાને નિર્દોષ આહાર વગેરેની જે શુભવૃત્તિ ઊઠે છે તેને અહીં ચરણાનુયોગમાં અશુદ્ધોપયોગ નથી ગણ્યો, ને ત્યાં અંતરંગ છેદ નથી. પણ અધઃકર્મી આહાર લેવાની વૃત્તિ ઊઠે તો ત્યાં અશુદ્ધોપયોગ હોવાથી અંતરંગ છેદ છે.

જુઓ ! આવી દશા વિના મુનિદશા હોતી નથી. આવી મુનિદશા વગર મનઃપર્યયજ્ઞાન થાય નહિ. ગૃહસ્થને મનઃપર્યયજ્ઞાન હોય નહિ. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે

હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારા વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે, તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું. (શ્રીમદ્)

જુઓ તો ખરા ! કુંદકુંદાચાર્ય શ્રીમદના પણ ગુરુ છે. પંચાસ્તિકાયમાં ઉપર મંગળિકમાં નમસ્કાર કરતાં શ્રીમદ્ રાજચંદ્ર લખે છે કે **'નમઃ સદ્‌ગુરવે'** એવા કુંદકુંદાચાર્યદેવે તો આવી મુનિદશા વર્ણવી છે. આનાથી વિરુદ્ધ મુનિદશા માને તો તેને શ્રી કુંદકુંદ ભગવાને મિથ્યાદ્રષ્ટિ કહ્યો છે, તે જીવને જૈનધર્મની ખબર નથી. આવું કહેનારા કુંદકુંદપ્રભુને જે ગુરુ તરીકે સ્વીકારે તે વસ્ત્રસહિત મુનિપણું કેમ માને ? કુંદકુંદાચાર્યે તો વસ્તુનું સ્વરૂપ કહ્યું છે. છઠ્ઠા ગુણસ્થાનની પર્યાયનો સ્વભાવ કેવો છે, તે જ બતાવ્યો છે. ત્યાં વસ્ત્રાદિ લેવાનો, કે લૌકિક કામોમાં પડવાનો રાગભાવ હોય જ નહિ. કેવળજ્ઞાન પર્યાયનો સ્વભાવ એવો છે કે ત્યાં આહારપાણીની વૃત્તિ કે રાગ—વસ્ત્ર વગેરે હોય જ નહિ. આને બદલે કેવળીને આહારાદિ મનાવે કે મુનિને પણ વસ્ત્રાદિ મનાવે તો તેણે દેવ-ગુરુ-ધર્મને જાણ્યા નથી, એટલે કે વસ્તુસ્વભાવને જાણ્યો નથી. આવું મુનિપણું ભલે પોતાને વર્તમાનમાં ન થઈ શકે પરંતુ શ્રદ્ધા તો તેવી જ રાખવી જોઈએ. જેવું મુનિપણું હોય તેનાથી વિપરીત સ્વરૂપ માને તો ત્યાં મિથ્યાશ્રદ્ધા છે.

અંતરંગ અને બહિરંગ છેદમાં અંતરંગ છેદ જ બળવાન છે, બહિરંગ નહિ; એટલે કે અંતરંગ છેદથી જ હિંસા છે, માત્ર બહિરંગ છેદ તે હિંસાનું કારણ નથી. "કારણ કે પરપ્રાણોના વ્યપરોપનો સદ્‌ભાવ હો કે અસદ્‌ભાવ હો, અશુદ્ધોપયોગ વિના જે હોતો નથી એવા અપ્રયત આચાર વડે પ્રસિદ્ધ થતો (–જાણવામાં આવતો) અશુદ્ધોપયોગનો સદ્‌ભાવ જેને વર્તે છે તેને હિંસાના સદ્‌ભાવની પ્રસિદ્ધિ સુનિશ્ચિત છે."

દ્રવ્યસ્વભાવથી તો રાગનોય કર્તા આત્મા નથી પણ પર્યાયમાં રાગપણે કોણ પરિણમે છે ?—માટે વ્યવહારમાં તે રાગનું ને તેના નિમિત્તનું પણ જ્ઞાન કરવું જોઈએ. અંતરમાં રાગનો સદ્‌ભાવ તે જ હિંસા છે, બાહ્યમાં પર જીવ મર્યો તેટલા

માત્રથી હિંસા નથી. જૈનદર્શનમાં તો રાગભાવની ઉત્પત્તિને જ હિંસા કહી છે. છઠ્ઠી ભૂમિકાએ શુભરાગ છે તે પરમાર્થે તો હિંસા જ છે, પરંતુ અહીં ચરણાનુયોગમાં ભૂમિકાથી બહારનો રાગ થાય તો તેને હિંસા ગણી છે. વીતરાગભાવ તે જ અહિંસા ધર્મ છે. છઠ્ઠે ગુણસ્થાને અમુક રાગ થતો હોવા છતાં ત્યાં તે ભૂમિકા અનુસાર વીતરાગતા ટકી રહી છે, તે જ અહિંસા ધર્મ છે. શુભરાગ થાય તે કાંઈ 'અહિંસાધર્મ' નથી.

જ્ઞાનીને ભાવનો તો પૂર્ણ ચારિત્ર ને વીતરાગતાની જ હોય છે. જો પૂર્ણતાની ભાવના ન હોય તો તો યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન પણ રહેતાં નથી. શ્રી જયસેનાચાર્ય ૨૪૪મી ગાથામાં કહે છે કે :—**इत्थं वीतरागचारित्रव्याख्यानं श्रुत्वा केचन वदन्ति सयोगिकेवलिनामावेकदेशेन चारित्रं, परिपूर्णचारित्रं पुनरयोगिचरमसमये भविष्यति तेन कारणेनेदानीमस्माकं सम्यक्त्वभावनया भेदज्ञानभावनया च पूर्यते चारित्रं पश्चाद्भविषयतीति नैवं वक्तव्यम् ।**

આવું વીતરાગચારિત્રનું વ્યાખ્યાન સાંભળીને કેટલાક કહે છે કે 'સયોગિકેવલીને પણ એકદેશ ચારિત્ર છે, પરિપૂર્ણ ચારિત્ર તો અયોગિકેવલીના ચરમ સમયે થાય છે, તે કારણે હમણાં અમારે સમ્યક્ત્વભાવનાથી તથા ભેદજ્ઞાનભાવનાથી બસ છે, ચારિત્ર પછી થશે' તો એમ કહેવું જોઈએ નહિ.....વર્તમાન તેવી દશા ન પ્રગટી હોય તોપણ તેની ભાવના તો અંતરમાં વર્તમાનમાં ભાવી શકાય છે. વીતરાગતાની ભાવના છોડીને રાગની ભાવના કરે તેને તો શ્રદ્ધા-જ્ઞાન પણ રહેતાં નથી. જેણે પૂરા સ્વભાવને જાણ્યો—શ્રદ્ધામાં લીધો, તેને **<u>પર્યાયમાં પણ પૂર્ણતાની ભાવના જ હોય છે, હઠ હોતો નથી ને ભાવના છૂટતી નથી.</u>**

જેને અપ્રમાદભાવરૂપ અશુદ્ધોપયોગ છે તેને હિંસા થાય છે અને જેને અશુદ્ધોપયોગ હોતો નથી તેને હિંસાનો પણ અભાવ જ છે. જેમ બાહ્યમાં પરજીવ ન મરે છતાં તો અંતરંગમાં અશુદ્ધોપયોગ હોય તો ત્યાં હિંસાની પ્રસિદ્ધિ છે તેમ ''અશુદ્ધોપયોગ વિના જે હોય છે એવા પ્રયત આચાર વડે પ્રસિદ્ધ થતો (–જાણવામાં આવતો) અશુદ્ધોપયોગનો અસદ્ભાવ જેને વર્તે છે તેને, પરપ્રાણોના વ્યપરોપના સદ્ભાવમાં પણ બંધની અપ્રસિદ્ધિ હોવાને લીધે, હિંસાના અભાવની પ્રસિદ્ધિ સુનિશ્ચિત છે.''

એટલે બાહ્ય પ્રાણી મરે તેની હિંસા આ જીવને નથી. અંતરંગ હિંસા તે જ દોષ છે ને બાહ્ય હિંસા તો નિમિત્તમાત્ર છે. ''આમ હોવા છતાં (અર્થાત્ અંતરંગ છેદ જ વિશેષ બળવાન છે, બહિરંગ છેદ નહિ—આમ હોવા છતાં) બહિરંગ છેદ અંતરંગ

છેદનું આયતનમાત્ર હોવાથી તેને (બહિરંગ છેદને) સ્વીકારવો—માનવો તો જોઈએ જ.'' બાહ્યમાં નિમિત્ત છે તેનું જ્ઞાન કરવું જોઈએ, ને અંતરંગમાં વિશેષ રાગ ન થઈ જાય તે માટે જાગૃતિ રાખવી જોઈએ, કેમ કે અંતરમાં રાગથી જ હિંસા થાય છે.

ભાવાર્થ :—શુદ્ધોપયોગનું હણાવું તે અંતરંગ હિંસા—અંતરંગ છેદ છે અને બીજાના પ્રાણોનો વિચ્છેદ થવો તે બહિરંગ હિંસા—બહિરંગ છેદ છે.

જીવ મરો કે ન મરો, જેને અપ્રયત આચરણ છે તેને શુદ્ધોપયોગ હણાતો હોવાથી અંતરંગ હિંસા થાય જ છે અને તેથી અંતરંગ છેદ થાય જ છે. જેને પ્રયત આચરણ છે તેને, પરપ્રાણોના વ્યપરોપરૂપ બહિરંગ હિંસાના—બહિરંગ છેદના—સદ્‌ભાવમાં પણ, શુદ્ધોપયોગ નહિ હણાતો હોવાથી અંતરંગ હિંસા થતી નથી અને તેથી અંતરંગ છેદ થતો નથી.

હવે, સર્વથા અંતરંગ છેદ નિષેધ્ય—ત્યાજ્ય છે, એમ ઉપદેશે છે :—

ગાથા ૨૧૮

મુનિ યત્નહીન આચારવંત છકાયનો હિંસક કહ્યો;
જલકમલવત્ નિર્લેપ ભાખ્યો, નિત્ય યત્નસહિત જો. ૨૧૮.

અર્થ :—અપ્રયત આચારવાળો શ્રમણ છયે કાય સંબંધી વધનો કરનાર માનવામાં–કહેવામાં આવ્યો છે; જો સદા પ્રયતપણે આચરણ કરે તો જળમાં કમળની માફક નિર્લેપ કહેવામાં આવ્યો છે.

છઠ્ઠી ભૂમિકા અનુસાર શુભરાગ હોવા છતાં ત્યાં મુનિને ભૂમિકામાં દોષ લાગતો નથી માટે તેને અહીં નિર્લેપ કહ્યા છે. રાગનું અલ્પ બંધન છે, પણ ભૂમિકાથી વિશેષ રાગ નથી એટલે ભૂમિકાથી ચ્યુત થતા નથી માટે તે નિર્લેપ જ છે.

ટીકા :—''અશુદ્ધોપયોગ વિના જે હોતો નથી એવા અપ્રયત આચાર વડે પ્રસિદ્ધ થતો (જાણવામાં આવતો) અશુદ્ધોપયોગનો સદ્‌ભાવ હિંસક જ છે, કારણ કે છ કાયના પ્રાણોના વ્યપરોપના આશ્રયે થતા બંધની પ્રસિદ્ધિ છે; અને અશુદ્ધોપયોગ વિના જે હોય છે એવા પ્રયત આચાર વડે પ્રસિદ્ધ થતો અશુદ્ધોપયોગનો અસદ્‌ભાવ અહિંસક જ છે.''

જુઓ તો ખરા ! જૈનદર્શનમાં અહિંસા ને હિંસાની આ વ્યાખ્યા ! પર જીવની સાથે હિંસા—અહિંસાનો શું સંબંધ છે ? પોતાની ભૂમિકામાં વિશેષ રાગ થઈ જાય

તો જ્ઞાન ત્યાં જાણે છે કે આ તીવ્રરાગથી ચારિત્રની ભૂમિકાની હિંસા છે. લોકો તો સ્થૂળ બહારમાં અટક્યા છે ને આ માર્ગની સમજણ પણ દુર્ઘટ થઈ પછી છે !

અહો ! છઠ્ઠા ગુણસ્થાને પણ મુનિને નિર્લેપ કહ્યા. કેમ કે ત્યાં અવિકારી ભાવ ટક્યો છે. રાગની હદ છે તેટલી જ્ઞાન જાણે છે.....ને અશુભ રાગ ન થઈ જાય તેની જાગૃત્તિ વર્તે છે. આવા મુનિને પરના આશ્રયે થતા લેશ પણ બંધનો અભાવ હોવાને લીધે, જળમાં ઝૂલતા કમળની માફક, નિર્લેપપણાની પ્રસિદ્ધિ છે; માટે તે તે સર્વ પ્રકારે અશુદ્ધોપયોગરૂપ અંતરંગ છેદ નિષેધ્ય–છોડવાયોગ્ય છે, કે જે જે પ્રકારે તેના આયતનમાત્રભૂત પરપ્રાણવ્યપરોપરૂપ બહિરંગ છેદ અત્યંત નિષિદ્ધ હોય.

જ્યાં અંતરંગમાં છેદ—હિંસા નથી ત્યાં બહિરંગ છેદ પણ નથી. જ્યાં બાહ્ય હિંસાદિનો નિષેધ કર્યો હોય ત્યાં તે પ્રકારના અંતરંગ અશુદ્ધભાવનો નિષેધ છે, એટલે કે અંતરંગનો છેદ છોડવાયોગ્ય છે—એમ સમજવું.

*

પ્રસાદ નં. ૧૬૪

પ્રવચનસાર ગાથા ૨૧૮ ભાવાર્થ.

(ચૈત્ર સુદ ૧૦, સોમવાર)

આ તો મુનિદશાનું વર્ણન છે. આવી મુનિદશા થયા પહેલાં સમ્યગ્દર્શન હોવું જોઈએ. સમ્યગ્દર્શન વગર મુનિપણું થાય નહિ અને દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા વગર સમ્યગ્દર્શન થાય નહિ. માટે સર્વજ્ઞદેવ કેવા હોય, નિર્ગ્રંથ ગુરુ કેવા હોય, તેનું અંતર ને બાહ્ય સ્વરૂપ કેવું હોય, તથા શાસ્ત્રો કેવાં હોય, તે સમજવું જોઈએ. દેવ-ગુરુ-શાસ્ત્રની સમજણમાં પણ જેની ભૂલ હોય તેને તો ગૃહીત મિથ્યાત્વ છે. અહીં કહેવાય છે તેવી જ મુનિદશા માન્યા વિના તો વ્યવહારશ્રદ્ધા પણ સાચી થાય નહિ.

"શાસ્ત્રમાં અપ્રયત—આચારવંત અશુદ્ધોપયોગીને છ કાયનો હિંસક કહ્યો છે અને પ્રયત આચારવંત શુદ્ધોપયોગીને અહિંસક કહ્યો છે, તેથી શાસ્ત્રમાં જે પ્રકારે છ કાયની હિંસાનો નિષેધ કરવામાં આવ્યો હોય, તે તે સર્વ પ્રકારે અશુદ્ધોપયોગનો નિષેધ સમજવો."

૨૮ મૂળગુણ વગેરે શુભરાગ છઠ્ઠી ભૂમિકાની મર્યાદા પ્રમાણે હોય, તેનાથી વિશેષ તીવ્ર રાગ થઈ જાય તો તે મુનિને છ કાયનો હિંસક કહ્યો છે, એટલે કે મુનિપણામાં તીવ્ર રાગ હોઈ શકે નહિ. મુનિપણામાં છ કાયની હિંસાનો નિષેધ કહ્યો છે. તેમાં ખરેખર તો અંતરંગમાં તીવ્ર રાગનો જ નિષેધ છે. વસ્ત્રાદિ રાખવાનો ભાવ તે તીવ્ર રાગ છે. જે શાસ્ત્ર વસ્ત્ર સહિત મુનિપણું મનાવે, તે શાસ્ત્ર પણ સાચાં નથી ને તે મુનિપણું પણ સાચું નથી. મુનિને અંતરંગમાં ત્રણ કષાયનો નાશ થયો હોય ને બાહ્યમાં વસ્ત્રાદિ રહિત દિગંબરદશા હોય.–આ સિવાય વીતરાગ માર્ગમાં મુનિદશા હોતી નથી. આવી દશા સર્વજ્ઞોએ આદરી અને કહી, સંતોએ તે માર્ગ સેવ્યો. મહાવિદેહમાં અત્યારે આવો માર્ગ ધોખબંધ ચાલી રહ્યો છે અને તે જ માર્ગ અત્યારે કહેવાય છે. આત્મજ્ઞાનપૂર્વકની વાત છે. આત્મજ્ઞાન વગર તો મુનિદશા હોય જ નહિ. આત્મજ્ઞાન પછી, દેહદેવળમાં રહેલો ચૈતન્યજ્ઞાતા ગોળો ભિન્ન છે. તેમાં ઠરતાં ઘણો જ રાગ તૂટી જાય ને જેવો માતાએ જન્મ્યો તેવી દેહની દશા થઈ જાય ત્યારે મુનિપદ હોય, આટલી મર્યાદા સિવાય મુનિપણું હોતું નથી.

અત્યારે અહીં આવા મુનિ નથી દેખાતા, પણ તેથી કાંઈ મુનિદશાનું સ્વરૂપ ફરી જાય નહિ. મહાવિદેહમાં અત્યારે લાખો સંતો-મુનિઓ આવી ભાવલિંગી મુનિદશામાં બિરાજમાન છે. મુનિપણું ન પાળી શકે તો તેથી કાંઈ જૈનદર્શનમાં દંડ નથી પણ મુનિપણું વિપરીત રીતે માને તો તેને દંડ છે એટલે કે તેની શ્રદ્ધા મિથ્યા

છે. આત્માની અને દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા પણ ન હોય ત્યાં મુનિપણું માની લ્યે તે તો મિથ્યાત્વ છે.

હવે ઉપધિને (–પરિગ્રહને) એકાંતિક અંતરંગ—છેદપણું હોવાથી ઉપધિ અંતરંગ છેદની માફક છોડવાયોગ્ય છે, એમ ઉપદેશે છે :—

ગાથા ૨૧૯

દૈહિક ક્રિયા થકી જીવ મરતાં બંધ થાય—ન થાય છે,
પરિગ્રહ થકી ધ્રુવ બંધ, તેથી સમસ્ત છોડ્યો યોગીએ. ૨૧૯.

અર્થ :—હવે (ઉપધિ વિષે એમ છે કે), કાયચેષ્ટાપૂર્વક જીવ મરતાં બંધ થાય છે અથવા નથી થતો; (પણ) ઉપધિથી—પરિગ્રહથી નક્કી બંધ થાય છે; તેથી શ્રમણોએ (અર્હંત દેવોએ) સર્વ પરિગ્રહને છોડ્યો છે.

શરીરની ચેષ્ટાથી પર પ્રાણી હણાય ત્યાં તો જો મુનિને તીવ્ર રાગ હોય તો દોષ લાગે, પણ જો પ્રમાદભાવ ન હોય તો ત્યાં દોષ લાગતો નથી, પણ વસ્ત્રમાં તેમ નથી અર્થાત્ વસ્ત્રાદિ પરિગ્રહ હોય ત્યાં તો જરૂર અંતરમાં મમત્વાદિ ભાવ હોય જ છે ને તેથી ત્યાં જરૂર બંધ થાય છે. તેથી યોગીઓએ સમસ્ત પરિગ્રહને છોડ્યો છે.

મુનિ ધ્યાનમાં બેઠા હોય ને કોઈ વસ્ત્ર નાખી જાય તો ત્યાં તો તે ઉપસર્ગ છે, તે પરિગ્રહ નથી. મુનિને વસ્ત્રના ગ્રહણની વૃત્તિ નથી, વસ્ત્ર રાખે અને કહે કે મુનિદશા છે. તો, ભગવાન કહે છે કે નક્કી તે મિથ્યાદ્રષ્ટિ છે. વસ્ત્રસહિત સમ્યગ્દ્રષ્ટિપણું હોઈ શકે, પાંચમું ગુણસ્થાન હોઈ શકે, બ્રહ્મચારીપણું હોઈ શકે—પણ મુનિદશા તો હોય જ નહિ. આચાર્ય ભગવાન કહે છે કે ભાઈ ! વસ્તુસ્થિતિ તો આવી છે. તારાથી એટલી સ્થિતિએ ન પહોંચી શકાય તો પણ શ્રદ્ધામાં તો નાકબુલાત ન કરીશ. શ્રદ્ધામાં તો જેમ છે તેમ કબુલાત રાખજે, તો તારી શ્રદ્ધાની તો શાહુકારી ટકી રહેશે. મુનિની વીતરાગી પર્યાયનો ધર્મ જ એવો છે કે ત્યાં વસ્ત્ર સાથે ચારિત્રનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય જ નહિ. આવી વસ્તુસ્થિતિ હોવાથી શ્રમણ—અર્હંત ભગવંતોએ સર્વ પરિગ્રહને છોડ્યો છે. આવી જ મુનિમાર્ગની અખંડ ધારા છે.....આનાથી વિરુદ્ધ માને તે વીતરાગમાર્ગની અશાતના કરે છે.

ટીકા :—"જેમ કાયવ્યાપારપૂર્વક પરપ્રાણવ્યપરોપ અશુદ્ધોપયોગના સદ્ભાવ અને અસદ્ભાવ વડે અનૈકાંતિક બંધરૂપ હોવાથી તેને (કાયવ્યાપારપૂર્વક પરપ્રાણવ્યપરોપને) છેદપણું અનૈકાંતિક માનવામાં આવ્યું છે, તેમ ઉપધિનું—પરિગ્રહનું નથી."

બાહ્યમાં પરજીવ મરે ત્યારે અહીં મુનિને બંધન થાય જ અથવા ન જ થાય એવો કોઈ એકાંત નિયમ નથી; પણ જો મુનિને પ્રમાદ હોય તો તો બંધ થાય છે જ, ને પ્રમાદ ન હોય તો બંધ થતો નથી. કેમ કે સિદ્ધાંત એવો છે કે **प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा**—એટલે જો અંદરમાં પ્રમાદભાવ હોય તો જ હિંસા છે. તેમ વસ્ત્રાદિ પરિગ્રહના સંબંધમાં નથી એટલે કે વસ્ત્રાદિ પરિગ્રહ હોય ત્યાં ક્યારેક બંધ થાય ને ક્યારેક ન થાય એમ અપવાદ નથી. ત્યાં તો એક જ નિયમ છે કે જ્યાં વસ્ત્રાદિ પરિગ્રહ હોય ત્યાં જીવને અશુદ્ધ ઉપયોગ એટલે કે તીવ્રરાગ હોય જ છે, ને તેથી ત્યાં જરૂર બંધ થાય જ છે. ''પરિગ્રહ સર્વથા અશુદ્ધોપયોગ વિના હોતો નથી એવું જે પરિગ્રહનું સર્વથા અશુદ્ધોપયોગ સાથે અવિનાભાવીપણું તેનાથી પ્રસિદ્ધ થતા એકાંતિક અશુદ્ધોપયોગના સદ્‌ભાવને લીધે પરિગ્રહ તો એકાંતિક બંધરૂપ છે, માટે તેને (–પરિગ્રહને) છેદપણું એકાંતિક જ છે.'' પરિગ્રહને અને અંદરના અશુદ્ધ ઉપયોગને તો એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ કે જ્યાં વસ્ત્રાદિ પરિગ્રહ હોય ત્યાં અંદરના મુનિપણાની શુદ્ધતા હોતી નથી, એટલે ત્યાં તો મુનિપણું સર્વથા છેદાઈ જાય છે. વસ્ત્રસહિત તો મુનિદશા હોતી જ નથી. આવો નિયમ છે. ''તેથી જ ભગવંત અર્હંતોએ—પરમ શ્રમણોએ—પોતે જ પ્રથમ જ બધાય પરિગ્રહને છોડ્યો છે અને તેથી જ બીજાઓએ પણ અંતરંગ છેદની માફક, પ્રથમ જ બધોય પરિગ્રહ છોડવાયોગ્ય છે, કારણ કે તે (પરિગ્રહ) અંતરંગ છેદ વિના હોતો નથી.''

આ ભવે મોક્ષ જવાનું ભગવાનને નક્કી છે. પણ બાહ્યમાં સમસ્ત પરિગ્રહ છોડીને વીતરાગી મુનિ થયા વગર ભગવાનને પણ કેવળજ્ઞાન થતું નથી. તીર્થંકર ભગવંતોએ તો આવી દશાથી કેવળજ્ઞાન સાધ્યું છે, ને બીજા જીવો તેનાથી ઊંધું માને તો તે જીવ તીર્થંકરના માર્ગથી બાહ્ય છે. નિમિત્તથી લાભ—નુકશાન માને તેને તો સમ્યક્‌દર્શન પણ નથી. તો પછી મુનિપદ કે આચાર્યપદ તો તેને હોય જ શેનું ? આત્માનું ભાન હોય તેને પણ વસ્ત્રસહિત મુનિપણું હોતું નથી.

વસ્ત્રસહિત મુનિદશા હોતી નથી. એથી કાંઈ નિમિત્તનું જોર આવી જતું નથી. નિમિત્તને લીધે મુનિદશા અટકી એમ તેનો આશય નથી, પણ એવા નિમિત્તના સંગ વખતે અંદર પોતાને અશુદ્ધભાવ છે, તેથી જ મુનિદશા હોતી નથી. બાહ્યમાં અભક્ષ્ય આહાર ખાતો હોય અને કહે કે અંદર અમને અશુભભાવ નથી, તો તે કેમ બને ? અશુભભાવ વગર એવા નિમિત્ત ઉપર લક્ષ જાય નહિ. તેમ તીવ્રરાગ વગર વસ્ત્રાદિના ગ્રહણનો ભાવ થાય જ નહિ અને એવો તીવ્રરાગ હોય ત્યાં મુનિપણું ન જ હોય. જેમ અંતરમાં માંસ ખાવાનો ભાવ ન હોય ત્યાં ભાષા પણ એવી ન હોય કે ''માંસ સારું છે'' તેમ જ અંતરમાં બ્રહ્મચર્યનો ભાવ હોય ત્યાં ''સ્ત્રીનો સંગ સારો છે''

એવી ભાષા હોય જ નહિ. ભાષા તો ભાષાના કારણે હોવા છતાં, ભાવનો અને ભાષાનો આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેમ વસ્ત્રરહિતપણાને અને મુનિપણાને પણ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. મુનિદશાનો નિર્મળ વીતરાગભાવ અંદર થયો હોય અને ભાષામાં એમ કહે કે "વસ્ત્રાદિ રાખવામાં વાંધો નથી"—એમ બને જ નહિ. જ્યાં વસ્ત્રાદિ રાખવાની બુદ્ધિ છે ત્યાં મુનિપણું નથી. આમ હોવાથી સર્વજ્ઞ ભગવંતોએ મુનિપણામાં વસ્ત્રાદિ પરિગ્રહનો નિષેધ કર્યો છે.

<u>ભાવાર્થ</u> :—અશુદ્ધોપયોગનો અસદ્‌ભાવ હોય તો પણ કાયાની હલનચલનાદિ ક્રિયા થતાં પર જીવોના પ્રાણોનો ઘાત થઈ જાય છે. માટે કાયચેષ્ટાપૂર્વક પરપ્રાણોના ઘાતથી બંધ થવાનો નિયમ નથી; –અશુદ્ધોપયોગનો સદ્‌ભાવમાં થતો જે કાર્યચેષ્ટાપૂર્વક પરપ્રાણોનો ઘાત તેનાથી તો બંધ થાય છે અને અશુદ્ધોપયોગના અસદ્‌ભાવમાં થતો જે કાયચેષ્ટાપૂર્વક પરપ્રાણોનો ઘાત તેનાથી બંધ થતો નથી. આ રીતે કાયચેષ્ટાપૂર્વક થતા પરપ્રાણોના ઘાતથી બંધ થવાનું અનૈકાંતિક હોવાથી તેને છેદપણું અનૈકાંતિક છે– નિયમરૂપ નથી.

જેમ ભાવ વિના પણ પરપ્રાણોનો ઘાત થઈ જાય છે, તેમ ભાવ ન હોય તો પણ પરિગ્રહનું ગ્રહણ થાય એમ કદી બને નહિ. જ્યાં પરિગ્રહનું ગ્રહણ હોય છે ત્યાં અશુદ્ધોપયોગનો સદ્‌ભાવ અવશ્ય હોય જ છે. માટે પરિગ્રહથી બંધ થવાનું તો એકાંતિક—નિશ્ચિતનિયમરૂપ છે. તેથી પરિગ્રહને છેદપણું એકાંતિક છે. આમ હોવાથી જ પરમ શ્રમણ એવા અર્હંત ભગવંતોએ પ્રથમથી જ સર્વ પરિગ્રહનો ત્યાગ કર્યો છે અને અન્ય શ્રમણોએ પણ પ્રથમથી જ સર્વ પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ.

આત્મદ્રવ્યમાં મુનિપણાની નિર્મળ પર્યાય પ્રગટે તેનો સ્વભાવ તો આવો છે. આવી નિર્મળ પર્યાયના સ્વભાવને જે ન ઓળખે તેણે દ્રવ્યને પણ ઓળખ્યું નથી. વસ્ત્રસહિત મુનિપણું માને તેને તો સાચી શ્રાવકદશા પણ રહેતી નથી. એના કરતાં તો સાચી શ્રદ્ધાવાળો શ્રાવક સારો છે. અહો ! સંતોએ આવો મુક્તિમાર્ગ કહ્યો છે. આવો મુક્તિમાર્ગ છે. તેમાં અપવાદ કરશો નહિ—વિપરીત માનશો નહિ. આ તો કોઈ પક્ષ નથી. આનો જે વિરોધ કરશે તે રખડશે, પણ માર્ગ બીજી રીતે થવાનો નથી.

હવે, 'કહેવાયોગ્ય બધું કહેવાયું છે' ઇત્યાદિ કથન શ્લોક દ્વારા કરવામાં આવે છે :—

કળશ ૧૪

સંતો—આચાર્યો કહે છે કે ‘‘જે કહેવા જેવું જ હતું તે અવિશેષપણે કહેવાયું છે. એટલાથી જ જો કોઈ ચેતે—સમજે તો, (બાકી તો,) વાણીનો અતિ વિસ્તાર કરવામાં આવે તોપણ નિશ્ચેતનને (–અણસમજુને, જડ જેવાને) ખરેખર વ્યામોહની (–મોહની) જાળ અતિ દુસ્તર છે.

જેને વિવેકબુદ્ધિ નથી એવા અચેતન—જડ જેવા અણસમજુને કોણ સમજાવી શકશે ? જેને વાદવિવાદ જ કરવો છે તેવા જડ જેવાને કોઈ રીતે સમજાવી શકાય તેવું નથી ? જેવો માર્ગ હતો તેવો જાહેર કરીને આચાર્યભગવાને હાથ ખંખેરી નાખ્યા છે કે મુનિઓનો માર્ગ તો આવો જ છે. જે જિજ્ઞાસુ હશે....જે વિવેકી હશે....તે તો આટલાથી જ બધું સમજી જશે. કેમ કે બધું કહેવાઈ ગયું છે. સમ્યગ્દર્શન શું ? સમ્યગ્જ્ઞાન શું ? સમ્યક્ચારિત્ર શું ? ને તેનો બાહ્ય વ્યવહાર શું ? તે બધુંય સ્પષ્ટપણે કહેવાઈ ગયું છે. સમજનારા તો આટલાથી જરૂર સમજી જશે. બાકી જે જડ જેવા છે તે તો કાંઈક કુતર્ક કાઢશે. તેવા અણસમજુને તો મોહની જાળ અતિ દુસ્તર છે.

આચાર્યદેવને કરુણા આવી ગઈ કે, અરે ! જેઓ બિચારા અચેતન જેવા છે તેને આવો વીતરાગી માર્ગ કેમ સમજાશે ? જેનામાં ‘ચેતન’ એટલે આત્માની જાગૃતિનો ભાવ હશે તે તો આટલાથી વસ્તુસ્થિતિ સમજી જશે, બાકી મોહી જીવોને તો મોહની જાળમાંથી નીકળવું મુશ્કેલ છે.

અહા મુનિદશા ! તે તો આત્માના આનંદના અનુભવમાં ઝૂલનારા છે ! ક્યારેક આહારની વૃત્તિ થાય ને આહાર લેવા જાય ત્યાં કોઈના રૂદનનો અવાજ કાને પડે તો પાછા ફરી જાય છે.

અમે તો આનંદમંગલકારી મોક્ષદશાને સાધવા નીકળ્યા છીએ, ત્યાં વળી આ રૂદન શા ? અમે ચૈતન્યના આનંદમાં ઝૂલનારા, ત્યાં વચ્ચે આવા રૂદનનાં નિમિત્ત શા ?–એમ અંતરમાં આનંદની ઉગ્રતા વડે આહારની વૃત્તિ ફડાક તોડી નાખે છે. કોઈ રોતો હોય ત્યાં મુનિ આહાર ન લ્યે. આનંદના જોરે વૃત્તિ સહજ તૂટી જાય છે. પણ ‘‘અરે ! અમારે આજ આહારમાં અંતરાય પડ્યો !’’ એમ મુનિને થતું નથી. આવી આનંદમય મુનિદશા છે.

આમાં મુનિદશાનું સ્વરૂપ સર્વ પ્રકારે કહેવાઈ ગયું છે. સરળ જીવોને તો તે વાત ચિત્તમાં બેસી જશે.

*

પ્રસાદ નં. ૧૬૫

પ્રવચનસાર ગાથા ૨૨૦

(ચૈત્ર સુદ ૧૧, મંગળવાર)

મુક્તિના રાજમાર્ગે વિચરનારા સંત મુનિવરોને નમસ્કાર હો.

અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી, નિવૃત્ત થયા; નમું તેમને.

(પ્રવચનસાર ગાથા ૮૨)

આ સાધકમુનિની વાત છે. આચાર્યદેવ કહે છે કે અહો ! જેને આત્માનું અપૂર્વ ભાન થયું છે, ને તેમાં લીન થતાં અંતરમાંથી ત્રણ કષાયનો અભાવ થઈ ગયો છે તેમને બાહ્યમાં સહજપણે નગ્ન દિગંબરપણું હોય જ છે—આવી મુનિદશા જૈનમાર્ગમાં છે. અહીં ચરણાનુયોગની ૧૯ ગાથા દ્વારા તેનું ઘણું વર્ણન કર્યું, સમજનારા આટલામાં સમજી જશે; કુતર્કો મુથ્યાદ્રષ્ટિઓને તો ઊંધા તર્ક અને સ્વચ્છંદ ઊઠ્યા જ કરશે.

કોઈ કહે :–"મુનિદશાની આવી ખુલ્લી વાત કરવાથી તો લોકોને દુઃખ લાગશે ને વિરોધ થશે. માટે આચાર્યદેવે આવી વાત ખુલ્લી ન મૂકી હોત તો ઠીક હતું." તો તેમ કહેનારો સ્વચ્છંદી છે. સંતોની વાત સાંભળતાં પ્રમોદ આવવો જોઈએ કે અહો ! આવી વાત કદી જાણી ન હતી. એમ અપૂર્વ વાત સાંભળતાં અંતરમાં આશ્ચર્ય ને પ્રમોદ આવવો જોઈએ. અહો પ્રભો ! અમને કાંઈ ભાન ન હતું, ને આપે યથાર્થ વસ્તુસ્થિતિ ખુલ્લી કરીને અમારા ઉપર ઉપકાર કર્યો, જગત ઉપર ઉપકાર કર્યો. મુનિદશા કેવી હોય તેનું જરાય ભાન ન હતું, ને અમે ઊંધું માનતા હતા. તેને બદલે આપે યથાર્થ વસ્તુસ્થિતિ સમજાવીને અમને અસત્યથી છોડાવ્યા....અમને બહુ ન્યાલ કર્યા! આને બદલે કોઈ એમ ઊંધું માની લ્યે કે

મુનિઓએ આવી વાત ખુલ્લી ન કરી હોત તો લોકોને દુઃખ તો ન લાગત !—તો એમ કહેનારો સ્વચ્છંદી અને વીતરાગી મુનિઓનો વેરી છે. સત્ય વાત ખુલ્લી કરતાં પાત્ર જીવો સત્ય સમજશે ને કલ્યાણ થશે. તે માટે જ શ્રી કુંદકુંદાચાર્ય વગેરે વીતરાગી સંતોએ માર્ગ ખુલ્લો મૂક્યો છે. એમ સવળું લઈને પ્રમોદ બતાવવો જોઈએ, તેને બદલે જે ઊંધા તર્ક કરે તે આચાર્ય સંતોની આજ્ઞા બહાર છે, સ્વચ્છંદી છે. જુઓ તો ખરા ! એક તરફ આચાર્યદેવની કરુણા ! ને બીજી તરફ જગતના ઊંધા જીવોની અવળાઈ ! બન્ને સામસામા છે !!

અહા ! ચરણાનુયોગમાં મુનિદશાની કેવી અદ્‌ભુત અને સરસ વાત ખુલ્લી કરી છે ! આવી સરસ વાત સાંભળતાં પાત્ર જીવને પ્રમોદ આવે.

પ્રશ્ન :—"વસ્ત્રરહિત જ મુનિપણું હોય ને વસ્ત્રસહિત મુનિપણું માને તે કુગુરુ છે, એમ કહેતાં વસ્ત્રસહિત મુનિપણું માનનારાને દુઃખ લાગે—માટે તેમ ન કહ્યું હોત તો સારું હતું !"

ઉત્તર :—યથાર્થ વસ્તુસ્થિતિ જાહેર કરતાં અસત્યનો નિષેધ તો થઈ જ જાય. 'આમ સત્ય છે' એમ સત્યનું સ્થાપન કરતાં, 'તેનાથી વિરુદ્ધ અસત્ય છે.' એમ અસત્યનો નિષેધ પણ થઈ જ જાય છે—એવો અનેકાંત છે. ત્યાં ખોટું માનનારાને દુઃખ લાગે તો તેના ઊંધા ભાવને કારણે છે, તેમાં જ્ઞાની શું કરે ? એવી તો કોઈ પ્રરૂપણા જગતમાં નથી કે જે બધાયને સારી લાગે.

કોઈ કહે : 'ઈશ્વર જગતના કર્તા નથી' એમ કહેવાથી ઈશ્વરને કર્તા માનનારાને દુઃખ લાગશે; માટે તેમ ન કહેવું જોઈએ. તો જ્ઞાની કહે છે કે તે જ પ્રમાણે, 'ઈશ્વર કર્તા છે' એમ કહેવાથી 'ઈશ્વર કર્તા નથી' એવું માનનારાને શું દુઃખ નહિ લાગે ? તો તો પછી સત્ય—અસત્યની કાંઈ પ્રરૂપણા જ ન થઈ શકે !—માટે એમ નથી. જેને દુઃખ લાગે તે તેના કારણે છે, સત્યના કારણે નહિ. સત્યને તો જ્ઞાની સત્ય તરીકે જાહેર કરે, તેમાં કોઈ અજ્ઞાની કલ્પનાથી દુઃખ લગાડે તો તે તેના પોતાના ઊંધા ભાવથી છે. તેથી કાંઈ સત્યની પ્રરૂપણાનો નિષેધ ન કરાય !

માટે અહીં સ્પષ્ટપણે મુનિદશાનું સ્વરૂપ વર્ણવતા આચાર્ય ભગવાને કહ્યું છે કે વસ્ત્ર રહિત જ મુનિદશા હોય છે. અંતરની અને બહારની સ્થિતિ જેમ હતી તેમ સ્પષ્ટ કહેવાઈ ગઈ છે. આ કાળે આવું કહેવાયોગ્ય ન હતું ને કહેવાઈ ગયું—એમ નથી પણ જે બરાબર કહેવાયોગ્ય હતું તે જ કહેવાયું છે. આવી મુનિદશાને નક્કી કરજો. મુનિદશા તે તો કેવળજ્ઞાન લેવા માટે ચૈતન્યના હીંચકે ઝૂલતી દશા છે.

આચાર્યદેવે સત્યવાતની જાહેરાત જગતના કલ્યાણને માટે કરી છે, કાંઈ કોઈને દુઃખ લગાડવાનો તેમનો ભાવ નથી. અજ્ઞાની ઊંધા ભાવે દુઃખ લગાડે તે તેના પોતાના કારણે છે. મોક્ષદશા પ્રકાશકમાં આ વાતને સ્પષ્ટ કરતાં નીચે મુજબ જણાવે છે :—

પ્રશ્ન :—આપ કહો છો તે તો સાચું, પરંતુ અન્યમતોની નિંદા કરતાં અન્યમતી દુઃખ પામે, અને બીજાઓની સાથે વિરોધ થાય, તેથી નિંદા શા માટે કરો છો ?

ઉત્તર :—જો કષાયપૂર્વક નિંદા કરીએ વા અન્યને દુઃખ ઉપજાવીએ તો અમે પાપી જ છીએ, પણ અહીં તો અન્યમતના શ્રદ્ધનાદિવડે જીવોને અતત્ત્વશ્રદ્ધાન દ્રઢ થાય અને તેથી તેઓ સંસારમાં દુઃખી થાય, તેથી કરુણાભાવવડે અહીં યથાર્થ નિરૂપણ કર્યું છે. છતાં કોઈ દોષ વિના પણ દુઃખ પામે, વિરોધ ઉપજાવે, તો તેમાં અમે શું કરીએ ? જેમ મદિરાની નિંદા કરતાં કલાલ દુઃખ પામે, કુશીલની નિંદા કરતાં વેશ્યાદિક દુઃખ પામે તથા ખરું—ખોટું ઓળખવાની પરીક્ષા બતાવતાં ઠગ દુઃખ પામે, તો તેમાં અમે શું કરીએ ? એ પ્રમાણે જો પાપીઓના ભયથી ધર્મોપદેશ ન આપીએ તો જીવોનું ભલું કેમ થાય ? એવો તો કોઈ ઉપદેશ નથી, કે જે વડે સર્વ જીવોને ચેન થાય.

આચાર્યદેવને વિકલ્પ ઊઠતાં કરુણાભાવે ઘણી સ્પષ્ટ વાત કરીને મુનિપણું સમજાવ્યું.

હવે આ ઉપધિનો (પરિગ્રહનો) નિષેધ તે અંતરંગ છેદનો જ નિષેધ છે, એમ ઉપદેશે છે :–

ગાથા ૨૨૦

નિરપેક્ષ ત્યાગ ન હોય તો નહિ ભાવશુદ્ધિ ભિક્ષુને,
ને ભાવમાં અવિશુદ્ધિ ને ક્ષય કર્મનો કઈ રીત બને ? ૨૨૦.

અન્વયાર્થ :—જો નિરપેક્ષ (કોઈ પણ વસ્તુની અપેક્ષા વિનાનો) ત્યાગ ન હોય તો ભિક્ષુને ભાવની વિશુદ્ધિ નથી અને ભાવમાં જે અવિશુદ્ધ છે તેને કર્મક્ષય કઈ રીતે થઈ શકે ?

અહીં તો કર્મનો નાશ કરીને અલ્પકાળમાં કેવળજ્ઞાન લ્યે એવી મુનિદશાની વાત છે, તે દશામાં ઘણી વીતરાગતા હોય છે, ત્યાં વસ્ત્રાદિ ઉપાધિ હોય નહિ. આ વસ્ત્ર લઉં ને આ ઓઢું, આ ફાટ્યું ને આ તૂટ્યું–એવી વસ્ત્રની ઉપાધિ મુનિને હોય જ

નહિ. વસ્ત્રસહિત ગૃહસ્થને સ્વભાવની દ્રષ્ટિ અને આત્મભાન હોઈ શકે, પણ આવી મુનિદશા તો ન જ હોય. કેમ કે ત્યાં ભાવની તેટલી વિશુદ્ધિ નથી.

<u>ટીકા :—</u>આચાર્યદેવ ચોખાનું દ્રષ્ટાંત આપીને આ વાત સ્પષ્ટ કરે છે.

"જેમ ફોતરાનાં સદ્‌ભાવમાં ચોખાને વિષે રહેલી (રક્તતારૂપ–રતાશરૂપ) અશુદ્ધતાનો ત્યાગ (–અભાવ, નાશ) હોતો નથી, તેમ બહિરંગ સંગના સદ્‌ભાવમાં અશુદ્ધોપયોગરૂપ અંતરંગ છેદનો ત્યાગ હોતો નથી."

જેને બાહ્યમાં વસ્ત્રાદિ પડ્યાં છે તેને અંદરમાં રાગની રાતપ (લાલાશ) પડી જ છે. વસ્ત્ર છોડીને બેસે છતાં અંદરમાં રાગ રહે એમ બને, પણ અંદરનો રાગ છૂટી જાય ને વસ્ત્ર હોય એમ ન બને; વસ્ત્રનું ફોતરું હોય અને અંદર રાગભાવ ન હોય–એમ બને નહિ. શરીર ઉપર વસ્ત્ર પહેર્યાં હોય અને કહે કે "અમે તો મુનિ છીએ, અમને પરિગ્રહનો રાગ નથી" તો આચાર્યદેવ કહે છે કે તે મુનિ નથી પણ પાખંડી છે, તેની વાત જૂઠી છે. અંદરનો રાગ છૂટતાં બહારમાં વસ્ત્ર પણ છૂટી જ જાય છે. અમારા અનુભવથી ને આગમની સાક્ષીથી મુનિદશાની વાત કરી. હવે, સાથે યુક્તિ ને દ્રષ્ટાંતથી પણ તે વાત સિદ્ધ કરીએ છીએ.

<u>શુદ્ધોપયોગ તે કેવળજ્ઞાનનું મૂળ છે.</u> તે શુદ્ધોપયોગ વસ્ત્રાદિના પરિગ્રહવાળાને હોતો નથી.



જુઓ, ૧૯૬ મી ગાથામાં ચાર પ્રકારનાં મૂળિયાંની વાત આવી હતી, ને આ પાંચમું કેવળજ્ઞાનનું મૂળિયું આવ્યું. પરમાર્થે અભેદ આત્મા તે જ સમ્યગ્દર્શન વગેરે બધા ધર્મોનું મૂળિયું છે.

જેનું મૂળિયું જીવતું છે તે ઝાડ અલ્પકાળે પાંગરી જશે.

૧. રાગ-દ્વેષનું મૂળ મિથ્યાત્વ છે. જ્યાં મિથ્યાત્વનો નાશ નથી ત્યાં રાગ-દ્વેષનો યથાર્થ નાશ થતો નથી.

૨. ચારિત્રનું મૂળ સમ્યક્ત્વ છે. સમ્યગ્દર્શન વગર ચારિત્રદશા ઊગતી નથી.

૩. પરદ્રવ્યમાં પ્રવૃત્તિનું મૂળ–મોહમળ છે. મોહમળ એટલે મિથ્યાત્વ તેમ જ રાગ-દ્વેષ, તે જ પરમાં પ્રવૃત્તિનું મૂળિયું છે.

૪. ચંચળતાનું મૂળ મન છે. મનના આશ્રયે ચંચળતા–રાગ-દ્વેષ થાય છે.

૫. અહીં છેલ્લું મૂળ કહે છે કે કેવળજ્ઞાનનું મૂળિયું શુદ્ધોપયોગ છે.

આવો શુદ્ધોપયોગ વસ્ત્રાદિના પરિગ્રહવાળાને હોતો નથી. ગૃહસ્થ ધર્માત્માને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની શુદ્ધતા હોય, પણ મુનિદશાનો શુદ્ધોપયોગ વસ્ત્રસહિત દશામાં હોય જ નહિ.

જેમ મુનિદશા નગ્ન વીતરાગી છે તેમ જ્ઞાનીઓનાં વચન પણ નગ્નસત્ય છે. જેમ છે તેમ યથાર્થ વસ્તુસ્થિતિને જાહેર કરે છે. જે જીવ સવળો પડે તેને બેસે. ઊંધા જીવને તો અનાદિથી અજ્ઞાન ચાલી જ રહ્યું છે !

મુનિને બાહ્યમાં વસ્ત્રાદિ હોતાં નથી એમ જે પરિગ્રહનો નિષેધ કર્યો છે તેમાં ખરેખર અંદરમાં અશુદ્ધ ઉપયોગના નિષેધનું જ પ્રયોજન છે. મુનિને તીવ્રરાગભાવનો નિષેધ હોય છે તે પ્રયોજન બતાવવા માટે બાહ્ય પરિગ્રહનો અભાવ બતાવ્યો છે. અંદરના રાગાદિભાવો છૂટ્યા ન હોય ને બાહ્યમાં વસ્ત્રાદિ છોડીને બેસે તેની અહીં વાત નથી. અહીં તો અંદરની વીતરાગીદશાપૂર્વક બાહ્યમાં કેવી દશા હોય તેની વાત છે.

‘અહો ! આવી મુનિદશા તો અમે સાંભળી ન હતી. અમે તો ન્યાલ થઈ ગયા.’ એમ પાત્રજીવો સવળું લ્યે છે. વીતરાગી મુનિને જગતના જીવોને સત્ય વસ્તુસ્થિતિ સમજાવવાનો વિકલ્પ ઊઠ્યો છે ત્યાં આ કથન થયું છે, તેને બદલે ઊંધો જીવ કહે છે કે “આવું કહેવાથી તો બીજાને દુઃખ લાગે માટે આવી વાત ખુલ્લી ન કરી હોત તો સારું !”–તો તેવો કુતર્ક કરનાર સ્વચ્છંદી છે. અરે મૂઢ ! મહાસંત વીતરાગી મુનિદશામાં ઝૂલતા કરતાં શું તું વધી ગયો ? આચાર્યદેવને શું તારા જેટલી બુદ્ધિ નહિ હોય ? અરે મૂઢ ! મુનિવરોએ જે કહ્યું છે તે યથાર્થ જ કહ્યું છે, તે સાંભળતાં પ્રમોદ ન આવતાં તેને કુતર્ક ઊઠે છે તે તારો મોટો સ્વચ્છંદ છે.

અરે ભાઈ ! આચાર્યદેવ કહે છે કે શાસ્ત્રમાં તો ભગવાને આવી મુનિદશા ફરમાવી છે અને તું કહે છે કે “આમ ન ફરમાવ્યું હોત તો સારું”–એટલે તું ભગવાનનો, શાસ્ત્રનો અને સંતોનો વેરી થયો, વસ્તુસ્થિતિનો અને તારા આત્માનો તું દુશ્મન થયો. માટે આચાર્ય ભગવાને જે યથાર્થ વસ્તુસ્થિતિ ખુલ્લી મૂકી છે તે સમજ, તારો સ્વચ્છંદ એક બાજુ મૂકીને આચાર્ય ભગવાને કહ્યું છે તેમ સમજ ! ॥૨૨૦॥

હવે ‘ઉપધિ તે એકાંતિક અંતરંગ છેદ છે’ એમ વિસ્તારથી ઉપદેશે છે:—

ગાથા ૨૨૧

આરંભ, અણસંયમ અને મૂર્છા ન ત્યાં—એ ક્યમ બને ?
પરદ્રવ્યરત જે હોય તે કઈ રીત સાધે આત્મને ? ૨૨૧.

અન્વયાર્થ :—ઉપધિના સદ્‌ભાવમાં તેને (ભિક્ષુને) મૂર્છા, આરંભ કે અસંયમ ન હોય એ કેમ બને ? (ન જ બને.) તથા જે પરદ્રવ્યમાં રત હોય તે આત્માને કઈ રીતે સાધે ?

અહા ! મુનિવરો તો જગતથી એકદમ નિઃસ્પૃહ અને સિંહવૃત્તિએ વિચરનારા છે. પાંજરાપોળના ઢોર જેવું મુનિપણું નથી. જેમ સિંહને ગોળી લાગે તો કાંઈ પાંજરાપોળે પાય ન બંધાવે, તેમ મુનિને ગૃહસ્થોની અપેક્ષા ન હોય, આરંભ ન હોય, પરિગ્રહાદિ ન હોય. જેને પરિગ્રહ હોય તેને તો ગૃહસ્થોની ઓશિયાળ છે. તે તો પાંજરાપોળના ઢોરની જેમ ગૃહસ્થોનો ઓશિયાળો છે, તેને વસ્ત્ર ધોવા વગેરેનો આરંભ છે, અસંયમ છે, વસ્ત્રની મૂર્છા છે. એવો તે જીવ આત્મામાં લીન થઈને આત્માને કઈ રીતે સાધે ? અહીં પૂર્ણ સાધવાની વાત છે. વસ્ત્રાદિ પરિગ્રહની મૂર્છાવાળા ગૃહસ્થ ધર્માત્માને સમ્યગ્દર્શનજ્ઞાન હોય, પણ વસ્ત્રાદિ સહિત દશામાં તે કેવળજ્ઞાન પામી ન શકે. તેને મુનિદશા ન હોય.....અહો, આ તો અંતરનો એકદમ નિવૃત્તિમય શાંતમાર્ગ છે. વસ્ત્ર-પાત્રની ઉપાધિ અને તેને રંગવા વગેરેની પ્રવૃત્તિ આત્માર્થીને અંતરમાં ગોઠે નહિ; મુનિ તો વસ્ત્ર-પાત્ર વગરના, ઉપાધિ વગરના હોય છે. આત્માના આનંદના અનુભવની શ્રેણીમાં પડેલા મુનિને વળી બહારની ઉપાધિ શી ?

આ વાત ગૃહસ્થોને દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ કરવા માટે સમજવાને જરૂરી છે. દેવ-ગુરુ-શાસ્ત્ર કેવાં હોય તે તો જાણવુ જોઈએ ને ? તે વિના જ્યાં ત્યાં માથા ઝૂકાવે તેને ધર્મ થાય નહિ. જેના હૃદયમાં વસ્ત્રાદિ પરિગ્રહની મૂર્છા છે ને પોતાને મુનિ માને છે તે જીવ વીતરાગના માર્ગને જાણતો નથી. વીતરાગનાં માર્ગમાં સંતમુનિને એવી પરિગ્રહની મૂર્છા કે આરંભની વૃત્તિ હોઈ શકે નહિ.

***

પ્રસાદ નં. ૧૬૬

પ્રવચનસાર ગાથા ૨૨૧

(ચૈત્ર સુદ ૧૨, બુધવાર)

સાધુપદ કેવું હોય ?—કે જે સાધુપદ વગર કેવળજ્ઞાન અને મુક્તિ ન થાય, તેની આ વાત છે. મુનિપણાને વિપરીત માને તો તેની શ્રદ્ધા જ ઊંધી છે. તે વીતરાગની આજ્ઞાને માનતો નથી, ગુરુને ઓળખતો નથી, ને શાસ્ત્રનેય ઓળખતો નથી. જ્યાંથી ધર્મ લેવો છે તેની ઓળખાણ તો કરવી જોઈએને ? દેવ-ગુરુ-શાસ્ત્રની યથાર્થ શ્રદ્ધા કરવી ને તેઓ શું કહે છે, તેની સમજણ કરવી તે પણ ગૃહસ્થનો એક ધર્મ છે. મુનિદશા આવ્યા પહેલાં મુનિદશા કેવી હોય, તે ઓળખવી જોઈએ. **णमो लोए सव्व साहूणं**માં જે સાધુઓને નમસ્કાર કરવામાં આવે છે તે સાધુની દશા કેવી હોય ? તેનું આ વર્ણન છે. પરિગ્રહ સંબંધી ક્રમ-પક્રમનો બોજો મુનિને માથે ન હોય. આ કપડાં લેવાં, આ પહેરવાં ને મેલાં થાય એટલે ધોવા, ધોઈને સૂકવવાં, સૂકવીને સંકેલવા ને તેને સાચવવાં—આવી ઉપાધિ મુનિને હોય નહિ. જ્યાં કામની વ્યવસ્થા કરવાનું માથે હોય ત્યાં મુનિપણું હણાય છે, ત્યાં હિંસાના પરિણામ છે એટલે કે અસંયમ છે. જ્યાં મમત્વ, આરંભ અને અસંયમ હોય ત્યાં મુનિપણું ન હોય.

''ઉપધિ જેનું દ્વિતીય હોય તેને (અર્થાત્ આત્માથી અન્ય એવો પરિગ્રહ જેણે ગ્રહણ કર્યો હોય તેને) પરદ્રવ્યમાં રતપણાને લીધે શુદ્ધાત્મદ્રવ્યના સાધકપણાનો અભાવ હોય છે.''

ચૈતન્યમાં લીનતા નથી ને બાહ્ય વસ્ત્રાદિ પરિગ્રહની ઉપાધિમાં જે પડ્યો છે તેને મુનિદશાના સાધકપણાનો અભાવ છે. આમ હોવાથી ઉપધિને એકાંતિક અંતરંગ છેદપણું નક્કી થાય છે. એટલે પરિગ્રહની મમતા છે ત્યાં મુનિપણાનો છેદ થાય છે.

મુનિપણું તો ઊંચી સાધકદશા છે. એકદમ અંદરમાં રમણતાની જમાવટ થઈ ગઈ છે. પરિગ્રહનું લક્ષ હોય ત્યાં તેવી શુદ્ધોપયોગની જમાવટ ન થઈ શકે. માટે જ્યાં ઉપધિ છે ત્યાં મુનિપણાનો છેદ જ છે.

આ અહીં તાત્પર્ય છે કે 'ઉપધિ આવો છે. (અર્થાત્ પરિગ્રહ તે અંતરંગ છેદ જ છે) એમ નક્કી કરીને તેને સર્વથા છોડવો.'

પહેલાં આવું મુનિપણું નક્કી કરીને પરિગ્રહને છોડવો. આવું મુનિપણું નક્કી કર્યા વગર તો મુનિદશા હોય નહિ. ॥૨૨૧॥

ઉપધિનો સર્વથા નિષેધ છે—એમ કહ્યું. હવે તેમાં અપવાદ ઉપદેશે છે. હવે, 'કોઈને ક્યાંક ક્યારેક કોઈ પ્રકારે કોઈક ઉપધિ અનિષિદ્ધ પણ છે.' એવો અપવાદ ઉપદેશે છે :—

ગાથા ૨૨૨

ગ્રહણે વિસર્ગે સેવતાં નહિ છેદ જેથી થાય છે,
તે ઉપધિ સહ વર્તો ભલે મુનિ કાળક્ષેત્રે વિજાણીને. ૨૨૨

પરનાં ગ્રહણ-ત્યાગનું કથન ઉપચારથી છે. અંદર તેવો વિકલ્પ ઊઠ્યો ત્યાં નિમિત્તથી ગ્રહણ-વિસર્ગ કરવાનું કહ્યું છે. ખરેખર આત્મા પરને ગ્રહી—છોડી શકતો નથી. એ તો વસ્તુસ્થિતિ જ છે. પણ ચરણાનુયોગમાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે.

અર્થ :—જે ઉપધિને (આહાર-નિહારાદિનાં) ગ્રહણ-વિસર્જનમાં સેવતાં જેનાથી સેવનારને છેદ થતો નથી, તે ઉપધિ સહિત, કાળદ્રવ્યને જાણીને, આ લોકમાં શ્રમણ ભલે વર્તો.

ટીકા :—"આત્મદ્રવ્યને દ્વિતીય પુદ્ગલદ્રવ્યનો અભાવ હોવાથી બધોય ઉપધિ નિષિદ્ધ છે—એમ ઉત્સર્ગ (–સામાન્ય નિયમ) છે."

ભગવાન આત્મા એક શુદ્ધદ્રવ્ય છે, તેમાં શરીરાદિ સર્વ પરનો અભાવ છે. આત્મામાં એક પરમાણુમાત્રનાં પણ ગ્રહણ-ત્યાગનો અભાવ છે. જેણે આવા આત્માની દ્રષ્ટિ કરી ને પછી તેમાં રમણતા કરવા લાગ્યો તેને મુનિપણામાં બીજા કોઈ ઉપધિનો સંગ ન હોય. આ તો ઉત્સર્ગ છે એટલે એકલા આત્મામાં લીનતા તો મુનિવરોનો ઉત્સર્ગ માર્ગ છે. અને મન-વાણી-દેહનું લક્ષ જાય તે અપવાદિક ઉપધિ છે. એટલે મન-વાણી-દેહને પણ અપવાદ તરીકે ઉપધિમાં ગણ્યાં છે, પણ વસ્ત્રને તો અપવાદ તરીકે પણ મુનિનો ઉપધિ ગણ્યો નથી. "વિશિષ્ટ કાળક્ષેત્રને વશ કોઈક ઉપધિ અનિષિદ્ધ છે—એમ અપવાદ છે. જ્યારે શ્રમણ સર્વ ઉપધિના નિષેધનો આશ્રય કરીને પરમોપેક્ષાસંયમને પ્રાપ્ત કરવાનો ઇચ્છક હોવા છતાં પણ.... નિર્વિકલ્પ થઈ ને ચિદાનંદ સ્વરૂપમાં જે ઠર્યો છે તેને તો શરીરાદિ ઉપધિનું લક્ષ જતું નથી પણ, તેવી ભાવના હોવા છતાં જ્યારે ખાસ કાળક્ષેત્રના વશે હીન શક્તિવાળો હોય અને નિર્વિકલ્પપણે ઠરી ન શકે તો તેમાં જરાક અપવાદ કરીને મન-વાણી-શરીર ઉપર લક્ષ જાય છે, ત્યારે અનુત્કૃષ્ટ સંયમને ટકાવી રાખીને ઉપધિનો આશ્રય કરે છે. એટલે કે સરાગભાવ થતાં શરીરાદિ નિમિત્ત ઉપર લક્ષ ગયું માટે તેને ઉપધિ ગણ્યો છે. આ ઉપધિ તે આત્માનું દ્વિતીય છે. એટલે કે આત્માથી ભિન્ન છે. આત્મા તો જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ છે—એવું ભાન અને તેમાં ઘણી લીનતા તો મુનિને વર્તે છે. પૂર્ણ વીતરાગપણે આત્મામાં ઠરાતું નથી ત્યારે

ઉપદેશનું શ્રવણ કરવું, ઉપદેશ દેવો, આહાર કરવો, પર જીવની દયા વગેરે વિકલ્પનો ભાવ આવે છે. ત્યાં ઉપધિનો આશ્રય હોવા છતાં સંયમનો છેદ થતો નથી, માટે ખરેખર તો તે ઉપધિ નથી, ત્યાં સંયમનો છેદ નથી પણ ઊલટો તે ઉપધિ તો છેદના નિષેધરૂપ છે. છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ વખતે તેવું લક્ષ ન કરે તો તો બીજા રાગમાં જોડાશે. માટે વ્યવહાર સંયમ—છઠ્ઠુ ગુણસ્થાન—ટકતું હોવાથી તે શુભ વિકલ્પને ઉપધિમાં ગણ્યો નથી. પરમાર્થે—ઉત્સર્ગ તરીકે તો તે દોષ છે, પણ વ્યવહારે—છઠ્ઠા ગુણસ્થાન અપેક્ષાએ—અપવાદ તરીકે—તેવો શુભવિકલ્પ અને આહારાદિ ઉપધિ હોય છે, તે ઉપધિ સંયમના છેદનું કારણ નથી.

''જે (ઉપધિ) અશુદ્ધોપયોગ વિના હોતો નથી તે છેદ છે. પરંતુ આ (સંયમના બાહ્ય સાધનમાત્રભૂત ઉપધિ) તો શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત શરીરની વૃત્તિના હેતુભૂત આહારનીહારાદિનાં ગ્રહણ—વિસર્જન સંબંધી છેદના નિષેધને અર્થે ગ્રહવામાં આવતો હોવાથી સર્વથા શુદ્ધોપયોગ સહિત છે તેથી છેદના નિષેધરૂપ જ છે.''

મુનિને સાતમું ને છઠ્ઠું ગુણસ્થાન હજારોવાર આવ્યા કરે. તેમાં પણ સાતમે નિર્વિકલ્પ અનુભવમાં ઠર્યો તે ઉત્સર્ગ છે, ને છઠ્ઠે વિકલ્પ ઊઠ્યો તે અપવાદ છે. અહો ! હજી તો મુનિદશા શું તેની પણ ખબર ન હોય, સમ્યગ્દર્શનનું—ચોથા ગુણસ્થાનનું—પણ ઠેકાણું ન હોય, ને વસ્ત્ર છોડીને મુનિપણું માની બેસે તેને ભગવાન મુનિ કહેતા નથી, ને તે ધર્મી પણ નથી.

છઠ્ઠા ગુણસ્થાને શુભવૃત્તિ ઊઠે છતાં તેને અહીં સર્વથા શુદ્ધોપયોગ જ ગણ્યો છે. કેમ કે છઠ્ઠા ગુણસ્થાનની દશાને વિઘ્ન કરે તેવી અશુદ્ધતા નથી, છઠ્ઠા ગુણસ્થાને આહારાદિની વૃત્તિ ઊઠે ત્યાં રાગ પોષવાનો મુનિનો હેતુ નથી. પણ સંયમનો નિભાવ થાય ને અશુભરાગ ન આવી જાય—તે હેતુથી—આહારાદિ ઉપધિ હોય છે, માટે તે ઉપધિથી સંયમનો છેદ થઈ જતો નથી.

મુનિરાજ પોતે સંસારથી બહાર નીકળીને, ઊંધી માન્યતારૂપી કૂવાની ભેખડમાં ભરાયેલા જીવોને બહાર કાઢવા માટે આ વસ્તુસ્થિતિ સમજાવે છે.પદ્મનંદી પચ્ચીસીમાં દાન અધિકારમાં આચાર્યદેવ કહે છે કે અમે આત્માની રમણતા કરતાં, મુનિ થઈને સંસારના કૂવામાંથી બહાર નીકળી ગયા છીએ, ને સંસારમાં લોભરૂપી કૂવાની ભેખડમાં ભરાઈ પડેલા જીવોને કરુણાથી બહાર કાઢવા માટે અમે આ દાનનો ઉપદેશ કર્યો છે, કે હે ભાઈ ! પૂર્વે તારા ગુણ દાઝ્યા ત્યારે પુણ્ય બંધાયાં ને તેના ફળમાં આ પૈસા વગેરે મળ્યા.....માટે દાન કરીને તેની મમતા ઘટાડ. જેમ કાગડાને બળેલા ઊખડિયા મળે ત્યાં તે કો....કો....કરીને બીજા કાગડાને ભેગા

કરીને ખાય છે, તેમ તારા ગુણ દાઝીને ઊખડિયારૂપ પુણ્ય થયાં ત્યારે તને પૈસા વગેરે મળ્યા. તે જો તું એકલો ખા....ને લોભ ઘટાડીને દાન ન કર તો તું લોભના કૂવાની ભેખડમાં ભરાઈ ગયેલો છે. તારા ઉપર કરુણા કરીને અમે આ દાનનો ઉપદેશ કર્યો છે. તેમ અહીં કુગુરુઓની ઊંધી શ્રદ્ધારૂપી કૂવાની ભેખડમાં ભરાઈ પડેલા જીવોને સંસારથી બચાવવા માટે કરુણાપૂર્વક આચાર્ય ભગવાને મુનિપણાનો ઉપદેશ કર્યો છે. આ ચરણાનુયોગની શરૂઆતમાં આચાર્ય ભગવાને કહ્યું હતું કે અમારો આત્મા સંસારના દુઃખથી મુક્ત થવાનો કામી હતો તેથી અમે મુનિદશા અંગીકાર કરી છે અને જો બીજા મુમુક્ષુ જીવો પણ અમારી જેમ સંસારદુઃખથી છૂટવાના કામી હોય તો આવું મુનિપણું અંગીકાર કરો. અમે તો તેવી મુનિદશા અનુભવી રહ્યા છીએ, ને તે મુનિદશાના અમે પ્રણેતા છીએ. આમ કહીને મુનિદશાનું સ્વરૂપ શું છે, તે ઓળખાવે છે. મુનિદશાના નામે લોકો જ્યાં ત્યાં ભેખડે ભરાઈ પડે છે, તેવા જીવોને બહાર કાઢવા માટે અમે આ યથાર્થ મુનિદશા ઓળખાવી છે. જો આવું મુનિપણું થઈ શકે તો તો તેમ કરજે. પણ જો ન થઈ શકે તોપણ શ્રદ્ધા તો આવી જ રાખજે, શ્રદ્ધામાં જરાય બીજું માનીશ નહિ.

છઠ્ઠા ગુણસ્થાને શુભરાગ અને મન વગેરેનું અવલંબન હોવા છતાં અહીં તેને <u>સર્વથા શુદ્ધોપયોગ</u> કહ્યો છે, કેમ કે છઠ્ઠા ગુણસ્થાનથી નીચે પડતો નથી ને તે દશા ટકી રહે છે, તે પાછું સાતમે જવા માટે છે; માટે છઠ્ઠા ગુણસ્થાને પણ શુદ્ધોપયોગ જ ગણ્યો છે. જોકે છઠ્ઠું ગુણસ્થાન તો દ્રવ્યના આશ્રયે જ ટક્યું છે પણ મુનિને વિકલ્પ ઊઠે ત્યારે શું સ્થિતિ છે ? વિકલ્પની મર્યાદા છે ? તેનું જ્ઞાન કરાવ્યું છે. ચોથું—પાંચમું કે છઠ્ઠું ગુણસ્થાન પણ દ્રવ્યના જ આશ્રયે ટક્યું છે. દ્રવ્યનો આશ્રય રાખીને વચ્ચે ભૂમિકા પ્રમાણે કેવો રાગ હોય ને તે વખતે કેવાં નિમિત્ત હોઈ શકે—તેનું વર્ણન ચરણાનુયોગમાં છે.

શ્રમણપર્યાયની વીતરાગતા તો આત્મસ્વભાવના જ આશ્રયે છે. ને રાગનો વિકલ્પ ઊઠતાં આહારાદિનાં ગ્રહણ—ત્યાગ ઉપર લક્ષ જાય છે. જો ત્યાં હઠ કરે તો ખેદ થતાં સંયમમાં બાધા થઈ જાય છે, માટે છઠ્ઠા ગુણસ્થાને આહારાદિની વૃત્તિને પણ સર્વથા શુદ્ધોપયોગમાં ગણી છે. તેનાથી સંયમનો છેદ થતો નથી.

શરીરને શ્રામણ્યપર્યાયનું સહકારી કારણ કહેવાય છે પણ સ્વભાવના આશ્રયે સંયમ પ્રગટ્યો હોય ત્યારે શરીરને તેનું સહકારી કહેવાય ને ? શુદ્ધ ઉપાદાનનો આશ્રય પડ્યો છે ત્યારે શરીરને નિમિત્ત કહ્યું. પણ જો સ્વભાવના આશ્રયે સંયમ જ ન ટક્યો હોય તો શરીરને સહકારીપણું કોનું કહેવું ? સંયમનું સહકારી નિમિત્ત શરીર છે, ને શરીરને ટકવામાં આહાર–નીહારાદિનાં ગ્રહણ-વિસર્જન નિમિત્ત છે.

આમ છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ ઊઠતાં આહારાદિનું ગ્રહણ છે તે સંયમનો છેદ ન થાય તેટલા માટે જ છે. માટે તે આહારાદિ ઉપધિથી સંયમનો છેદ થતો નથી. ।।૨૨।।

હવે અનિષિદ્ધ ઉપધિનું સ્વરૂપ ઉપદેશે છે :–

ગાથા ૨૨૩

ઉપધિ અનિંદિતને, અસંયત જન થકી અણપ્રાર્થ્યને,
મૂર્છાદિજનનરહિતને જ ગ્રહે શ્રમણ, થોડો ભલે. ૨૨૩.

પરદ્રવ્યને ગ્રહવા–છોડવાની વાત તે નિમિત્તનું કથન છે.

અર્થ :–ભલે થોડો હોય તોપણ, જે અનિંદિત હોય, અસંયતજનોથી અપ્રાર્થનીય હોય અને જે મૂર્છાદિના જનન રહિત હોય–એવા જ ઉપધિને શ્રમણ ગ્રહણ કરો.

*

પ્રસાદ નં. ૧૬૭

શાસનપ્રભાવી સંતોને નમસ્કાર.

સ્ટાર ઓફ ઈન્ડિયા નામના મકાનમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું મંગલ પ્રવચન.

પ્રવચનસાર ગાથા ૨૩૨

(ચૈત્ર સુદ ૧૩, ગુરુવાર)

આજે ભગવાન મહાવીરનો જન્મદિન છે. ભગવાન મહાવીરનો જન્મ થયો તેને આજે કલ્યાણક તરીકે કહેવાય છે, તેનું કારણ શું ? તે કહેવાશે.

આ જગતમાં અનંત આત્માઓ, દેહથી ભિન્ન સ્વયંસિદ્ધ સત્ છે, દરેક સ્વતંત્ર છે; તેને કોઈએ બનાવ્યા હોય તો તે નિત્ય રહેતી નથી. દરેક જડ ને ચેતન પદાર્થ સ્વયંસિદ્ધ અનાદિઅનંત છે, જે વસ્તુ સત્ છે તેનો કોઈ રચનાર ન હોય.

મહાવીરાદિ અનંત સર્વજ્ઞ તીર્થંકરો થયા. પૂર્ણ જ્ઞાનમાં તેમણે જગતનાં સ્વયંસિદ્ધ તત્ત્વો જાણ્યાં, ને તેવી જ વાણીમાં જાહેરાત થઈ.

આત્મા જ્ઞાનસ્વભાવી છે, તે પૂરા જ્ઞાનસ્વભાવવાળો છે, જો તે પરની અપેક્ષા છોડીને સ્વભાવમાં વળે તો તે ચૈતન્યની પૂર્ણ શક્તિનો વિકાસ કરીને સર્વજ્ઞપદ પામે. દરેક આત્મામાં તેવી તાકાત છે.

જગત અનાદિ છે, જડ અનાદિ છે, ચેતન અનાદિ છે. તેમાં ચૈતન્યનું ભાન કરીને તેને સાધનારા સાધકો પણ અનાદિથી થયા જ કરે છે, ને પરમાત્મપદ પણ પામનાર હોય છે. ભગવાન મહાવીર જન્મ્યા ત્યારે કાંઈ સર્વજ્ઞ ન હતા પણ પછી તે ભવમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને સર્વજ્ઞ પરમાત્મા થયા. જન્મ્યા ત્યારથી પૂર્ણ પરમાત્મસ્વભાવનું ભાન હતું. તે ભાન તો પૂર્વ ભવોમાં થયેલું હતું. પૂર્વે ત્રીજા ભવે એવી વૃત્તિ ઊઠી કે અહો ! હું મારા ચૈતન્યસ્વભાવની પરમાત્મદશા પામું !.....અથવા નિમિત્ત તરીકે જગતના જીવો ધર્મ પામે.....જગતમાં ધર્મની વૃદ્ધિ થાય. આવા વિકલ્પથી તીર્થંકર નામકર્મ બંધાઈ ગયું.

હું પરમાત્મપદ પામવાની તાકાતવાળો છું–એવો વિશ્વાસ તો અંતરમાં હતો પણ હજી રાગની વૃત્તિ હતી તેથી તીર્થંકર નામની પુણ્યપ્રકૃતિ બંધાઈ ગઈ. તેના ઉદયમાં તીર્થંકરપદ મળે, સમવસરણ રચાય ને ઇન્દ્રો આવીને ભક્તિ કરે. અંદરમાં સર્વજ્ઞતા છે તે પવિત્રતા છે. તે પવિત્રતા ઉપરાંત બહારમાં પુણ્યનો તેવો યોગ હોય છે. આવા મહાવીર ભગવાનનો જન્મ આજે ત્રિશલામાતાની કૂંખે થયો હતો અને આ જ ભવમાં આત્માની પૂર્ણાનંદદશા થવાની હોવાથી તેમના જન્મને

કલ્યાણક તરીકે ઊજવાય છે. સામાન્ય જીવો તો ઘણા જન્મે છે, તેના જન્મની કાંઈ વિશેષતા નથી પણ જે જીવ આત્માની પૂર્ણાનંદદશાને પામવા જન્મ્યો તેના જન્મને કલ્યાણક ગણાય છે. સત્ સ્વભાવિક નિરપેક્ષ આત્માનું ભાન હતું. જો આત્માના આનંદને માટે પરની અપેક્ષા માને તો તે પરાધીનતા છે, તે પરાધીનતામાં સુખ હોય નહિ.

આત્મા તો જ્ઞાનસ્વભાવી છે, તેની સમ્યક્ અવસ્થાના પાંચ પ્રકાર છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન ને કેવળજ્ઞાન. તેમાંથી સમ્યક્ મતિ–શ્રુત ને અવધિ એ ત્રણ જ્ઞાન લઈને તો મહાવીર પ્રભુનો આત્મા ત્રિશલા માતાના ગર્ભમાં આવ્યો હતો. તેમના દિવ્યધ્વનિથી જગતના ઘણા જીવોનો ઉદ્ધાર થવાનો હતો, માટે તેમના જન્મને ઇન્દ્રોએ કલ્યાણક તરીકે ઊજવ્યો, તેનો આજે દિવસ છે.

ભગવાન મહાવીરે શું કહ્યું ?

દરેક આત્મા સ્વતંત્ર છે. તમારા કલ્યાણ માટે બીજાની જરૂર નથી. જે આ પરમાત્મસ્વભાવનો વિશ્વાસ કરતો નથી તે અવિશ્વાસુ જીવ પરના અવલંબને ઓશિયાળું જીવન જીવે છે, તે પરાધીન અને દુઃખી છે. બીજો કોઈ મારું હિત કરી દેશે–એમ માને તો તેનો અર્થ એ થયો કે ભૂલ પણ પોતે કરી નથી. જો ભગવાન તારતા હોય તો શું અત્યાર સુધી તેમણે રખડાવ્યો? જીવ પોતે પોતાની ભૂલથી રખડ્યો છે, કોઈએ તેને ભૂલ કરાવી નથી ને કોઈ બીજો તેને તારતો નથી.

આત્મા પોતાના સ્વભાવના વિશ્વાસથી પોતે જ તરે છે. ભગવાન મહાવીરે સ્વતંત્રતાનો ઢંઢેરો પીટ્યો કે દરેક આત્મા પોતાના પરિપૂર્ણ સ્વભાવના આશ્રયથી પરમાત્મા થઈ શકે તેવી તેની તાકાત છે. પરની ઓશિયાળ લેવી પડે તેવો તે અધૂરો નથી.

આ ભરતક્ષેત્રે ઘણા જીવો તત્ત્વ સમજીને કલ્યાણ પામવાના પાત્ર હતા, ત્યાં ભગવાન મહાવીરનો અવતાર થયો, કેમ કે જગતમાં એવો નિયમ છે કે પાત્ર જીવો તૈયાર થાય ત્યાં કોઈ જીવ ઉન્નતિક્રમમાં ચડતાં ચડતાં ભગવાનપણે જન્મે છે. ભગવાને કાંઈ જગતનાં જીવોનો ઉદ્ધાર કરવા માટે જન્મ લીધો ન હતો, પણ ખરેખર પોતાના આત્માની સાધના પૂરી કરવા તેમનો અવતાર હતો. ભગવાને તે ભવમાં સ્વાશ્રિત પૂર્ણતા પ્રગટ કરી તેથી આજે તેમનો જન્મકલ્યાણક ઊજવાય છે.

આજે જન્મકલ્યાણક નિમિત્તે ખાસ પ્રવચનસારની ૨૩૨ મી ગાથા વંચાય છે. પ્રવચનસાર એટલે ભગવાનની વાણીનો સાર ! મહાવીર પ્રભુ પછી અનેક મહાન

સંતો થયા. તેમાંથી જંગલમાં વસનારા દિગંબર સંત કુંદકુંદ મુનિએ આ શાસ્ત્ર રચ્યાં છે. તેમને સર્વજ્ઞની વાણીની પરંપરાથી જ્ઞાન થયેલું. મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન સીમંધર ભગવાન તીર્થંકરપણે બિરાજે છે ત્યાં કુંદકુંદમુનિ ગયા હતા, ને પછી આ શાસ્ત્રો રચ્યાં છે. તેમાં આત્માની સ્વતંત્રતાનો ઢંઢેરો છે.

જેમ લીંડીપીપરમાં પોતામાં ૬૪ પહોરી તીખાશની તાકાત છે. તે બહારથી આવતી નથી, પણ અંદર શક્તિમાં છે, તેમાંથી પ્રગટે છે. તેવી પ્રતીત કરીને ઘસે છે. તેમ ચૈતન્ય આત્મામાં પૂર્ણ પરમાત્મ થવાની તાકાત છે, તેનો વિશ્વાસ કરીને તેનો આશ્રય કરે તો પૂર્ણ પરમાત્મપદ પ્રગટે છે.

રૂા. ૭૩૫–૭-૦ની મૂડી, અને નામાની સિલક એ બન્નેનો મેળ હોય છે, જ્ઞાન તથા વચન પણ તેવાં જ હોય છે. તેમ પૂર્ણ પરમાત્મપદ તે આત્માની સ્વરૂપલક્ષ્મી–મૂડી છે, ભગવાનની વાણીમાં તેમ આવ્યું છે, ભગવાનના શાસ્ત્રરૂપી ચોપડામાં તેવું જ નામ લખ્યું છે, ને સાચું જ્ઞાન પણ તેવું જ જાણે છે. જેને આત્માની પૂર્ણાનંદ દશા પ્રગટ કરવી હોય તેણે સર્વજ્ઞના આગમનો અભ્યાસ કરવો જોઈએ. જેમ કોઈકના ચોપડામાં પોતાની મૂડીનું નામ ન નીકળે તેમ સર્વજ્ઞ સિવાય બીજાના આગમમાં ચૈતન્યસ્વભાવની સાચી મૂડીનું નામું ન હોય.

માટે આત્માને જાણવો હોય ને હિત કરવું હોય તેણે પહેલાં સર્વજ્ઞને જાણવા જોઈએ. જેમ સૂર્યનાં કિરણો ઇચ્છા વગર જ પ્રકાશ ફેંકીને અંધકાર દૂર કરે છે તેમ ભગવાનને ઇચ્છા વગર જ દિવ્યવાણીનાં કિરણો છૂટે છે ને ભવ્ય જીવો તેના વડે અજ્ઞાન અંધકારનો નાશ કરે છે.

જીવ પોતાના સ્વભાવને ભૂલીને વિકારમાં એકાગ્રતા તો અનાદિથી કરી રહ્યો છે તેથી જ રખડી રહ્યો છે. અંદર એકાગ્ર થાય તે જ સુખી થવાનો રસ્તો છે. અંદર એકાગ્ર થવું તેનો અર્થ એ થયો કે અંદરમાં જ પૂર્ણતાની શક્તિ ભરી છે. તેનો વિશ્વાસ કરીને તેમાં એકાગ્ર થતાં તે પ્રગટે છે.

જેટલા આત્મા છે તે દરેકમાં પોતપોતાની પરમાત્મશક્તિ ભિન્ન ભિન્ન છે. જેને આવા સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાન અને રમણતાની એકાગ્રતા થાય તેને જ મોક્ષમાર્ગ પ્રગટે છે. તેવી એકાગ્રતા પદાર્થના સ્વભાવનો નિશ્ચય કરે તેને જ થાય છે, ને પદાર્થનો નિશ્ચય તો આગમના અભ્યાસથી જ થાય છે. માટે જેને આત્માની મુક્ત પરમાનંદ દશા કરવી હોય તેણે આત્મામાં નિઃસંદેહ થઈને તેમાં એકાગ્રતા કરવી પડશે. આ લીંડી પીપર જ છે, પત્થર નથી–એવો નિર્ણય થયા વિના તેને ઘસવાનો વિકલ્પ નહિ ઊઠે, તેમ આત્માના પૂર્ણ સ્વભાવનો નિઃસંદેહ નિર્ણય પ્રથમ જ કરવો

જોઈએ. નિર્ણય કર્યા વગર તેમાં એકાગ્રતા થશે નહિ. સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રમાં આત્માને કેવો કહ્યો છે તે જાણ્યા વિના નિર્ણય નહિ થાય.

જેમ જેણે પદાર્થ જોયો હોય તેને પૂછાય કે તમે શું જોયું ? પણ આંધળાને શું પૂછવું ? તેમ જેણે પૂર્ણ જ્ઞાનશક્તિ પ્રગટ કરીને આત્મા અને જડ બધા પદાર્થોને પ્રત્યક્ષ જોયા છે તેવા ભગવાને શું જોયું, તે જાણવું જોઈએ. ભગવાન સિવાય બીજાને તો પૂરું જ્ઞાન જ નથી એટલે તેણે તો પદાર્થોને જોયા જ નથી, તેથી તેમના આગમના અભ્યાસથી આત્મા જણાતો નથી.

ભગવાનના આગમમાં શું કહ્યું ? દરેક પદાર્થનો સ્વભાવ <u>નિત્ય પરિણમનશીલ</u> છે. નિત્યતા ટકીને પરિણમ્યા કરે છે. જો આમ ન હોય તો તો આત્મા પોતાની વર્તમાન સ્થિતિનો પલટો કરીને, તેમાં વૃદ્ધિ કરીને પૂર્ણદશા પ્રગટ ન કરી શકે, પણ તેમ નથી. નિત્ય બદલવાનો સ્વભાવ એટલે કે દરેક પદાર્થ ઉત્પાદ વ્યય ધ્રુવ સ્વભાવી છે. તે પદાર્થો તેના કારણે બદલવાના સ્વભાવવાળા છે. તારા કારણે તેમાં કાંઈ થતું નથી. માટે તું તેનું ધણીપણું છોડી દે ને તારા સ્વભાવમાં વળ. આમ ભગવાન મહાવીરે દિવ્યધ્વનિ દ્વારા જાહેર કર્યું.

દરેક પદાર્થ સ્વતંત્ર ત્રિકાળ ઉત્પાદ–વ્યય–ધ્રુવ સ્વભાવવાળા છે. તે પોતાની યોગ્યતા પ્રમાણે જ દરેક સમયે ઉત્પાદ પામે છે. કોઈ બીજો ત્યાં ફેરફાર કરતો નથી. મારા આત્માના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં પરપદાર્થથી લાભ–નુકશાન થાય નહિ. મારા આત્માનો ધર્મ મારા આત્માના જ આશ્રયે ઊપજે છે, કોઈ પરના આશ્રયે મારો ધર્મ નથી–આવા સ્વાશ્રયનો નિર્ણય થતાં પરાશ્રયથી લાભ થાય એવી મિથ્યા માન્યતા ટળી જાય છે, ને સ્વાશ્રયે ધર્મ થાય છે. ભગવાન મહાવીરના આત્મ જીવનમાં આવું ભાન હતું.

જગતના બધા પદાર્થો જો નિત્ય પરિણમનશીલ ન હોય ને એકરૂપ જ હોય તો તો ઝાડનાં પાન ખરે નહિ, ઘટો ફૂટે નહિ, ઘઉંમાંથી રોટલી થાય નહિ, સંસારમાંથી મુક્તિ થાય નહિ, પણ તે તો બધું થતું પ્રત્યક્ષ દેખાય છે. દરેક પદાર્થ પોતાના સ્વભાવથી જ પરિણમનશીલ છે.

શરીરનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ શરીરમાં, ને આત્માનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ આત્મામાં છે, માટે શરીરમાં ઠીક હોય ને રોટલાં મળે તો જ આત્માને ધર્મ થાય એમ નથી. આત્મા પોતે પોતાના આશ્રયે જ ઉત્પાદ–વ્યય–ધ્રુવ પામે છે, માટે તેને પોતાથી જ ધર્મનો ઉત્પાદ થાય છે, કોઈ બીજાના આશ્રયે તેને ધર્મ થતો નથી. જ્યાં સુધી આવા સ્વયંસિદ્ધ તત્ત્વનો નિર્ણય ન કરે ત્યાં સુધી સંદેહ ટળે નહિ. નિઃસંદેહ થયા વિના અંદર એકાગ્રતા થાય નહિ ને ડામાડોળ રહ્યા કરે કે હું આને

કરું, આને ભોગવીને સુખ લઉં, આમ સંદેહમાં ડોલ્યા કરે, તેને સ્વમાં એકાગ્રતા થાય નહિ ને તે એકાગ્રતા વિના ધર્મ થાય નહિ.

સુખ અને જ્ઞાનપણે પરિણમવાનો મારો સ્વભાવ છે, એમ જેને ભાન નથી અને પરનો કર્તા–ભોક્તા થઈને જે સુખ લેવા માગે છે તે જીવ, પોતાનું જે જાહેર જીવન–શુદ્ધ જીવન છે તેને ભૂલીને, વિકારભાવમાં એકાગ્રતાથી દુઃખી જીવન જીવે છે. પદાર્થના સ્વભાવનો જ્યાં નિર્ણય નથી ત્યાં સંશય છે ને **संशयात्मा विनश्यति** એટલે જ્યાં સંશય છે ત્યાં આત્મા નાશ પામે છે. નાશ પામે છે એટલે કે તેને પોતાનાં જ્ઞાન અને આનંદ વ્યક્ત થતાં નથી–એમ સમજવું.

હે જીવ ! તારે સુખ ને શાંતિ જોઈએ છે ને ? તે તો પરમાત્મદશામાં છે. તેથી એ નક્કી કર કે તારા પહેલાં એવા પરમાત્મપદને પામેલા કોણ છે? ને તેઓ કયા ઉપાયે પરમાત્મા થયા? કાંઈ તું જ પહેલવહેલો નથી. તારા પહેલાં સ્વાશ્રયે મુક્તિનો ઉપાય કરનારા અને કહેનારા કોણ થઈ ગયા? તેનું સ્વરૂપ શું ? ને તેની વાણી કઈ ? તેના નિર્ણય વિના આત્માનો યથાર્થ નિર્ણય નહિ થાય.

ભગવાને તો ચૈતન્યસ્વભાવનો વિશ્વાસ કરીને તેના આશ્રયે સર્વજ્ઞપદ પ્રગટ કર્યું અને તેમની વાણીમાં એમ આવ્યું કે હે જીવો ! તમારો સ્વભાવ પણ આવો જ પરિપૂર્ણ પરમાત્મા થવાનો છે, તેનો વિશ્વાસ કરીને તેમાં એકાગ્ર થાય તો તમને પૂર્ણ પરમાત્મદશા પ્રગટે.

જે જીવ આવું સમજે તેણે જ ભગવાનનો જન્મકલ્યાણક ખરેખરો ઊજવ્યો કહેવાય.

આવા વસ્તુસ્વભાવને જાણ્યા વિના પોતાની કલ્પનાથી મુક્તિનો માર્ગ હાથ આવે તેમ નથી. દરેક આત્મા સ્વતંત્ર છે. એકના કહેવાથી બીજો આત્મા સમજે–એવી કોઈની પરાધીનતા નથી. ક્ષણે ને પળે જેને ચૈતન્યમાં સ્વાશ્રયનો વિશ્વાસ આવતો નથી તેને સુખનો રસ્તો જ હાથ આવ્યો નથી. તે પરાશ્રય શોધે છે કે કોઈકના આશીર્વાદથી કલ્યાણ થશે, દેવ-ગુરુ-શાસ્ત્રના શરણથી જ કલ્યાણ થઈ જશે, આમ પરાશ્રયમાં અટકે છે તેને ભગવાન કહે છે કે ભગવાન ! તારે પરનો આશ્રય નથી. તારામાં જ અનંત શક્તિ પડી છે, સર્વજ્ઞતાનું પૂરું સામર્થ્ય તારામાં છે, તેમાં જ સ્વાશ્રયથી તે પ્રગટે છે. આમ ભગવાનના આગમ ફરમાવે છે. પણ અમારામાં (આગમમાં) કહ્યું છે માટે તને આગમના આધારે તારું પરમાત્મપદ પ્રગટશે એમ કોઈ પરાશ્રયની વાત આગમ કહેતા નથી.

ચૈતન્ય સદાય ચૈતન્યપણે પલટે, જડ સદા જડપણે પલટે. બીજાના અવલંબને પ્રગટે તેવો પદાર્થનો સ્વભાવ જ નથી. ભગવાને તો આવા સ્વાધીનતાના નિર્ણયને જ મુક્તિનો ઉપાય કહ્યો છે.

પોતે ક્રોધ કર્યો, સામો ક્ષમા ન કરે ત્યાં સુધી પોતાનો અવગુણ ન ટળે તો પોતાનો અવગુણ ન ટળે તો પોતનો આરો ન આવે. ને બીજા અપરાધ કરે–શ્રાપ દે તો આનું ભૂંડું થાય એવો પરાધીન હોઈ શકે નહિ. જો ક્ષમા ન આપે ત્યાં સુધી બધાને શોધવા જવું પડે કે 'ભાઈ, મને ક્ષમા આપ.'—એમ ન બને. એ ભલે ક્ષમા ન કરે પણ પોતે પોતાનો અવગુણ ટાળે તો બીજાના અવલંબનની કે કૃપાની જરૂર નથી.

હે પરમાત્મા ! તું તારજે. પણ પોતે તરનારો કેવડો તેનો નિર્ણય અને આશ્રય ન કરે ત્યાં સુધી કલ્યાણનો અવસર આવે નહિ. હું રાગ કરું તો પર ચીજ આવે, રાગ કરું તો શરીર નીરોગ થાય એવી પર ચીજ પણ પરાધીન નથી. સ્વતંત્ર સ્વસન્મુખ જોવા ધીરો થાય તો અનંતો રાગ ટળી વીતરાગી શ્રદ્ધા થાય છે. દરેક પદાર્થ સ્વતંત્ર છે એમ ભગવાનની વાણીમાં આવ્યું છે. જે સત્ છે તે તેનાથી પલટે છે. કોઈને પરાધીન કે ઓશિયાળા ન માન્યા તેનું નામ અહિંસા. કોઈ તારાથી ન પલટે, તું પરથી બગડે કે સુધરે એવો નથી. એવી અનાદિ-અનંત સ્વતંત્ર સતની શ્રદ્ધા તે ભગવાનની કહેલી અહિંસા છે. તે જ સર્વ જીવ પાળી શકે છે. બીજા માને કે ન માને તેના આધારે અહિંસા નથી. પરાશ્રય દ્રષ્ટિ થઈ, પરનું હું ભલું કે ભૂંડું કરી શકું, પર મારું ભલું–બૂરું કરે એવી પરાધીન માન્યતા જ મહા હિંસા છે કેમ કે તેમાં અનંત પ્રત્યે રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે.

દરેક પદાર્થ તેના કારણે પલટે છે. તેમાં કોઈ પરનો અધિકાર નથી. 'છે' તે તેનાથી છે. જો તારામાં તારી શક્તિ નથી તો કોઈથી આવશે નહિ ને છે તો કોઈની અપેક્ષા નહિ. આવી નિત્ય સુખી થવાની અહિંસા ભગવાન કહે છે.

પરના કર્તા–ભોક્તાની બુદ્ધિ ટળી, સ્વાધીન નિત્યાનંદની શ્રદ્ધા થઈ, જ્ઞાતા સાક્ષી થયો, સહજ શાંતિનો ભોક્તા થયો, વ્યવહાર પુણ્ય કરતાં કરતાં ધર્મ ન થાય એમ સ્વાશ્રિત શ્રદ્ધા-જ્ઞાન થતાં અજ્ઞાન, અલ્પજ્ઞતાનો અભાવ થઈ સર્વજ્ઞ વીતરાગ થાય છે. સ્વરૂપ તો જડ ચેતનનું સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે.

આવું સમજે તેનું કલ્યાણ થાય છે.

*

પ્રસાદ નં. ૧૬૮

પ્રવચનસાર ગાથા ૨૨૩

(ચૈત્ર સુદ ૧૪, શુક્રવાર)

વીતરાગમાર્ગમાં છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા મુનિની દશા કેવી હોય ને તેને બાહ્યમાં ઉપકરણ કેવા હોઈ શકે ? તેનું આ વર્ણન છે. તેનું જેને ભાન નથી તેને તો દેવ-ગુરુ-શાસ્ત્રની પણ સાચી શ્રદ્ધા નથી. તેને સમ્યગ્દર્શન હોઈ શકે નહિ.

"જે ઉપધિ સર્વથા બંધનો અસાધક હોવાથી અનિંદિત છે, સંયત સિવાય અન્યત્ર અનુચિત હોવાથી અસંયત જનો વડે અપ્રાર્થનીય છે અને રાગાદિ પરિણામ વિના ધારણ કરવામાં આવતો હોવાથી મૂર્છાદિના ઉત્પાદન રહિત છે, તે ખરેખર અનિષિદ્ધ છે." મુનિને જે ઉપધિ કહેવામાં આવ્યો છે, તે કેવો છે ? કે

૧. સર્વથા બંધનો અસાધક હોવાથી અનિંદિત છે.....વસ્ત્રાદિ પરિગ્રહ તો બંધનનો સાધક છે.

૨. સંયત સિવાય અન્યત્ર જે અનુચિત છે તેથી અસંયત જનો વડે અપ્રાર્થનીય છે.

૩. રાગાદિ પરિણામ વિના જ કમંડળ, મોરપીંછી વગેરે હોય છે. તેથી તે પરિગ્રહ મૂર્છારહિત જ હોય છે. આવો ઉપધિ જ અનિષિદ્ધ છે. આ સિવાય વસ્ત્રાદિ સર્વ પરિગ્રહ તો નિષિદ્ધ જ છે.

આનાથી વિરુદ્ધ એટલે વસ્ત્રાદિ પરિગ્રહ તો બંધનનો સાધક છે, તેથી તે તો મુનિઓને હોય જ નહિ. ॥૨૨૩॥

હવે, 'ઉત્સર્ગ જ વસ્તુધર્મ છે, અપવાદ નહિ' એમ ઉપદેશે છે :–

એટલે નિશ્ચયથી તો બધા જ પરિગ્રહનો નિષેધ જ છે. પણ છઠ્ઠે વિકલ્પ ઊઠતાં કમંડળ વગેરે ઉપર લક્ષ જાય છે તેથી તે અપવાદરૂપ પરિગ્રહ છે. પણ વસ્ત્રાદિ તો અપવાદમાં પણ મુનિને હોય નહિ.

ગાથા ૨૨૪

ક્યમ અન્ય પરિગ્રહ હોય જ્યાં કહી દેહને પરિગ્રહ અહો !
મોક્ષેચ્છુને દેહેય નિષ્પ્રતિકર્મ ઉપદેશે જિનો ? ૨૨૪.

જ્યાં શરીરને પણ પરિગ્રહ કહ્યો અને તેની મમતા પણ છોડવાનું કહ્યું, તો પછી વસ્ત્રાદિનો પરિગ્રહ તો મુનિને કેમ હોય ? આચાર્યદેવ તો ભગવાનની સાક્ષી

આપીને કહે છે કે ''જો જિનવરેંદ્રોએ મોક્ષના અભિલાષીને, 'દેહ પરિગ્રહ છે' એમ કહીને, દેહમાં પણ અપ્રતિકર્મપણું (સંસ્કાર રહિતપણું) ઉપદેશ્યું છે, તો પછી તેમનો એવો આશય છે કે તેને અન્ય પરિગ્રહ તો શાનો હોય ?

<u>ટીકા :—</u>''અહીં શ્રામણ્ય પર્યાયનું સહકારી કારણ હોવાથી જેનો નિષેધ કરવામાં આવ્યો નથી એવા અત્યંત ઉપાત્ત દેહમાં પણ, 'આ (દેહ) પરદ્રવ્ય હોવાથી પરિગ્રહ છે, ખરેખર તે અનુગ્રહ યોગ્ય નથી પણ ઉપેક્ષા યોગ્ય જ છે' એમ કહીને, ભગવંત અર્હંતદેવોએ અપ્રતિકર્મપણું ઉપદેશ્યું છે.''

ચૈતન્ય ગોળાના આનંદ સિવાય બીજા કોઈની અપેક્ષા મુનિને હોય નહિ. દેહ તદ્દન નજીક સંયોગમાં વર્તતો હોવા છતાં તે દેહની પણ ઉપેક્ષા જ કરવાનું ભગવાને કહ્યું છે. દેહને નવડાવવો કે શણગારવો તેનો નિષેધ કરીને ભગવાને તો મુનિવરોને અપ્રતિકર્મપણું જ ઉપદેશ્યું છે. તો પછી મુનિઓને જે બીજો દૂર રહેલો–અનુપાત્ત પરિગ્રહ તો બિચારો શાનો જ હોય? અર્થાત્ ન જ હોય–એવો વીતરાગ તીર્થંકર ભગવાનનો આશય પ્રગટ જ છે.

કુંદકુંદ ભગવાન કહે છે કે ''**किं किंचनमिति**'' એટલે જરાય પરિગ્રહ મુનિવરોને કેમ હોય ? ''**परिग्रहो वराकः किं नाम.....**'' જ્યાં મુનિઓને દેહ પ્રત્યેના લક્ષનો પણ નિષેધ કરીને તેને અપવાદમાં ગણ્યો છે, તો પછી વસ્ત્ર–પાત્ર–પૈસા વગેરેનો પરિગ્રહ તો બિચારો હોય જ ક્યાંથી ? શરીર તો નજીકનું સ્વયં પ્રાપ્ત થયેલું છે, ને વસ્ત્રાદિ તો દૂરના–અપ્રાપ્ત છે, તો તેનો આદર મુનિઓને ક્યાંથી હોય ?—ન જ હોય. એવો ભગવાનનો આશય વ્યક્ત છે. કુંદકુંદાચાર્ય કહે છે કે ભગવાનનો આવો આશય અમને વ્યક્ત જ ભાસે છે. જે કુંદકુંદાચાર્યદેવનો આશય છે, તે જ અર્હંતભગવાનનો આશય છે. આથી નક્કી થાય છે કે ઉત્સર્ગ જ વસ્તુધર્મ છે, અપવાદ નહિ. વ્યવહારે શરીરાદિ પરિગ્રહ હોવાનું જણાવ્યું હતું, પરંતુ તેને અપવાદમાં ગણીને પરમાર્થે તો તેનોય નિષેધ કર્યો છે. (આનું તાત્પર્ય એ છે કે પરમ નિર્ગ્રંથપણું જ વસ્તુધર્મ છે તેથી તે જ અવલંબવા યોગ્ય છે.)

પરમાર્થમાં સર્વ પરિગ્રહનો નિષેધ તે જ વસ્તુધર્મ છે એમ બતાવીને હવે વ્યવહારે અપવાદ તરીકે પરિગ્રહમાં શું હોય છે ? તે સ્પષ્ટ જણાવે છે:–

<u>ગાથા ૨૨૫</u>

જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું ઉપકરણ જિનમાર્ગમાં,
ગુરુવચન ને સૂત્રાધ્યયન, વળી વિનય પણ ઉપકરણમાં. ૨૨૫.

શ્રીમદ્ રાજચંદ્ર પણ કહે છે કે :–

"માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો....."

અને "દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો."

પણ લોકો પોતાના સ્વચ્છંદના આગ્રહમાં ઊંધા અર્થો કરે છે.

અન્વયાર્થ :—યથાજાતરૂપ જે લિંગ (-જન્મ્યા પ્રમાણે રૂપ એવું જે લિંગ) તે જિનમાર્ગમાં ઉપકરણ કહેવામાં આવ્યું છે; ગુરુનાં વચન, સૂત્રોનું અધ્યયન અને વિનય પણ ઉપકરણ કહેલ છે.

ટીકા—આમાં મુનિઓનો જે અનિષિદ્ધ ઉપધિ અપવાદ તરીકે છે તેનું વર્ણન કર્યું છે. અપવાદ તરીકે જે ઉપધિ કહ્યો છે તે પણ એવો જ છે કે જે મુનિઓને સંયમમાં ઉપકાર કરનારો છે, તેથી તે જ ઉપકરણભૂત છે, બીજો નહિ. તે ઉપકરણના ભેદો આ પ્રમાણે છે.

સર્વ આહાર્ય રહિત સહજરૂપથી અપેક્ષિત એવા (સર્વ આહાર્ય રહિત) યથાજાતરૂપપણાને લીધે જે બહિરંગ લિંગભૂત છે એવાં કાયપુદ્ગલો."

આહાર્ય = બહારથી લાવવામાં આવતું; કૃત્રિમ, ઔપાધિક (સર્વ કૃત્રિમ-ઔપાધિક ભાવોથી રહિત એવું જે મુનિના આત્માનું સહજરૂપ તે, વસ્ત્રાભૂષણાદિક સર્વ કૃત્રિમતાઓથી રહિત યથાજાતરૂપપણાની અપેક્ષા રાખે છે અર્થાત્ મુનિના આત્માનું રૂપ-દશા-સહજ હોવાથી દેહ પણ યથાજાત જ હોવો જોઈએ; માટે યથાજાતરૂપપણું તે મુનિપણાનું બાહ્ય લિંગ છે.)

વસ્ત્રાદિ તો બહારથી લાવવામાં આવે છે તેવો પરિગ્રહ મુનિને ન હોય, સંયમહેતુએ શરીર-મન-વાણી ઉપર લક્ષ જાય તે પણ ઉપાધિ છે. કાયાનાં પુદ્ગલો તે બાહ્યલિંગ છે. ને તે મુનિનું ઉપકરણ છે, પણ વસ્ત્ર-પાત્ર તે કાંઈ મુનિનું ઉપકરણ નથી. **लिंगं यथाजातरूपं** કહીને તદ્દન નિર્ગ્રંથતા જ બતાવી છે.

(૨) ગુરુનાં વચન, શ્રવણ પણ પરિગ્રહમાં છે.

જુઓ ! ગુરુનાં વચન કેવાં છે ? તત્કાળબોધક છે. તે કાળે જ (ઉપદેશકાળે જ) બોધ દેનારાં. (શાસ્ત્ર શબ્દો સદા બોધનાં નિમિત્તભૂત હોવાથી નિત્યબોધક કહેવામાં આવ્યા છે. ગુરુવચનો ઉપદેશકાળે જ બોધનાં નિમિત્તભૂત હોવાથી તત્કાળબોધક કહેવામાં આવ્યા છે.

આત્માનું ભાન કરીને જે નિર્વિકલ્પ થયો છે તેને તો શ્રી ગુરુનાં તત્કાળબોધક વચન સાંભળવાનું પણ નથી હોતું, એટલે ત્યાં તો વચન પુદ્ગલનો પણ પરિગ્રહ નથી. છઠ્ઠે વિકલ્પ ઊઠે ત્યારે શ્રવણમાં નિમિત્ત તરીકે ગુરુનાં વચન હોય છે, તેને પણ પરિગ્રહ ગણ્યો છે. શ્રી ગુરુનાં વચન તત્કાળબોધક છે. ને રામબાણની જેમ

અમોઘ છે, આત્મતત્ત્વદ્યોતક છે. આત્માના સ્વરૂપને પ્રકાશનારાં છે. એમ પહેલાં ગુરુગમની વાત લીધી. પછી શાસ્ત્રની વાત લેશે. ગુરુગમ વગર સ્વચ્છંદે શાસ્ત્રો વાંચે તો તે શસ્ત્રરૂપ થઈ પડે. મુનિનાં વચનો તો રામબાણ જેવાં સિદ્ધ ઉપદેશરૂપ છે, કે જે કાને પડતાં જ પાત્ર જીવને રામબાણ જેવું કામ કરે છે. વળી તે **આત્મતત્ત્વદ્યોતક** છે. એટલે કે આત્માને જ બતાવવાની તેમની મુખ્યતા છે. ગમે તે વાત કરતા હોય પણ તેમાં આશય તો આત્માનો સ્વભાવ જ બતાવવાનો છે. પુણ્ય-પાપ બતાવવાની વાત ન કરી, તે તો નાસ્તિમાં આવી જાય છે. અસ્તિમાં આત્મતત્ત્વની જ વાત લીધી. આત્માને જાણતાં જડનું પણ જ્ઞાન તેમાં આવી જાય છે. મુનિઓ–ગુરુઓનો ઉપદેશ મુખ્યપણે આત્મતત્ત્વને જ બતાવનારો હોય છે. ને એવો ઉપદેશ તત્કાળબોધક છે–રામબાણ જેવો છે. સામે સમજનાર પણ એવો પાત્ર છે કે શીઘ્ર સમજી જાય છે. એટલે તેને માટે ગુરુનાં વચનો રામબાણ જેવું કામ કર્યા વિના રહે નહિ. મુનિનાં વચનો સાંભળતાં બીજા મુનિને જ્ઞાનની પર્યાય નિર્મળ થતી જાય છે. આવો ઉપદેશ હોય તેને વીતરાગમાર્ગમાં મુનિનું લિંગ કહ્યું છે. પણ શિથિલતાં કરનારાં વચનોનું શ્રવણ તો મુનિને ઉપકરણ તરીકે ગણ્યું નથી.

શ્રમણ કરવામાં આવે છે–એમ કહ્યું છે એટલે કે છઠ્ઠા ગુણસ્થાનવાળો પોતે શ્રવણ કરવાનો કામી છે. ગુરુ સામેથી તેને સંભળાવવા જતા નથી. છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ તીર્થંકર ભગવાન પાસે પણ સાંભળતા હોય, ત્યાં તેમની વાણીમાંથી આવો આત્મતત્ત્વનો આશય કાઢે તો જ તેણે સાંભળ્યું કહેવાય. ભગવાનની કે ગુરુની વાણી પુરુષાર્થને શિથિલ કરનારી હોય નહિ. આત્માના વિકાસમાં જ નિમિત્ત થાય તેવો તેમનો ઉપદેશ હોય છે. છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ જે વચન સાંભળે તે ઉપદેશવચન કેવાં હોય ? તેમાં પણ આવી વાત કરી કે આત્માના ધર્મની વૃદ્ધિ કરાવે તેવાં જ વચનો હોય, ને ઝીલનાર પણ તેવો જ હોય છે.

છઠ્ઠા ગુણસ્થાને ઉપાદાનમાં ઘણો વીતરાગભાવ છે. ત્યાં નિમિત્તમાં ઉપકરણ કેવાં હોય ? કે નિર્ગ્રંથ યથાજાતરૂપવાળું શરીર જ ત્યાં નિમિત્તપણે હોય, વસ્ત્રવાળું શરીર નિમિત્ત તરીકે ત્યાં ન હોય.

શ્રવણમાં નિમિત્ત તરીકે વચન કેવાં હોય ? કે આત્માને બતાવીને ધર્મની વૃદ્ધિ કરાવનારાં અમોઘ વચનો હોય. સાંભળનાર પણ તેવો છે કે ધર્મની વૃદ્ધિમાં જ હેતુ બનાવે છે. શિથિલતાનો આશ્રય લેતો જ નથી. સંભળાવનાર પણ તેવું જ સંભળાવનારા છે. વીતરાગપણે આત્મા જાગૃત થાય તે આત્મા છે. પુણ્ય-પાપ તે ખરેખર આત્મા નથી.

મુનિના ઉપકરણનું વર્ણન કરતાં આચાર્યદેવે તીર્થંકરનાં અને ગુરુનાં વચનો કેવાં હોય તે પણ ઓળખાવ્યું છે. આવાં વચનો સાંભળવાં તે પણ ધોખમાર્ગમાં માત્ર અપવાદ તરીકે છે. કાયા કે વચન ઉપર લક્ષ જાય તે કાંઈ વસ્તુધર્મ નથી, એટલે તે ધોખમાર્ગ નથી. ધોખમાર્ગ તો નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં ઠરવું તે જ છે, તેમાં ન ઠરાય ત્યારે આવો અપવાદ હોય.

છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ કોઈક વાર તીર્થંકરનો દિવ્યધ્વનિ પણ સાંભળતા હોય. ભગવાનની વાણીમાં તો બધું એક સાથે આવે છે. પણ મુનિ પોતાની લાયકાતથી ધર્મવૃદ્ધિ થાય એવો જ આશય ઝીલે છે. કર્મનો ઉદય આવશે ને પડી જવાશે એવો શિથિલ આશય કાઢે નહિ. આત્મતત્ત્વદ્યોતક છે એટલે સામે આત્મતત્ત્વને જોનારો જીવ છે. અમારે લીધે તને આત્મા જણાય એમ આત્માને પરાધીન બતાવનારી ગુરુની વાણી ન હોય, પણ તારા સ્વભાવથી તું આત્માને જાણ, એમ તેને સ્વાધીનતા બતાવે છે. છતાં તે પોતે આત્મતત્ત્વ પરખે ત્યારે કેવી વાણી નિમિત્ત હોય તેનું જ્ઞાન કરાવ્યું છે.

અહીં તો મુનિના ઉપકરણમાં પણ આવા જ શબ્દો હોય છે. તો બીજા ધર્માત્માઓને પણ આવી જ જાતનાં વચનો નિમિત્ત તરીકે હોય–એવી વાત તેમાંથી નીકળે જ છે. અહો ! મુનિવરોનાં ઉત્સર્ગ માર્ગની તો વાત શી કરવી ? પરંતુ તેમનો અપવાદ માર્ગ પણ આવો છે. આથી વિશેષ રાગનાં નિમિત્તો મુનિને હોય નહિ.

પ્રશ્ન :–અહીં વચનને તત્કાળબોધક અને રામબાણ જેવાં સિદ્ધ કર્યાં, તો શું નિમિત્તની મુખ્યતા થઈ ગઈ ? કે નિમિત્તથી કાંઈ થાય એમ થઈ ગયું?

ઉત્તર :–અહીં ચરણાનુયોગમાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. ને સામે સાંભળનાર તો છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મુનિ છે. તેથી તેમને માટે તે વચનો રામબાણ જેવાં નિમિત્ત થાય જ છે, કેમ કે ઉપાદાનમાં તેટલી તૈયારી છે.

નિર્ગ્રંથ દેહ અને ગુરુનાં તત્કાળબોધક અમોઘ વચનો–એ બે પ્રકારના ઉપધિની વાત કરી. હવે ત્રીજી વાત કહે છે.

જેમનું અધ્યયન કરવામાં આવે છે એવાં નિત્યબોધક, અનાદિનિધન શુદ્ધ આત્મતત્ત્વને પ્રકાશવામાં સમર્થ શ્રુતજ્ઞાનના સાધનભૂત, શબ્દાત્મક સૂત્ર પુદ્‌ગલો.

સ્વભાવની અસ્તિ ને પરની નાસ્તિ–આવા શુદ્ધ આત્મતત્ત્વને પ્રકાશવામાં સૂત્રો સમર્થ છે. મુનિને મુખ્યપણે શ્રુતજ્ઞાનનું અવલંબન છે. તે શ્રુતજ્ઞાનમાં નિમિત્તભૂત શબ્દશ્રુત છે. તે અનાદિનિધન આત્મસ્વભાવને બતાવે છે. કોઈ

મુનિઓને અવધિ, મનઃપર્યયાન હોય, પણ સ્વભાવને સાધવામાં તો ભાવશ્રુત જ્ઞાન જ સાધન છે. તે ભાવશ્રુતમાં નિમિત્ત એવું શબ્દશ્રુત છે. તેનું લક્ષ જાય ત્યારે તે પણ મુનિઓનું ઉપકરણ છે. મુનિઓને આવા શુદ્ધાત્મતત્ત્વને પ્રકાશનારાં શાસ્ત્રોની સ્વાધ્યાય આદિનો વિકલ્પ હોય છે, તેથી તે પણ મુનિઓનું ઉપકરણ છે.

હવે ચોથું ઉપકરણ કહેશે.

*

પ્રસાદ નં. ૧૭૦

(ચૈત્ર સુદ પૂર્ણિમાએ "આત્મસિદ્ધિ"ની સ્વાધ્યાય હતી.)

પ્રવચનસાર ગાથા ૨૨૫

(ચૈત્ર વદ ૧, રવિવાર)

મુનિદશા કેવી હોય, તેનું આ વર્ણન છે. વીતરાગમાર્ગમાં નિર્ગ્રંથ દિગંબર દશામાં જ મુનિપણું હોય છે. છઠ્ઠા–સાતમા ગુણસ્થાને મુનિને વસ્ત્ર–પાત્ર હોય નહિ. અપવાદ તરીકે મુનિનાં ઉપકરણ કેવાં હોય, તેનું વર્ણન કરે છે.

૧. વિકલ્પ ઊઠે ત્યારે કોઈ વખતે શરીર ઉપર લક્ષ જાય તેથી શરીરને ઉપકરણ કહ્યું છે.

૨. ગુરુનાં વચનને કે તીર્થંકરના દિવ્યધ્વનિના શ્રવણને પણ મુનિનું ઉપકરણ કહ્યું છે. ગુરુની વાણી તત્કાળબોધક છે, તે શુદ્ધાત્માને બતાવનારી છે, તેથી વાણીને ઉપકરણમાં ગણી છે.

૩. મુનિનું ક્યારેક શાસ્ત્રના અધ્યયન ઉપર લક્ષ જાય છે તેથી શાસ્ત્રને પણ ઉપકરણ કહ્યાં છે.

આ ત્રણ પ્રકાર કહેવાઈ ગયા છે.

હવે ચોથો પ્રકાર કહેવાય છે.

આવી મુનિદશા ન પ્રગટી શકે તો તેની શ્રદ્ધા કરવી, પણ ઊંધું માને તો તો તે મિથ્યાદ્રષ્ટિ થાય છે.

મુનિને શરીર માત્રનો પરિગ્રહ હોય પણ તેના ઉપર મમતા ન હોય. શરીર, વચન અને શાસ્ત્ર એવાં ત્રણ ઉપકરણ કહ્યાં છે, મુનિને ત્રણ કષાયનો તો નાશ થયો હોય છે, અંતરની નિર્વિકલ્પ અનુભવદશામાં વારંવાર ઝૂલે છે, અને વિકલ્પ ઊઠે ત્યારે કેવા નિમિત્ત ઉપર લક્ષ જાય ? તે બતાવ્યું છે.

(૪) શુદ્ધ આત્મતત્ત્વને વ્યક્ત કરનાર દર્શનાદિક જે પર્યાયો તે–રૂપે પરિણમેલા પુરુષ પ્રત્યે વિનીતતાનો અભિપ્રાય પ્રવર્તાવનારાં ચિત્ત પુદ્‌ગલો.

મુનિને પોતાને પણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ્યાં છે એટલે શુદ્ધાત્મા વ્યક્ત થયો છે, ને બીજા વીતરાગી મુનિને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ્યાં હોય તેમના પ્રત્યે તેને વિનય આવે છે. અંતરમાં આત્માનું ભાન કરીને તેમાં ઠરતાં મુનિઓને શુદ્ધાત્મતત્ત્વની પ્રગટતા થઈ છે, તેવા મુનિ સમ્યગ્દર્શન–જ્ઞાન–

ચારિત્રરૂપ વીતરાગી પર્યાયપણે પરિણમેલા છે, તેવા મુનિ પ્રત્યે વિનયનો અભિપ્રાય પ્રવર્તાવનારાં જે ચિત્તપુદ્ગલો છે તે પણ અપવાદ તરીકે ઉપકરણ છે.

આ રીતે શરીર, ગુરુવચન, શાસ્ત્ર તથા વિનયભાવમાં પ્રવર્તતાં ચિત્તપુદ્ગલો–આ ચાર પ્રકારનાં નિમિત્ત ઉપર છઠ્ઠા ગુણસ્થાને મુનિનું લક્ષ જાય છે. મોરપીંછી અને કમંડળ તો શરીર ઉપકરણમાં સમાઈ જાય છે, કેમ કે શરીર ઉપર લક્ષ જાય છે ત્યારે મોરપીંછી કે કમંડળ ઉપર લક્ષ જાય છે. મુનિઓ ભગવાનની ભક્તિ કરે તે પણ વિનયમાં આવી જાય છે. આ ઉપકરણ છે તેના તરફનો વિકલ્પ ઊઠે છે તે શુભભાવ છે, તે સ્વભાવધર્મ નથી પણ અપવાદ છે. આ ચાર પ્રકારના ભાવ મુનિને આવે છે, પણ તે કાંઈ વીતરાગભાવરૂપ ધર્મ નથી. પણ વચ્ચે તેટલી હદનો જ રાગ આવે છે તેનું જ્ઞાન કરાવ્યું છે. તેનાથી વિશેષ રાગ મુનિને ન હોય.

''અહીં તાત્પર્ય છે કે કાયાની માફક વચન અને મન પણ વસ્તુધર્મ નથી.''

જેમ કાયા ઉપર લક્ષ જાય તે આત્માનો સ્વભાવ નથી તેમ ગુરુવચન કે મન ઉપર લક્ષ જાય ને રાગ થાય તે પણ આત્માનો સ્વભાવ નથી. મુનિઓને છઠ્ઠે ગુણસ્થાને તેવો રાગ થાય–પણ મુનિઓ તેને ધર્મ માનતા નથી.

ભાવાર્થ

(૧) જે શ્રમણને શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત, સર્વ કૃત્રિમતાઓથી રહિત યથાજાતરૂપ સન્મુખ વૃત્તિ જાય, તેને કાયાનો પરિગ્રહ છે.

(૨) જે શ્રમણને ગુરુ ઉપદેશના શ્રવણમાં વૃત્તિ રોકાય, તેને વચનપુદ્ગલોનો પરિગ્રહ છે.

(૩) જે શ્રમણને સૂત્રાધ્યયનમાં વૃત્તિ રોકાય, તેને સૂત્રપુદ્ગલોનો પરિગ્રહ છે.

(૪) જે શ્રમણને યોગ્ય પુરુષના વિનયરૂપ પરિણામ થાય, તેને મનનાં પુદ્ગલોનો પરિગ્રહ છે.

આ પ્રમાણે અપવાદ પરિગ્રહના ચાર પ્રકાર છે. ઉત્સર્ગ માર્ગમાં તો કોઈ પરિગ્રહનું લક્ષ જ નથી. ''જો કે આ પરિગ્રહો ઉપકરણભૂત હોવાથી અપવાદમાર્ગમાં તેમનો નિષેધ નથી, તો પણ તેઓ વસ્તુધર્મ નથી.''

સર્વજ્ઞના આગમ કેવી દશાને સમ્યક્ મુનિપણું ફરમાવે છે, તે સમજવા માટેની આ વાત છે. તીર્થંકરોના શાસનની વાત કુંદકુંદાચાર્ય ભગવાને આ પ્રવચનસારમાં મૂકી છે, તે અહીં ખુલ્લી થાય છે. શરીર ઉપર, મન ઉપર કે વચન ઉપર લક્ષ જાય ત્યારે તેને ઉપકરણ કહેવાય છે. સ્વરૂપમાં નિર્વિકલ્પ ઠર્યો તે તો

મુનિઓનો ઉત્સર્ગ માર્ગ છે. છતાં ઉપર મુજબના પરિગ્રહ ઉપર લક્ષ જાય તો પણ છઠ્ઠા ગુણસ્થાનની મુનિદશા છેદાતી નથી. ।।૨૨૫।।

ગાથા ૨૨૬

આ લોકમાં નિરપેક્ષ ને પરલોક અણપ્રતિબદ્ધ છે.
સાધુ કષાયરહિત, તેથી યુક્ત આ'ર–વિહારી છે. ૨૨૬.

અર્થ :—શ્રમણ કષાયરહિત વર્તતો થકો આ લોકમાં નિરપેક્ષ અને પરલોકમાં અપ્રતિબદ્ધ હોવાથી યુક્તાહાર વિહારી હોય છે.

યુક્તાહાર વિહારી = (૧) યોગ્ય (–ઉચિત આહાર–વિહારવાળો) (૨) યુક્તના અર્થાત્ યોગીના આહાર–વિહારવાળો; યોગપૂર્વક (–આત્મસ્વભાવમાં જોડાણ સહિત) આહાર–વિહારવાળો.

ટીકા :—જુઓ મુનિ કેવા છે? "અનાદિનિધન એકરૂપ શુદ્ધ આત્મતત્ત્વમાં પરિણત હોવાને લીધે શ્રમણ સમસ્ત કર્મપુદ્ગલના વિપાકથી અત્યંત વિવિક્ત (–ભિન્ન) સ્વભાવ વડે કષાયરહિત છે."

અંતરમાં અનાદિઅનંત જ્ઞાયકસ્વભાવ છે. તેમાં લીન થયા ત્યાં તે મુનિઓ સમસ્ત કર્મથી ભિન્ન જ છે. જ્યાં સ્વભાવમાં ઠર્યો ત્યાં કર્મ સાથે સંબંધ ક્યાં રહ્યો ? અહીં તો કહ્યું કે મુનિનો આત્મા સમસ્ત કર્મથી ભિન્ન થઈ ગયો છે. એને બદલે હજી તો એમ માને કે કર્મ મને રખડાવશે, તો તેવાને મુનિદશા ક્યાંથી હોય ?

"મુનિઓને તે કાળે (વર્તમાન કાળે) મનુષ્યપણું હોવા છતાં પણ (પોતે) સમસ્ત મનુષ્યવ્યવહારથી બહિર્ભૂત હોવાને લીધે આ લોક પ્રત્યે નિરપેક્ષ (નિસ્પૃહ) છે." વળી તે મુનિઓને મનુષ્ય દેહનો સંયોગ છે, પણ તે તો રાગરહિત થઈને ચૈતન્યમાં ઠર્યો છે, તેથી જે વીતરાગપર્યાય પ્રગટી તે જ મુનિઓનો આત્મવ્યવહાર છે, ને તેઓ બાહ્ય સમસ્ત મનુષ્યવ્યવહારથી રહિત છે. માટે મુનિઓ આ લોકમાં નિરપેક્ષ છે. જ્યાં શરીરની પણ ઉપેક્ષા છે ત્યાં બીજા બાહ્ય પદાર્થોની શી વાત ? મુનિઓ તો લોકવ્યવહારથી બહાર નીકળી ગયા છે, ને અંતરમાં ચૈતન્યની નિર્મળ પર્યાય થઈ તે જ તેમનો વ્યવહાર છે.

"તેમ જ મુનિઓને ભવિષ્યમાં થનારા દેવાદિ ભાવો અનુભવવાની તૃષ્ણાથી શૂન્ય હોવાને લીધે પર લોક પ્રત્યે અપ્રતિબદ્ધ છે."

શ્રી કુંદકુંદ ભગવાન અને શ્રી અમૃતચંદ્રાચાર્ય અહીં મુનિપણે હતા, તેઓ સ્વર્ગમાં જવાના હતા, પણ ત્યાંના ભોગની તૃષ્ણા તેમને નથી. સમ્યગ્દ્રષ્ટિ અને મુનિઓ વૈમાનિક સ્વર્ગમાં જ જાય; આરાધક ધર્માત્મા ઊંચા સ્વર્ગે જ જાય. ને

સ્વર્ગમાંથી પણ રાજા વગેરે પુણ્યવંતને ત્યાં જ અવતરે, પણ દરિદ્રતામાં ન અવતરે. છતાં ધર્માત્માઓને તે ભોગના અનુભવની તૃષ્ણા નથી. મુનિને ખ્યાલ છે કે મારી સાધકદશા પૂર્ણ નહિ થાય એટલે સ્વર્ગનો અવતાર થશે, પણ તેને ત્યાંના ભોગની અભિલાષા નથી. વીતરાગભાવ હોવાથી તે પરલોકમાં પણ નિરપેક્ષ છે. સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા અહીંથી મરીને સીધા મહાવિદેહક્ષેત્રમાં ન જાય, તેમ જ સ્ત્રીપર્યાયમાં પણ ન ઊપજે. મુનિઓને એવી વીતરાગતા છે કે સ્વર્ગના વૈભવની તૃષ્ણા જ નથી. અલ્પ રાગ રહી ગયો છે તેથી પુણ્ય બંધાઈ જાય છે ને વૈભવ મળે છે. એટલે ઇન્દ્ર થાય કે લોકાંતિક, બ્રહ્મર્ષિ વગેરે થાય, પણ ચૈતન્યમાં અંતર્મુખ પરિણતિ થઈ હોવાથી ધર્માત્મા તે વૈભવની તૃષ્ણાથી રહિત છે.

મુનિને વર્તમાન શરીરની સ્પૃહા નથી. તેમ જ ભવિષ્યમાં મળનારા વૈભવની તૃષ્ણા નથી. માટે તેઓ આ લોક તેમ જ પરલોક પ્રત્યે અપ્રતિબદ્ધ છે, એવી તેમની વીતરાગી પરિણતિ થઈ ગઈ છે.

‘‘તેથી, જેમ જ્ઞેય પદાર્થોના જ્ઞાનની સિદ્ધિને માટે (–ઘટપટાદિ પદાર્થોને જોવા માટે જ) દીવામાં તેલ પૂરવામાં આવે છે અને દીવાને ખસેડવામાં આવે છે તેમ, શ્રમણ શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિની સિદ્ધિને માટે (–શુદ્ધાત્માને પ્રાપ્ત કરવા માટે જ) તે શરીરને ખવડાવતો અને ચલાવતો હોવાથી યુક્તાહાર વિહારી હોય છે.

ચરણાનુયોગમાં નિમિત્તનું કથન છે. તે પ્રકારનો વિકલ્પ ઊઠે છે, ને બાહ્યમાં તેવી ક્રિયા થઈ જાય છે. ત્યાં તેનું જ્ઞાન કરાવવા કહ્યું કે શરીરને ખવડાવે અને ચલાવે છે. પણ ત્યાં શરીરની મમતા નથી. આત્મા શરીરની ક્રિયા કરી શકે છે એમ અહીં કહેવાનો આશય નથી. પણ મુનિને રાગ ઊઠતાં તે પ્રકારના આહાર–વિહારનો વિકલ્પ ઊઠે છે. તે વિકલ્પનો આરોપ કરીને, મુનિ શરીરને ખવડાવે અને ચલાવે છે, એમ કહ્યું છે.

પૂર્ણ વીતરાગપર્યાય પ્રગટી નથી ને વિકલ્પ ઊઠે છે તેથી દેહ ઉપર લક્ષ જતાં આહારાદિની વૃત્તિ ઊઠે છે, મિથ્યાદ્રષ્ટિ તો શરીરનો ધણી થાય છે. પણ અહીં તો પહેલાં જ એ વાત કરી કે મુનિઓ શરીરથી નિરપેક્ષ છે. પછી આ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે કે મુનિ શરીરને આહાર–વિહાર કરાવે છે.....ત્યાં છઠ્ઠી ભૂમિકામાં તેટલો વિકલ્પ ઊઠે છે....તેનાથી વિશેષ રાગ થવા દેતા નથી. તે અપેક્ષાએ કહ્યું કે : શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિની સિદ્ધિને માટે તે શરીરને ખવડાવે ને ચલાવે છે. એવા મુનિઓ યુક્ત આહાર–વિહારી છે. તીવ્ર રાગપૂર્વક, ગૃદ્ધિ થઈને આહારાદિમાં મુનિ પ્રવર્તતા નથી માટે તે યુક્ત આહાર–વિહારી છે.

સમ્યગ્દર્શનનું ધ્યેય તો આખું દ્રવ્ય જ છે, તે વાત તો કદી ખસે નહિ. સમ્યક્ દ્રષ્ટિ જીવ પરના આશ્રયે, વિકલ્પના આશ્રયે કે પર્યાયના આશ્રયે લાભ માને એમ ત્રણકાળમાં બનતું નથી. વીતરાગીપર્યાયમાંથી વીતરાગતા થતી નથી માટે તે પર્યાયનો આશ્રય પણ સમ્યગ્દ્રષ્ટિને શ્રદ્ધામાં નથી. શ્રદ્ધામાં દ્રવ્યનો જ આશ્રય છે, તે દ્રવ્ય ઉપર દ્રષ્ટિ રાખીને આ બધી વાત છે.

"આ અહીં તાત્પર્ય છે. શ્રમણ કષાયરહિત છે તેથી તે શરીરના (-વર્તમાન મનુષ્યશરીરના) અનુરાગથી કે દિવ્યશરીરના (-ભવિષ્યના દેવશરીરના) અનુરાગથી એ આહાર-વિહારમાં અવ્યક્તપણે પ્રવર્તતો નથી; શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિના સાધકભૂત શ્રામણ્યપર્યાયના પાલનને માટે જ કેવળ યુક્તાહારવિહારી હોય છે."

મુનિને છઠ્ઠે ગુણસ્થાને નિર્દોષ આહાર-વિહારનો વિકલ્પ ઊઠે, તે મુનિ શુદ્ધઆત્મતત્ત્વની ઉપલબ્ધિના સાધકભૂત શ્રામણ્યપર્યાયના પાલનને માટે જ કેવળ યુક્તાહારવિહારી હોય છે. આ પણ નિમિત્તનું-ચરણાનુયોગનું કથન છે. પરમાર્થે તો દ્રવ્યના આશ્રયે લીનતા થાય, તેના જોરે જ સાધકપણું ટકે છે ને વધે છે.

પોતાને માટે આહારના ચોકા કર્યા હોય, ને તે આહાર લ્યે, એવું મુનિદશામાં હોય નહિ. એવો આહાર લ્યે તેને યુક્તાહાર ન કહેવાય, ને ત્યાં મુનિપણું ન હોય ! આવી યથાર્થ મુનિદશાનો વીતરાગભાવ ન પ્રગટે તો પોતાને મુનિ ન માનવો, પણ યથાર્થ મુનિપણું ઓળખીને તેની શ્રદ્ધા કરવી. આથી વિરુદ્ધ માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે.

ભગવાન કુંદકુંદાચાર્ય અષ્ટપાહુડમાં તો કહે છે કે :

जहजायरुवसरिसो तिलतुसमित्तं ण गिहदि हत्तेसु ।

जइ लेइ अप्पबहुयं तत्तो पुण जाइ णिग्गोदम् ।।१८।। સૂત્રપાહુડ.

<u>અર્થ</u> :—મુનિ છે તે યથાજાતરૂપ છે. જેમ જન્મતું બાળક નગ્નરૂપ છે તેવી નગ્નરૂપ દિગંબર મુદ્રાના ધારક છે. તેઓ પોતાના હાથમાં તલના ફોતરા જેટલું પણ કશું ગ્રહણ કરતા નથી. જો થોડું-ઘણું પણ ગ્રહણ કરે તો તે મુનિ તેના ગ્રહણથી નિગોદમાં જાય છે.

જો શક્તિ હોય તો આવું મુનિપણું પાળજે, પણ શક્તિ ન હોય તો શ્રદ્ધા તેવી કરજે. કેમ કે કુંદકુંદ ભગવાન કહે છે.

जं सक्कइ तं कीरइ जं च ण सक्केइ तं च सद्दहणं ।

केवलिजिणेहिं भणियं सद्दहमाणस्स सम्मत्तं ।।२२।। દર્શનપાહુડ

અર્થ :–જો કરવાને સમર્થ હોય તો તો કરીએ. જે કરવાને સમર્થ ન હોય તે શ્રદ્ધા કરે. કેમ કે કેવળી ભગવંતે શ્રદ્ધા કરવાવાળાને સમ્યક્ત્વ કહ્યું છે.

એવી મુનિદશાનું અહીં તદ્દન સ્પષ્ટ વર્ણન આચાર્યદેવે કર્યું છે. ।।૨૨૬।।

હવે, યુક્તાહારવિહારી સાક્ષાત્ અનાહારવિહારી (–અનાહારી અને અવિહારી) જ છે. એમ ઉપદેશે છે :–

ગાથા ૨૨૭

આત્મા અનેષક તે ય તપ, તત્સિદ્ધિમાં ઉદ્યત રહી
વણ—એષણા ભિક્ષા વળી, તેથી અનાહારી મુનિ. ૨૨૭.

અર્થ :—જેનો આત્મા એષણારહિત છે (અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઇચ્છા રહિત છે) તેને તે પણ તપ છે; (વળી) તેને પ્રાપ્ત કરવા માટે (–અનશનસ્વભાવી આત્માને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવા માટે) પ્રયત્ન કરનારા એવા જે શ્રમણ તેમને અન્ય (–સ્વરૂપથી જુદી એવી) ભિક્ષા એષણા વિના (–એષણાદોષ રહિત) હોય છે; તેથી તે શ્રમણો અનાહારી છે.

મુનિને આહાર શોધવાની ભાવના જ નથી, પણ આહાર રહિત એવા અનાહારી ચૈતન્યસ્વભાવમાં જ લીનતાની ભાવના છે, તેથી તે મુનિનો આત્મા અનાહારી છે, માટે મુનિઓને તે તપ છે. સ્વભાવમાં એષણા છે એટલે સ્વભાવમાં ઠરવાની મુખ્યતામાં આહાર શોધવાની મુખ્યતા નથી. ક્ષણે ને પળે અંતરના આનંદને શોધીને તેમાં લીન થાય છે, ને અંદરથી અમૃત ઝરે છે. આવી દશામાં વર્તતા મુનિને સ્વભાવથી જ તપ હોય છે, હાથમાં આહારનો કોળિયો પડ્યો હોય તે વખતે પણ મુનિઓની દશા તો અંતરના અનાહારી આત્મસ્વભાવમાં છે, તેથી તેમને સ્વભાવથી આહારની ઇચ્છા નથી. આહાર રહિત સ્વભાવમાં જ ઠરવાની મુખ્યતા છે, માટે મુનિઓનો આત્મા એષણા રહિત છે, તેથી તેને તપ છે. આહારના એક રજકણનું પણ ગ્રહણ મારામાં નથી એવું ભાન હોવાથી મુનિને આહારની ઇચ્છા નથી, તેથી તેને તે પણ તપ છે. ભલે આહારનો વિકલ્પ ઊઠે પણ ભાવના તો અનાહારી આત્માની જ મુખ્ય છે, વીતરાગભાવપૂર્વકની દશાની આ વાત છે. અનાહારી સ્વભાવની ભાવના અને એકાગ્રતા ઘણી વિશેષ વધી ગઈ છે. સમ્યગ્દ્રષ્ટિને અનાહારી સ્વભાવની દ્રષ્ટિ છે, પણ મુનિ જેટલી ભાવના કે એકાગ્રતા

હોતી નથી. અહીં તો જેને ઘણી વીતરાગતા થઈ ગઈ છે, એવી મુનિની દશાનું વર્ણન છે.

અંતરસ્વરૂપમાં ઝૂલું.....આનંદમાં લપેટાઈ જાઉં.....ને પૂર્ણ ચૈતન્ય ને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરું–આવી ભાવનાવાળા મુનિને આહારની વૃત્તિ ઊઠે તોપણ તે નિર્દોષ આહારની જ વૃત્તિ હોય છે. તે અપેક્ષાએ તે મુનિને અનાહારી જ કહેવામાં આવ્યા છે.

આત્માનું ભાન કર્યા પછી પણ આ દશા લેવી પડશે. આત્માની ઓળખાણ કરીને એવી દશા પ્રગટ્યા વગર કેવળજ્ઞાન અને મુક્તિ નહિ થાય. બંગલામાં બેઠાં બેઠાં આવી મુનિદશા નહિ આવે. માટે આત્માની ઓળખાણ સહિત આવી વીતરાગી મુનિદશાની ભાવના કરવી જોઈએ.

*

પ્રસાદ નં. ૧૭૧

પ્રવચનસાર ગાથા ૨૨૭

(ચૈત્ર વદ ૨, સોમવાર)

પ્રથમ તો મુનિને આત્માનું ભાન હોય છે કે હું દેહાદિ જડથી જુદો જ્ઞાનમય આત્મા છું, ને રાગાદિ થાય તે મારી પર્યાયની અશુદ્ધતા છે, તે મારું સ્વરૂપ નથી. એવા ભાન પછી સ્વભાવમાં ઠરીને આનંદનો અનુભવ કરતાં મુનિને ત્રણ કષાયનો અભાવ થઈ ગયો છે. એવી દશામાં મુનિને આહારની વૃત્તિ ઊઠે, તો કેવો આહાર હોય ? તે વાત કરે છે.

આત્મા પોતે આહાર–પાણીના ગ્રહણ વગરનો છે, એટલે તે પોતે સ્વભાવથી જ અનશન સ્વભાવવાળો છે. આવા આત્માને જાણતા અને અનુભવતા હોવાથી મુનિઓને અનશન તપ છે. તેમજ આહારની વૃત્તિ ઊઠે છે ત્યારે પણ દોષરહિત યુક્તાહારી હોવાથી તે સાક્ષાત્ અનાહારી જ છે. દોષ સહિતનો આહાર તેમને હોતો નથી. મુનિને 'યુક્તાહારી' કહ્યા તેનો ખુલાસો :–

"સદાય સમસ્ત પુદ્ગલના આહારથી શૂન્ય એવા આત્માને જાણતો થકો સમસ્ત અનશનતૃષ્ણા રહિત હોવાને લીધે જેનો સ્વયં અનશન જ સ્વભાવ છે, તે જ તેને અનશન નામનો તપ છે."

મારા આત્મામાં પુદ્ગલનો આહાર તો છે જ નહિ ને આહારની વૃત્તિ ઊઠે તે પણ પર્યાયની નબળાઈ છે. તે મારું સ્વરૂપ નથી. સમસ્ત પ્રકારના આહારથી મારો આત્મા ખાલી છે. માટે મને કોઈ પ્રકારના આહારની તૃષ્ણા નથી, મારો આત્મા સર્વ પ્રકારના આહારની તૃષ્ણાથી રહિત છે. વિકલ્પ ઊઠે પણ ભાવના તો અનાહારી જ્ઞાતા સ્વભાવની જ વર્તે છે, તેથી મુનિના આત્માનો સ્વભાવ જ સ્વયં અનશનરૂપ છે. [સ્વયં = પોતાની મેળે; પોતાથી; સહજપણે. (પોતાના આત્માને સ્વયં અનશન સ્વભાવી જાણવો તે જ અનશન નામનો તપ છે.)] આહારના રજકણ વિનાનો ચિદાનંદી સ્વરૂપ છું–એવી દ્રષ્ટિ જેને થઈ તે આત્મા સ્વયં અનશનસ્વભાવવાળો છે. અશન એટલે ખોરાક, તે જેને નથી તે સ્વયં અનશન છે; આત્માનો સ્વભાવ સદાય આહાર વગર જ ટકેલો, સ્વયં અનશનસ્વભાવી છે. મારાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપ સ્વચતુષ્ટય મારામાં છે, ને જડના જડમાં છે. આમ ઓળખીને અંદરમાં જે મુનિઓ ઠર્યા છે તે મુનિઓને સ્વયં અનશન તપ છે. આત્માનો સ્વભાવ જ અનશન છે. રોટલા ખાવા તે આત્માનો સ્વભાવ નથી, ને આહારની વૃત્તિ ઊઠે તે

પણ સ્વભાવ નથી. અંતરંગમાં આત્માના અનશન સ્વભાવને જાણ્યો તે સંતોને સ્વયં અનશન તપ છે. કેમ કે અંતરંગનું વિશષ બળવાનપણું છે. બહારમાં આહાર છૂટ્યો તેની મુખ્યતા નથી પણ અંદરમાં આત્મા સ્વયં અનશન સ્વભાવી છે તેને જાણીને તેમાં ઠર્યો તે મુનિની અનશનદશા છે. તે મુનિ બાહ્ય આહાર કરવા છતાં આહાર નથી કરતા. આત્માના અનશનસ્વભાવને સમજીને મુનિઓ તે અનશનસ્વભાવી આત્માને અનુભવે છે–માટે તે અનાહારી છે.

બીજી વાત :–જેવો અનાહારી જ્ઞાયકસ્વભાવ જાણ્યો અને અનુભવ્યો છે તેની સિદ્ધિને માટે નિર્દોષ આહાર આચરે છે. છઠ્ઠે વિકલ્પ ઊઠે છે ત્યારે આત્માથી અન્ય એવી ભિક્ષા ઉપર લક્ષ જાય છે, ત્યારે સર્વ દોષ રહિત આહાર લ્યે છે, તેમાં દોષ આવવા દેતા નથી તેથી આહાર કરતા હોવા છતાં આહાર ન કરતા હોય તેવા જ છે. માટે મુનિ અનાહારી જ છે. બે પ્રકાર બતાવીને મુનિને અનાહારી કહ્યા. સાતમે ઠર્યા ત્યારે તો અનશન–અનાહારી સ્વભાવી આત્માને અનુભવે છે, ને છઠ્ઠે વિકલ્પ ઊઠ્યો ત્યારે દોષ ટાળીને આહાર લ્યે છે. તેથી તે આહાર કરવા છતાં અનાહારી જ છે. કેમ કે ભાવના આહારની નથી પણ અંદરના જ્ઞાયક સ્વભાવમાં ઠરવાની જ ભાવના છે. વિકલ્પના અને આહારના તો જ્ઞાતાદ્રષ્ટા છે. સમ્યગ્દ્રષ્ટિ પણ રાગનો કર્તા થતો નથી પણ જ્ઞાતા રહે છે, તો મુનિને અલ્પ રાગની વૃત્તિ ઊઠી તેના અને આહારના જ્ઞાયક જ છે. એટલે સાક્ષાત્ અનાહારી જ છે "કારણ કે યુક્તાહારીપણાને લીધે તેમને સ્વભાવ તેમ જ પરભાવના નિમિત્તે બંધ થતો નથી."

અંતરનો ચૈતન્યસ્વભાવ બંધનું કારણ નથી, તેમ જ આહાર નિર્દોષ હોવાથી તે પણ મુનિને બંધનનું કારણ નથી; સ્વભાવથી એટલે પોતાના ચિદાનંદી સ્વભાવના અનુભવથી બંધન થતું નથી. તેમ જ પરભાવથી એટલે આહારના કારણથી–તેમને બંધન થતું નથી–એવી મુનિદશા છે. (શુભરાગનું જે અલ્પ બંધન છે તે ગૌણ છે. તેની અહીં ગણતરી નથી.) સિદ્ધસમાન સ્વરૂપની શાંતિ ઘણી વધી ગઈ છે, રાગ ઘણો ટળી ગયો છે. અતિ અલ્પ રાગ રહ્યો છે એટલે શુભવૃત્તિ ઊઠે છે. અહો ! એ સમ્યગ્દર્શનપૂર્વકની મુનિદશાની વાત જગતે સાંભળી નથી.

અનાહારીની જેમ મુનિ અવિહારી છે એ વાત પણ એમાં આવી જ જાય છે, તે કહે છે.

એ પ્રમાણે (જેમ યુક્તાહારી સાક્ષાત્ અનાહારી જ છે એમ કહેવામાં આવ્યું તે પ્રમાણે) (૧) સ્વયં અવિહાર સ્વભાવી હોવાથી અને (૨) સમિતિશુદ્ધ (–ઇર્યાસમિતિ વડે શુદ્ધ એવા) વિહારવાળો હોવાથી યુક્તવિહારી (–યુક્તવિહારવાળો શ્રમણ)

સાક્ષાત્ અવિહારી જ છે–એમ, અનુક્ત હોવા છતાં પણ (–ગાથામાં નહિ કહ્યું હોવા છતાં પણ) સમજવું.

મુનિનો આત્મા પોતે સ્વયં અવિહારી સ્વભાવવાળો છે. આત્માનો સ્વભાવ તો સ્થિર અવિહારી છે, જડને ચલાવે તે આત્માનો સ્વભાવ નથી. જડ શરીરની ગતિ આત્મા કરતો જ નથી પણ સ્વયં જડ પોતે ગતિ કરે છે. જેને આવા આત્માનું ભાન નથી તે તો મિથ્યાદ્રષ્ટિ છે. મુનિ પોતાના આત્માને શરીરના રજકણોથી શૂન્ય જાણે છે, ને વિહારનો વિકલ્પ ઊઠે ત્યારે શુદ્ધસમિતિ સહિત હોય છે, તેથી યુક્તવિહારી છે એટલે મુનિઓ ખરેખર અનાહારીની જેમ અવિહારી છે. અંદરમાં સ્વભાવમાં ઠર્યો ત્યારે નિશ્ચયસમિતિ છે, ને વિકલ્પ ઉઠ્યો ત્યારે ઇર્યાસમિતિનું પાલન થાય છે તે વ્યવહાર સમિતિ છે. આવા શ્રમણો ખરેખર અવિહારી જ છે. અહા ! દેહની ચાલવાની ક્રિયા થતી હોય તે વખતે પણ મુનિઓ અવિહારી જ છે. અંતરની વાત છે. અંતરમાં મુનિને ઘણી વીતરાગતા વધી ગઈ છે. ગાથામાં તો મુનિને અનાહારી કહ્યા છે પણ જે રીતે અનાહારી છે તે રીતે તેઓ અવિહારી છે. એ વાત પણ તેમાં આવી જ જાય છે–એમ સમજવું.

અજ્ઞાની તો ક્ષણે ક્ષણે ચૈતન્યનું ભાન ચૂકીને જડની ક્રિયાનો સ્વામી થાય છે, તે તો મિથ્યાદ્રષ્ટિ છે. આત્મા જડની ક્રિયા કરે એમ જે માને તેને મુનિદશા તો હોય જ નહિ, ને સમ્યગ્દર્શન પણ ન હોય, તે તો મિથ્યાદ્રષ્ટિ છે. માટે આવી વીતરાગી મુનિદશા પ્રગટ થયા પહેલાં વસ્તુસ્વરૂપની ઓળખાણ કરવી જોઈએ. તે ઓળખાણ પછી અંતરમાં ઠરતાં મુનિદશા પ્રગટે છે. ॥૨૨૭॥

હવે, (શ્રમણને) યુક્તાહારીપણું કઈ રીતે સિદ્ધ થાય છે, તે ઉપદેશે છે:–

ગાથા ૨૨૮

કેવલશરીર મુનિ ત્યાંય 'મારું ન' જાણી વણ—પ્રતિકર્મ છે,
નિજ શક્તિના ગોપન વિના તપ સાથ તન યોજેલ છે. ૨૨૮.

અર્થ :—કેવળદેહી શ્રમણે (–જેને માત્ર દેહરૂપ પરિગ્રહ જ વર્તે છે એવા મુનિએ) દેહમાં પણ 'મારો નથી' એમ સમજીને પરિકર્મ રહિત વર્તતાં થકાં, પોતાના આત્માની શક્તિને ગોપવ્યા વિના તપ સાથે તેને (–દેહને) યુક્ત કર્યો (–જોડ્યો) છે.

જડ દેહ ચૈતન્યથી ભિન્ન છે, તે દેહ મારો નથી, એવું ભાન તો બધા મુનિને હોય છે, ને મુનિઓને તો ઘણી વીતરાગતા થતાં દેહ પ્રત્યે ઉપેક્ષાભાવ થઈ ગયો છે એટલે દેહ ઉપર રાગ નથી, તેથી દેહની શોભા–શણગાર મુનિને હોતા નથી, ને

પોતાના આત્માની જેટલી શક્તિ છે તેને ગોપવ્યા વગર તપ કરે છે....આહારનો કે દેહનો એક રજકણ પણ મારો નથી–એવા ભાન સહિત તેમાં જ્ઞાન ઠરી ગયું છે.— અંતરમાં આનંદનો શાંત રસ ઉછળી રહ્યો છે, ત્યાં મુનિને તપ છે. હું જ્ઞાયક છું ને દેહાદિ બધા પરજ્ઞેયો છે. હું તે જ્ઞેયનો નથી, ને તે જ્ઞેયો મારાં નથી. આમ બન્નેની ભિન્નતાનું ભાન કરીને, અંદરમાં આનંદના અનુભવમાં ઠર્યા છે, ત્યાં દેહની ઉપેક્ષા થઈ ગઈ છે, એટલે શક્તિ પ્રમાણે તપ તેમને હોય છે.

ટીકા :—"શ્રામણ્યપર્યાયના સહકારી કારણ તરીકે કેવળ દેહમાત્ર ઉપધિને શ્રમણ જોરથી–હઠથી નહિ નિષેધતો હોવાને લીધે તે કેવળ દેહવાળો છે." નિશ્ચયથી તો ભાન છે કે એક રજકણ પણ મારો નથી. એવા ભાનથી અંદર વીતરાગતા પ્રગટી છે, ને વ્યવહારમાં શ્રામણ્યપર્યાયનું નિમિત્ત શરીર છે કેમ કે રાગ ઊઠતાં ક્યારેક ત્યાં લક્ષ જાય છે. દેહનો નિષેધ હઠપૂર્વક મુનિને થતો જ નથી. લાયકાત હોય ત્યાં સુધી શરીરનો સંયોગ રહે. શરીરની મમતા છૂટી ગઈ છે, પણ શરીરને છોડી નાખું એવો હઠ નથી એટલે કેવળ દેહમાત્રનો સંયોગ છે.

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;

અંદરમાં ઉદાસીન વીતરાગભાવ થયો છે. તે તો શુદ્ધ ઉપાદાન છે, ને ત્યાં નિમિત્ત તરીકે માત્ર શરીર જ હોય છે. શરીર હોવા છતાં તેના સંસ્કારની–શણગાર વગેરેની વૃત્તિ મુનિને હોતી નથી. કાંઈ તે શરીરના કારણે મુનિદશા ટકી નથી, પણ ચૈતન્યસ્વભાવના આશ્રયે મુનિદશા ટકેલી છે. તે વખતે શરીરને નિમિત્ત તરીકે સહકારી કહ્યું છે. અંતરમાં–ચૈતન્ય-સ્વભાવમાં ઠરતાં નિરાકુળ વીતરાગી આનંદ પ્રગટ્યો છે તે મુનિદશા છે. શરીર તો બાહ્ય છે, તેમાંથી કાંઈ વીતરાગતા આવતી નથી. વીતરાગતા પુણ્યભાવમાંથી ન આવે ને પ્રથમની પર્યાયમાંથી પણ તે વીતરાગીપર્યાય ન આવે. અંતરના અખંડાનંદી ચૈતન્યમાં એકાગ્ર થતાં તેમાંથી જ વીતરાગી પર્યાય આવે છે. તેવા ચૈતન્યનું ભાન કર્યા પછી તેમાં ઠર્યો ને મુનિદશા થઈ, ત્યારે સંયોગ તરીકે દેહ કેવો હોય, તેનું જ્ઞાન કરાવ્યું છે. પણ જો વીતરાગી મુનિદશા ન હોય તો શરીરને કોનું સહકારી કહેવું? માટે 'સહકારી' કહેતાં જ ઉપાદાન પોતે પોતાથી છે–એમ સિદ્ધ થાય છે. ઉપાદાન વગર સહકારી કોનું ?

મુનિઓને કેવળ દેહ હોય છે. દેહ હોવા છતાં તેઓ પરિકર્મ સહિત છે. "દેહ હોવા છતાં પણ, '**किं किंचण**' ઇત્યાદિ પૂર્વસૂત્ર (૨૨૪મી ગાથા) વડે પ્રકાશિત કરવામાં આવેલા પરમેશ્વરના અભિપ્રાયનું ગ્રહણ કરી 'આ (દેહ) ખરેખર મારો નથી. તેથી તે અનુગ્રહયોગ્ય નથી પરંતુ ઉપેક્ષાયોગ્ય જ છે' એમ દેહમાં સમસ્ત

સંસ્કારને છોડેલ હોવાથી પરિકર્મ રહિત છે; તેથી તેને દેહના મમત્વપૂર્વક અનુચિત આહારગ્રહણનો અભાવ હોવાને લીધે યુક્તાહારીપણું સિદ્ધ થાય છે.''

કુંદકુંદાચાર્યદેવે જગત પાસે ભગવાન પરમેશ્વરના અભિપ્રાયને જાહેર કર્યો છે. પોતાની પાત્રતા વગર જીવ ત્રિલોકનાથ તીર્થંકર પાસે જઈને પણ સમજ્યા વગર પાછો ફર્યો. એટલે 'કેવળી આગળ રહી ગયો કોરો' કેમ કે પોતે પર્યાયને અંતર્મુખ સ્વભાવમાં વાળી નહિ.

દેહનો સંયોગ હોવા છતાં, મુનિને ભાન છે કે આ દેહ મારો નથી, તેથી તે અનુગ્રહયોગ્ય નથી.–તે મમતા કરવા જેવો નથી પણ ઉપેક્ષાયોગ્ય જ છે. આવા ભગવાન તીર્થંકરના અભિપ્રાયને જાણીને મુનિઓએ દેહના સમસ્ત સંસ્કારને છોડી દીધા છે તેથી તે પરિકર્મ રહિત છે. ત્રણે કાળે હું ચિદાનંદ સ્વભાવે અસ્તિરૂપ છું ને દેહની મારામાં ત્રણેકાળે નાસ્તિ છે.–આવા ભાનપૂર્વક મુનિઓને દેહની મમતા છૂટી ગઈ છે એટલે મમતાપૂર્વકના અનુચિત આહારાદિ તેમને હોતાં નથી. માટે તેમને યુક્તાહારીપણું સિદ્ધ થાય છે. એ રીતે યુક્તાહારીપણાની એક વાત કરી. હવે બીજી વાત કરે છે.

''વળી (બીજી રીતે), તેણે (આત્મશક્તિને જરાય ગોપવ્યા વિના) સઘળીયે આત્મશક્તિને પ્રગટ કરીને છેલ્લા સૂત્ર (૨૨૭મી ગાથા) દ્વારા કહેવામાં આવેલા અનશનસ્વભાવલક્ષણ તપ સાથે તે દેહને સર્વ આરંભથી (ઉદ્યમથી) યુક્ત કર્યો (–જોડ્યો) છે; તેથી આહારગ્રહણના પરિણામસ્વરૂપ જે યોગધ્વંસ તેનો અભાવ હોવાને લીધે તેનો આહાર યુક્તનો (–યોગીનો) આહાર છે; માટે તેને યુક્તાહારીપણું સિદ્ધ થાય છે.''

મુનિદશા તો પરમેશ્વરપદ છે, પાંચ પદમાં તે પદ આવે છે. તે તો આત્માની વીતરાગીદશા છે. અજ્ઞાનીને દ્રવ્યનું ભાન નથી તેથી તેને દ્રવ્યની શક્તિ બીડાયેલી છે. પણ મુનિઓ તો આત્માનું ભાન કરીને તેમાં ઠર્યા છે એટલે તેમને આત્માની બધીયે શક્તિઓ પ્રગટી છે. એ રીતે આત્માની શક્તિ પ્રગટ કરીને, અનશનસ્વભાવી ચિદાનંદી આનંદકંદ સ્વરૂપમાં જોડાયા છે. તેમને આહારગ્રહણથી ચૈતન્યમાં જોડાણનો નાશ થતો નથી, માટે તેમનો આહાર તે યુક્તનો જ આહાર છે. ચૈતન્યની સન્મુખતાનું જોડાણ છૂટીને તેમને આહાર હોતો નથી. માટે તેઓનો આહાર તે યુક્તનો જ આહાર છે તેથી તેઓ યુક્તાહારી જ છે.

*

પ્રસાદ નં. ૧૭૨
પ્રવચનસાર ગાથા ૨૨૮

(ચૈત્ર વદ ૩, મંગળવાર)

આત્માના ભાન પછી સાધુપદમાં કેવી વીતરાગતા હોય છે, તેનું આ વર્ણન છે. આવી વીતરાગતા થયા વગર કેવળજ્ઞાન થતું નથી. આ કોઈ બીજાની વાત નથી પણ આત્માને આવી દશા થયા વગર તેની મુક્તિ થતી નથી. પહેલાં આત્માના જ્ઞાનસ્વભાવની ઓળખાણથી સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થયા પછી ચારિત્રદશાનું આ વર્ણન છે.

દેહનું લક્ષ છૂટીને સ્વભાવ તરફ જોડાણ ઘણું વધી ગયું છે. એટલે તે મુનિઓને હું આહારનું ગ્રહણ કરું છું–એવા પરિણામ સ્વરૂપ યોગધ્વંસનો અભાવ છે; આહારગ્રહણ આત્માનો સ્વભાવ છે એમ માને તેને તો સમ્યગ્દર્શનનો પણ નાશ છે. દ્રષ્ટિમાં તો આહારનું ગ્રહણ કરવાની બુદ્ધિ નથી ને સ્થિરતામાં પણ કષાયનો એટલો અભાવ થઈ ગયો છે કે જેનાથી યોગનો ધ્વંસ થાય એવા આહાર-ગ્રહણના પરિણામ જ થતા નથી. તેથી તે મુનિઓ યુક્તાહારી છે. તેમનો આહાર યુક્તાહાર છે; ચારિત્રનો નાશ થાય તેવો સદોષ આહાર તેને હોતો નથી.

અનશનસ્વભાવલક્ષણ તપ એટલે કે અનશનસ્વભાવ જેનું લક્ષણ છે એવો તપ. (જે આત્માના અનશનસ્વભાવને જાણે છે તેને અનશન સ્વભાવલક્ષણ તપ વર્તે છે.) અને યોગધ્વંસ એટલે યોગનો નાશ. 'આહાર ગ્રહવાનો આત્માનો સ્વભાવ છે' એવા પરિણામે પરિણમવું તે યોગધ્વંસ છે. શ્રમણને આવો યોગધ્વંસ નહિ હોવાથી તે યુક્ત અર્થાત્ યોગી છે અને તેથી તેનો આહાર યુક્તાહાર અર્થાત્ યોગીનો આહાર છે.)

ભાવાર્થ :—શ્રમણ બે પ્રકારે યુક્તાહારી સિદ્ધ થાય છે. (૧) શરીર પર મમત્વ નહિ હોવાથી તેને ઉચિત જ આહાર હોય છે તેથી તે યુક્તાહારી અર્થાત્ ઉચિત આહારવાળો છે. વળી (૨) 'આહારગ્રહણ આત્માનો સ્વભાવ નથી' એવા પરિણામ સ્વરૂપ યોગશ્રમણને વર્તતો હોવાથી તે શ્રમણયુક્ત અર્થાત્ યોગી છે અને તેથી તેનો આહાર યુક્તાહાર અર્થાત્ યોગીનો આહાર છે. ॥૨૨૮॥

હવે યુક્તાહારનું સ્વરૂપ વિસ્તારથી ઉપદેશે છે :–

ગાથા ૨૨૯

આહાર તે એક જ, ઉણોદર ને યથા—ઉપલબ્ધ છે,
ભિક્ષા વડે, દિવસે, રસેચ્છાહીન, વણ—મધુમાંસ છે. ૨૨૯.

જેમ વેપારી વેપાર કરવામાં વટાવ ને ખોટની જવાબદારીનો ખ્યાલ રાખે છે, તો અહીં મુનિને કહે છે કે–હે મુનિ ! તારે ઘણી વીતરાગતા તો થઈ ગઈ છે, હવે તારી ભૂમિકામાં આહારાદિનો વિશેષ રાગ ન હોય. જો વિશેષ રાગ થઈ જાય

તો મુનિદશા નહિ ટકે. મુનિદશામાં તો અંતરમાં ઘણી લીનતા થઈ ગઈ છે, ત્યાં રાગનો ઘણો અભાવ છે.

મુનિપણાનો આ યથાર્થ માર્ગ સર્વજ્ઞ ભગવાને કહેલો, કુંદકુંદ ભગવાને ઝીલીને જાતે અનુભવેલો છે, ને પોતે આ ચરણાનુયોગની શરૂઆતમાં કહે છે કે ''તે શ્રામણ્યને અંગીકાર કરવાનો જે યથાનુભૂત માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા.'' જુઓ કથની ! અમે પોતે શ્રામણ્યમાં–છઠ્ઠે સાતમે ગુણસ્થાને વર્તી રહ્યા છીએ ને બીજાને તેનો માર્ગ દેખાડનારા પ્રણેતા અમે આ સાક્ષાત્ ઉભા છીએ. અહો ! વીતરાગી સંતોનો જે માર્ગ છે તેમાં અમે વર્તી રહ્યા છીએ ને તેના અમે પ્રણેતા છીએ. શ્રીમદે આવા કુંદકુંદાચાર્યને વંદન કર્યું છે. કોઈ શ્રીમદને માને પણ કુંદકુંદપ્રભુના આ કથનને ન માને તો તેણે ખરેખર શ્રીમદને પણ માન્યા નથી.

મુનિઓનો યુક્ત આહાર કેવો હોય, તેનું અહીં વર્ણન છે.

અર્થ :—ખરેખર તે આહાર (–યુક્તાહાર) એક વખત, ઊણોદર, યથાલબ્ધ (–જેવો મળે તેવો) ભિક્ષાચરણથી, દિવસે, રસની અપેક્ષા વિનાનો અને મધ–માંસ રહિત હોય છે.

ટીકા :—અમૃતચંદ્રાચાર્યદેવ યુક્તાહારના ૭ બોલનો ખુલાસો કરે છે.

''એક વખત આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તેટલાથી જ શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત શરીર ટકે છે.'' મુનિને એક વખત કરતાં વધારે વખત આહારની વૃત્તિ જ ન હોય. અનેક વખત આહાર કરવાનો ભાવ થાય ત્યાં મુનિપણું ટકી ન શકે. ''એકથી વધારે વખત આહાર તે યુક્તાહાર નથી એમ નીચે પ્રમાણે બે પ્રકારે સિદ્ધ થાય છે.''

(1) અનેક વખત આહાર તો શરીરના અનુરાગથી સેવવામાં આવતો હોવાથી અત્યંતપણે હિંસાયતન કરવામાં આવતો થકો યુક્ત (–યોગ્ય) નથી (અર્થાત્ તે યુક્તાહાર નથી).

બહુ ધંધામાં લીન હોય તેને પણ ખાવાની વૃત્તિ (ધંધાની લોલુપતાને લીધે) બહુ ન ઊઠે. તેમ અહીં મુનિઓ તો આત્માના અંતરસ્વરૂપમાં–આનંદના અનુભવમાં એવા લીન છે કે અનેક વખત આહારની વૃત્તિ જ ઊઠતી નથી. મુનિઓને આત્માની અનાકુળતાના અનુભવના ધંધાની પેઢી એવી ધમધોકાર ચાલે છે કે તેમને શરીર પ્રત્યે અનુરાગ ઊડી ગયો છે એટલે વારંવાર આહારની વૃત્તિ જ હોતી નથી. અંદર હઠ નથી પણ સહજપણે આહારની વૃત્તિ જ તૂટી જાય છે. મુનિઓ એક વખત જ આહાર કરે. જ્યાં અંદરમાં આત્માના આનંદની ધારા છૂટે છે ત્યાં મુનિને બે વખત આહાર ન હોઈ શકે. બીજી વખત આહાર કરે તો તે મુનિ નથી.

(૨) અપૂર્ણોદર આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ પ્રતિહત યોગ વિનાનો છે. (પૂર્ણોદર આહાર યુક્તાહાર નથી એમ નીચે પ્રમાણે બે પ્રકારે સિદ્ધ થાય છે.

આહારને કારણે કાંઈ યોગ હણાતો નથી પણ અંતરમાં તે પ્રકારનો પ્રમાદ કે ગૃદ્ધિભાવ થઈ જાય તેનાથી મુનિના યોગનો છેદ થાય છે. ગૃદ્ધિપણે પેટ ભરીને એક વખત જમી લ્યે–એવો લોલૂપ ભાવ મુનિને ન હોય. આ તો વીતરાગી સંતોનો માર્ગ છે. જેને અલ્પકાળે કેવળજ્ઞાન લેવું છે તેવી સાધક મુનિદશા સાધારણ જીવો ન કરી શકે.

મુનિને દેહનો સંયોગ હોવા છતાં દેહ પ્રત્યે કેટલી ઉદાસીનતા હોય છે, તે અહીં બતાવે છે. આવા મુનિને ઓળખીને આનાથી વિરુદ્ધ હોય તેને મુનિ માનવા ન જોઈએ. પૂરું પેટ ભરીને જમવા જાય તો ત્યાં તે આહાર પ્રતિહત યોગવાળો હોવાથી તેને કથંચિત્ હિંસાયતન કહ્યો છે. આહારને કારણે હિંસા નથી પણ અંદર તીવ્ર રાગભાવ થઈ ગયો ત્યાં પ્રમાદથી અંતરની શાંતિ હણાય છે, તે જ હિંસા છે.

બીજે દિવસે ઉપવાસ કરવાનો હોય કે વિહાર કરવાનો હોય માટે આજે વધારે જમી લઉં–એવી વૃત્તિ મુનિને ન હોય. આ તો મુનિઓનો સહજ અલૌકિક સહજાત્મસ્વભાવનો માર્ગ છે. ચૈતન્યનો દોર ચૂક્યા વગર આનંદની ધારા ચાલી જાય છે. જેમ દોરડાં ઉપર થાળીમાં ઊંધે માથે નટ ચાલે તેના કરતાંય આ માર્ગ તો અલૌકિક સહજ શાંતિનો છે. લોકોને બહારથી આ દશાનો ખ્યાલ આવે તેમ નથી. દેહ અને રાગરહિત ચૈતન્યનું ભાન થયા પછીની આ દશા છે.

(૩) ‘‘યથાલબ્ધ આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ (આહાર) વિશેષપ્રિયતાસ્વરૂપ અનુરાગથી શૂન્ય છે.’’ જેવો નિર્દોષ મળે તેવો આહાર મુનિને હોય. અમુક આહાર હોય તો જ ઠીક એવી વૃત્તિ મુનિને ન હોય. **(अ)** અયથાલબ્ધ (જેવો મળે તેવો નહિ પણ પોતાની પસંદગીનો; સ્વેચ્છાલબ્ધ.) આહાર તો વિશેષપ્રિયતાસ્વરૂપ અનુરાગ વડે સેવવામાં આવતો હોવાથી અત્યંતપણે હિંસાયતન કરવામાં આવતો થકો યુક્ત (યોગ્ય) નથી; વળી **(ब)** અયથાલબ્ધ આહારનો સેવનાર વિશેષપ્રિયતાસ્વરૂપ અનુરાગ વડે સેવનારો હોવાથી તે આહાર યુક્તનો (–યોગીનો) નથી.

જેમ ખાડો પૂરવો હોય તે સોનાથી પણ પૂરાય ને કાંકરાથી પણ પૂરાય. તેમ મુનિને તો આહારની વૃત્તિ ઊઠી તે માત્ર ક્ષુધાના નાશ પૂરતો આહાર કરે છે. ત્યાં ગમે તે આહાર મળે તેવો લ્યે છે.

(૪) ભિક્ષાચરણથી આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ આરંભશૂન્ય છે. **(अ)** અભિક્ષાચરણથી (–ભિક્ષાચરણ સિવાયનો) જે આહાર તેમાં તો આરંભનો સંભવ હોવાને લીધે હિંસાયતનપણું પ્રસિદ્ધ હોવાથી તે આહાર યુક્ત (–યોગ્ય)

નથી, વળી **(ब)** એવા આહારના સેવનમાં (સેવનારની) અંતરંગ અશુદ્ધિ વ્યક્ત (–પ્રગટ) હોવાથી તે આહાર યુક્તનો (–યોગીનો) નથી.

મુનિ પોતે ભિક્ષા માટે જાય છે. કોઈ જંગલમાં દેવા આવે ને મુનિ ખાય એમ બને નહિ. વળી પાત્રમાં આહાર લઈને આવશે તેમ પણ ન હોય. મુનિન પાત્ર જ ન હોય. પોતાને માટે કરેલી કોઈ ચીજ મુનિ ન લ્યે. પોતાને માટે કરેલો આહાર લ્યે તેને તો પરિણામની અશુદ્ધતા છે.

(૫) દિવસે આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ સમ્યક્ (બરાબર) જોઈ શકાય છે. **(अ)** અદિવસે (દિવસ સિવાયના વખતમાં) આહાર તો સમ્યક્ જોઈ શકાતો નથી તેથી તેને હિંસાયતનપણું અનિવાર્ય હોવાથી તે આહાર યુક્ત (–યોગ્ય) નથી; વળી **(ब)** એવા આહારના સેવનમાં અંતરંગ અશુદ્ધિ હોવાથી વ્યક્ત હોવાથી તે આહાર યુક્તનો (–યોગીનો) નથી.

(૬) રસની અપેક્ષા વિનાનો આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ અંતરંગ શુદ્ધિથી અંદર છે. **(अ)** રસની અપેક્ષાવાળો આહાર તો અંતરંગ અશુદ્ધિ વડે અત્યંત હિંસાયતન કરવામાં આવતો થકો યુકત (–યોગ્ય) નથી; વળી **(ब)** તેનો સેવનાર અંતરંગ અશુદ્ધિ વડે સેવનારો હોવાથી તે આહાર યુક્તનો (–યોગીનો) નથી.

દૂધ, દહીં વગેરે રસવાળો આહાર હોય તો ઠીક, દાંત નથી માટે સારો મળે તો ઠીક–આવા રસની અપેક્ષા મુનિઓને ન હોય. રોગ હોય માટે અમુક સ્વાદિષ્ટ આહાર મળે તો ઠીક–એવી વૃત્તિ પણ ન હોય. મુનિને અંદરમાં ચૈતન્યના ધ્યાનની જમાવટ એવી હોય છે કે દેહ અને આહારથી ઉપેક્ષા થઈ ગઈ છે. ચક્રવર્તીને ત્યાં ઊંચો આહાર મળે તો ત્યાં રસની ગૃદ્ધિ થતી નથી. ગૃહસ્થ શ્રાવકો તો પોતાની ભક્તિ ભાવનાથી ગમે તેવો આહાર આપે. તે તો સમજે છે કે "અહો ! મારા આંગણે ધર્મનું ક્લ્પવૃક્ષ આવ્યું !" એટલે તે તો ભક્તિપૂર્વક આહાર આપે છે પણ મુનિને તો આત્માના અમૃતના સ્વાદનો અનુભવ છે, તેને આહારના રસની ગૃદ્ધિ હોતી નથી.

(૭) મદ્ય-માંસ રહિત આહાર તે જ યુક્તાહાર છે. કારણ કે તેને જ હિંસાયતનપણાનો અભાવ છે. (અ) મદ્ય-માંસ સહિત આહાર તો હિંસાયતન હોવાથી યુક્ત(-યોગ્ય) નથી; વળી (બ) એવા આહારના સેવનમાં અંતરંગ અશુદ્ધિ હોવાથી તે આહાર યુક્તનો (-યોગીનો) નથી. મધ–માંસ તો મુનિને હોય જ નહિ પણ તેને સ્પર્શેલો કોઈ આહાર મુનિ ન લ્યે. મધના આહારમાં પણ મોટું પાપ છે. શાસ્ત્ર તો કહે છે : એક મધના બિંદુના આહારમાં ૭ ગામ બાળવા જેટલું પાપ લાગે છે. સાધારણ જૈનને પણ મધ–માંસનો ખોરાક હોય નહિ, તે તો મહાહિંસક છે. મધ–માંસનો લેપ હોય તેવો કોઈ આહાર કે દવા મુનિને હોય નહિ.

"અહીં મધ માંસ હિંસાયતનનું ઉપલક્ષણ છે તેથી 'મધ માંસ રહિત આહાર યુક્તાહાર છે' એ કથન દ્વારા એમ સમજવું કે) સમસ્ત હિંસાયતનશૂન્ય આહાર તે જ યુક્તહાર છે. જેમ મધમાંસમાં હિંસા હોવાથી તેનો નિષેધ કર્યો. તેમ વનસ્પતિ વગેરે કોઈ પણ પ્રાણીની હિંસાવાળો આહાર મુનિને ન હોય.

મુનિને શરીર માત્ર પરિગ્રહ હોવા છતાં તેના નિભાવમાં એટલી ઉપેક્ષા થઈ ગઈ છે કે ક્યાંય વિશેષ રાગ થવા દેતા નથી. અંદરમાં તેટલી લીનતા વધી ગઈ છે. અંદર સ્વસંવેદન આનંદમાં તરબોળ દશા છે. ઉની ઉની પૂરણપોળીને ઘીમાં ઝબોળે ને તે રસ ટપકતી હોય, તેમ મુનિઓને આત્મા ચૈતન્યગોળો અંતરના ભરપૂર આનંદ સ્વભાવમાં એવો રસબોળ થઈ ગયો છે કે આનંદની ધારા ટપકે છે. શાંતરસની ધારા ટપકે છે, અંતરમાં એકદમ વીતરાગતા થઈ જતાં આવી દશા સહજ હોય છે.

અરેરે ! ભગવાને કહ્યું માટે આટલું બધું પાળવું પડે છે—એમ મુનિને ન હોય પણ સહજ હોય. અમારી જે સહજદશા છે તે ભગવાને જાણી છે, ને ભગવાને વર્ણવી છે તેવી જ અમારી સહજદશા છે. એમ મુનિઓને અંદરમાં સહજદશા છે. આવો ધોખમાર્ગ છે. ॥૨૨૯॥

હવે ઉત્સર્ગ અને અપવાદની મૈત્રી વડે આચરણનું સુસ્થિતપણું ઉપદેશે છે :–

ગાથા ૨૩૦

વૃદ્ધત્વ, બાળપણા વિષે, ગ્લાનત્વ, શ્રાંત દશા વિષે,
ચર્યા ચરો નિજયોગ્ય, જે રીત મૂળછેદ ન થાય છે. ૨૩૦.

અન્વયાર્થ :—બાળ, વૃદ્ધ, શ્રાંત કે ગ્લાન શ્રમણ મૂળનો છેદ જે રીતે ન થાય તે રીતે પોતાને યોગ્ય આચરણ આચરો.

પ્રશ્ન :–આવા વીતરાગી મુનિ આજે ક્યાંય મળતા હશે ?

ઉત્તર :–"મહાવિદેહક્ષેત્રમાં ઘણા મુનિવરો વિચરે છે !!"

*

પ્રસાદ નં. ૧૭૩

પ્રવચનસાર ગાથા ૨૩૦

(ચૈત્ર વદ ૪, બુધવાર)

આત્મા જ્ઞાનસ્વભાવી છે અને શરીર, કર્મ વગેરે પરજ્ઞેયો છે. તેની અવસ્થાનો સ્વામી આત્મા નથી. આત્માની પર્યાયમાં વિકાર થાય છે, તે પોતાનો દોષ છે, તે સ્વજ્ઞેયનો અંશ છે, ને ત્રિકાળી ચૈતન્યસ્વભાવ છે તે પરજ્ઞેય છે. આવા જ્ઞેયતત્ત્વને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે. એનું વર્ણન પહેલા બે અધિકારમાં કર્યું. એ બે અધિકારો વડે આત્માના જ્ઞાનસ્વભાવને જાણીને પછી વિશેષ વીતરાગતા થતા મુનિદશા થાય છે. તે મુનિદશા કેવી હોય, તેનું આ વર્ણન છે.

મુનિઓનો ઉત્સર્ગ માર્ગ તો વીતરાગતા જ છે, ને શુભ વિકલ્પ આવે તે અપવાદરૂપ છે, દોષરૂપ છે.

બાળ–વૃદ્ધ–શ્રાંત–ગ્લાને (અર્થાત્ બાળ, વૃદ્ધ, શ્રમિત કે ગ્લાન શ્રમણે પણ) સંયમનો–કે જે (સંયમ) શુદ્ધાત્મતત્ત્વનું સાધન હોવાથી મૂળભૂત છે તેનો છેદ જે રીતે ન થાય તે રીતે, સંયત એવા પોતાને યોગ્ય અતિ કર્કશ (–કઠોર) આચરણ જ આચરવું, એ પ્રમાણે ઉત્સર્ગ છે.

જેને આત્માનું ભાન છે ને સ્વરૂપમાં રમણતા થતાં વીતરાગતા વધી ગઈ છે, એવો આઠ વર્ષનો બાળક પણ મુનિ હોય, બાળક હોવા છતાં પણ મહાગંભીર છે. બાળકમુનિ એવા ન હોય કે વરસાદના પાણીમાં પાતરાં મૂકીને રમત કરે, એ તો બધી બાળકબુદ્ધિ છે. આ તો દેહ નાનો હોવા છતાં ચૈતન્યમાં અતિ ગંભીરતા છે. અંતર ઠર્યા છે. વળી કોઈ મુનિઓ વૃદ્ધ હોય, વૃદ્ધ મુનિઓ લાકડીનો ટેકો ન લ્યે; વળી કોઈ મુનિ રોગી હોય કે થાકેલા હોય; બીજા નીરોગ વગેરે મુનિઓની તો વાત શું ? પણ જે મુનિ નાની વયના હોય કે વૃદ્ધ હોય–થાકેલા હોય કે રોગી હોય–એવા મુનિઓએ પણ શુદ્ધ આત્મધ્યાનમાં જ બરાબર વિચરવું. ને શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનો છેદ ન થાય તે રીતે પોતાને યોગ્ય અતિ કર્કશ આચરણ જ આચરવું. આ ઉત્સર્ગ છે.

પરમાર્થ સાધન તો ત્રિકાળી ચૈતન્ય કારણ પરમાત્મા જ છે. પર્યાયને કારણ કહેવું તે વ્યવહારથી છે. ને અહીં ચરણાનુયોગમાં તો શરીરને પણ ઉપચારથી સંયમનું સાધન કહેશે. અંદરમાં એકરૂપ ચૈતન્ય સ્વભાવભાવ છે, તે જ મોક્ષનું પરમાર્થકારણ છે.

વીતરાગી શુદ્ધ ભાવરૂપ જે નિર્મળ સંયમપર્યાય છે તે શુદ્ધાત્માની સિદ્ધિનું સાધન છે. દ્રષ્ટિમાં તો અખંડ જ્ઞાયક સ્વભાવ જ પડ્યો છે, તે જ પરમાર્થ સાધન છે, તેના જ આધારે નિર્મળ પર્યાય થાય છે.

ભલે બાળક હોય, વૃદ્ધ હોય, થાકેલો હો કે રોગી હો–તેણે પણ, સંયમ પાળવામાં પ્રમાદી કે શિથિલ ન થવું, પણ પોતાની શક્તિ અનુસાર અતિ કર્કશ આચરણ આચરવું. 'કર્કશ' શબ્દનો અર્થ દુઃખ લાગે તેવું ક્લિષ્ટ નહિ, પરંતુ અંદર શુદ્ધોપયોગની ઉગ્રતા વધે, જ્ઞાયક ચૈતન્ય દ્રવ્યમાં લીનતા વધતી જાય તેવી વિશેષ જાગૃતિ રાખવી–એમ અહીં આશય છે.–આ તો ઉત્સર્ગ છે. આ દશા તે શ્રેણી અને કેવળજ્ઞાનનું કારણ થાય છે. આ દશા વિના શ્રેણી કે કેવળજ્ઞાન ન થાય.

બાળ–વૃદ્ધ–શ્રાંત–ગ્લાને પણ આત્મામાં સ્થિરતા વધે તેવો ઉગ્ર પ્રયત્ન કરવો એમ કહીને બધાય મુનિઓનો ઉત્સર્ગ માર્ગ બતાવ્યો.

હવે અપવાદમાર્ગ પણ બતાવે છે :

(2) ''બાળ, વૃદ્ધ, શ્રમિત કે ગ્લાન શ્રમણે–શરીરનો–કે જે (શરીર) શુદ્ધાત્મ તત્ત્વના સાધનભૂત સંયમનું સાધન હોવાથી મૂળભૂત છે તેનો–છેદ જે રીતે ન થાય તે રીતે, બાળ–વૃદ્ધ–શાંત–ગ્લાન એવા પોતાને યોગ્ય (અર્થાત્ બાળ, વૃદ્ધ, શ્રમિત કે ગ્લાન એવો જે પોતે તેને યોગ્ય) મૃદુ (–કોમળ) આચરણ જ આચરવું, એ પ્રમાણે અપવાદ છે.''

અહીં અપવાદ માર્ગ બતાવવો છે તેથી **પણ** શબ્દ નથી વાપર્યો.

શુદ્ધાત્મ તત્ત્વનું મૂળસાધન સંયમ છે. ને તે સંયમના નિમિત્ત તરીકે શરીર મૂળભૂત સાધન છે. શરીરમાં શક્તિ ન હોય ને હઠ કરે ને આકુળતા થાય–એવું મુનિઓ ન કરે, સહજ વીતરાગભાવપણે, પોતાની શક્તિ છૂપાવ્યા વગર જેટલું થાય તેટલું કરે, પોતાની શક્તિને યોગ્ય મૃદુ આચરણ જ આચરવું–એ અપવાદ છે.

શરીર ઉપર લક્ષ જતું હોય, સહજ સહનશક્તિ ન હોય, છતાં 'આહાર ન જ કરવો' એવો હઠ મુનિને ન હોય. પોતાનું સહજ વીર્ય કેવું કાર્ય કરે છે, સ્વભાવમાં સ્થિરતા કેટલી જામે છે, તેનો વિવેક રાખીને શક્તિ પ્રમાણે તપ વગેરે મુનિઓ કરે.

સોળ કારણ ભાવનામાં પણ કહ્યું : ''**शक्तितः तपस्त्यागः**'' પોતાની શક્તિ જોઈને તપ વગેરે કરે. બીજા યુવાન મુનિઓ લાંબા લાંબા વિહાર કરે ત્યાં હું પણ તેમની સાથે લાંબો વિહાર કરીશ એમ હઠ કરીને ખેંચે નહિ, સહજ શક્તિ જોઈને ધીરજપૂર્વક વર્તે છે, અંદર તો જ્ઞાતાદ્રષ્ટા રહે છે, વિકલ્પ ઊઠે તેનો વિવેક છે. ખૂબ થાક લાગે, ચાલવાની તાકાત ન લાગતી હોય, છતાં હઠ કરીને વિહાર કરે, તો

અહીં તેને કહે છે કે હે મુનિ ! તું હઠ કરીશ નહિ. તારી શક્તિને યોગ્ય મૃદુ આચરણ આચરજે; તેથી કાંઈ તારી મુનિદશા ટળી નહિ જાય ! માટે જે રીતે શરીરના લક્ષે આકુળતા ન થાય, ને સંયમમાં છેદ ન પડે તે રીતે વિવેક રાખીને વર્તજે ! શરીરની શક્તિ ન હોય ત્યાં વિશેષ ઉપવાસ ન થઈ શકે કે વિહાર ન થઈ શકે તો આકુળતા કરીશ નહિ, ને પરિણામમાં હઠ આવવા દઈશ નહિ.

ઉગ્ર પ્રયત્નથી વીતરાગ પરિણામપણે ઠરવું તે બધા મુનિઓનો ઉત્સર્ગ છે. જ્યારે ઠરી ન શકાય ને શુભ વિકલ્પ ઊઠે, ત્યારે પોતાની શક્તિનો વિચાર કરીને પરિણામમાં ખેદ ન થાય તે રીતે કોમળ આચરણ આચરવું–આવો અપવાદ છે. જે મૂળ ૨૮ ગુણો છે તેમાં તો છેદ પડવા જ ન દ્યે, પણ ૨૮ મૂળગુણ રાખીને કેવી રીતે વર્તે તેની વાત છે–આવો કોમળ આચરણનો અર્થ છે, પણ એવો અર્થ નથી કે ૨૮ મૂળગુણની દરકાર કર્યા વિના શાતાશિલિયાપણે વર્તવું !

પ્રશ્ન :–ઊભા રહેવાની શક્તિ ન હોય તો બેઠા બેઠા આહાર લ્યે ?

ઉત્તર :–ઊભા ઊભા જ આહાર લ્યે. ને ઊભા રહેવાની તાકાત ન હોય તો સંથારો કરે. સિંહને પાટા કે પાંજરાપોળ ન હોય તેમ મુનિઓને બેઠા બેઠા આહાર ન હોય. તે તો મોક્ષના મેદાને પડેલો સિંહ છે, રાગને જીતવા મેદાને પડ્યો છે, તે અંતરમાં સ્થિરતા વધારીને રાગનો નાશ કરે છે.

હવે ઉત્સર્ગ અને અપવાદ બન્નેની સંધિ કરીને કથન કરે છે :–

(૩) ‘‘બાળ–વૃદ્ધ–શ્રાંત–ગ્લાને’ સંયમનો–કે જે શુદ્ધાત્મતત્ત્વનું સાધન હોવાથી મૂળભૂત છે તેનો–છેદ જે રીતે ન થાય તે રીતે સંયત એવા પોતાને યોગ્ય અતિ કર્કશ આચરણ આચરતાં, (તેણે) શરીરનો–કે જે શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનું સાધન હોવાથી મૂળભૂત છે. તેનો (પણ) –છેદ જે રીતે ન થાય તે રીતે બાળ–વૃદ્ધ–શ્રાંત–ગ્લાન એવા પોતાને યોગ્ય મૃદુ આચરણ પણ આચરવું, એ પ્રમાણે અપવાદસાપેક્ષ ઉત્સર્ગ છે.’’

ઉત્સર્ગ આચરણ તે મુખ્ય છે. તે ઉત્સર્ગમાં ન ટકી શકાય ત્યારે અપવાદ તરીકે મૃદુ આચરણ પણ આચરવું–આવો ઉત્સર્ગ સાપેક્ષ અપવાદ છે. મુનિઓને વારંવાર સાતમા ગુણસ્થાનનો નિર્વિકલ્પ અનુભવ તો આવ્યા જ કરે છે. ભગવતી આરાધનામાં આવે છે કે :–

મુનિએ સંથારો કર્યો હોય ને તૃષાની વૃત્તિ થઈ આવે ત્યાં બીજા મુનિ કહે છે કે હે મુનિ ! તેં અનંત માતાનાં એટલાં દૂધ પીધાં કે અનંતા સમુદ્ર ભરાય, માટે પાણીની વૃત્તિ છોડ. અનંત દરિયા ભરાય તેટલાં પાણી પીધાં છતાં તેનાથી તૃપ્તિ

ન થઈ, માટે હે મુનિ ! ધ્યાન રાખ ! ને અંદરના ચૈતન્યના આનંદમાં ઠર.....હમણાં દેહ છૂટીને સમાધિમરણ થશે, માટે શાંત થઈને ચૈતન્યની જાગૃતિમાં રહો ! જુઓ ! તે સંથારો કરનારા મુનિ પોતે પણ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને તો ઝૂલે જ છે. છતાં સમાધિ ટાણે બીજા મુનિ એવો ધોધમાર ઉપદેશ સંભળાવે છે કે હે મુનિ ! જાગો ! જાગો ! ચૈતન્યની જાગૃતિમાં રહો. હમણાં દેહ છૂટશે, સ્વર્ગમાં જશો ને મહાવિદેહમાં તીર્થંકર ભગવાન સીમંધરપ્રભુ બિરાજે છે, ત્યાં જશો ! ધ્યાન રાખજો ! દેહનું લક્ષ છોડીને ચૈતન્યમાં ઠરજો ! ''અખંડ આરાધના રાખજો.'' આમ કહીને બીજા મુનિ પુરુષાર્થની ઉગ્રતાનો ઉપદેશ કરે. કાંઈ ક્રમ ફરતો નથી પણ મુનિદશામાં ક્રમ કેવો હોય તેનો વિવેક બતાવ્યો છે. ચરણાનુયોગની શૈલીનાં કથન છે, તે કઈ અપેક્ષાએ છે તે સમજવું જોઈએ.

(4) ''બાળ–વૃદ્ધ–શ્રાંત–ગ્લાને શરીરનો–કે જે શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનું પાલન હોવાથી મૂળભૂત છે તેનો–છેદ જે રીતે ન થાય તે રીતે બાળ–વૃદ્ધ–શ્રાંત–ગ્લાન એવા પોતાને યોગ્ય મૃદુ આચરણ આચરતાં (તેણે) સંયમનો–કે જે શુદ્ધાત્મતત્ત્વનું સાધન હોવાથી મૂળભૂત છે તેનો (પણ)–છેદ જે રીતે ન થાય તે રીતે સંયત એવા પોતાને યોગ્ય અતિ કર્કશ આચરણ પણ આચરવું, એ પ્રમાણે ઉત્સર્ગ સાપેક્ષ અપવાદ છે.''

હઠપૂર્વક શરીરનો છેદ ન થાય ને સંયમ પણ ટકી રહે તે મૃદુ આચરણ આચરતાં કર્કશ આચરણ પણ આચરવું. શક્તિ હોય તો શિથિલ ન થવું. મુનિ તો પોતે વિવેકના દરિયા છે, ચૈતન્યના ધ્યાનમાં જ લીન રહ્યા કરે છે, હઠ હોતો જ નથી, છતાં ચરણાનુયોગના ઉપદેશમાં તેનો વિવેક કરાવ્યો છે.

''આથી (એમ કહ્યું કે) સર્વથા (સર્વ પ્રકારે) ઉત્સર્ગ ને અપવાદની મૈત્રી વડે આચરણનું સુસ્થિતપણું કરવું.''

સ્વભાવમાં લીનતા વધતી જાય, ને ખેદ પણ ન થાય–એમ બન્ને પ્રકારનો વિવેક રાખીને મુનિઓ વર્તે છે. બસ ! મારે તો શુદ્ધોપયોગમાં જ રહેવું ને આહારાદિનો શુભવિકલ્પ આવવા જ ન દઉં–એમ હઠ ન કરે. શુદ્ધ ઉપયોગમાં રહેવાય તો તે તો ઉત્સર્ગ જ છે, પણ સ્થિર ન રહી શકાય ત્યારે સહનશક્તિનો વિવેક રાખીને આહારાદિમાં પણ મુનિઓ પ્રવર્તે. ॥૨૩૦॥

ઉપરની ગાથામાં સંયમનું સુસ્થિતપણું કઈ રીતે મુનિઓને હોય છે તે બતાવ્યું છે. હવે આ ગાથામાં તેથી વિરુદ્ધ વાત કરે છે. હવે ઉત્સર્ગ અને અપવાદના વિરોધ (–અમૈત્રી) વડે આચરણનું દુઃસ્થિતપણું થાય છે, એમ ઉપદેશે છે :–

ગાથા—૨૩૧

જો દેશ-કાળ તથા ક્ષમા-શ્રમ-ઉપધિને મુનિ જાણીને
વર્તે આહારવિહારમાં, તો અલ્પલેપી શ્રમણ તે. ૨૩૧.

અર્થ :—જો શ્રમણ આહાર અથવા વિહારમાં દેશ, કાળ, શ્રમ, ક્ષમતા તથા ઉપધિને જાણીને પ્રવર્તે તો તે અલ્પલેપી હોય છે.

''અલ્પલેપ થાય છે'' તેમાંથી આચાર્યદેવ ઉત્સર્ગ અને અપવાદના ચાર બોલ કાઢશે.

ટીકા :—ક્ષમતા તથા ગ્લાનતાનો હેતુ ઉપવાસ છે અને બાળપણા તથા વૃદ્ધપણાનું અધિષ્ટાન ઉપધિ–શરીર છે. તેથી અહીં (ટીકામાં) બાળ–વૃદ્ધ–શ્રાંત–ગ્લાન જ ખેંચવામાં આવે છે. (અર્થાત્ મૂળ ગાથામાં જે ક્ષમા, ઉપધિ વગેરે શબ્દો છે તેનો આશય ખેંચીને ટીકામાં 'બાળ, વૃદ્ધ, શ્રાંત, ગ્લાન' એ શબ્દો જ વાપરવામાં આવે છે.)

૨૩૦મી ગાથામાં બાળ, વૃદ્ધ, શ્રાંત ને ગ્લાન–એવા શબ્દો વાપર્યા હતા, આ ગાથામાં તે શબ્દો સીધા નથી વાપર્યા, પણ ક્ષમતા વગેરેની વાત કરી છે. તેમાંથી તે આશય નીકળે છે, માટે અહીં પણ તેમની જ વાત લેવામાં આવે છે.

(૧) ''દેશકાલજ્ઞને (દેશ–કાળને જાણનારને) પણ, જો તે બાળ–વૃદ્ધ–શ્રાંત–ગ્લાનત્વના અનુરોધ વડે (અર્થાત્ બાલત્વ, વૃદ્ધત્વ, શ્રાંતત્વ અથવા ગ્લાનત્વને અનુસરીને) આહારવિહારમાં પ્રવર્તે તો મૃદુ આચરણમાં પ્રવર્તવાથી અલ્પલેપ થાય છે જ (–લેપનો તદ્દન અભાવ થતો નથી), તેથી ઉત્સર્ગ સારો છે.''

શુદ્ધોપયોગમાં ન રહેવાય ત્યારે શુભ ઉપયોગથી અલ્પ બંધન પણ થાય જ છે, માટે તેટલો પણ દોષ છે તે અપેક્ષાએ તો શુદ્ધોપયોગનો ઉત્સર્ગ માર્ગ જ સારો છે.

(2) ''દેશકાલજ્ઞને પણ, જો તે બાળ–વૃદ્ધ–શ્રાંત–ગ્લાનત્વના અનુરોધ વડે આહારવિહારમાં પ્રવર્તે તો મૃદુ આચરણમાં પ્રવર્તવાથી અલ્પ જ લેપ થાય છે (–વિશેષ લેપ થતો નથી). તેથી અપવાદ સારો છે.''

શુદ્ધમાં ઠરી ન શકાય ત્યારે હઠ વગર શુભ ઉપયોગ આવે તેનાથી અલ્પ જ બંધન થાય છે. એટલે તીવ્ર બંધન થતું નથી તે અપેક્ષાએ અપવાદ સારો છે. અબંધપણાની અપેક્ષાએ તો તે અલ્પબંધન પણ સારું નથી એટલે ઉત્સર્ગ જ સારો છે ને તીવ્ર બંધન નથી થતું પણ અલ્પ જ બંધન થાય છે. એ અપેક્ષાએ અપવાદ પણ સારો છે.

માટે મુનિઓ વિવેક રાખીને ઉત્સર્ગ વખતે ઉત્સર્ગમાં ને અપવાદ વખતે અપવાદમાં વર્તે છે.

(૩) ''દેશકાલજ્ઞને પણ, જો તે બાળ–વૃદ્ધ–શ્રાંત ગ્લાનત્વના અનુરોધ વડે જે આહાર–વિહાર તેનાથી થતા અલ્પલેપના ભયને લીધે તેમાં ન પ્રવર્તે તો (અર્થાત્ અપવાદના આશ્રયે થતા અલ્પ બંધના ભયને લીધે ઉત્સર્ગની હઠ કરી અપવાદમાં ન પ્રવર્તે તો), અતિ કર્કશ આચરણરૂપ થઈને અક્રમે શરીરને પાડી નાખીને દેવલોકને પામીને જેણે સમસ્ત સંયમામૃતનો સમૂહ વમી નાખ્યો છે એવા તેને તપનો અવકાશ નહિ રહેવાથી, જેનો પ્રતિકાર અશક્ય છે એવો મહાન લેપ થાય છે, તેથી અપવાદ નિરપેક્ષ ઉત્સર્ગ શ્રેય નથી.''

શરીર તો તેના પડવાના કાળે જ પડે છે, તેનો ક્રમ કાંઈ તૂટતો નથી છતાં અહીં 'અક્રમે શરીર પડવાનું કેમ કહ્યું ? કેમ કે મુનિ પોતાની ભૂમિકાનો વિવેક ચૂકીને હઠપૂર્વક વર્તે તો તેના સંયમનો ક્રમ તૂટી જાય છે. એટલે તે હઠભાવનો આરોપ કરીને શરીરને પણ અક્રમે પાડી નાખવાની વાત કરી. અહીં તો મુનિદશામાં ઘણી વીતરાગતા હતી, તેમાં તો સંયમરૂપી અમૃતનો દરિયો હતો, તેમાં વચ્ચે હઠ કર્યો તો તે સંયમ છેદાઈને, આયુષ્ય પૂરું કરીને દેવમાં જશે ને ત્યાં તો તેને સંયમ તપનો અવકાશ નથી રહેતો, તેથી તેને ત્યાં ઘણો મહાન લેપ થાય છે. માટે હઠવાળો ઉત્સર્ગ શ્રેય નથી. એકાંત ઉત્સર્ગમાં જ વર્તવાનો હઠ કરે ને છઠ્ઠે વિકલ્પ આવે તેનો વિવેક ન રાખે, તો હઠથી દેહ છૂટતાં સ્વર્ગમાં જઈને અસંયમી થશે, ને અસંયમીપણામાં તો તીવ્ર બંધન થશે. માટે વિવેકના ત્રાજવાને હાથમાં રાખજે. ચૈતન્યમાં દ્રષ્ટિ અન લીનતા રાખીને, વિવેકપૂર્વક વર્તજે. ઉત્સર્ગમાં વર્તાય તો વર્તજે. પણ ઉત્સર્ગમાં ન વર્તાય ત્યારે અપવાદ પણ સારો છે. અપવાદ વગરનો નિરપેક્ષ ઉત્સર્ગ શ્રેય નથી.

હવે ચોથા પ્રકારમાં કહેશે કે ઉત્સર્ગ વગરનો એકલો અપવાદ શ્રેય નથી.

*

પ્રસાદ નં. ૧૭૫

પ્રવચનસાર ગાથા ૨૩૧

(ચૈત્ર વદ ૬, શુક્રવાર)

વીતરાગીદશાની અપેક્ષા રાખ્યા વિના મુનિઓએ એકલા શુભઆચરણમાં રોકાવું શ્રેય નથી.

નિર્ગ્રંથ મુનિઓનું આચરણ કેવું હોય છે, તેની વાત ચાલે છે. અભ્યંતર ત્રણ કષાયનો નાશ થયો છે, અંતર વીતરાગદશા ઘણી વધી ગઈ છે. બાહ્યમાં નગ્ન દિગંબર દશા વર્તે છે. વસ્ત્રપાત્ર સહિત મુનિપણું કહેવાતું નથી. શરીરના રજકણોથી તથા પુણ્ય-પાપથી જુદો શાંત આત્માને મુનિ અનુભવે છે. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં આઠ વર્ષના રાજકુમારો મુનિ થાય છે. ને ભગવાન ઋષભદેવના વખતમાં ક્રોડ પૂર્વના આયુષ્યવાળા પણ મુનિ હતા. તે મુનિઓને વિકલ્પ ઊઠે તો દોષ રહિત, અંતરાય રહિત આહાર લ્યે. તે મુનિઓ મન, વાણી, દેહથી જુદો આત્મા અનુભવે છે ને વિકલ્પદશામાં હોય ત્યારે વિહાર કરું, આહાર લઉં, વગેરે પ્રકારનો વિકલ્પ ઊઠે છે. આમ છઠ્ઠે–સાતમે ગુણસ્થાને મુનિ ઝૂલે છે. ધર્મ તો ચૈતન્યના સ્વભાવે જ છે ને આહારાદિનાં વિકલ્પો ઊઠે છે તે બંધનું કારણ છે. તે ધર્મનું કારણ નથી છતાં પણ જો મુનિઓ તે અલ્પ લેપ પ્રત્યે બેદરકાર રહે, ને સ્વભાવમાં સ્થિરતારૂપી ચારિત્ર કે જે ઉત્સર્ગ માર્ગ છે તે ચૂકીને સ્વચ્છંદે પ્રવર્તે ને મૃદુ આચરણ વિશેષ કરે તો તે અસંયમી થઈ જાય છે. તેને મુનિપણું રહેતું નથી. જો તે મુનિ બાળક, વૃદ્ધ, થાકેલો કે ગ્લાન હોય તો પણ છઠ્ઠે ગુણસ્થાને વિશેષ પ્રમાદ કરી, મૃદુ આચરણ આચરે તો તેને મુનિપણું રહેતું નથી. બાળક, વૃદ્ધ કે થાકેલા મુનિ હોય તો તપશ્ચર્યા, વિહાર આદિ પોતાની શક્તિ અનુસાર કરે એટલી છૂટ છે પણ એથી પણ ઢીલા થઈને પ્રમાદ કરે ને સ્વભાવમાં લીનતા ન કરે ને અંતર જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ છે એવી દ્રષ્ટિ ચૂકે તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે ને અંતરલીનતા ન કરે તો મુનિપણું ટકતું નથી, ચોથા ગુણસ્થાને આવી જાય છે.

જુઓ, આ મુનિદશા ! થાકેલા, વૃદ્ધ કે બાળક મુનિ માટે પણ વિશેષ છૂટ નથી એવો મુનિમાર્ગ છે. આવી રીતે અસંયત જન સમાન પ્રવૃત્તિ હોવાને કારણે તેને તે વખતે તપનો અવકાશ નથી ને તેને મહાન લેપ થાય છે કે જે લેપનો પ્રતિકાર અશક્ય છે. તેથી ઉત્સર્ગની અપેક્ષા રાખ્યા વિનાનો એકલો અપવાદમાર્ગ એટલે એકલા શુભ આચરણમાં રોકાવું તે મુનિને માટે શ્રેય નથી.

આથી એમ નક્કી થાય કે ઉત્સર્ગ અને અપવાદના વિરોધવાળું આચરણ સર્વથા ત્યાજ્ય છે. જે અપવાદમાં વીતરાગતાનો નાશ થાય તેમાં ઉત્સર્ગ ને અપવાદ માર્ગનો વિરોધ આવે છે. તેથી સ્વભાવમાં લીનતા કરવી તે ઉત્સર્ગ ને વિકલ્પ ઊઠે તો અપવાદ તરીકે ૨૮ મૂળગુણનું પાલન કરવું–એમ ઉત્સર્ગ અને અપવાદની સાપેક્ષતા વડે જેનું કાર્ય પ્રગટ થાય છે એવો સ્યાદ્વાદ વીતરાગી માર્ગ સર્વથા અનુસરવા યોગ્ય છે.

મુનિમાર્ગમાં હઠ પણ ન થાય ને શિથિલતા પણ ન સેવાય, એમ આચરણ આચરવું.

ભાવાર્થ :—જ્યાંસુધી મુનિ પૂર્ણ વીતરાગીદશા પ્રાપ્ત ન કરે ત્યાંસુધી મુનિએ આચરણની સુસ્થિતિ માટે ઉત્સર્ગ ને અપવાદની મૈત્રી સાધવી જોઈએ. પોતાની શારીરિક અવસ્થા બરાબર ન હોય તો એકલા ઉત્સર્ગ–અંતર વીતરાગીદશાના માર્ગનો આગ્રહ રાખીને કેવળ અતિ કર્કશ આચરણની હઠ ન કરવી. જેમ કે રોગ હોય ને ઉપવાસ કરી બેસે, શરીર વૃદ્ધ જીર્ણ હોય ને વધારે વિહાર કરવો, તે હઠ છે–તેમ કરવું નહિ. પોતાની શક્તિ અનુસાર તપ કરવું. વળી વીતરાગી દશા ચૂકીને એકલી શિથિલતાવાળું આચરણ પણ કરવું નહિ. હઠ પણ ન થાય અને શિથિલતા પણ ન આવે, એમ વર્તવું જોઈએ. વીતરાગ ભગવાનનો માર્ગ અનેકાંત છે. પોતાના પરિણામ તપાસીને એકંદર લાભ થાય તેમ વર્તવું, એમ ભગવાનનો ઉપદેશ છે. શારીરિક સ્થિતિ સબળ કે નિર્બળ હોય તોપણ એક જ પ્રકારે વર્તવું એવો જિનમાર્ગ નથી. શારીરિક સ્થિતિ નબળી હોય તો બહુ વિહાર કે તપ ન કરવો તેમ જ શિથિલપણું પણ આવવા ન દેવું. આ પ્રમાણે મુનિમાર્ગ છે. જુઓ, મુનિને અંતરમાં તીવ્રરાગ થાય છે તો મુનિપણું ટકતું નથી તો પછી વસ્ત્રપાત્ર સહિત મુનિપણું હોય તેમ ત્રણકાળમાં બની શકે નહિ.

હવે શ્લોક દ્વારા આત્મદ્રવ્યમાં સ્થિર થવાનું કહીને આચરણ પ્રજ્ઞાપન પૂર્ણ કરવામાં આવે છે.

કળશ ૧૫

અર્થ :—એ પ્રમાણે વિશિષ્ટ આદરવાળા પુરાણ પુરુષોએ સેવેલું, ઉત્સર્ગ અને અપવાદ દ્વારા ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકાઓમાં વ્યાપતું જે ચરણ (–ચારિત્ર) તેને યતિ પ્રાપ્ત કરીને, ક્રમશઃ અતુલ નિવૃત્તિ કરીને, ચૈતન્ય સામાન્ય અને ચૈતન્ય વિશેષરૂપ જેનો પ્રકાશ છે એવા નિજદ્રવ્યમાં સર્વતઃ સ્થિતિ કરો.

આચાર્ય ભગવાન આદેશ કરે છે.

આ પ્રમાણે સાવધાની રાખવાવાળા ને સ્વભાવનો આદર રાખવાવાળા અનંતા જ્ઞાનીઓ અને સંતોએ ઉત્સર્ગ ને અપવાદ માર્ગ દ્વારા જુદી જુદી ભૂમિકામાં આચરણ સેવેલું છે. કોઈ વખતે ઇચ્છાનો નિરોધ કરે, કોઈ વખતે આહાર લ્યે, કોઈ વખતે ઉગ્ર વિહાર કરે, કોઈ વખતે ઉગ્ર વિહાર ન કરે, વીતરાગતાનું ધ્યાન રાખે ને કદાચિત્ શુભમાં આવે તો પણ શિથિલ ન થાય, એવી રીતે પોતાના પરિણામ અનુસાર જુદી જુદી ભૂમિકામાં વ્યાપતું ચારિત્ર જે અનંતા જ્ઞાનીઓએ સેવ્યું છે, તેવું મુનિઓએ પ્રાપ્ત કરવું ને પોતાની શક્તિ અનુસાર ક્રમશઃ શુભાશુભભાવોથી અતુલ નિવૃત્તિ કરીને સામાન્ય ને વિશેષાત્મક એવા સ્વદ્રવ્યમાં સર્વ પ્રકારે લીન રહેવું.

જુઓ, આચરણ અધિકારનો છેલ્લો સરવાળો લીધો છે. આ વસ્તુ ખાવી ને આ ન ખાવી, તે વાત તો લીધી જ નથી કારણ કે તે તો જડ પદાર્થો છે. તેને ગ્રહવા કે મૂકવાની કથા આત્મા કરી શકતો નથી. અહીં તો રાગ જે થતો હતો ને જે રાગ જ્ઞાતાનું જ્ઞેય હતું તે રાગથી પણ નિવૃત્તિ કરીને સ્વરૂપમાં ઠરી જાઓ એમ અમૃતચંદ્રાચાર્ય મહારાજ આદેશ કરે છે. દ્રવ્યસામન્ય એટલે ધ્રુવ જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવ ને વિશેષ એટલે પુણ્ય-પાપના વિકલ્પ વિનાની વ્યક્ત વીતરાગી પર્યાય. એ બે થઈને સામાન્ય ને વિશેષરૂપ જેનો પ્રકાશ છે એવા નિજદ્રવ્યમાં ચારે બાજુથી રમણ કરો. જુઓ, છેવટે ૨૮ મૂળગુણ ને વિકલ્પો કાઢી નાખ્યા કેમ કે તે આત્મા નથી. મુનિઓ અંતરભાન સહિત સ્વરૂપમાં સર્વ પ્રકારે લીન રહો–એમ આચાર્ય ભગવાન કહે છે.

આ રીતે આચરણ પ્રજ્ઞાપન સમાપ્ત થયું.

ઉમાસ્વામી ભગવાનનું પહેલું સૂત્ર **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** તે મોક્ષમાર્ગ કહો, વીતરાગી પરિણામ કહો, સાધુપદ કહો–એક જ છે. તે મોક્ષમાર્ગ અથવા મુનિનું લક્ષણ જ્ઞાનસ્વરૂપની અંદર એકાગ્રતા છે. તે મોક્ષમાર્ગનું પ્રજ્ઞાપન કરે છે. તેમાં પ્રથમ મોક્ષમાર્ગનું મૂળ સાધન સર્વજ્ઞે કહેલાં પરમ આગમોમાં અભ્યાસ કરવો તે છે. આગમના અભ્યાસથી સમ્યગ્દર્શન થાય છે ને સમ્યગ્દર્શન–જ્ઞાન હોય તો ચારિત્ર હોય છે ને તેની દ્રઢતા પણ આગમના અભ્યાસથી થાય છે.

પરપદાર્થ ને પુણ્યમાં એકાગ્રતા તે દુઃખ છે ને આત્મામાં એકાગ્રતા તે સુખ છે.

અજ્ઞાની જીવ મોહના કારણે પરમાં એકાગ્રતા કરે છે. લક્ષ્મી, સ્ત્રી–કુટુંબ હોય તો મને સુખ થાય એવી કલ્પના કરે છે ને આર્ત રૌદ્રધ્યાન કરે છે. પણ તે તો

આકુળતા છે, દુઃખ છે–નગદ દુઃખ જ છે. પ્રત્યક્ષ આકુળતા વેદી રહ્યો છે, ને પરલક્ષે દયા-દાનાદિ પરિણામ કરી પુણ્યમાં એકાગ્રતા કરે છે તે પણ દુઃખ જ છે. ત્યાં પણ મંદ આકુળતા વેદી રહ્યો છે. પર પદાર્થ વિનાનો, પુણ્ય-પાપ વિનાનો જ્ઞાન સ્વભાવ એક જ સુખકર છે એવાં શ્રદ્ધા-જ્ઞાન કરે, એકાગ્રતા કરે તો તેમાંથી સુખ ઉત્પન્ન થાય છે કારણ કે તેમાં આત્મા એકને જ અગ્ર કરેલ છે. તે એકાગ્રતાના લક્ષણવાળા મોક્ષમાર્ગનું સાધન શાસ્ત્રનો અભ્યાસ તેમાં પ્રવૃત્તિ કરાવે છે.

ગાથા ૨૩૨

શ્રામણ્ય જ્યાં ઐકાગ્ર્ય, ને ઐકાગ્ર્ય વસ્તુનિશ્ચયે,
નિશ્ચય બને આગમ વડે, આગમપ્રવર્તન મુખ્ય છે. ૨૩૨.

અન્વયાર્થ :—શ્રમણ એકાગ્રતાને પ્રાપ્ત હોય છે; એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને હોય છે; (પદાર્થોનો) નિશ્ચય આગમ દ્વારા થાય છે; તેથી આગમમાં વ્યાપાર મુખ્ય છે.

મુનિઓ સ્વરૂપમાં એકાગ્રતા કરીને એક આત્માને અગ્ર કરી લીનતા કરે છે. મન, વાણી, દેહથી આત્મા જુદો છે એવા ભાન સહિત અંતર રમણતા કરે તે મુનિ છે. અજ્ઞાની જીવ પરમાં–રાગ-દ્વેષમાં એકાગ્રતા કરે છે. આત્મામાં પરનો અભાવ છે, એમ પ્રથમ ભાન થવું જોઈએ. છ દ્રવ્યો સ્વતંત્ર છે, નવ તત્ત્વો સ્વતંત્ર છે, એમ પૃથક્ પૃથક્ આગમ દ્વારા જ્ઞાન કરે તો સમકિત થાય. છ દ્રવ્યો ને નવતત્ત્વોનું સ્વરૂપ ઓમ ધ્વનિ દ્વારા આવ્યું ને આગમોમાં લખાયું તેનો સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો જોઈએ. વીતરાગના નામે કોઈ કલ્પિત શાસ્ત્રો રચે છે માટે પરીક્ષા કરી વીતરાગનાં આગમો ક્યા છે, તે જાણવું જોઈએ ને તે શાસ્ત્ર દ્વારા યથાર્થ વસ્તુ સ્વરૂપ જાણવું જોઈએ. શાસ્ત્ર અભ્યાસથી તત્ત્વોની પ્રતીતિ થાય, પ્રતીતિ થયા પછી મુનિપણું લ્યે. મુનિપણામાં એકાગ્ર થાય તો વીતરાગતા પામે, ને વીતરાગ થયા પછી સિદ્ધદશાને પામે.

ટીકા : (૧) પ્રથમ એટલે મુદ્દાની વાત તો એ છે કે મુનિઓ પોતાના જ્ઞાન સ્વભાવની એકાગ્રતામાં એટલે સ્વરૂપાનંદની રમણતામાં હોય છે. મુનિઓ જગતની લપમાં પડતા નથી. જુઓ, આ મુનિદશા ! જેને ગણધરો પણ નમસ્કાર મંત્ર બોલતી વખતે નમસ્કાર કરે છે. તે મુનિપદ કેવું હશે ? પરપદાર્થમાં તો એકાગ્રતા નથી પણ મહાવ્રતાદિના વિકલ્પો ઊઠે છે તેની પણ એકાગ્રતા નથી.

(૨) આત્મા જ્ઞાનસ્વભાવી છે. તેમાં એકાગ્રતા તેને હોય છે કે જેણે પદાર્થોના સ્વરૂપનો નિશ્ચય કર્યો હોય છે. શરીરાદિની અવસ્થા જડથી થાય છે, આત્માંથી

થતી નથી. વળી જીવ કમાવાના ભાવ કરે માટે પૈસા આવે છે–એમ નથી. જડ જડના કારણે ક્ષેત્રાંતર થઈને આવે છે, જીવના અશુભભાવથી આવતા નથી. વળી જેને સ્વરૂપનો નિશ્ચય થયો હોય તે પોતાના શરીરને સાચવી શકું છું, એમ માને નહિ. આત્મા અરૂપી છે ને શરીર રૂપી છે. દવા પણ રૂપી છે, દવાથી પણ શરીરની અવસ્થા નીરોગ થતી નથી. એમ દરેક પરમાણુ સ્વતંત્ર માને, આત્મા સ્વતંત્ર માને. વળી કર્મ જડ છે. તેના ઉદયથી આત્માને રાગ થાય તેમ માને નહિ. કર્મ પૃથક્ છે. પોતાના અપરાધથી અવસ્થામાં રાગ થાય છે, છતાં સ્વભાવમાં રાગ નથી. રાગ રહિત સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાનથી ધર્મ છે. આ રીતે છ પદાર્થો ને નવ તત્ત્વોનો યથાર્થ નિશ્ચય છે તેને જ એકાગ્રતા હોય છે. જે જીવ જડની ક્રિયા આત્માથી થાય તેમ માને, કર્મથી રખડે એમ માને, પુણ્યથી ધર્મ માને તેને પદાર્થોનો નિશ્ચય નથી ને નિશ્ચય વિના સમ્યગ્દર્શન થાય નહિ ને સમ્યગ્દર્શન વિના એકાગ્રતા થાય નહિ. માટે પદાર્થોના સ્વરૂપનો નિર્ણય કરવાવાળાને જ એકાગ્રતા છે.

(૩) તે પદાર્થોનો નિર્ણય કરવા માટે ભગવાને કહેલાં આગમનો અભ્યાસ કરવો જોઈએ. ભગવાનની ઓમ ધ્વનિમાં આવેલું પદાર્થનું સ્વરૂપ ને તે સ્વરૂપને યથાર્થ બતાવનારાં વીતરાગી શાસ્ત્રોમાં વ્યાપાર એ જ ઉપાય છે. જે શાસ્ત્રમાં શરીરની ક્રિયા આત્માથી થાય, પુણ્યથી ધર્મ થાય, એમ લખાણ હોય તે શાસ્ત્ર વીતરાગનાં નથી. પૃથક્ પૃથક્ નવે તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ બતાવતાં હોય તે જ વીતરાગી શાસ્ત્રો છે, તેમાં જ વ્યાપાર–એટલે કે પ્રવૃત્તિ કરવી એ જ રસ્તો છે, બીજો કોઈ માર્ગ નથી.

*

પ્રસાદ નં. ૧૭૬

પ્રવચનસાર ગાથા ૨૩૨

(ચૈત્ર સુદ ૭, શનિવાર)

આગમો કેવાં છે ?

સાધુપદ કહો, એકાગ્રતા લક્ષણવાળી દશા કહો, મોક્ષમાર્ગ કહો–બધું એક જ છે. આત્મા જ્ઞાન સ્વરૂપ છે, દર્શન–જ્ઞાન–ચારિત્ર આદિનો પિંડ છે. તેમાં રમણતા એ જ મોક્ષમાર્ગ છે. તે રમણતા પદાર્થોના નિશ્ચયવંત પુરુષોને હોય છે ને પદાર્થોનો નિશ્ચય આગમના અભ્યાસથી થાય છે. તે સિવાય બીજો રસ્તો નથી. અહીં ચરણાનુયોગમાં નિમિત્તની પ્રધાનતાથી કથન છે. આગમ જ્ઞાનમાં નિમિત્ત છે માટે આગમ વિના નિર્ણય થતો નથી એમ નિમિત્તની પ્રધાનતાથી કથન છે. ખરેખર આગમ વિના પદાર્થોનો નિશ્ચય કરી શકાતો નથી. પદાર્થો ત્રણે કાળ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ પ્રવર્તી રહ્યા છે. સમજનાર જીવ પણ નવી અવસ્થારૂપે ઉત્પાદ થાય છે, પૂર્વ અવસ્થારૂપે વ્યય થાય છે ને કાયમ પોતે ટકે છે. ને ઉપદેશ–જડ પરમાણુ ભિન્ન છે તે પણ નવી અવસ્થા રૂપે ઉત્પન્ન થાય છે, પૂર્વ અવસ્થાનો વ્યય થાય છે ને પરમાણુ ધ્રુવ ટકે છે. આવા ઉત્પાદ-વ્યય-ધ્રુવ—ત્રણ લક્ષણોવાળા પદાર્થોના જ્ઞાન વડે આગમો સુસ્થિત અંતરંગથી ગંભીર છે. જુઓ, આમાં આગમો કેવાં હોવા જોઈએ, તે વાત પણ આવી જાય છે. દરેક પદાર્થનો પોતાના કારણે ઉત્પાદ થાય–પોતાના કારણે વ્યય થાય ને પોતે સદ્રશ ટકી રહે. એ પ્રમાણે બધાં દ્રવ્યોનું સ્વરૂપ બતાવે પણ નિમિત્ત આવે તો ઉપાદાનમાં ઉત્પાદ થાય ને નિમિત્ત ન આવે, ઉત્પાદ ન થાય એવું વસ્તુસ્વરૂપ પરાધીન બતાવે તે આગમ નથી. વળી તે આગમો સાચા દેવ, નિર્ગ્રંથ ગુરુ વગેરેનું લક્ષણ શું છે, તે બતાવે. ચોથા ગુણસ્થાનથી તેરમા ગુણસ્થાન સુધીની ભૂમિકાનું લક્ષણ જેમ છે તેમ બતાવે તે જ આગમ છે. આવાં આગમો સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ. તે આગમો સમસ્ત પદાર્થોના યથાર્થ જ્ઞાનથી ગંભીર છે.

દરેક પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણવાળો છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે શરીર જીવ વિના કેમ ચાલતું નથી ? સમાધાન: ભાઈ, શરીરમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ એવાં ત્રણ લક્ષણો પ્રવર્તે છે કે નહિ ? કે તે ત્રણ લક્ષણો આત્માને આધારે છે ? તે પદાર્થ છે કે નહિ ? જો તે પદાર્થ છે તો તેના ઉત્પાદ–વ્યય તેના કારણે છે, આત્માને લીધે નથી. શરીરનું ચાલવું, પડવું, સ્થિર

રહેવું તે શરીરના કારણે છે, આત્માને લીધે નથી. નવી અવસ્થાનો ઉત્પાદ થાય છે, જૂની અવસ્થાનો વ્યય થાય છે ને પરમાણુઓ ધ્રુવ ટકે છે.

અધિગમજ સમ્યગ્દર્શન પણ આત્માને પોતાથી થયું છે, ગુરુને લીધે થયું નથી. કારણ કે શિષ્યના આત્માને ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ત્રણ લક્ષણો પ્રવર્તે છે. તેના મિથ્યાત્વનો વ્યય થાય છે, સમ્યગ્દર્શનનો ઉત્પાદ થાય છે, જીવ ધ્રુવ ટકે છે. સમ્યગ્દર્શનરૂપી ઉત્પાદ થવો તે દ્રવ્યનું પોતાનું લક્ષણ છે. પોતાના કારણે ઉત્પાદ થયો છે પણ ગુરુને લીધે ઉત્પાદ થયો નથી. ગુરુને લીધે જ્ઞાન થાય છે, એમ માનનાર ત્રિલક્ષણી પદાર્થનું સ્વરૂપ જાણતો નથી.

અગ્નિના નિમિત્તે કપડું બળે છે, તેમાં કપડાના પરમાણુમાં સ્પર્શગુણની પર્યાય ઉષ્ણરૂપે પરિણમે છે, ઉષ્ણરૂપ થવાનો તેનો સ્વકાળ છે. ઉષ્ણતાનો ઉત્પાદ તે કપડાના પરમાણુનું લક્ષણ છે. ત્યાં અગ્નિ છે તે તો માત્ર નિમિત્તનું જ્ઞાન કરવા માટે છે. રોટલીના ટુકડાની અવસ્થા થવી તે ઉત્પાદ તેના કારણે છે. મોઢાના દાંતને લીધે કે જીવની ઇચ્છાને લીધે ટુકડા થતા નથી. દરેક પરમાણુ પોતાના લક્ષણ સહિત પોતામાં પરિણમે છે. દાંતનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ દાંતમાં પ્રવર્તે છે. જે વસ્તુની વાત ચાલતી હોય તે ઉપર લક્ષ જવું જોઈએ. તે ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે લક્ષણો તે વસ્તુને બતાવે છે, બીજી સંયોગી વસ્તુને બતાવતા નથી.

<u>સ્વતંત્ર વસ્તુસ્વરૂપ બતાવનાર દિવ્યધ્વનિના આધારે રચાયેલાં શાસ્ત્રનો અભ્યાસ કરવો.</u>

અહો ! વસ્તુસ્વરૂપ સ્વતંત્ર છે. સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનનો પરિપૂર્ણ વિકાસ થયો ને નિમિત્તરૂપે દિવ્યધ્વનિ નીકળી. તેમણે સ્વતંત્ર વસ્તુનો સ્વભાવ જેવો છે તેવો જોયો ને તેવો વાણીરૂપે આવ્યો છે. દરેક પદાર્થ સ્વયંસિદ્ધ છે. તે એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ પ્રવર્તી રહેલ છે, તે એકરૂપ કૂટસ્થ નથી. જે એકરૂપ ન હોય તે સમયે સમયે પલટે છે ને જે પલટે છે તે પોતાના સ્વભાવથી પલટે છે. તેનો પરિણમનશીલ સ્વભાવ છે. કોઈ પદાર્થ કોઈનું કરી શકે નહિ. શરીરની રોગી અવસ્થામાંથી નીરોગ અવસ્થા જીવ કરી શકે નહિ. દરેક પરમાણુની પર્યાય સ્વતંત્ર થઈ રહી છે. પરમાણુ અજીવ–અચેતન પદાર્થ છે. તેનું જીવ કાંઈ કરી શકે નહિ. આવા ભાન વિના સમ્યગ્દર્શન–જ્ઞાન થાય નહિ. તે વિના ચારિત્ર પ્રગટે નહિ. ચારિત્ર વિના કેવળજ્ઞાન થાય નહિ, કેવળજ્ઞાન વિના સિદ્ધદશા થાય નહિ. માટે જેને મુક્તિ કરવી હોય તેણે કેવળજ્ઞાન પ્રગટ કરવું. કેવળજ્ઞાન પ્રગટ કરવા માટે વીતરાગતા લાવવી. વીતરાગતા માટે ચારિત્ર અંગીકાર કરવું, ચારિત્ર

માટે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવું. તે સમ્યગ્દર્શન ને જ્ઞાન માટે પદાર્થોના સ્વરૂપનો નિશ્ચય કરવો ને પદાર્થના સ્વરૂપના નિશ્ચય માટે શાસ્ત્રનો અભ્યાસ કરવો.

અજ્ઞાની જીવો પરનું કરવારૂપ અહંકાર કરે છે.

અજ્ઞાની જીવો વસ્તુસ્વરૂપ સમજતા નથી તેથી વસ્તુસ્વરૂપથી વિપરીત કહે છે. ભાષાનો તેના કારણે ઉત્પાદ થવા છતાં અજ્ઞાની માને છે કે આત્મા છે તો ભાષા બોલાય છે. ભાષાનો ત્રિલક્ષણી સ્વભાવ છે. તે આત્માને લીધે નથી. જીવ અભિમાન કરે છે કે હું શરીરનું, દેશનું, કુટુંબનું કરી શકું છું–એ ભાવ મિથ્યા છે. પર વસ્તુનો આત્મામાં અભાવ છે. પર વસ્તુ તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણોથી ટકી રહી છે. બીજો તેમાં શું કરે ?

અહીં પ્રશ્ન કરે કે આગમનો અભ્યાસ જરૂરનો છે એમ તો તમો કહો છો.

આગમ કહે છે : "તારું જ્ઞાન તારાથી થાય છે, મારાથી થતું નથી"

સમાધાન :–ભાઈ, એ તો નિમિત્તનાં કથનો છે. જે જીવની પોતાની જ્ઞાનની યોગ્યતા હોય છે તેને આગમની ઉપસ્થિતિ હોય છે. આગમથી જ્ઞાન થાય છે એમ આચાર્યનું કહેવું નથી. આગમ પણ એમ કહેતું નથી કે મારાથી તને જ્ઞાન થશે. આગમ કહે છે કે તારા ઉત્પાદ–વ્યય–ધ્રુવ તારામાં છે. તારા જ્ઞાનનો ઉત્પાદ તારામાં પ્રવર્તે છે, મારામાં (એટલે આગમમાં) પ્રવર્તતો નથી, એમ આગમ ગંભીરપણે સાચા જ્ઞાનથી સુસ્થિત છે. આગમ એ જ કહે છે ને જેની જેની જ્ઞાનની યોગ્યતા છે તેને તેને જ્ઞાનીની વાણી અથવા આગમ નિમિત્તરૂપે હોય છે, પણ નિમિત્તથી જ્ઞાનનો ઉત્પાદ થતો નથી.

દરેક પદાર્થ નિત્ય પલટનશીલ છે.

દરેક વસ્તુ સ્વયંસિદ્ધ છે. નિત્ય હોય તેનો કોઈ કર્તા હોઈ શકે નહિ. ઈશ્વર કર્તા કહો તો પદાર્થ નિત્ય રહેતો નથી ને પદાર્થ પલટતો હોય નહિ તો દુઃખ ટાળીને સુખ કરવું છે એમ હોઈ શકે નહિ. માટે પદાર્થ પલટતો છે ને જે પદાર્થ પલટતો હોય તેને વર્તમાનમાં બીજો પલટાવી શકે નહિ. ત્રિકાળી પદાર્થ છે, તેનો કોઈ કર્તા નથી ને પલટનશીલ છે માટે તેને વર્તમાનમાં કોઈ પલટાવનારની જરૂર નથી. દરેક વસ્તુ સ્વતંત્ર છે.

તપેલા ઉપર નામ લખવાની અવસ્થા તે પરમાણુના કારણે થઈ છે, જીવથી થઈ નથી, ટાંકણાને લીધે થઈ નથી. જીવ ધ્યાન રાખે તો રોગ મટે એમ નથી પણ

શરીરની અવસ્થા સ્વતંત્ર, દવા સ્વતંત્ર ને જીવના ભાવ સ્વતંત્ર. દરેકનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ પોતામાં છે. કર્મથી વિકાર થતો નથી પણ જીવ વિકાર કરે છે તો કર્મ નિમિત્ત કહેવાય. જીવનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ જીવમાં છે, કર્મને લીધે નથી. ભગવાનની મૂર્તિને લીધે જીવને શુભભાવ થતો હોય તો ચોર લોકો મૂર્તિ ચોરી જાય છે, તેને શુભભાવ કેમ થતો નથી? જે જીવ જેવા ભાવનો ઉત્પાદ કરે તેમાં તે નિમિત્ત કહેવાય છે. દરેક વસ્તુ નિત્ય રહીને સમયમાં પલટન સ્વતંત્રપણે કરી રહેલ છે. આ વસ્તુનું સ્વરૂપ છે. આવું સૂક્ષ્મ પરિણમન સર્વજ્ઞના જ્ઞાન સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ. અધૂરા ને રાગી જીવોના ખ્યાલમાં વસ્તુનું સ્વરૂપ પૂરું ન આવી શકે. આમ આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે, તેના અંતરમાં પદાર્થનો નિર્ણય કરીને એકાગ્રતા કરવી તે મોક્ષમાર્ગ છે. ને તે પદાર્થનો નિર્ણય સર્વજ્ઞના આગમ વિના હોઈ શકે નહિ, માટે સર્વજ્ઞનાં આગમનો અભ્યાસ કરવો.

અજ્ઞાનીને પદાર્થના સ્વરૂપનો નિર્ણય નથી તેથી મનમાં ડામાડોળ રહ્યા કરે છે.

વળી પદાર્થોનું જેવું સ્વરૂપ છે તેવું જાણ્યા વિના સ્વરૂપમાં એકાગ્રતા થઈ શકતી નથી. જેને પદાર્થોનો નિશ્ચય નથી તે ડામાડોળ રહ્યા કરે છે. આ સાચું હશે કે બીજું સાચું હશે–એવી આકુળતામાં મિથ્યાત્વ સહિત ચંચળતાને પામે છે. આત્મામાં વિકાર કર્મને લીધે થતો હશે કે મારે લીધે થતો હશે ? મારું કલ્યાણ મારાથી થતું હશે કે નિમિત્તથી થતું હશે ? આ શરીર શરીરના કારણે ચાલતું હશે કે આત્માથી ચાલતું હશે ? આત્મા ન હોય તો શરીર ચાલતું દેખાતું નથી. વેપારમાં હોંશિયારીથી જીવ કમાતો હશે કે પુણ્યથી કમાતો હશે ? આમ પદાર્થના નિર્ણય વિના ડામાડોળ રહે છે. દરેક વસ્તુ સ્વતંત્ર તેના કારણે પરિણમે છે. જીવની હોંશિયારીથી પૈસા આવતા નથી. શરીર શરીરના કારણે ચાલે છે, આત્માને કારણે ચાલતું નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે :સર્વજ્ઞનાં આગમ મળ્યાં, આ બધું જ્ઞાન થાય છે ને ?

સમાધાન : આગમ એમ કહે છે કે તારો આત્મા તારા સમ્યક્ જ્ઞાનના ઉત્પાદ લક્ષણથી પ્રવર્તી રહ્યો છે. હું (આગમ) આવ્યું માટે તને સમ્યક્જ્ઞાન થયું–એમ આગમ કહેતું નથી. જીવ જ્ઞાન કરે તો આગમને નિમિત્ત કહેવાય છે. આગમ એ જ કહે છે. જ્ઞાન માટે મારા ઉપરનું લક્ષ છોડ ને તારામાં જો.

પ્રશ્ન :–આગમનો વિવેક તો રાખવો જોઈએ ને ?

સમાધાન :–આગમ જેમ કહે તેમ માનવું તે વિવેક છે. ઉત્પાદ લક્ષણ તારા દ્રવ્યને જણાવે છે. પરંતુ હું આગમ તારી નજીક છું એમ બતાવતું નથી. દરેક વસ્તુ સ્વતંત્ર છે એમ નક્કી કરે તેણે આગમનો વિવેક કર્યો છે.

અનાદિકાળથી જીવને પરાધીનતા ને ભિખારાપણું ગોઠે છે.

અનાદિકાળથી જીવને સ્વતંત્રતા ગોઠતી નથી, પરાધીનતા ને ભીખારાપણું ગોઠે છે. કોણ કોનું ભલું–ભૂંડું કરે ? પોતાનું ભલું અથવા ભૂંડું પોતાથી થાય છે, પરથી થતું નથી. પરનો સંપર્ક સાધવાનું અજ્ઞાની કહે છે પણ પરને જીવ સાધી શકતો નથી. પોતે ભાવ કરે છે. ભાવનો ઉત્પાદ પોતાને જણાવે છે, પરને જણાવતો નથી. દરેક સમય સમયનો પર્યાય સ્વતંત્ર છે. બીજી ચીજ ભલે હો, પણ બીજી ચીજ છે તો ઉત્પાદ થાય છે–એમ નથી. બીજી ચીજની ના પાડતા નથી. નિમિત્ત છે ખરું, પણ નિમિત્ત કોનું ? ઉપાદાનમાં કાર્ય થાય ત્યારે કે તે પહેલાં ? જે સમયે કામ થાય તે સમયે જ નિમિત્ત છે, પહેલાં–પછી છે જ નહિ. નિમિત્ત આવે પછી ઉપાદાનમાં કામ થાય અથવા ઉપાદાનમાં કામ થયા પછી નિમિત્ત કહેવાય. એમ આગળ પાછળ નથી. એક જ સમયે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ને એક સમય તો છદ્મસ્થને ક્યાં ખ્યાલમાં આવે છે ? પણ ઉત્પાદ લક્ષણથી સ્વની પ્રતીતિ થતાં સ્વ-પરપ્રકાશક સ્વભાવ ખીલતાં પરપ્રકાશક જ્ઞાનમાં પરપદાર્થોનું જ્ઞાન થઈ જાય છે. પણ પરથી પોતામાં કાંઈપણ થાય છે એવું જ્ઞાન થતું નથી. નૈમિત્તિકમાં સ્વતંત્ર કાર્ય થાય છે ત્યારે પર પદાર્થ–નિમિત્તની ઉપસ્થિતિ તેના કારણે છે. આવા સ્વતંત્ર જ્ઞાનનો નિર્ણય નથી તેથી અજ્ઞાની જીવોને મનમાં ડામાડોળ સ્થિતિ રહ્યા કરે છે.

*

પ્રસાદ નં. ૧૭૮

પ્રવચનસાર ગાથા ૨૩૨

(ચૈત્ર વદ ૧૦, સોમવાર)

"સંયોગી પદાર્થોમાં સુખ નથી, પોતાના જ્ઞાનસ્વભાવમાં સુખ છે."

જેને આત્માની પૂર્ણ પવિત્રતા જોઈતી હોય તેણે આત્મવસ્તુ શું છે તે જાણવું જોઈએ. પોતાનો શુદ્ધ સ્વભાવ ચૂકીને શરીર, મન, વાણી તે જ હું છું ને વિકારી ભાવ થાય છે તે જ હું છું અથવા તેથી મને લાભ છે એમ ભ્રાંતિ કરવી તે સંસાર છે, દુઃખદાયક છે. તે સંસાર એટલે વિકારી ભાવનો સ્વભાવના લક્ષે અભાવ કરવો ને પૂર્ણાનંદ શુદ્ધ દશા પ્રગટ કરવી તે મોક્ષ છે. જીવને સુખી થવું છે તેથી તે વર્તમાનમાં સુખી નથી એમ નક્કી થાય છે. સુખી હોય તો બીજી ચીજની ઓશિયાળ હોય નહિ. સુખ માટે સ્ત્રી, કુટુંબ, પૈસાની જરૂર પડે તે માન્યતા અજ્ઞાન અને દુઃખ છે. પર ચીજો સામે જ્યાંસુધી જીવ જોયા કરે ત્યાંસુધી જીવને શાંતિ થાય નહિ. પર ચીજો સંયોગી છે. આત્મા જેટલો કાળ રહે તેટલો કાળ તે ચીજો એક ક્ષેત્રે પણ રહેતી નથી માટે જીવનું સુખ સંયોગી પદાર્થોમાં હોઈ શકે નહિ. તેથી શાંતિ ને સુખ જોઈતું હોય તેણે આત્મા સ્વયંસિદ્ધ પદાર્થ છે, તેનો આશ્રય કરવો જોઈએ. સમયે સમયે જડ અને ચેતનમાં સૂક્ષ્મ પરિણમન થયા કરે છે. આવું સૂક્ષ્મ પરિણમન જાણનાર સર્વજ્ઞ હોઈ શકે. રાગી કે અલ્પજ્ઞ સંપૂર્ણ સૂક્ષ્મ વસ્તુસ્વરૂપ જાણી શકે નહિ.

"જેમ વેપારી દુકાનના ચોપડા તપાસે છે તેમ ધર્મી જીવે સર્વજ્ઞના શાસ્ત્રો તપાસવા જોઈએ."

તે સર્વજ્ઞ ભગવાનને સર્વજ્ઞપદ પ્રગટ્યા પછી ઓમ ધ્વનિ નીકળી, તે વાણીને આગમ કહે છે, ને તે વાણીના આધારે મુનિઓએ શાસ્ત્રની રચના કરી તેને પણ આગમ કહે છે. આવા આગમના અભ્યાસ વિના પદાર્થનો નિર્ણય થતો નથી. જેવી રીતે ઘરની મૂડીની વિગત પોતાનો બાપ ચોપડામાં લખી ગયો હોય તો તે મૂડીની તપાસ ચોપડા જોઈને કરે છે, તેમ ચૌદ બ્રહ્માંડમાં શું શું વસ્તુ છે તેની બધી વિગત સર્વજ્ઞના શાસ્ત્રમાં છે. તે શાસ્ત્રો તપાસવાં જોઈએ. આત્મા શું, પુદ્‌ગલ શું, કર્મ શું? તે બધું જાણવું જોઈએ ને જાણીને પદાર્થોનો નિશ્ચય કરવો જોઈએ.

"જીવે સ્વ-પરનો વિવેક કરવો જોઈએ."

આગમનો અભ્યાસ કરીને પદાર્થનો નિર્ણય કરવો જોઈએ. ફટકડી અને સાકરના બે ગાંગડા હોય તેમાં માખી સાકર ઉપર ચોંટે છે ને ફટકડીને છોડી દે છે. માખી જેવું મન વગરનું પ્રાણી પણ ક્યો પદાર્થ છોડવા જેવો છે અને ક્યા પદાર્થને ગ્રહણ કરવાથી મીઠાશ આવે એમ છે, એનો વિવેક કરે છે તો પછી સંજ્ઞી પંચેન્દ્રિય જીવ સુખ શેમાં છે, એનો વિવેક ન કરે તો સુખની પ્રાપ્તિ ન થાય. દરેક પદાર્થ સ્વથી છે ને પરથી નાસ્તિ રૂપે છે. તેમ ન હોય તો પદાર્થ ટકી શકે નહિ. હું આત્મા રૂપે છું ને અનંતા પર રૂપે નથી. તેમ જ હું શુદ્ધ છું ને પુણ્ય-પાપના વિકાર રૂપે નથી એવો સાચો નિર્ણય કરવો જોઈએ. અનાદિ કાળથી અજ્ઞાનીએ માન્યું છે કે પૈસા વિના ચાલે નહિ, શરીર વિના ચાલે નહિ, એવી ઊંધી માન્યતા કરી છે. પદાર્થોના નિર્ણય વિના એ ભ્રાંતિ ટળે નહિ ને પદાર્થોનો નિર્ણય શાસ્ત્રો દ્વારા થાય છે.

"અજ્ઞાનીનું ચિત્ત સર્વત્ર ડામાડોળ છે."

પદાર્થોના નિર્ણય વિના સ્વરૂપમાં એકાગ્રતા થતી નથી કારણ કે જેને પદાર્થોનો નિશ્ચય નથી તે કોઈવાર નિશ્ચય કરવાની ઇચ્છાથી આકુળતા પામે છે ને પોતાની સ્થિતિ ડામાડોળ હોવાના લીધે ચંચળતા પામે છે. મારું સુખ મારામાં હશે કે પર પદાર્થમાં હશે ? પર પદાર્થો પોતના હોય તો–પોતાની સાથે સદાય રહેવા જોઈએ, જુદા પડવા ન જોઈએ. આ પૈસા મારા આધારે આવતા હશે કે કેમ ? જો આત્માને આધારે હોય તો તે પૈસા સ્વયંસિદ્ધ પદાર્થ રહેતા નથી. નિમિત્તથી ધર્મ થતો હશે કે મારાથી ધર્મ થતો હશે ? આ ચીજ છે એનો કોઈ કર્તા હશે ? જો તેનો કોઈ કર્તા હોય તો પદાર્થ નિત્ય રહેતો નથી. હું પહેલાં ન હતો એમ કહે તો જે વસ્તુ પહેલાં ન હોય તે ત્રણે કાળ ન હોય. વળી અહીં સાંભળીએ છીએ ત્યારે જ્ઞાન થાય છે તો જ્ઞાન પર્યાય પરથી થતો હશે કે મારાથી થતો હશે ?–ભાઈ, પરથી જ્ઞાન હોય તો પોતે જ્ઞાન વગરની વસ્તુ સાબિત થઈ, પણ એમ બને નહિ. જીવ નિશ્ચય કરે તો આકુળતા ઘટે છે. આ આત્મા શરીર વિના એકલો કેમ રહેતો હશે ? પર પરથી છે, કોઈ કોઈના આધારે નથી, દુકાને બેસવાથી પૈસા આવતા હશે કે ન બેસવાથી આવતા હશે ? એનો નિર્ણય નથી; ભાઈ, પૈસા પ્રયત્નથી આવતા નથી પણ પૂર્વ પ્રારબ્ધના યોગે આવે છે. પાપમાં–વિષયમાં સુખ હશે કે પુણ્યમાં સુખ હશે કે ખાવા–પીવામાં સુખ હશે ? મીઠાશ મારામાં હશે કે જડમાં હશે ? એમ દ્રવ્ય ગુણ પર્યાય એકેયનો નિર્ણય કર્યો નથી. આત્મા ક્યારનો હશે ? ગુણો ક્યારના હશે

? મારી ધર્મ અવસ્થા જાત્રાથી થતી હશે કે આત્માથી થતી હશે ? અજ્ઞાની જીવ ભ્રમણાના કારણે હિંચકા ખાય છે, ડામાડોળ રહે છે, કાળલબ્ધિ પાકે ત્યારે મોક્ષ થતો હશે કે પુરુષાર્થ વડે થતો હશે ? એવો નિર્ણય નથી તેથી અજ્ઞાની ડામાડોળ રહે છે. ભગવાન સર્વજ્ઞે તેમના જ્ઞાનમાં મારા વિષે બધું જાણેલ છે, તો મારી પર્યાયમાં હવે શું કરવાનું બાકી રહે છે ? એમ ડામાડોળ રહે છે. જેને સર્વજ્ઞનો નિર્ણય છે તેને પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય થાય ને તેને ભવ હોઈ શકે નહિ.

અગ્નિ આવે તો પાણી ઉષ્ણ થાય, ન આવે તો ન થાય એમ માને છે પણ પાણી પુદ્ગલ દ્રવ્ય ટાઢા કે ઉનારૂપે પલટવાનો તેનો સ્વભાવ છે, તે તેને લીધે છે, અગ્નિને લીધે નથી. અજ્ઞાની માને છે કે ખ્યાલ ન રાખીએ તો ઉંદરો કપડા કાપી ગયા, પણ ઉંદર હતાં તો કપાયાં તે વાત ખોટી છે. કાપડ તો પુદ્ગલની અવસ્થા છે, તેનું ગળવું, છૂટવું, ફાટવું વગેરે તેનું વર્તમાન તેનાથી છે પણ પરથી નથી. પરમાણુ કાયમ રહીને છૂટા અગર સ્કંધરૂપ થાય છે તેની અજ્ઞાનીને ખબર નથી. વર્તમાન અવસ્થા પરથી હોય તો વસ્તુ જ રહેતી નથી, વસ્તુના નાશનો પ્રસંગ આવે છે. આ નિર્ણય નહિ હોવાથી અજ્ઞાની ડામાડોળ રહ્યા કરે છે. અજ્ઞાની માને છે કે પરવસ્તુના લીધે રાગ થાય છે, પણ જ્ઞાની તેમ માનતો નથી. સ્વભાવને લીધે તો રાગ નથી જ. માત્ર નબળાઈને લીધે અલ્પ રાગ જ્ઞાનીને છે તે રાગનો જ્ઞાની જ્ઞાતા છે. આ સમ્યક્દર્શન ને જ્ઞાન છે. આ જાણ્યા વિના વ્રત તપ નકામા છે. જેમ જગતકર્તાની માન્યતાવાળા જીવો ઈશ્વરને કર્તા માને તેમ જૈન નામ ધરાવી કર્મે મને રખડાવ્યો એમ માને તો બંને એક જ માન્યતાવાળા થયા. કર્મ જડ છે, કર્મ આત્માને કાંઈ કરે નહિ, માટે વસ્તુસ્વભાવ જેમ છે તેમ સમજે તો શાંતિ થાય.

વળી અહીં 'કદાચિત્' શબ્દ વાપર્યો છે એટલે કદાચિત્ અજ્ઞાની જીવ નિર્ણય કરવાની ચંચળતામાં રોકાય છે. કોઈવાર પરના કર્તાપણામાં રોકાય છે, કોઈવાર પરના ભોક્તાપણામાં જોડાય છે એમ સમજવું. અહીં તો અત્યારે પદાર્થના નિર્ણય કરવાની ચંચળતામાં રોકાણો છે. પુણ્યથી ધર્મ થાય, નિમિત્ત આવે તો લાભ થાય, શાસ્ત્રથી જ્ઞાન થાય, પ્રતિમાથી શુભભાવ થાય એમ માની રહ્યો છે. નિર્ણય નહિ હોવાથી સંદેહના હિંડોળામાં હીંચી રહ્યો છે. વળી અજ્ઞાની જીવ વિચારે છે કે મુક્તિ જાય છે તે કોઈ પાછા આવતા નથી. પરલોકમાં બધા જાય છે પણ પહોંચ્યાની પહોંચ તો કોઈની આવતી નથી. શી ખાત્રી પરલોકની તેમ જ મુક્તિની ? આ તે પરલોક હશે કે નહિ ? આમ અજ્ઞાની ડામાડોળ રહ્યા કરે છે. આવી રીતે આકુળતા પામીને તે ચંચળ રહ્યા કરે છે.

હવે, પરપદાર્થના કર્તાનો ભાવ કરે છે. શરીરનું કરું, શરીરની અવસ્થાને પલટાવું, દેશનો ઉદ્ધાર કરું, કુટુંબનો ઉદ્ધાર કરું, છોકરાનું કરું, એવાં કરવારૂપ ભાવ કરે છે. દરેક પદાર્થ સ્વયંસિદ્ધ છે. આત્મા જ્ઞાતા છે ને ભિન્ન પદાર્થો જ્ઞેય છે એમ નહિ માનતા પરનો કરવારૂપે જેની બુદ્ધિ છે તેને ત્રણકાળનાં પદાર્થોનો કરવાનો અહંકાર રહેલો છે, એ જ ભ્રાંતિ ને દોષ છે.

*

પ્રસાદ નં. ૧૭૯

પ્રવચનસાર ગાથા ૨૩૨

(ચૈત્ર વદ ૧૧, મંગળવાર)

આ મોક્ષમાર્ગનો અધિકાર છે. આત્મામાં પૂર્ણ પવિત્રતા પ્રગટ થાય તેનું કારણ મોક્ષમાર્ગ છે. તે મોક્ષમાર્ગ આત્મામાં એકાગ્રતા વિના હોય નહિ. એકાગ્રતા પદાર્થોના નિર્ણય વિના હોય નહિ. ને પદાર્થોનો નિર્ણય આગમના અભ્યાસ વિના હોય નહિ. જેને પદાર્થોનો નિર્ણય નથી તેને ચિત્તમાં આકુળતા રહ્યા કરે છે. તે ડામાડોળ રહ્યા કરે છે. મારી શાંતિ ગુરુકૃપાથી થતી હશે કે મારામાંથી આવતી હશે ? શરીર ઠીક રહે તો ધર્મ થતો હશે કે કેમ, વ્યવહારથી ધર્મ થતો હશે, પુણ્યથી ધર્મ થતો હશે ?–આમ ડામાડોળ રહ્યા કરે છે. જેને મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તેણે મોક્ષમાર્ગ અંગીકાર કરવો જોઈએ. મોક્ષમાર્ગ માટે એકાગ્રતા કરવી જોઈએ. એકાગ્રતા માટે પદાર્થોનો નિર્ણય કરવો. પદાર્થોના નિર્ણય માટે સર્વજ્ઞનાં આગમોનો અભ્યાસ કરવો. પણ જે જીવ આગમનો અભ્યાસ કરી પદાર્થનો નિર્ણય કરતો નથી તે ડામાડોળ થવાથી અત્યંત ચંચળતા પામે છે.

પરની અવસ્થાનો કર્તા માનનાર જીવ અજૈન છે.

કદાચિત્ તે અજ્ઞાની જીવ પરનું કરવારૂપ ભાવ કરે છે. હું શરીરનું કરું, પરની દયા પાળું–એવા ભાવ કરે છે. બીજાનો ઉદ્ધાર કરું, બીજાને તારી દઉં, પરપદાર્થ વડે મારું પરિણમન થાય, મારા વિના દેશ, કુટુંબ, છોકરાનું કેમ ચાલશે ? મારા વિના આ પ્રાણીની હિંસા થઈ જાત–આમ પરનું કરવાનો ભાવ તે જ્વર સમાન છે. જગતકર્તાની માન્યતાવાળો જગતનો કર્તા ઈશ્વર છે એમ માને છે તેમ આ મિથ્યાદ્રષ્ટિ, જૈન નામ ધરાવી પરપદાર્થની પર્યાયનો કર્તા થાય છે. પર પદાર્થોની અવસ્થા જ્ઞેય છે ને હું જ્ઞાતા છું એમ ભૂલી જઈને પદાર્થોની સૃષ્ટિ–ઉત્પત્તિ પોતાથી થાય એમ માને છે. એક પદાર્થની એક સમયની અવસ્થા હું કરી શકું છું એમ માને છે તે ત્રણ કાળના પદાર્થોની અવસ્થા મારાથી થાય તેમ માની રહ્યો છે. તે જગતકર્તાની માન્યતાવાળાની જેમ મિથ્યાદ્રષ્ટિ છે.

જેમ ઘેટાં "મેં.....મેં....." કરે છે તેમ અજ્ઞાની જીવ શરીરને હું તાબે કરું, પરની અવસ્થા નહોતી થવાની છતાં મારાથી થઈ, પરની દયા પાળું–એમ પરનું કરવારૂપ અભિમાન કર્યા કરે છે. તાવ આવે તો ઇન્જેક્શન મારો....દાક્તરને બોલાવો.....વગેરે પ્રકારે આકુળતા કરે છે. કોઈ માણસ ગુજરી જાય તો કહે કે તમોને સેવા કરતાં ન આવડી, દવા કરતાં ન આવડી, હું હોત તો આમ કરી દેત–એમ અહંકાર કરે છે. પર પદાર્થો એના કારણે પલટે છે એમ નહિ માનતાં હું એને

પલટાવી દઉં એમ તે માને છે. પરનો એક સમયનો પર્યાય પોતે કરી શકે છે એમ માનનાર જીવ આ જગતના અનંત આત્માઓનું તથા અનંત પુદ્ગલપરમાણુનું હું કરી શકું છું ને તે મારે આધીન છે, એમ માને છે. છતાં તે પદાર્થો તેને આધીન થઈને પરિણમતા નથી.

સ્ત્રીઓ માને છે કે હું રોટલાની અવસ્થાને કરું છું. પુરુષો માને છે કે હું પૈસા પેદા કરી શકું, વ્યાજ ઉપજાવી શકું વગેરે પોતાની સ્વરૂપલક્ષ્મી ચૂકીને જડલક્ષ્મી ઉપર મોહ કરે છે. પરનું થવું પરને આધારે છે ને સ્વનું થવું સ્વના આધારે છે. પરના કર્તાપણાથી રહિત આત્મા છે, તેનો સત્ સમાગમ દ્વારા નિર્ણય કરતો નથી. છોકરાને સારી રીતે કેળવું તો હોંશિયાર થાય એમ પર આત્માને પરિણમાવવાનો ભાવ છે તેને ત્રણકાળ ત્રણલોકના પદાર્થોને એક સમયમાં પલટાવવાની કર્તૃત્વબુદ્ધિ રહેલી છે. સમસ્ત પદાર્થોની પ્રવૃત્તિરૂપે પરિણમતો હોવાથી પ્રતિક્ષણ ક્ષોભ પામે છે.

અજ્ઞાની જીવ પરકર્તૃત્વવાદને લીધે પ્રતિક્ષણ ક્ષોભ પામે છે

હું દુકાને હાજર હોત તો રૂપિયા જવા ન દેત, દુકાન રેઢી મૂકી તો આમ થયું. મેં આ જીવની દયા પાળી, હું ત્યાં ગયો હોત તો તે જીવનું કામ સુધારી દેત– આમ સમયે સમયે ક્ષોભ પામે છે. **પોતાના જ્ઞાન દર્શન વગેરે અનંત ગુણોનો આદર કરી પોતામાં ટકવું ને પરિણમવું જોઈએ, તેને બદલે અનંતા પદાર્થોનું હું કરી દઉં એવી માન્યતામાં પોતાનું વીર્ય રોક્યું છે ને ઊંધું પરિણમન કરી રહ્યો છે ને ક્ષોભને પામી રહ્યો છે. આત્માના અનંતાગુણોની એકાગ્રતામાં શાંતિ થવી જોઈએ તેને બદલે ઊંધું પરિણમન કરી ક્ષણે ક્ષણે આકુળતા અનુભવે છે. ધર્મી જીવને ક્ષણે ક્ષણે શાંતિ થાય છે. અજ્ઞાની સંદેહ ને ક્ષોભને પામે છે.** જગતના પદાર્થો નિત્ય છે, તેનો કર્તા કોઈ હોઈ શકે નહિ. વળી પદાર્થો પલટનશીલ છે તે પરથી પલટન પામે નહિ પણ અજ્ઞાનીને તેની ખબર નથી. અજ્ઞાની માને છે કે હું આમ બોલ્યો ને સામેના જીવના આવા પરિણામ થયા. બીજાએ ક્રોધ કર્યો તેથી મારા પરિણામ બગડ્યા વગેરે માનીને પ્રતિક્ષણ ક્ષોભ પામે છે.

અજ્ઞાની પર પદાર્થોને ભોગવવાના ભાવથી ચિત્તમાં ઉશ્કેરાટ પામે છે.

વળી જેને આગમના અભ્યાસ દ્વારા પદાર્થોના સ્વરૂપનો નિશ્ચય નથી તે કોઈવાર પરપદાર્થને ભોગવવાની ઇચ્છાવાળો થાય છે. અજ્ઞાની પણ ખાવાપીવાના પદાર્થોને ભોગવી શકતો નથી પણ તે માને છે કે હું આને ભોગવીને સુખ મેળવી લઉં. આત્મા અરૂપી છે, જડ પદાર્થોમાં સુખ નથી. જીવ સાચી સમજણ કરી શાંતિને ભોગવે, યા તો રાગને ભોગવે પણ પરને તો કોઈ ભોગવી શકતું જ

નથી. જ્ઞાની જાણે છે કે આ રૂપી પદાર્થો છે તેની પર્યાયને હું અરૂપી અડતો નથી. એક રૂપી બીજા રૂપીને અડતો નથી તો પછી અરૂપી રૂપીને ક્યાંથી અડે ને ભોગવે ? જડ પદાર્થો સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળા છે. આત્મા અસ્પર્શી, અરસ, અગંધ, અવર્ણવાળો છે પણ અજ્ઞાનીને તેનું ભાન નથી તેથી તે પરને ભોગવી લેવા ઇચ્છે છે. કાલની કોને ખબર છે, માંડ કરીને સંયોગો સાંપડ્યા છે. પૈસા, સ્ત્રી, પલંગ, સુંવાળા કપડાં–બધાં માંડ મળ્યા છે, માટે લાવો લઈ લઉં. એમ વિકારની ભાવનાને અનુભવી રહ્યો છે. અગ્નિ અડતાં હું ઊનો થઈ ગયો એમ માને છે. મીઠાં પદાર્થો ચાખતાં મીઠો થઈ ગયો માને છે. પણ ભાઈ, તે મીઠા, ઉના પદાર્થનું જ્ઞાન થાય છે, પરંતુ તે રૂપ તું થતો નથી. પરપદાર્થનો તો તારામાં અભાવ છે તો તે અભાવરૂપ પદાર્થનો અનુભવ કેવી રીતે કરી શકે? તે બધી ઊંધી માન્યતા છે. એક પદાર્થને ભોગવવાની ઇચ્છા છે તે વિશ્વના સમસ્ત પદાર્થોનો ભોક્તા થવા ઇચ્છે છે. 'વિશ્વને સ્વયં ભોગ્યપણે ગ્રહણ કરીને' એટલે કે સમસ્ત પદાર્થો ગ્રહણ કરી શકતો નથી પણ તે માને છે કે સમસ્ત પદાર્થોને હું ભોગવી શકીશ. એ માન્યતા જ ભ્રમણા છે. તે અજ્ઞાની જીવ પરપદાર્થોને ભોગવવામાં હર્ષ–શોક કર્યા કરે છે તેથી તેને પર્યાયમાં ઉશ્કેરાટ થયા કરે છે. પરવસ્તુ ભોગવાતી નથી, પણ વિકારને ભોગવે છે તેથી પોતાની શાંતિ લૂંટાય છે.

પ્રશ્ન :–પદાર્થોને નિશ્ચયથી તો ભોગવી શકાય નહિ પણ વ્યવહારથી તો ભોગવી શકાય ને ?

ઉત્તર :–આત્માનો વ્યવહાર આત્મામાં હોય, જડમાં હોય નહિ. આત્મા પર વસ્તુને વ્યવહારથી પણ ભોગવતો નથી, માત્ર અજ્ઞાનભાવને ભોગવે છે. ખાવાપીવાની ક્રિયામાં તો વસ્તુ ક્ષેત્રાંતર પામે છે. ''છતાં મેં તે વસ્તુને ભોગવી'' એમ અજ્ઞાની માને છે. જ્ઞાની સમજે છે કે પરપદાર્થોને હું ભોગવી શકતો નથી. પરપદાર્થો તરફ લક્ષ જાય છે તે શાંતિમાં ભંગ પડે છે. જરા નબળાઈ છે એમ માને છે પણ દ્રષ્ટિ તો અખંડ સ્વભાવ ઉપર જ પડી છે. તેઓ પરમાં સુખ માનતા નથી.

અજ્ઞાની જીવ જ્ઞેયોમાં ઇષ્ટ અનિષ્ટની કલ્પના કરી અત્યંત અસ્થિરતાને પામે છે.

અજ્ઞાની જીવ પરમાં સુખ માની અનુકૂળ વિષયો મળે તો ઠીક પડે ને પ્રતિકૂળ વિષયો મળે તો ઠીક નહિ એમ પરપદાર્થમાં ઇષ્ટ–અનિષ્ટપણું કલ્પે છે. રસ–પૂરી મળે તો ઠીક ને ઝેર આદિ મળે તો ઠીક નહિ. પણ તે તો જ્ઞાનનાં જ્ઞેય છે, તેમાં ઇષ્ટ–અનિષ્ટપણું છે જ નહિ. બધાં જ્ઞેયોનો જણાવાનો એક જ પ્રકાર છે,

પણ પરને ભોગવવાના આવેશમાં આમ હોય તો ઠીક ને આમ હોય તો ઠીક નહિ એમ જ્ઞેયોના બે ભાગલા પડે છે–ને તેથી અત્યંત અસ્થિરતા પામે છે, પોતાના સ્વભાવમાં સ્થિરતા પામતો નથી. ક્ષણે ક્ષણે આ ઠીક ને આ અઠીક એમ પરમાં રુચિ કરી, ભોગવટો માની અસ્થિર થાય છે.

આમ અજ્ઞાની જીવને પદાર્થોનો નિર્ણય નથી તેથી તેને ધર્મ થતો નથી.

***

પ્રસાદ નં. ૧૮૦

પ્રવચનસાર ગાથા ૨૩૨

(ચૈત્ર વદ ૧૨, બુધવાર)

અજ્ઞાની જીવ ત્રણ કારણોને લીધે અનિશ્ચયી છે.

૧. જે જીવ આત્માના સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરતો નથી તેને ચંચળતા રહ્યા કરે છે. આત્મા જુદો હશે કે કેમ એવા સંદેહને લીધે ડામાડોળ રહે છે. તેથી વ્યગ્રતા પામે છે. તેને ધર્મ થતો નથી.

૨. વળી આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્રનો પિંડ છે, પરનું કાંઈ પણ કરવા સમર્થ નથી છતાં પરનું કરવાના ભાવથી પ્રતિક્ષણ ક્ષોભને પામે છે તેથી તેને અંતર એકાગ્રતા થઈ ધર્મ થતો નથી.

૩. કોઈવાર અજ્ઞાની જીવ પરને ભોગવી સુખ મેળવી લઉં એમ ભ્રાંતિ કરે છે. પરપદાર્થને તો ભોગવી શકતો નથી પણ વિકારને ભોગવે છે તેથી તેની ચિત્તવૃત્તિ કલુષિત રહે છે ને ઇષ્ટ–અનિષ્ટની કલ્પના કરી અત્યંત અસ્થિરતા પામે છે. તેથી સ્વભાવમાં એકાગ્ર થઈ ધર્મદશાને પામતો નથી.

આમ ત્રણ પ્રકારના કારણે તે અજ્ઞાની જીવ અનિશ્ચયી છે. તે અજ્ઞાની જીવને ધર્મ થતો નથી. કારણ કે તે કૃતનિશ્ચય, નિષ્ક્રિય, નિર્ભોગ એવા એક ભગવાનઆત્માને દેખતો નથી તેથી એકાગ્રતા નથી.

કેવો છે ભગવાનઆત્માનો સ્વભાવ ?

(૧) કૃતનિશ્ચય :–આત્મા નિશ્ચયવંત છે. શરીર, મન, વાણી, સ્ત્રી–કુટુંબ વગેરે પરપદાર્થ તે આત્મા નથી. પરની હિંસા આત્મા કરી શકતો નથી, પરને બચાવી શકતો નથી. આત્મામાં દયા-દાનાદિ વિકાર થાય તે આત્માની શાંતિ માટે બેકાર છે, આત્માની શાંતિ તો આત્માના આશ્રયે છે. પરનું ભલું–બૂરું કરવાને આત્મા સમર્થ નથી. તે પરનું બદલવું તેના કારણે છે, ને મારું ભલું–બૂરું મારા કારણે છે, એમ નિશ્ચય છે. વળી બહારથી કલ્યાણ થતું હશે કે અંતર્મુખ દ્રષ્ટિથી કલ્યાણ થતું હશે એવો સંદેહ નથી. પુણ્ય-પાપના આશ્રયે શાંતિ નથી પણ અંતર્મુખ જ્ઞાનસ્વભાવના આશ્રયે શાંતિ ને ધર્મ છે. એવો ભગવાનઆત્મા કૃતનિશ્ચય છે.

(૨) નિષ્ક્રિય :—ભગવાનઆત્મા શરીરને હલાવી ચલાવી શકે નહિ, પરનો ઉદ્ધાર કરી શકે નહિ. હું છું તો બીજા જડ પદાર્થોની અવસ્થા થાય છે એવો

આત્માનો સ્વભાવ નથી. જડની ક્રિયા જડના કારણે થાય છે, તેનો આત્મા કર્તા નથી. કુટુંબનું, દેશનું, સમાજનું, સંઘનું કરી આપે એવો આત્મસ્વભાવ નથી. વળી આત્મામાં પુણ્ય-પાપના પરિણામરૂપ ક્રિયા થાય છે તે પણ આત્માનો ખરો સ્વભાવ નથી માટે ભગવાન આત્મા તે ક્રિયા વિનાનો છે, માટે નિષ્ક્રિય છે, છતાં પણ કૂટસ્થ નથી. પોતાના સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનની ક્રિયાવાળો છે એ અપેક્ષાએ સક્રિય છે પણ પર ને વિકારની ક્રિયાથી રહિત છે માટે નિષ્ક્રિય છે.

(૩) નિર્ભોગ :–આત્મા પરને ભોગવતો નથી. જડ પદાર્થોની અવસ્થા તો જુદી જુદી ક્રિયારૂપે ભજે છે, તેને આત્મા ખાઈ શકતો નથી, વેદી શકતો નથી. પણ અજ્ઞાની પર્યાયમાં હરખ–શોકની લાગણીને ભોગવે છે પણ ભગવાનઆત્મા જે નિર્ભોગ સ્વરૂપ છે તેમાં તો હરખ–શોકની લાગણીનો પણ ભોગવટો નથી. સ્વરૂપમાં પરનો તથા આકુળતાનો ભોગવટો નથી માટે નિર્ભોગ છે.

(૪) યુગપદ જાણે છે :—આવો ભગવાનઆત્મા દેહ દેવળમાં બિરાજે છે. આત્મા સિવાય અનંતા આત્માઓ તથા અનંતા જડ પદાર્થોને એક સમયે જાણવાનો સ્વભાવ છે. કોઈનું કરે તેવો સ્વભાવ નથી. સર્વદર્શી ને સર્વજ્ઞ થવાનો સ્વભાવ છે, થોડે થોડે અટકીને જાણવું તે પણ તેનો સ્વભાવ નથી. અલ્પજ્ઞદશા રહે તે આત્માનો સ્વભાવ નથી. એક સમયમાં પરિપૂર્ણ જાણવું તેવો સ્વભાવ છે.

(૫) જ્ઞાન સ્વભાવી અનંત છે :—વળી સમસ્ત વિશ્વના પદાર્થોને પી જાય છે. જેમ કોળિયો નાનો હોય ને મોઢું મોટું હોય છે તેમ અનંતા જ્ઞેયને જાણવા છતાં જ્ઞાનની અનંતતા બાકી રહી જાય છે. એટલી જ્ઞાનની અનંતતા છે. અનંતકાળથી રખડ્યો, શુભાશુભ ભાવો કર્યા પણ તે ભાવો ને શરીરરૂપે થયો નથી. તેનો જ્ઞાનસ્વભાવ વિશાળ છે. જગતનું જ્ઞાન કરવાની તાકાતવાળો છે પણ જગતને પલટાવવાની તાકાતવાળો નથી. ગોળને જાણતાં જ્ઞાન ગોળરૂપે થતું નથી, વીંછીના ડંખનું જ્ઞાન કરે પણ તે રૂપ થતો નથી. અનંતને જાણવા છતાં અનંતતા ખૂટતી નથી.

(૬) એક છે :—અનેક પદાર્થો દેખે છે. પ્રતિકૂળ કે અનુકૂળ સંયોગોને જાણવા છતાં જ્ઞાનસ્વભાવ અનેકરૂપ થતો નથી. પુણ્ય-પાપની પણ અનેકતા હોવા છતાં અનેકરૂપ થતો નથી. પણ ભગવાનઆત્મા એકરૂપ રહે છે. વળી સાચું ભાન થયા પછી જ્ઞાનદર્શનની નિર્મળતા ક્રમેક્રમે અનેક પ્રકારે વધવા છતાં ભગવાનઆત્મા તો એકરૂપ છે.

આવી રીતે ભગવાનઆત્મા કૃતનિશ્ચય, નિષ્ક્રિય, નિર્ભોગ, સર્વેને યુગપદ્ જાણનાર, અનંતને જાણવા છતાં જ્ઞાનની અનંતતા ખૂટે નહિ તેવો, અનેકને

જાણવા છતાં એકરૂપ રહેનારો છે. પણ અજ્ઞાની જીવ જેને આગમનો અભ્યાસ નથી તેનો આત્મા સ્વભાવે કૃતનિશ્ચય, નિષ્ક્રિય, ને નિર્ભોગ હોવા છતાં તેવી શ્રદ્ધા કરતો નથી. પરની મદદ વિનાનો, પરને મદદ ન કરે તેવો, પરનો ભોક્તા નથી છતાં અજ્ઞાની જીવ તેને દેખતો નથી, જાણતો નથી, શ્રદ્ધતો નથી. તેને સતત્ વ્યગ્રતા હોય છે. હું જ્ઞાન છું, શુદ્ધ છું, પુણ્ય-પાપ રહિત છું એમ નહિ માનતાં પરનું કરી શકીશ ને ભોગવી શકીશ એમ માનનાર વ્યગ્રતા સેવી રહ્યો છે. જ્યાં વ્યગ્રતા હોય છે ત્યાં આત્મામાં એકાગ્રતા હોતી નથી ને જ્યાં આત્મામાં એકાગ્રતા નથી ત્યાં વ્યગ્રતા હોય છે. આમ અસ્તિ–નાસ્તિથી વાત કરેલ છે.

વળી આત્માના સ્વભાવમાં એકાગ્રપણું નથી ત્યાં મુનિપણું સિદ્ધ થતું નથી. અહીં મુનિપણાની મુખ્યતાથી વાત છે. ભગવાન આત્માને આવો શ્રદ્ધામાં લીધા પછી અંતર રમણતા કરવી તે ચારિત્ર છે. બૈરાં–છોકરાં છોડી દેવાં, જંગલમાં રહેવું, દયા પાળવી, બે રોટલી ઓછી ખાવી તે સાધુપદ નથી. પરથી નિરાળો શુદ્ધ સ્વભાવ છે એવાં શ્રદ્ધા-જ્ઞાન ન કરે તો સાધુપદ હોતું નથી.

(૧) જેને નિઃશંક આત્માની પ્રતીતિ નથી તે જીવ હું જ્ઞાનસ્વભાવી એક છું એવી પ્રતીતિ કરતો નથી. પણ હું આ બધાં સગાવહાલાંનો છું, હું પુણ્ય-પાપનો છું, હું કર્તા–ભોક્તા છું, એમ તે માને છે. શરીર, મન, વાણી બધા પર છે તથા પુણ્ય-પાપ વિભાવ છે એમ નહિ માનતાં પરથી તથા વિભાવથી પોતાને અનેકપણે શ્રદ્ધી રહ્યો છે. આત્મા જાણનાર–દેખનાર એક છે એમ નહિ માનતાં અનેકપણે શ્રદ્ધા કરી રહ્યો છે. હજી મારે પરનું ઘણું ઘણું કરવાનું બાકી છે ને પરથી ઘણું ઘણું લેવાનું બાકી છે. સો સાંતીવાળાને એકની જરૂર પડે, આમ વાતો કરે. પરપદાર્થો આત્માને શરણભૂત નથી, આત્મા નિરાલંબી જ્ઞાતાદ્રષ્ટા એક તત્ત્વ છે, તેમ નહિ માનતો અનેકપણે શ્રદ્ધા કરી રહ્યો છે. તે શ્રદ્ધામાં તે પાકો આગ્રહી થયો છે. મિથ્યાત્વમાં મસ્તાન થયો છે. ‘‘કોઈ કોઈનું કાંઈ કરે નહિ, પરમાણુનું કરે નહિ. કોઈ બીજા જીવનું કાંઈ કરે નહિ’’–આવો તે ધર્મ ક્યાંય હોતો હશે ? સાચી વાત બહાર આવવા છતાં સત્ય સાંભળવા નવરો થાય નહિ ને આત્માની ઊંધી શ્રદ્ધામાં પાકો આગ્રહી હોય છે, તેને ધર્મ થતો નથી.

(૨) આગમનો અભ્યાસ કરીને પોતે જાણનાર–દેખનાર એક જ પદાર્થ છે, એમ જાણવું જોઈએ. તેને બદલે શુભાશુભ ભાવો થાય છે તે જ હું છું એમ અજ્ઞાની માને છે. હું પરનું કરી શકું છું, હું શરીરવાળો છું, હું કર્મવાળો છું, હું પુણ્ય-પાપવાળો છું વગેરે અનેક પ્રકારની વિકારી પર્યાયને કરતો હું અનેક છું તેવી જ્ઞાનની ભાવનાને ભાવે છે. મારા તત્ત્વમાં બીજાનો પ્રવેશ નથી એવું જ્ઞાન થવું

જોઈએ, તેને બદલે અનેકના જ્ઞાનમાં હું અનેક છું એવા જ્ઞાનનું રટણ ને ઘૂંટણ કરે છે. આત્માનું જાણપણું કરીને સ્વભાવમાં એકાગ્ર થાય તો એકતા છે પણ વ્યગ્રતા કરે તો અનેકપણું છે તેથી ઊંધા જ્ઞાનવાળા અજ્ઞાનીને ધર્મ થતો નથી.

(૩) મારો જ્ઞાનસ્વભાવ એકરૂપ છે ને એમાં જ એકાગ્રપણે ઠરી રમણતા કરવી તે ચારિત્ર છે, એમ તે અજ્ઞાની જીવ માનતો નથી. તેથી અનેક પ્રકારના વિકલ્પો દોડાવે છે. આ મિત્ર છે તેથી મને રાગ થાય છે, આ દુશ્મન છે તેથી મને દ્વેષ થાય છે. ભગવાન મળ્યા માટે મને સમકિત થશે, દુશ્મન મળ્યો માટે મને ગેરલાભ થશે, બીજા આત્માને મેં મદદ કરી તો તે સુખી થયા ને મને સંતોષ થયો, મદદ ન કરી હોત તો દુઃખી થાત. મેં ધ્યાન રાખ્યું તો આટલા જીવની દયા પાળી. દુશ્મન આવશે તો મને મારી નાખશે, અનુકૂળ મિત્રો આવે તો મને વિસામો મળે વગેરે અનેક પ્રકારના વિકલ્પો કર્યા જ કરે છે. ભાઈ, તારો વિસામો–તારી શાંતિ તારામાં હોય પણ બહારમાં હોય નહિ. કોઈ ગુજરી જતાં, તું તેને વિસામો આપી શકીશ ? કે એ પોતે શાંતિ રાખશે તો થશે ? તેની શાંતિ તેનામાં છે, તારી શાંતિ તારામાં છે. જે જીવ અશાંતિ પોતાના અજ્ઞાનના કારણે ઊભી કરે છે તે પોતે જ્ઞાન કરી શાંતિ કરે તો સુખી થાય, બીજો કોઈ સુખી કરી દ્યે–એમ નથી. પોતાના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થઈ એકપણું સાધી શાંતિ ને આનંદ અનુભવવો જોઈએ તેને બદલે અજ્ઞાની જીવ આત્માને ભિખારો માની, પોતાનું સુખ પરમાં છે એમ માની અનેક પરપદાર્થનો આશ્રય લઈ વિકલ્પો ઉઠાવ્યા જ કરે છે. જેમ પાણીનું પૂર એક સરખું ચાલ્યું જતું હોય પણ રસ્તામાં પુલ આવે તો જેટલા પુલના થાંભલા હોય તેટલા ખંડખંડ રૂપે તે પ્રવાહ થઈ જાય છે, તેમ જ્ઞાનજલ એક પ્રવાહી છે. પર્યાયમાં પ્રગટ થઈ સ્વભાવમાં અભેદ થવું જોઈએ પણ અજ્ઞાની અનેક પ્રકારના વિકલ્પોને ઊભા કરી જ્ઞાનની એકરૂપ પરિણતિ નહિ કરતો અનેક પ્રકારે ખંડખંડ કરે છે, એક પછી એક વિકલ્પો સતત કર્યા જ કરે છે. આનું કરી દઉં, આમાંથી સુખ મેળવી લઉં વગેરે અનેક પ્રકારનાં વિકલ્પોમાં રોકાઈ જ્ઞાનપરિણતિ ને ખંડખંડ કરે છે ને તેમાં સતત પ્રવર્તે છે ને તે પ્રકારના વિકલ્પોમાં પ્રવર્તતો હોવાથી ચારિત્રમાં મલિનતા ઊભી કરે છે.

આવી રીતે જેને આગમનો અભ્યાસ નથી, પદાર્થોનો નિર્ણય નથી તે અજ્ઞાની જીવને પોતાનો આત્મા જાણનાર-દેખનાર છે એવી પ્રતીતિ, જ્ઞાન ને રમણતા નથી તેથી તે પોતાને અનેકપણે શ્રદ્ધે છે, અનેકપણે જાણે છે ને અનેક પ્રકારના વિકલ્પોથી પોતાની પરિણતિને ખંડખંડ કરે છે, તેને સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પ્રવર્તતી એકાગ્રતા થતી નથી. હું આત્મા જ્ઞાનસ્વભાવી છું એવી

પ્રતીતિ, હું આત્મા જ્ઞાનસ્વભાવી છું એવું જ્ઞાન, હું આત્મા જ્ઞાનસ્વભાવી છું તેમાં વિકાર રહિત રમણતા કરવી જોઈએ એવી વૃત્તિસ્વરૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પરિણતિએ પ્રવર્તતી જે દ્રશિ–જ્ઞપ્તિ–વૃત્તિરૂપ આત્મતત્ત્વમાં એકાગ્રતા અજ્ઞાનીને નથી. પણ હું પુણ્યવાળો છું, વિકારવાળો છું, હું કુટુંબવાળો છું, હું દયા પાળનાર છું, એવી ઊંધી પ્રતીતિ, ઊંધું જ્ઞાન, ઊંધી સ્થિરતા હોય છે. તેથી તે અનેકપણું અનુભવે છે. આમ તત્ત્વની શ્રદ્ધા નથી તેથી સ્વરૂપમાં એકાગ્રતા નથી. એકાગ્રતા વિના આત્મસ્વરૂપની લીનતારૂપ મુનિપણું હોતું નથી. મુનિપણું નગ્ન અવસ્થામાં, વિકલ્પમાં, પાંચ મહાવ્રતમાં નથી પણ આત્મસ્વભાવ કે જે પરપદાર્થ ને પુણ્ય-પાપ રહિત છે તેમા એકાગ્રતા તે મુનિપણું છે. પણ અજ્ઞાની જીવ ખંડખંડ કરી અનેકપણું કરે છે, તેને મુનિપણું હોઈ શકે નહિ, તેને ધર્મ પણ થતો નથી.

*

પ્રસાદ નં. ૧૮૧

પ્રવચનસાર ગાથા ૨૩૨

(ચૈત્ર વદ ૧૩, ગુરુવાર)

ભગવાને કહેલાં આગમોનો અભ્યાસ નથી તેને પદાર્થોનો નિર્ણય નથી. તે સ્વ-પરની જુદાઈને જાણતો નથી. જેમાં સંદેહ નથી એવા કૃતનિશ્ચય આત્માને, પરની ક્રિયા રહિત નિષ્ક્રિય આત્માને, પર અને વિકારના ભોગવટા રહિત નિર્ભોગ આત્માને જે શ્રદ્ધતો નથી તેને ધર્મ થતો નથી. આવા આત્માની પ્રતીતિ નથી તેને વ્યગ્રતા છે, તેને એકાગ્રતા નથી. તેથી તે જીવને સાધુપદ હોઈ શકે નહિ. અહો ! એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણનાર ભગવાન આત્માનું અજ્ઞાની જીવ અંતર્મુખ રુચિ કરી જ્ઞાન કરતો નથી.

સમ્યક્ જ્ઞાનરૂપી નયન–આંખ પ્રગટ ન કરી એટલે ભગવાન આત્માને જોયો નહિ. શરીર ને પરપદાર્થો મારા છે, પુણ્યથી લાભ છે એવો મિથ્યાભાવ તે પાપ છે. આત્મા જ્ઞાતાસ્વભાવી છે તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરી મિથ્યાત્વનો ને રાગ-દ્વેષનો નાશ કરે છે તે પોતે હરિ છે. કોઈ આત્મા પરમેશ્વર છે તે તો તેના હરિ છે. તે આ જીવને કાંઈ આપી દે તેમ નથી. પોતે સાચી સમજણ કરી હરિ થાય છે. આત્મામાંથી સાચા જ્ઞાન વડે પરમાત્મદશા પ્રગટ કરે તે નર નારાયણ છે. પણ અજ્ઞાનીને આવા આત્માનું ભાન નથી તેથી તેને ધર્મ થતો નથી ને સાધુપદ હોતું નથી.

આથી એમ કહ્યું કે મોક્ષમાર્ગ અથવા મુનિપણાની સિદ્ધિ કરવા માટે મુમુક્ષુએ સર્વજ્ઞ શક્તિ ખીલી છે એવા સર્વજ્ઞ ભગવાનના શાસ્ત્રમાં નિષ્ણાત થવું. જેમ કમળ વિકાસ પામે તેમ જેનો ચૈતન્યસ્વભાવ શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા દ્વારા પરિપૂર્ણ ખીલી ગયો છે એવા સર્વજ્ઞ ભગવાને વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું જાણ્યું છે ને વાણી દ્વારા એવું જ કથન આવ્યું છે. ભગવાનની ઓમ ધ્વનિને શબ્દબ્રહ્મ કહે છે ને અનેકાંત જેનું લક્ષણ છે તે શબ્દબ્રહ્મમાં નિષ્ણાત થવું.

અનેકાંત વસ્તુના અનેક ધર્મોને બતાવે છે. તેનાં દ્રષ્ટાંતો :–

આત્મા આત્માથી છે, પરથી નથી; સ્વભાવ સ્વભાવમાં છે, સ્વભાવ વિભાવમાં નથી; વિભાવ વિભાવમાં છે, વિભાવ સ્વભાવમાં નથી; એક ગુણ તે ગુણમાં છે, બીજા ગુણમાં નથી; એક વર્તમાન પર્યાય વર્તમાન પર્યાયરૂપે છે ને બીજી ભૂત–ભવિષ્યની પર્યાયરૂપે નથી. સાધકપર્યાયમાં પૂરી પર્યાય નથી ને પૂરી પર્યાય અધૂરારૂપે નથી.

૧. એક પદાર્થ બીજા પદાર્થરૂપે નથી એમ નક્કી કરતાં ત્રણે કાળના પદાર્થોરૂપે નથી એમ નક્કી થાય છે. તેથી કોઈ પદાર્થ બીજા પદાર્થને લાભ-નુકશાન કરે નહિ, સહાય પહોંચાડે નહિ.

૨. એક ગુણ બીજા ગુણરૂપે નથી એમ નક્કી કરતાં ત્રણે કાળ કોઈ ગુણ બીજા ગુણનું કામ કરે નહિ માટે એક ગુણ બીજાને સહાય કરે નહિ.

૩. એક પર્યાય બીજી પર્યાયરૂપે નથી. એકબીજામાં અભાવ છે. તો પૂર્વ પર્યાય વર્તમાનને મદદ કરે તે વાત રહેતી નથી.

આમ એક પદાર્થને બીજા પદાર્થની અપેક્ષા નહિ હોવાથી દ્રવ્ય પરિપૂર્ણ સાબિત થાય છે. એક ગુણ બીજા ગુણની અપેક્ષા રાખતો નથી માટે ગુણ પરિપૂર્ણ સાબિત થાય છે, એક પર્યાય બીજી કોઈ પર્યાયની અપેક્ષા રાખતો નથી માટે પર્યાય પરિપૂર્ણ સાબિત થાય છે.

અહો ! અનેકાંત વસ્તુસ્વરૂપ અદ્‌ભુત છે.

અનેકાંત વસ્તુનું સ્વરૂપ સમજી પોતામાં સ્વતંત્રતા પ્રગટ કરવી તે સ્વરાજ્ય છે. આત્મા પોતે શિવાનંદ સ્વરૂપ છે. તેને કોઈ મારી શકે નહિ, શરીરને મારી શકે નહિ, શરીરનો વ્યય થાય તેને લોકો મૃત્યુ કહે છે. પરમાણુની અવસ્થા પલટી છે. સંયોગી ચીજ છે તેનો પણ નાશ થતો નથી તો પછી અસંયોગી આત્મા કદી મરે તેમ બને નહિ. માટે આત્માનું સ્વરૂપ જેવું છે તેવું અનેકાંત દ્વારા જાણવું, તેમાં નિષ્ણાત થવું–પારંગત થવું, અવગાહન કરી પત્તો મેળવવો. દરિયામાં જેમ મોતી લેવા ડૂબકી મારે છે તેમ આગમ ઊંડા દરિયા છે તેમાં ઊંડા પ્રવેશ કરી સ્વભાવમાં નિષ્ણાત થવું, તેનાથી જ મોક્ષમાર્ગની સિદ્ધિ છે.

પ્રશ્ન :–દ્રવ્યલિંગી મુનિએ ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય તો તે નિષ્ણાત ખરો કે નહિ ?

ઉત્તર :–ના. શાસ્ત્રમાં જેમ કહ્યું છે તેમ દ્રવ્યલિંગી મુનિ શ્રદ્ધા કરતો નથી. તે ઊંડે ઊંડે પુણ્યથી ધર્મ માને છે, તે શાસ્ત્રથી વિરુદ્ધ છે માટે તે શાસ્ત્રમાં નિષ્ણાત નથી, ને કોઈ સમકિતીને જ્ઞાનનો અલ્પ ઉઘાડ હોવા છતાં આગમે કહેલા ભાવનું ભાસન છે. શરીર જડ–પર છે, વિકાર તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા જ્ઞાનસ્વભાવી છે, એવું ભાન તેને વર્તે છે માટે તે બધાં શાસ્ત્રોમાં નિષ્ણાત છે.

બાપદાદાના જૂના ચોપડામાં જૂનો ગરાસ ને લેણું નીકળે તો વેપારી ઝીણવટથી તપાસે છે તેમ ભગવાનના ચોપડામાં કેવળલક્ષ્મીનો ભરેલો જૂનો ગરાસ નીકળ્યો છે. ચોપડામાં લેણું નીકળ્યું છે. જુઓ, આગમ કહે છે કે તમારું આ

જૂનું લેણું વસુલ કરી શકો છો. ચોપડામાં લેણી રકમની અમુક વર્ષની મુદત બાંધે છે. અહીં તો આગમ કહે છે કે **તું નરકમાં ગયો, નિગોદમાં ગયો, ભલે અનંતકાળ ગાળ્યો, અમોએ તે મુદત માંડી વાળી છે. તારું લેણું તું લઈ શકે છે. રખડવાની પર્યાય એક સમયની છે. પર્યાયબુદ્ધિ ઉપર મીંડા વાળ ને કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી અંદરથી કાઢ.** આમ અનાદિકાળનો ખોવાયેલો આત્મા પ્રગટ થઈ શકે છે. માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો. આ એકલા મુનિ માટે નથી પણ બધાએ એ જ અભ્યાસ કરવો યોગ્ય છે.

ભાવાર્થ :—આગમ વિના પદાર્થોનો નિશ્ચય થતો નથી. પદાર્થોનો નિશ્ચય નથી માટે પદાર્થોના સ્વરૂપ વિષે વિપરીત શ્રદ્ધા છે. માટે અજ્ઞાનીને ચંચળતા રહ્યા કરે છે. અજ્ઞાની જીવ પરપદાર્થનું કરવાની અભિલાષાથી ક્ષોભ પામે છે ને પરપદાર્થોને ભોગવવાની અભિલાષાથી અસ્થિરતા પામે છે. આમ હોવાથી અજ્ઞાની જીવ સ્વરૂપમાં એકાગ્ર થઈ શકતો નથી. અજ્ઞાની જીવ કહે છે કે હું બેઠો છું ત્યાંસુધી તમારું કરીશ, પછી કોણ તમારું કરશે ? બીજા આત્મા અને પરમાણુની અવસ્થા ફેરવી શકતો નહિ હોવા છતાં આટલું કામ બાકી રહી ગયું, છોકરો કુંવારો રહી ગયો, આ મકાન અધૂરું રહી ગયું, પાંચ હજાર રૂપિયા ધર્મમાં નોંધાવજો પણ રૂપિયા રાખીને વ્યાજમાં જમણ કરજો. આમ મૂડી પેક રાખીને અભિમાન કરે છે. અરે ભાઈ, કોઈપણ જીવ પરનું કામ કરી શકતો નથી, અજ્ઞાની જીવને મરવા વખતે સાકરનું પાણી યાદ આવે છે પણ અમૃત આત્મા યાદ આવતો નથી. પરના કર્તૃત્વ–ભોક્તૃત્વ રહિત શુદ્ધ સ્વભાવથી ભરેલો અમૃતમય આત્મા છે તેને યાદ કર, નકામો ક્ષોભ ન કર. એકવાર ચૈતન્ય સ્વભાવનાં ગાણાં ગા ને એકાગ્રતાને ઘૂંટીને અમૃત પી. પણ જેમ રૂની પૂણી ખૂટે ત્યારે બીજી પૂણી સાંધે છે તેમ અજ્ઞાની જીવ ચૈતન્ય સ્વભાવની એકાગ્રતા નહિ કરતા એક પછી એક વિકલ્પ સાંધ્યા કરે છે ને ક્ષોભ પામે છે. આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન–ચારિત્રરૂપે થતી શુદ્ધાત્માની પ્રવૃત્તિ અજ્ઞાની જીવને એકાગ્રતા વિના હોતી નથી, તેથી તેને મુનિપણું પ્રાપ્ત થતું નથી. માટે મોક્ષના અભિલાષી જીવોએ સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રોમાં પ્રવીણતા પ્રાપ્ત કરવી.

આ ગાથાઓમાં સર્વજ્ઞે કહેલી સમસ્ત દ્રવ્યશ્રુતને સામાન્યપણે આગમ કહેવામાં આવેલ છે. કોઈ વાર દ્રવ્યશ્રુતના આગમ અને પરમાગમ એવા બે ભેદ પણ પડે છે. જીવના ભેદો તથા કર્મોના ભેદ બતાવનાર દ્રવ્યશ્રુતને 'આગમ' કહે છે ને સમસ્ત દ્રવ્યશ્રુતના સારભૂત ચિદાનંદ એક ભગવાન આત્માના પ્રકાશક અધ્યાત્મ–દ્રવ્યશ્રુતને 'પરમ આગમ' કહેવામાં આવે છે.

સમયસાર, પંચાસ્તિકાય, નિયમસાર, અષ્ટપાહુડ, તત્ત્વાર્થસૂત્ર, પ્રવચનસાર–બધાને પરમ આગમ કહે છે. સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય ત્રણે પ્રાભૃતગ્રંથો છે, તેમાં ચૈતન્યની મુખ્ય વાત છે. ત્રણે પરમ આગમ છે. ॥૨૩૨॥

હવે જે જીવને આગમનો અભ્યાસ નથી તેને પવિત્રતા પ્રગટ થતી નથી એટલે કે કર્મનો નાશ થતો નથી.

ગાથા ૨૩૩

આગમરહિત જે શ્રમણ તે જાણે ને પરને, આત્મને;
ભિક્ષુ પદાર્થ—અજાણ તે ક્ષય કર્મનો કઈ રીત કરે ? ૨૩૩.

અન્વયાર્થ :—આગમહીન શ્રમણ આત્માને (પોતાને) અને પરને જાણતો નથી જ; પદાર્થોને નહિ જાણતો ભિક્ષુ કર્મોને કઈ રીતે ક્ષય કરે ?

ટીકા :—ખરેખર ભગવાનની વાણી વિના સ્વ-પર ભેદવિજ્ઞાન થતું નથી. હું આત્મા જ્ઞાનસ્વભાવી છું ને શરીર, કર્મ પર છે. આત્મા તે સ્વ છે ને વિકાર પર છે– એવું ભેદવિજ્ઞાન થતું નથી. તેમ જ આત્મા સકળ લોકાલોકને જાણનારા જ્ઞાનસ્વભાવવાળો પરમ આત્મા છે, એવું જ્ઞાન પણ ભગવાનની વાણી વિના થતું નથી. આવું જેને સ્વ-પર ભેદવિજ્ઞાન નથી તેમ જ પરમાત્મજ્ઞાન નથી તે જીવને મોહનીય આદિ જડ કર્મનો, રાગદ્વેષાદિ ભાવકર્મનો તથા અધૂરા જ્ઞાનના કાર્યનો નાશ થતો નથી. જ્ઞાનનું એક જ્ઞેયથી બીજા જ્ઞેયમાં પલટાવું તે જ્ઞપ્તિપરિવર્તનરૂપ કર્મ છે. છદ્મસ્થને અધૂરી દશામાં જ્ઞાન પલટો ખાય છે. તે અધૂરા જ્ઞાનની દશા તે આત્માનો સ્વભાવ નથી. જડ કર્મ તો પર છે, તેનો આત્મામાં અત્યંત અભાવ છે, પણ વિકાર હોય છે ત્યાંસુધી જડકર્મ નિમિત્તરૂપે હોય છે. ભાવકર્મ તે મોહ-રાગ-દ્વેષ છે. તે તો આત્માનો સ્વભાવ નથી પણ જ્ઞાનની અધૂરી દશારૂપે રહેવું તે પણ આત્માનો સ્વભાવ નથી. પરિપૂર્ણ જ્ઞાનમાં એક જ્ઞેય ઉપરથી બીજા જ્ઞેય ઉપર પલટો થાય નહિ. માટે આત્મજ્ઞાન ને પરમાત્મજ્ઞાન રહિત જીવને દ્રવ્યકર્મ, ભાવકર્મ ને અધૂરા જ્ઞાનનો નાશ થતો નથી.

(૧) પ્રથમ તો જગતને આગમનું જ્ઞાન જ નથી. વ્યવહારનાં ડાહ્યા જીવને ચોપડાનું પાને પાનું યાદ હોય પણ સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રોમાં શું છે તેની ખબર નથી. શાસ્ત્રની રુચિ નથી. કેવું છે આ જગત ? ચોરાશીના અવતારનો પાર નથી.

(૨) મિથ્યાત્વરૂપી મહામોહથી ભવરૂપ સરિતા વહી રહી છે. જેમ નદીમાં પાણીના લોઢે લોઢ ઊછળે છે તેમ અજ્ઞાનીની પર્યાયમાં મોહના લોઢ ઊછળે છે. તે મોહ ભવરૂપી નદીના પ્રવાહને વહેવડાવે છે.

(૩) જેવી રીતે ધતૂરો પીધેલ માણસ જગતના ધોળા પદાર્થોને પણ પીળા જુએ છે તેમ અજ્ઞાની જીવે મિથ્યાત્વરૂપી દારૂ પીધો છે તેથી તેને સ્વ-પરનો વિવેક નાશ થયો છે. જેમ ગોશળિયો બહારગામ ગયો ને પોતે ગોશળિયો છે એવું ભૂલી ગયો ને પોતાને શોધવા નીકળ્યો, તેમ ભગવાન આત્મા પોતે સુખસ્વરૂપ છે તે પોતાને શોધવા નીકળ્યો કે આત્મા ક્યાં હશે ? પુણ્ય-પાપ તે હું ? રાગ તે હું ? ભાઈસાહેબ, આત્મા કોણ તે અમોને ખબર પડતી નથી. પોતાને જ ભૂલી ગયો. આવી રીતે વિવેક નહિ હોવાથી વિવેકશૂન્ય જ્ઞાનજ્યોતિ વડે જુએ છે. કારણ કે અજ્ઞાનીનું જ્ઞાન ફીટીને જડ ન થાય એટલે કે ભેળસેળ જ્ઞાન વડે જાણે છે તો પણ સ્વ ને પરનો નિશ્ચય કરાવનાર આગમ ઉપદેશપૂર્વક પોતે જ્ઞાનસ્વરૂપ છે તેવા અનુભવનો અભાવ છે. આત્મા તે સ્વ છે ને આત્મપ્રદેશે રહેલાં શરીર, કર્મ પર છે. આત્માનો શુદ્ધ ઉપયોગ તે સ્વ છે ને દયા-દાનાદિના મિશ્રણ સહિતનો મિશ્રણઉપયોગ તે પર છે—એમ સ્વ-પરનો વિવેક સિદ્ધ થતો નથી. આત્મા આત્મામાં છે ને શરીર શરીરમાં છે. આત્મપ્રદેશસ્થિત જે કહ્યું છે તે ચરણાનુયોગનું કથન છે. આત્માને એકક્ષેત્રે શરીર, કર્મ રહેલાં છે તેથી આત્મપ્રદેશસ્થિત કહ્યું છે.

આવી રીતે વિવેક નહિ હોવાના કારણે સ્વ-પર ભેદવિજ્ઞાન નથી તેથી તેને ધર્મ થતો નથી.

*

પ્રસાદ નં. ૧૮૨

પ્રવચનસાર ગાથા ૨૩૩

(ચૈત્ર વદ ૧૪, શુક્રવાર)

"અજ્ઞાની જીવને મોહના કારણે સ્વ-પર ભેદ વિજ્ઞાન થતું નથી."

પ્રથમ તો સર્વજ્ઞદેવે કહેલાં શાસ્ત્રોનો જગતને અભ્યાસ નથી. તેવા જગતે અનાદિ કાળથી મિથ્યાત્વરૂપી દારૂ પીધો છે. શરીર ને પુણ્ય મારાં છે, એવા મોહથી મલિન થઈ ભવરૂપી નદીને વહાવી છે ને ચોરાશીમાં અવતાર ધારણ કરે છે તે જીવને સ્વ-પરનો ભેદ નથી, તે જડરૂપ થયો નથી પણ તેને પરથી જુદાનો ખ્યાલ નથી. જેમ સોનાની સાંકળીનાં મકોડા હજાર હોવા છતાં સાંકળી એક છે, તેમ આત્માને અસંખ્ય પ્રદેશો હોવા છતાં તે એક છે, સંકોચ-વિસ્તાર પામી શકે એવા અવયવવાળો છે. તે આત્માના એક ક્ષેત્રે શરીરને કર્મ રહેલાં છે. આત્મા શરીર ને કર્મથી જુદો છે. કોઈ અન્યનું ઘરેણું લગ્નમાં માગી આવે તો તે ઘરેણું પોતાનું થઈ જતું નથી, તેમ શરીર પારકું ઘરેણું છે તે આત્માનું થતું નથી પણ અજ્ઞાની જીવ શરીર છૂટું પડતાં, હું મરી ગયો એમ માને છે. આત્મા ત્રિકાળી વસ્તુ તે સ્વ છે ને શરીર, કર્મ તે પર છે. આત્માના જ્ઞાન દર્શનનો શુદ્ધ વ્યાપાર તે સ્વ છે ને મલિનભાવવાળો ઉપયોગ તે પર છે. આમ સ્વ-પર ભેદવિજ્ઞાનનો અજ્ઞાનીને અભાવ છે. દયા-દાનાદિ વિકારી ભાવ તે આત્માનો સ્વભાવ તો નથી પરંતુ પર્યાયનો પણ તે ખરેખર સ્વભાવ નથી.

<u>સ્વ પર્યાયનો જ્ઞાન દર્શન ઉપયોગમય સ્વભાવ છે. દયા, દાનમાં અટકે તેવો પર્યાયનો પણ સ્વભાવ નથી. આમ અજ્ઞાનીને સ્વ-પર ભેદ વિજ્ઞાન સિદ્ધ થતું નથી.</u>

અહો ! જ્યારે શરીર, કર્મ કે જે એક ક્ષેત્રે રહેલાં છે ને વિકાર જે પોતાની પર્યાયમાં થાય છે તે પણ પર છે તો પછી બૈરાં–છોકરાં, દુકાન, પૈસા આત્માની ચીજ કદી પણ હોઈ શકે જ નહિ. ચેતન અને જડના દ્રવ્ય-ગુણ-પર્યાય જુદે જુદા છે છતાં પણ અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે હું પરની દયા પાળું છું, વ્રત કરું છું, બીજાને મદદ કરું છું, બીજાની વ્યવસ્થા કરું છું. હું છું તો ભાષા બોલાય છે વગેરે પ્રકારે અભિમાન કરે છે. પરનાં દ્રવ્ય-ગુણ-પર્યાય જુદા છે ને સ્વઆત્માનાં જુદાં છે, એવું તેને ભાન નથી.

સાચાં આગમ કોને કહેવાં ? ને તેનો ઉપદેશ કેવો હોવો જોઈએ ?

જે શાસ્ત્રો શરીર ને આત્મા એક કહે, કર્મથી આત્મા રખડે એમ બતાવે, તે વીતરાગનાં શાસ્ત્રો નથી. પણ શરીર ને કર્મથી આત્મા જુદો છે તેમ બતાવે, ચૈતન્ય ને અનુવિધાયી શુદ્ધ ઉપયોગરૂપ પરિણતિથી વિકારી પરિણતિ જુદી છે તેમ બતાવે, કર્મ આત્માને હેરાન કરતા નથી એમ બતાવે, દયા-દાનાદિ પરિણામ જેવડો જ આત્મા નથી પણ જાણનાર–દેખનાર તે જ આત્મા છે એમ બતાવે, તે વીતરાગનાં શાસ્ત્રો છે. આત્મા સતપદાર્થ છે, અનંતા ગુણોનો પિંડ છે. તે પલટન પામે છે. પર્યાયમાં વિકાર છે પણ તે આત્માનું સ્વરૂપ નથી માટે પર છે. વળી દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પર છે. તેનાથી ધર્મ થાય તેમ મનાવે નહિ. શાસ્ત્ર કહે છે કે મારા તરફની વૃત્તિ ઊઠે છે, દેવ-ગુરુ પ્રત્યે વિકલ્પ ઊઠે છે, તે તારા ઉપયોગની ચીજ નથી. ચૈતન્યને અનુસરીને થનારી ચીજ તારી છે. તું તો ચૈતન્યજ્યોતિ છો. અજ્ઞાન રાગ-દ્વેષને બાળી નાખે તેવી તારી જ્ઞાનજ્યોતિ છે–એમ જે કહે તે વીતરાગનાં આગમ છે. **વળી અહીં આગમોપદેશપૂર્વક કહ્યું છે. આગમપૂર્વક કહ્યું નથી. આગમ અનુસાર કહેનારા જ્ઞાની પુરુષોના ઉપદેશપૂર્વક એમ તેનો અર્થ છે.** એટલે જે વીતરાગનાં શાસ્ત્રો મળવા છતાં શરીરની ક્રિયાથી ધર્મ મનાવે, કર્મથી આત્મા રખડે એમ ઉપદેશે, દયાદાનથી લાભ થાય એમ મનાવે તે આગમનો યથાર્થ ઉપદેશક નથી. માટે તેવા ખોટા ઉપદેશક પણ કાઢી નાખ્યા છે. અહીં તો આગમે કહેવા મુજબ યથાર્થ ઉપદેશ આપે તેની વાત છે એટલે કે ઉપદેશક જ્ઞાની હોવા જોઈએ, એમ પણ નક્કી થાય છે. અહીં ઉપદેશ નિર્ણય કરાવે છે તે કથન ચરણાનુયોગનું છે. પોતે નિર્ણય કરે છે તો આગમના ઉપદેશને નિમિત્ત કહે છે. મુનિ તેમ જ ગૃહસ્થો બધા માટે આ જ ઉપદેશ છે. સૌ માટે સુખી થવાનો રસ્તો આ એક જ છે. જ્ઞાનીના ઉપદેશ દ્વારા આગમનો અભ્યાસ કરી સ્વ-પર ભેદવિજ્ઞાન કરવું.

વળી અજ્ઞાની જીવને સાચા આગમના ઉપદેશનો અભાવ છે. આત્મા પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવી છે. તેમાં એકાગ્ર થતાં સર્વદર્શી ને સર્વજ્ઞ પર્યાય પ્રગટ થઈ શકે એમ છે. એવા પરમાત્મસ્વભાવને બતાવનારા આગમનો ઉપદેશ અજ્ઞાનીને મળ્યો નથી. કદાચિત્ કોઈ જીવને આવો ઉપદેશ મળે કે તું ભગવાન છો, પરમાત્મા છો, તોપણ તે કહેશે કે "ભાઈસાહેબ, અત્યારે પરમાત્મા થવાય ? ના, ના. આ તો પાંચમો આરો છે. તમો ભગવાન કહો છો પણ હું એવો નથી. ભગવાન નામના છોકરાને તેના કુટુંબીઓ આ ભગુ પશુ જેવો છે એમ કહેતા તે યાદ રાખીને ભગુ બધે કહેતો ફરે કે હું ભગુ પશુ છું. તેમ શાસ્ત્રે પર્યાયદ્રષ્ટિએ થયેલાં જુદાં જુદાં

ભવોનું જ્ઞાન કરાવ્યું તો અજ્ઞાનીજીવે ભગુ–પશુની પેઠે પકડી રાખ્યું કે હું તો એકેન્દ્રિય છું. પંચેન્દ્રિય છું, હું રાગી છું, હું કર્મવાળો છું, એમ પોતાને માનવા લાગ્યો. જ્ઞાની કહે કે ભાઈ તું ભગવાન છો, પરમાત્મા છો. તું રાગી નથી, કર્મવાળો નથી. તોપણ અજ્ઞાની જીવ ના પાડે છે. આગમનો ઉપદેશ બેઇન્દ્રિય આદિનું જ્ઞાન કરાવી તે પર્યાયમાં અટકવા માટે ન હતો. પણ ઇન્દ્રિયોથી રહિત, રાગ-દ્વેષથી રહિત, અપૂર્ણતાથી રહિત, પરિપૂર્ણ પરમાત્મા છો એમ પ્રતીતિ કરાવવા અધ્યાત્મશાસ્ત્રોનો ઉપદેશ છે તેની અજ્ઞાનીને ખબર નથી. અજ્ઞાની કહે છે કે હું સર્વદર્શી થઈ શકું એમ નથી, હું તો રાંકો ભિખારી છું. પાંચમા આરામાં શરીરની નબળાઈ હોય, આવા કાળે પરમાત્માની વાતો ન હોય. ભગવાનની કૃપા હોય તો તરી જવાય. તો પછી એમ નક્કી થયું કે ભગવાનની અકૃપાથી તું રખડ્યો પણ તારી ભૂલથી રખડ્યો નહિ–એમ તું માને છે. પણ તે યથાર્થ નથી. અજ્ઞાની કહે છે કે પાંચમે કાળે આવો ઉપદેશ ! આમ સાચા ઉપદેશની અવજ્ઞા કરે છે. આવી રીતે સાચા ઉપદેશનો અભાવ છે તેથી તેને સ્વ–અનુભવ થતો નથી.

પ્રતાપવંત જ્ઞાનસ્વભાવી એક પરમાત્મા કેવો છે ?

આ જગતમાં ત્રણેકાળ જડ ને ચેતનની પરિપાટી ચાલી જાય છે. જેમ ઘોડો એક પછી એક પગ ઉપાડતો દોડ્યો જાય છે તેમ જડ ને ચેતન દ્રવ્ય દ્રવ્યપણે કાયમ રહી એક પછી એક એની અવસ્થા ક્રમબદ્ધ થયા કરે છે. એવા જડ ને ચેતન પદાર્થોની ત્રિકાળ પરિપાટી ચાલ્યા જ કરે છે. તેમાં વિચિત્ર પર્યાયોનો સમૂહ પ્રગટ થાય છે. એક પરમાણુ એક સમયમાં લીલો હોય તે બીજે સમયે કાળો થઈ જાય છે. નિગોદમાંથી એક જીવ નીકળી, મનુષ્ય થઈને તે જ ભવે કેવળજ્ઞાન પામે છે. અહીં કોઈ ધર્મી જીવ બિમાર અવસ્થામાં હોય, શરીર જીર્ણ થયું હોય, બીજે સમયે ગુજરી જાય ને દેવનું સુંદર શરીર પ્રાપ્ત થાય. ક્ષેત્ર ફરે, ભાવ ફરે, ભવ ફરે, આ શું ? આટલો બધો ફેરફાર ! એમ જડ ને ચેતન વસ્તુમાં વિચિત્ર પર્યાયોનો સમૂહ પ્રગટ થાય છે. અનંતકાળની અનંત પર્યાયો પ્રગટ થાય છે, એવા અગાધ ગંભીર સ્વભાવી વિશ્વને આત્મા જાણી લ્યે તેવો છે. જ્ઞાનસ્વભાવી પરમાત્મા વિશ્વને જ્ઞેયરૂપ કરીને પ્રતાપવંત વર્તે છે. વિશ્વમાં જડ ને ચેતન અનંત પદાર્થોનાં દ્રવ્ય ગુણપર્યાય છે. તે અનંત હોવા છતાં તે અનંતને એક સમયમાં જાણી લ્યે છે માટે એક કહ્યો છે. વળી પ્રતપતા કહ્યું છે. પોતે જ જ્ઞાન કરવા માટે પ્રતાપવંત છે. અનેક જ્ઞેયો છે માટે જ્ઞાન થાય છે–એમ નથી. પણ સ્વજ્ઞેય તથા અનંતા પરજ્ઞેયોને એક સમયમાં સ્વયં જાણી લ્યે છે. આવી શક્તિવાળો આત્મા દરેક જીવનો છે.

શાસ્ત્રહીન અજ્ઞાની જીવને "હું પરમાત્મા સ્વરૂપ છું" એવું જ્ઞાન હોતું નથી.

પણ અજ્ઞાનીને પ્રતાપવંત જ્ઞાનસ્વભાવી એક પરમાત્માની ખબર નથી. પોતાની કિંમત નથી. ગામડાના માણસને હીરાની કિંમત કહે તો કહેશે કે આટલી બધી કિંમત ! તેમ અજ્ઞાનીને અનંત શક્તિવાળા પરમાત્મસ્વરૂપની વાત કરતાં નવાઈ લાગ છે. પણ ભાઈ ! તું એવો જ છો. તે શક્તિનો તોલ રાગ ને શરીરથી થાય નહિ પણ જ્ઞાન એકથી જ તોલ થઈ શકે. પરમ આત્મા એકલો ચૈતન્ય જ્યોતસ્વરૂપ છે. જ્ઞેયોની પર્યાયો વિચિત્રતાના સમૂહસ્વરૂપ છે છતાં એક પર્યાય આડીઅવળી પ્રગટ થતી નથી. એવી બધી પર્યાયોને એક સમયમાં જાણવાનો સ્વભાવ પોતાનો છે એવું તેને જ્ઞાન થતું નથી કારણ કે તેને આગમનો અભ્યાસ નથી તેમ જ સાચા ઉપદેશદ્વારા વાત સાંભળી નથી.

શરીરાદિ પર તથા વિકાર સાથે એકત્વબુદ્ધિના કારણે અજ્ઞાનીને કર્મનો ક્ષય થતો નથી.

આ રીતે અજ્ઞાની જીવ પરાત્મજ્ઞાનથી શૂન્ય છે. આત્મા તે સ્વ છે ને શરીર, કર્મ આદિ પદાર્થો પર છે. ચૈતન્યને અનુસરીને થતો શુદ્ધ ઉપયોગ તે સ્વ છે ને દયાદાનમાં અટકતો વિકારી મિશ્ર ઉપયોગ તે પર છે. આવું પરાત્મ જ્ઞાન નથી એટલે આત્મા સ્વ ને વચ્ચેનું ભેદજ્ઞાન જેને નથી તેને દ્રવ્યકર્મ ને ભાવકર્મનો નાશ થતો નથી. કારણ કે તે અજ્ઞાની જીવ દ્રવ્યકર્મના નિમિત્તે થતા શરીર વગેરે સાથે એકતા અનુભવે છે. શરીર તે જ હું છું—એમ માને છે તથા મોહરાગ-દ્વેષ સાથે એકતા અનુભવે છે. વિકારથી આત્માને લાભ માનવો તે મોહ સાથે એકત્વબુદ્ધિ કહેવાય છે. વિકાર જેટલો જ હું છું એમ માને છે. શરીર તથા પુણ્યથી આત્મા જુદો છે એમ સ્વ-પર વિવેક નહિ કરતાં શરીર તથા વિકાર સાથે એકત્બુદ્ધિ કરવી તે જ પર્યાયબુદ્ધિ છે. તેથી તે આત્મા વધ્ય છે ને મોહાદિભાવકર્મો ઘાતક છે. ને મોહાદિ દ્રવ્યકર્મો પણ તેમાં નિમિત્તભૂત હોવાથી ઘાતક કહેવાય છે. આવી રીતે પર્યાયબુદ્ધિ હોવાના કારણે વધ્ય—ઘાતકના વિભાગનો અભાવ છે એટલે વધ્ય—ઘાતકપણું છે. આત્મા તથા વિકારનો વિભાગ નથી પણ એકપણું છે. જો આત્માને વિકારનો વિભાગ હોય તો વધ્ય—ઘાતકપણું હોઈ શકે નહિ. પણ પર્યાયબુદ્ધિ હોવાના કારણે અજ્ઞાની જીવને દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો નાશ થતો નથી. અનંતકાળથી પરિભ્રમણ કરે છે. માટે જેને સંસારમાંથી બચવું હોય તેણે સત્ સમાગમે આગમનો અભ્યાસ કરવો. ને સ્વ-પર ભેદવિજ્ઞાન કરવું.

*

પ્રસાદ નં. ૧૮૫

પ્રવચનસાર ગાથા ૨૩૩

(વૈશાખ સુદ ૧, રવિવાર)

કેવળી ભગવાને દિવ્યધ્વનિ દ્વારા વસ્તુનું સ્વરૂપ કહ્યું, તે આગમોમાં લખાયું છે. તે આગમનું જેને જ્ઞાન નથી તેને સ્વ અને પરનું ભેદજ્ઞાન નથી. આત્મા તે સ્વ છે ને શરીરાદિ પર છે. આત્માનો જ્ઞાનદર્શન શુદ્ધ ઉપયોગ તે સ્વ છે ને દયા-દાનાદિના વિકારી પરિણામવાળો ઉપયોગ તે પર છે–એમ સ્વ-પરનો ભેદ નથી તેને મોહ-રાગ-દ્વેષનો નાશ થતો નથી. અજ્ઞાની જીવને સ્વ-પરની વહેંચણીનો વિવેક નથી. પર્યાયદ્રષ્ટિ જીવ પોતે જ વધ્ય છે એટલે કે હણાવાયોગ્ય છે ને મોહાદિભાવો ઘાતક છે. આમ વધ્ય–ઘાતકનો અભાવ કર્યો નથી તેથી સંસારનો નાશ થતો નથી. આમ સ્વ-પરના ભેદવિજ્ઞાનમાં સાચાં આગમ નિમિત્ત હોવાં જોઈએ ને આગમનો ઉપદેશ દેનાર પણ એવા હોવા જોઈએ કે જે સ્વ-પરનું ભેદજ્ઞાન કરાવે. જે જીવને સ્વ-પર ભેદજ્ઞાન નથી તેને ધર્મ થતો નથી.

અનેક જ્ઞેયોમાં તત્પરપણાને લીધે અજ્ઞાનીનું જ્ઞાન ખંડખંડદશાને પામે છે.

(૨) આત્મા પોતે પરમ આત્મા સ્વરૂપ છે એવું જેને જ્ઞાન નથી તે જીવને અનાદિસંસારથી જ્ઞેયોમાં તત્પરતાવાળું જ્ઞાન છે. શરીર, મન, વાણી, દેવ, ગુરુ, શાસ્ત્ર, પુણ્ય ને પાપના વિકલ્પો જ્ઞેય છે ને આત્મા જ્ઞાતા છે છતાં જ્ઞાનસ્વભાવી પરમાત્મામાં સ્થિર નહિ રહેતાં અજ્ઞાનીએ પરપદાર્થ ઉપર મીટ માંડી છે. દયા-દાનાદિ વિકારો જે જ્ઞેય છે તેમાં ને પરપદાર્થોમાં તેનો જ્ઞાનસ્વભાવ સ્થંભી ગયો છે. જાણનાર–દેખનાર તરીકે નહિ રહેતાં તે પરવસ્તુમાં એકાગ્ર રહે છે. પુણ્ય-પાપ ને પર વસ્તુની એકાગ્રતામાં જ્ઞાનક્રિયા પલટો ખાય છે, પણ ચૈતન્યમાં એકાગ્ર રહેતી નથી. પરમાં પ્રતીતિ કરે છે. એક પૂણી ખૂટતાં બીજી પૂણી સાંધે છે તેમ અજ્ઞાની જીવ એક પછી એક જ્ઞેયમાં તત્પર રહે છે. રાગ આવે તો દ્વેષમાં તત્પરતા નીરોગ થઈ જાય તો ઠીક એમ રાગમાં તત્પરતા, વિષ્ટા દેખે તો દ્વેષમાં તત્પર, ફૂલના ગજરા દેખે તો પ્રીતિમાં તત્પર રહ્યા કરે છે. શરીર ટાઢું પડતાં જાણે કે હું ટાઢો પડી ગયો–એમ પરમાં તત્પર રહે છે. પણ જ્ઞાનસ્વભાવમાં તત્પરતા નથી. શરીર પુષ્ટ થતાં હું પુષ્ટ થયો તેમ પોતાનો ઉત્પાદ માને છે ને શરીર ઢીલું પડતાં પોતે ઢીલો પડ્યો તેમ પોતાનો વ્યય માને છે. લક્ષ્મી, સ્ત્રી વગેરેની પ્રાપ્તિ થતાં

પોતે સુખનો ઉત્પાદ માને છે ને બૈરાં, છોકરાં મરી જતાં, પૈસાં જતાં પોતે સુખનો વિનાશ માને છે. આમ અજ્ઞાનીનું જ્ઞાન દરેક વસ્તુના ઉત્પાદ–વિનાશરૂપે પરિણમે છે, અંતર સ્વભાવની એકાગ્રતા વિના જ્ઞેયોમાં એકાગ્ર થઈ ખંડખંડ અવસ્થારૂપે પરિણમે છે.

સ્વભાવની એકાગ્રતા વિના જ્ઞાનની ખંડખંડદશાનો નાશ થતો નથી.

અનાદિકાળથી જીવ પરમાં એકત્વબુદ્ધિ કરે છે. તે માને છે કે રૂપિયા ખર્ચવાથી ધર્મ થાય પણ તે તો જડની અવસ્થા છે. તેને આત્મા કરી શકતો નથી. છતાં જડમાં તત્પર રહે છે. આયંબિલ, ઉપવાસ કર્યા માટે ધર્મ થયો એમ માને છે. તે જીવ શરીરની ક્રિયામાં તત્પર રહે છે. બીજાઓ શાતા પૂછે તો તેને ઠીક પડે ને તપની ઉજવણી કરે તો ઠીક પડે. આમ પર જ્ઞેયોમાં જ્ઞાન ખંડખંડ કરે છે. પરમાત્મ જ્ઞાનસ્વભાવને છોડી પરમાં લક્ષ કરે છે. પણ સ્વભાવમાં એકાગ્રતા વિના પરમાં એકાગ્રતા નાશ પામતી નથી. અનાદિ સંસારથી જ્ઞપ્તિ જ્ઞેયનિષ્ઠ હોવાથી તે દરેક પદાર્થના ઉત્પત્તિ–વિનાશરૂપે પરિણમવાને લીધે પરિવર્તન પામ્યા કરે છે. પરમાત્મનિષ્ઠતા વિના જ્ઞપ્તિનું તે પરિવર્તન અનિવાર્ય છે. આત્મા પરમાત્માસ્વરૂપ છે. તેના ભાન વિના મિથ્યાભ્રાંતિનો નાશ થઈ શકે એમ નથી– એમ કહ્યું છે. જ્ઞાનનો પર્યાય જે અનેક જ્ઞેયો ઉપર લક્ષ કરીને ખંડખંડ થાય છે તે ખંડપણાનો નાશ સ્વભાવની એકાગ્રતા વિના થતો નથી.

કર્મનો નાશ કરવા માટે ભેદજ્ઞાનનું નિમિત્ત આગમનો અભ્યાસ કરવો જોઈએ.

આત્મા અસંખ્યપ્રદેશી વસ્તુ છે. પોતે પરમાત્મસ્વરૂપ છે. તેનો જ્ઞાનોપયોગ પરજ્ઞેયોમાં અટકીને ખંડખંડ થાય છે. તે ખંડખંડ અટકતી દશાનો નાશ પરમાત્મસ્વરૂપના લક્ષે થાય છે. જેને સંસારનો નાશ કરવો હોય તેને માટે આ વાત છે. અરે આત્માએ ચોરાશીના અવતારમાં પોતાની શાંતિનું ઘર જોયું નહિ, પર ઘરની માંડી છે; સ્વની માંડી નથી. કર્મ સારાં હશે તો ઠીક થશે તે માન્યતા ઊંધી છે. માટે જેને કર્મનો ક્ષય કરવો હોય તેણે બધા પ્રકારે આગમની ઉપાસના કરવી જોઈએ. જેને આગમની સેવા કરવી હોય તે નીચેની બાબતો ધ્યાનમાં રાખે તો તેણે આગમની સેવા કરી કહેવાય.

(૧) જગતની રુચિ છોડી સતસમાગમે આગમનો અભ્યાસ કરવો.

(૨) કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની રુચિ પહેલે ધડાકે છોડવી જોઈએ.

(૩) સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની રુચિ કરીને તેવા ઉપદેશક પાસેથી તે આગમો સાંભળવા જોઈએ ને વિરુદ્ધ ઉપદેશક પાસેથી શાસ્ત્ર સાંભળવાં નહિ.

(૪) અહીં આગમો એટલે દ્રવ્ય આગમની વાત છે. તે આગમો એમ કહે છે કે મારા તરફનું વલણ તે લાભનું કારણ નથી. તું મારા તરફનું વલણ છોડ ને સ્વની રુચિ કર તો લાભ થાય ને તો આગમને નિમિત્ત કહેવાય.

આમ આગમનો મર્મ સમજે તો આગમની ઉપાસના કરી કહેવાય, આવી સેવા કરે ને સ્વ-પર ભેદવિજ્ઞાન કરે તો ભાવકર્મો રાગદ્વેષાદિનો નાશ થાય છે. નિમિત્તરૂપે દ્રવ્યકર્મનો પણ નાશ થાય છે ને જ્ઞપ્તિપરિવર્તનરૂપ કર્મોનો પણ નાશ થાય છે. જ્ઞપ્તિપરિવર્તનરૂપ કર્મો = જ્ઞાન પોતામાં એકાગ્ર નહિ થતાં અનેક જ્ઞેયોમાં ખંડખંડ દશા થાય તે પણ કર્મ છે. જ્ઞપ્તિ = જ્ઞાનની ક્રિયા—અનેક જ્ઞેયોમાં ખંડખંડરૂપ દશા થવી તે પણ કર્મ છે. એમ ત્રણે કર્મોનો નાશ કરવા માટે સ્વલક્ષે સત્ સમાગમે આગમનો અભ્યાસ યથાર્થ કરવો જોઈએ. આગમનો અભ્યાસ કરે તો સ્વ-પર ભેદવિજ્ઞાન થાય તેમ જ પરમાત્મજ્ઞાન થાય ને તો સર્વે કર્મોનો નાશ થાય.

ભાવાર્થ :—આ જગત આગમની ઉપાસના રહિત છે એટલે કે સાચું વસ્તસ્વરૂપ સમજ્યું નથી. વળી આગમના ઉપદેશપૂર્વક તેને સ્વનો અનુભવ થતો નથી. માત્ર 'આગમપૂર્વક' કહ્યું નથી, જ્ઞાનીના શ્રીમુખેથી આગમનો ઉપદેશ સાંભળીને નિર્ણય કરે તો સ્વાનુભવ થાય પણ અજ્ઞાની જીવને તેનું ભાન નથી. અમૂર્તિક આત્મા તે હું છું ને મૂર્તિક એવાં કર્મ, શરીર વગેરે પર છે એમ ભાન નથી. કદાચિત્ શાસ્ત્ર સાંભળે તો પણ ઊંધા અર્થ કાઢે છે. જાણનાર—દેખનાર સ્વભાવના લક્ષે નિર્મળ ઉપયોગ થઈ અભેદ થાય તે હું છું ને દયા-દાનના મિશ્રિત ઉપયોગ તે હું નથી એમ સ્વ-પર ભેદજ્ઞાન કરતો નથી તેને આગમ ઉપદેશપૂર્વક સ્વાનુભવ નથી. હું પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપ છું, પરિપૂર્ણ સિદ્ધસમાન છું એવું પરમાત્મ જ્ઞાન પણ કરતો નથી.

આત્મા હણાવાયોગ્ય થયો એટલે શું ?

આ રીતે જેને સ્વ-પર જ્ઞાન તેમ જ પરમાત્મજ્ઞાન નથી તેને સ્વ-પરનું ભેદવિજ્ઞાન નથી તેથી તેને મોહાદિ ભાવકર્મોનો નાશ થતો નથી. હું સમયે સમયે મારા અજ્ઞાનના કારણે હણાઈ રહ્યો છું ને વિકારી ભાવ હણનાર છે. વસ્તુ પ્રગટ હોય તેને હણી કહેવાય. તો શું ચૈતન્ય પર્યાયમાં પ્રગટ થયું છે ? ને રાગ-દ્વેષ તેને હણે છે ?—ના. સ્વભાવનું લક્ષ કરતો નથી ને નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી,

તેને રાગ-દ્વેષ હણે છે એમ કહે છે. નિર્મળ પર્યાય પ્રગટ છે ને વિકાર તેને હણે છે એમ નથી. આત્મા હણનાર ક્યારે થયો ? સ્વભાવનું ભાન નહિ રહેતાં વિકારની રુચિ કરે તે જ હણાવાયોગ્ય થયો ત્યારે વિકારને અને નિમિત્તરૂપે જડને હણનાર કહેવાય છે. એવી પર્યાય બુદ્ધિવાળા જીવને ભાવકર્મ અને દ્રવ્યકર્મનો નાશ થતો નથી.

(૨) પોતે પરમ જ્ઞાનસ્વભાવી છે તેમાં એકાગ્રતા વિના જ્ઞપ્તિ પરિવર્તન ટળતું નથી. તેથી જ્ઞાનની ખંડખંડ દશાનો નાશ થતો નથી. જીવો વસ્તુસ્વરૂપ સમજે નહિ ને માત્ર ગોખે કે ''અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય'' આ વાક્ય અવસ્થાનું જ્ઞાન કરાવે છે. **પર્યાયનું જ્ઞાન કરાવી અધમ પર્યાયમાં ઊભો રાખવો નથી પણ તું પામરતા રહિત પરમાત્મસ્વરૂપ છો એમ જ્ઞાન કરાવવુ છે.** વળી 'સિદ્ધા સિદ્ધિ મમં દીસંતુ' એમ બોલે છે. તારું સિદ્ધપદ અંતરમાં છે. બીજા કોઈ સિદ્ધ તને કાંઈ આપે એમ નથી. પોતે સિદ્ધદશા પ્રગટ કરે તો સિદ્ધ ભગવાન ઉપર આરોપ આવે છે. એ બધાં નિમિત્તનાં કથનો છે. જેમ ''ઘરડાનાં પુણ્ય ખાય છે''—એમ બોલાય છે તેમ આ બધાં નિમિત્તનાં કથનો છે.

માટે મોક્ષનાં અર્થી જીવોએ જેમ છે તેમ શાસ્ત્રના અર્થો સમજવા જોઈએ ને સર્વ પ્રકારે સર્વજ્ઞે કહેલાં આગમને સેવવાં. તે સેવ્યા ક્યારે કહેવાય ? શાસ્ત્ર પાસે દીવા કરે અથવા શાસ્ત્રપૂજા કરે તો ઉપાસના કરી કહેવાય ?—ના. અનંતકાળથી વસ્તુસ્વરૂપ સમજાયું નથી, તે સમજે તો શાસ્ત્રની સેવા કરી કહેવાય.

*

પ્રસાદ નં. ૧૮૬

પ્રવચનસાર ગાથા ૨૩૪

(વૈશાખ સુદ ૨ સોમવાર)

જેમ રાતે ચાલવાવાળા માટે બત્તીનું અજવાળું આંખ સમાન છે તેમ મોક્ષમાર્ગે જવાવાળા માટે સર્વજ્ઞનાં આગમ જ એક ચક્ષું છે, એમ ઉપદેશે છે:

ગાથા ૨૩૪

મુનિરાજ આગમચક્ષુ ને સૌ ભૂત ઇન્દ્રિયચક્ષુ છે,
છે દેવ અવધિચક્ષુ ને સર્વત્રચક્ષુ સિદ્ધ છે. ૨૩૪.

અર્થ :—સાધુ આગમ ચક્ષુવાળા છે, સર્વ ભૂતો (–પ્રાણીઓ) ઇન્દ્રિયચક્ષુ છે, દેવો અવધિચક્ષુ છે અને સિદ્ધો સર્વતઃચક્ષુ (સર્વ તરફથી ચક્ષુવાળા અર્થાત્ સર્વ આત્મપ્રદેશે ચક્ષુવાળા) છે.

સિદ્ધો તથા કેવળીઓને અસંખ્યપ્રદેશે જ્ઞાન પ્રગટ્યું છે માટે સર્વતઃચક્ષુ છે.

ટીકા :—પ્રથમ તો એટલે મુદ્દાની વાત એ છે કે આ લોકમાં સિદ્ધો ને કેવળીઓ શુદ્ધ જ્ઞાનમય હોવાથી સર્વતઃચક્ષુ છે. જ્યાં સુધી રાગ હોય ત્યાં સુધી જ્ઞાનનો પૂરો વિકાસ નથી. સિદ્ધમાં રાગ નથી. સિદ્ધ ભગવંતોને પૂર્ણ જ્ઞાન ખીલી ગયું છે. જેમ કમળની કળી પૂરેપૂરી ખીલી જાય છે તેમ આત્મા અસંખ્યપ્રદેશી ખીલી ગયો છે. સર્વપ્રદેશે કેવળજ્ઞાન પ્રગટ થયું છે. આખા આત્માએ આંખો ઊઘડી ગઈ છે. તીર્થંકરને શરીર હોવા છતાં તેઓ આંખથી જોતા નથી, કાનથી સાંભળતા નથી પણ અસંખ્ય પ્રદેશો ખીલી ગયા છે. દરેક પ્રદેશેથી જોવાનું સાંભળવાનું બધું કામ કરે છે તેથી ભગવાનને સર્વતઃ–ચક્ષુ કહેવામાં આવે છે.

જ્ઞાની સિવાય સર્વે સંસારી જીવો તથા દેવો માત્ર મૂર્તને જાણે છે માટે ઇન્દ્રિયચક્ષુ જ છે.

જ્ઞાની સિવાય બાકીના સર્વે સંસારી જીવોની મૂર્ત દ્રવ્યોમાં જ દ્રષ્ટિ છે તેથી ઇન્દ્રિયચક્ષુ છે. અજ્ઞાની જીવો માત્ર જડને જુએ છે, ચૈતન્યને જોતા નથી. આ શરીર ચાલ્યું, વાણી બોલાઈ—એમ જુએ છે. આત્મા મૂર્ત શરીરનો ને વાણીનો ધણી નથી, પણ તેનાથી જુદો છે. તેનું તેને ભાન નથી. રોટલા ન ખાધા તો ઉપવાસ થયો, રોટલા ખાય તો ઉપવાસ ન થાય, એમ રોટલાને જ જુએ છે. પણ રોટલા જડ છે તેને આત્મા ગ્રહતો નથી કે છોડતો નથી છતાં આટલું લીધું ને આટલું ન

લીધું. આટલી ક્રિયા થઈ કે ન થઈ, એ ઉપર ધર્મ કે અધર્મ માને છે. જડ ઉપર જ તેમની દ્રષ્ટિ છે, પણ અમૃત આત્મા ઉપર દ્રષ્ટિ નથી તેથી તેને સાચી આંખો નથી એટલે કે ઇન્દ્રિયચક્ષુ છે.

દેવો સૂક્ષ્મત્વવાળા મૂર્ત પદાર્થોને જાણે છે માટે અવધિચક્ષુ છે. તેઓ ભલે અવધિજ્ઞાનથી સૂક્ષ્મ પદાર્થોને જુએ તોપણ મૂર્તને જ જુએ છે પણ પુણ્ય-પાપ રહિત અમૂર્તિક સૂક્ષ્મ આત્માને જોતા નથી. અવધિજ્ઞાનથી સૂક્ષ્મ પરમાણુઓને જોઈ શકે પણ તે પરમાણુ અને દયાદાનાદિના ભાવોથી રહિત આત્માનું તેઓને પણ ભાન નથી માટે તેઓ પણ ઇન્દ્રિયચક્ષુ જ છે. સામાન્ય મનુષ્યો સ્થૂલ મૂર્ત પદાર્થોને દેખે છે, દેવો સૂક્ષ્મને દેખે છે—બાકી બીજો ફેર નથી. આત્માની એકેને ખબર નથી, માટે દેવોને પણ ઇન્દ્રિય ચક્ષુ કહ્યા છે.

અજ્ઞાની જીવો અજ્ઞાન ને મોહથી ઘાયલ થયેલા છે.

આ પ્રમાણે બધાય સંસારી જીવો મોહથી ઘાયલ થયેલા છે કેમ કે તેઓ જ્ઞેયનિષ્ઠ છે. આત્મા ચિદાનંદ મૂર્તિ છે તે ચૂકીને શરીરથી, લક્ષ્મીથી ધર્મ થશે, દયા-દાનથી કલ્યાણ થશે. વિષયોથી સુખ થશે એવી માન્યતાથી બિચારા જીવો ચોરાશીના અવતારમાં ઘાયલ થયા છે. જેમ લડાઈમાં સૈનિક ગોળીથી ઇજા પામે તો તેને સારવાર માટે ઝોળીમાં નાખીને દવાખાને લાવવો પડે છે, ને પાટાપીંડી બાંધવા પડે છે, તે વિના તે સાજો થતો નથી, તેમ અજ્ઞાની જીવોને દેહની ક્રિયાથી તથા પુણ્યથી કલ્યાણ માનીને મોક્ષમાર્ગમાં ચાલવાના ટાંગા તૂટી ગયા છે. તેઓ જ્ઞાનનિષ્ઠ આત્મસ્વભાવમાં વલણ રાખે તો સાજા થાય તેમ છે.

પરપદાર્થોની તથા પુણ્યની પ્રીતિ તે મોહ છે. તે મોહ જ્ઞેયનિષ્ઠપણાનું મૂળ છે.

વળી તેઓ જ્ઞેયનિષ્ઠ છે, કારણ કે પરપદાર્થો જણાવાયોગ્ય છે, તેમ નહિ માનતાં તેનાથી લાભ—નુકશાન માને છે. શરીર ઉપર જુએ, મન ઉપર જુએ, આટલી જાત્રા કરી, આટલી આયંબિલો કરી, આટલી વસ્તુ ખાધી ને આટલી છોડી એમ જ્ઞેયોમાં પ્રીતિ કરે છે. વળી દયા-દાનાદિના વિકારી ભાવ પોતાનું જ્ઞેય છે, એમ નહિ માનતાં તેમાં પ્રીતિ કરે છે. જેને દયા-દાનના ભાવ ને વ્રતના ભાવ ઉપર પ્રીતિ છે તેને આત્મા ઉપર પ્રીતિ નથી. સાક્ષાત્ ભગવાન ઉપર એકત્વબુદ્ધિની પ્રીતિ વર્તે છે તે પણ જ્ઞેયનિષ્ઠ છે. જ્યારે ભગવાન ઉપરની પ્રીતિને પણ જ્ઞેયનિષ્ઠ કહે છે તો પછી લક્ષ્મી, બૈરાં—છોકરાં તો ક્યાંય દૂર રહી ગયાં ! તેના ઉપરની પ્રીતિવાળા તો જ્ઞેયનિષ્ઠ જ છે. અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે આટલા રૂપિયા ધર્મમાં વાપર્યા, કમાતી વખતે પાપના ભાવ કરે છે ને વાપરતી

વખતે અભિમાન કરે છે પણ એકે પૈસો તારો નથી, શ્વાસ પણ સગો નથી, જીભ વળશે નહિ, કાન સાંભળશે નહિ. તે તારી વસ્તુ નથી પણ અજ્ઞાની જીવ પૈસા ખરચ્યાનું અભિમાન કરે છે, પૈસા ઉપરનો રાગ ઘટાડે તો પુણ્ય થાય ને પુણ્યની પ્રીતિ કરે તો મિથ્યાત્વ લાગે. પુણ્યની પ્રીતિ કરે તેને જ્ઞેયનિષ્ઠ કહે છે. પછી તે વ્રતધારી હો કે દ્રવ્યલિંગી મુનિ હો. જેને પુણ્યની તથા શરીરની ક્રિયાની રુચિ છે તે બધા જ્ઞેયનિષ્ઠ છે, તે બધા મોહથી હણાઈ ગયા છે.

અજ્ઞાનીને જ્ઞાનસ્વભાવ ઇષ્ટ નથી તેથી શુદ્ધાત્માના અનુભવથી સધાતું કેવળજ્ઞાન પ્રગટતું નથી.

જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન છે. જ્ઞાનનિષ્ઠપણું એટલે કે પોતાનો આત્મા જ્ઞાનસ્વભાવી છે તે જ ઇષ્ટ છે. આવું માનનારને પરપદાર્થોની ક્રિયામાં ફેરફાર થતાં મોહ થતો નથી. શરીર, મન, વાણીની ક્રિયા એના કારણે થાય છે. આત્મા તેમાં જતો નથી. રોગી શરીર થતાં હું નબળો પડ્યો, મરણ થતાં હું નષ્ટ થઈ ગયો, એમ જ્ઞાની માનતો નથી. આત્મા જાણનાર–દેખનાર છે, શરીરાદિ પર છે, પુણ્ય-પાપથી રહિત છે, એવા શુદ્ધ આત્માનું સ્વસંવેદન તે જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ છે. આવી અનુભવવાળી અંતરદશા છે, તે ધર્મ છે. તે અંતરદશાથી આગળ વધતાં વધતાં કેવળજ્ઞાન–સર્વતઃ ચક્ષુપણું પ્રગટ થાય છે. પણ અજ્ઞાનીને આત્માના જ્ઞાનસ્વભાવનું ભાન નથી તેથી શુદ્ધાત્માનો અનુભવ થતો નથી તેથી તેમને સર્વતઃચક્ષુપણું એટલે કેવળજ્ઞાન પ્રગટતું નથી.

‘‘તપેલા ઉપર કાટ ચડ્યો હોય તો તે કાટને કાઢવા માટે સીંદરી અને માટીથી ઘસે તો કાટ જાય તેમ આત્માની અંદર મોટા કર્મના કીટોડા પડ્યા છે, મોટા થર જામી ગયા છે તે ઉપવાસ ને ક્રિયાકાંડ કરે તો કર્મ તૂટે ને ધર્મ થાય.’’ એમ અજ્ઞાની દલીલ કરે છે. ભાઈ, કર્મ તો જડ છે, તે તો જ્ઞાનમાં જણાવા યોગ્ય પદાર્થ છે. તેનાથી આત્મા જુદો છે. વળી પરપદાર્થો આ મૂકું. આ લઉં–એ તો ભ્રાંતિ છે. જડની પ્રીતિ છે તે તો આત્માની ચીજ નથી. પણ **વિકાર ઉપર દ્રષ્ટિ રાખીને હું રાગને છોડું.....રાગને છોડું....એમ રાગ ઉપર દ્રષ્ટિવાળો જીવ પણ જ્ઞેયનિષ્ઠ છે. તેને આત્મા ઇષ્ટ છે તેવી પ્રીતિ નથી. તેને ધર્મ થતો નથી. પુણ્ય-પાપ રહિત જ્ઞાનસ્વભાવ છે તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરતો નથી–તેથી વિકાર રહિત થતો નથી.**

અહીં કોઈ પ્રશ્ન કરે કે અમારે બૈરાં–છોકરાંને નભાવવાં કે આત્માની સાથે પ્રીતી કરવી ?

સમાધાન :—પર જીવોને હું નભાવું છું ને રક્ષણ કરું છું એમ માનનાર મોહમાં ઘાયલ થઈ ગયો છે, તે સંસારમાં રખડે છે. પર જીવો એના કારણે છે. તેના આયુષ્યના કારણે ટકી રહ્યા છે. એક પરમાણુને આત્મા લાવતો નથી. શુભાશુભ ભાવો થાય તે જ્ઞેય છે, તે જ્ઞાન નથી. તે બધાંને જાણનાર જ્ઞાન છે. સમકિતી આવી રીતે જાણે છે.

અહીં તો ટૂંકામાં બે ચીજ કહી છે. પોતાના આત્માની ઓળખાણ કરે ને જ્ઞાનનિષ્ઠપણું કરે તો શુદ્ધાત્માનો અનુભવ થઈ કેવળજ્ઞાન પ્રગટે. તેથી ઊલટું, આત્માની ઓળખાણ ન કરે ને જ્ઞેયોમાં પ્રીતિ કરે તો ચોરાશીના અવતારમાં રખડે— બે જ વાત છે. જેમ સાકરમાં મીઠાશ સિવાય બીજું હોય નહિ તેમ આત્મામાં જ્ઞાન સિવાય બીજું હોય નહિ.

શરીર, બૈરાં, છોકરાં, પૈસા ને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર ઉપર પ્રીતિ કરે તે તો જ્ઞેયનિષ્ઠ છે જ. પણ પોતાના ચૈતન્યની પ્રીતિ છોડી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની એકલી પ્રીતિ કરે તે જીવ પણ જ્ઞેયનિષ્ઠ છે. તે મોહથી હણાઈ ગયો છે, તેને ધર્મ થતો નથી. ધર્મી જીવને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે શુભરાગ હોય છે પણ તેની દ્રષ્ટિ— રુચિ ભગવાન ઉપર કે શુભરાગ ઉપર નથી, સ્વભાવ ઉપર જ છે. જ્યારે અજ્ઞાની તો તેનામાં જ પ્રીતિ કરી, ભગવાન મારું કલ્યાણ કરશે એમ માની તેમાં તત્પર થયો છે, તેને ધર્મ થતો નથી.

મહામુનિઓ આગમચક્ષુથી સ્વ-પર વિભાગ કરીને જ્ઞાનસ્વભાવ સન્મુખ રહે છે.

હવે સર્વતઃચક્ષુપણાની સિદ્ધિ માટે એટલે કે કેવળજ્ઞાન પ્રગટાવવા માટે ભગવાનમુનિઓને આગમચક્ષુ હોય છે. મુનિને ભગવાન કહ્યા છે. જેને ગણધરો નમસ્કારમંત્રમાં નમસ્કાર કરે છે કે "હે સંત ! તમારા ચરણમાં અમારો નમસ્કાર છે"—એવા મુનિ કેવા હશે ? માત્ર નગ્નદશા તે મુનિપણું નથી. શરીર ને વિકાર પર છે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવા ભાનસહિત સ્વરૂપની અંદર વિશેષ સ્થિરતા વધી છે એવા ભાવલિંગી મુનિઓને અસંખ્યપ્રદેશે કેવળજ્ઞાન પ્રગટાવવા માટે આગમચક્ષુ છે. તેઓ જ્ઞાનચક્ષુથી સ્વ-પરનો વિભાગ કરીને મહામોહનો નાશ કરે છે ને સતત જ્ઞાનનિષ્ઠ રહે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે ને શરીરાદિ જ્ઞેય છે, આત્મા તે સ્વ છે ને શુભાશુભ ભાવો તે જ્ઞેય છે, જ્ઞાનમાં તે જણાય છે. જ્ઞેયો જ્ઞાનમાં ન જણાય એમ કરવું અશક્ય છે તોપણ, આગમ ચક્ષુથી સ્વ-પરનો વિભાગ કરીને મહામોહનો જેમણે નાશ કર્યો છે તેવા મુનિઓ પરમ આત્મસ્વરૂપને પામીને જ્ઞાનસ્વભાવની સન્મુખ સદાય રહે છે. તે જ મોક્ષમાર્ગ છે ને મોક્ષનું સાધન છે.

*

પ્રસાદ નં. ૧૮૭

પરમ ઉપકારી શ્રી સદ્‌ગુરુદેવ જન્મજયંતી દિન.

(વૈશાખ સુદ ૨, મંગળવાર)

પ્રવચનસાર ગાથા ૨૩૪

જ્ઞેયનિષ્ઠ જીવોને સિદ્ધદશા પ્રગટ થતી નથી.

આ આત્મામાં જે પૂર્ણ શુદ્ધદશા પ્રગટ થાય છે તેને સિદ્ધદશા કહે છે. તેમને સર્વતઃચક્ષુપણાની સિદ્ધિ છે એટલે કે અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાનના દીવા પ્રગટ થઈ ગયા છે. પણ સાધારણ જીવોને મૂર્ત પદાર્થો ઉપર દ્રષ્ટિ છે તે ઇન્દ્રિયોથી દેખે છે પણ અતીન્દ્રિય ચૈતન્યસ્વભાવને જાણતા નથી. ચૈતન્યને જાણ્યા વિના સ્વ-પર ભેદજ્ઞાન થતું નથી. દેવો પણ એમાં જ આવી જાય છે. બધા સંસારી જીવો મોહથી ઘાયલ થયેલા છે. તેઓ સંસારમાં રખડે છે. જેવડો આત્મા છે તેવડો પ્રગટ ન કરે તો સિદ્ધ થાય નહિ, ને જેવડો આત્મા છે તેવાં શ્રદ્ધા-જ્ઞાન ન કરે તો ધર્મ થાય નહિ. ચૈતન્યનું ભાન નથી એવા સંસારી જીવો જ્ઞેયનિષ્ઠ છે. શરીર અનુકૂળ હોય તો ઠીક, પુણ્ય હોય તો ઠીક—એમ માનનાર જીવો જ્ઞેયનિષ્ઠ છે, તેને ધર્મ થતો નથી ને કેવળજ્ઞાન પ્રગટ થતું નથી.

આગમચક્ષુ મુનિઓએ મહામોહનો નાશ કર્યો છે ને તેમના ચૈતન્યસમુદ્રમાં જ્ઞાનના લોઢ સતત વહે છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. સંકલ્પ વિકલ્પથી રહિત આત્માનું શુદ્ધ વેદન તે જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ છે. તેનાથી સિદ્ધપદ સાધી શકાય છે. સ્વભાવ સન્મુખ તત્પરતા કરે તે સિદ્ધપદ સાધવાનો ઉપાય છે. સિદ્ધપદની સિદ્ધિ માટે શ્રમણો આગમચક્ષુ હોય છે. તેઓ આગમ ચક્ષુથી ભેદજ્ઞાન કરે છે. પાંચ મહાવ્રતાદિના ભાવો થાય તે જ્ઞેય છે ને આત્મા જ્ઞાતા છે. તે જ્ઞેયો જ્ઞાનમાંથી જુદા પાડી શકાય નહિ. રોગ આવે ત્યારે સ્વને જાણતાં શરીરની તે અવસ્થાને પર તરીકે જાણે છે. ક્રોધ થાય ત્યારે સ્વને જાણતાં ક્રોધ થયો છે એમ તેને પર તરીકે જાણે છે, પણ શરીર તથા વિકારને પોતાના માને નહિ, પણ તેને જાણવાનું ન બની શકે એમ થાય નહિ. કારણ કે જ્ઞાનનો સ્વ પર પ્રકાશક સ્વભાવ છે. એમ જ્ઞાનસામર્થ્યથી સ્વ-પરની વહેંચણી કરીને મોહનો નાશ કર્યો છે.

“દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.”

એકલા સ્વભાવના જ્ઞાનની વાત કરી છે. શરીર, કર્મ, ભાવકર્મ, મારું સ્વરૂપ નથી. એકલા ચૈતન્યસ્વભાવનું જ્ઞાન વર્તે છે. એવા મુનિઓ પરમ આત્મદશાને

પામે છે. અહીં પરમાત્મા એટલે સિદ્ધ લેવા નથી પણ પરમ આત્મસ્વભાવ દશાવાળા લેવા છે. દરિયામાં જેમ પાણીના લોઢ આવે છે તેમ ચૈતન્યની મધ્યમાં વીતરાગી દશા વહે છે. જ્ઞાનના લોઢના લોઢ આવે છે. દયા-દાનના લોઢ આવતા નથી. મુનિઓ સતત જ્ઞાનનિષ્ઠ રહે છે એટલે કે જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતારૂપ રહે છે. આથી એમ કહ્યું કે મુમુક્ષુઓએ બધુંય આગમરૂપ ચક્ષુ વડે જ દેખવું. ॥૨૩૪॥

હવે, આગમરૂપ ચક્ષુ વડે બધુંય દેખાય છે જ, એમ સમર્થન કરે છે.

ગાથા ૨૩૫

સૌ ચિત્ર ગુણપર્યાયયુક્ત પદાર્થ આગમસિદ્ધ છે;
તે સર્વને જાણે શ્રમણ એ દેખીને આગમ વડે. ૨૩૫.

અર્થ :—બધા પદાર્થો વિચિત્ર (અનેક પ્રકારના) ગુણપર્યાયો સહિત આગમસિદ્ધ છે. તે સર્વને એ શ્રમણો આગમ વડે ખરેખર દેખીને જાણે છે.

આગમથી છ દ્રવ્યોની પ્રતીતિ થાય છે.

ટીકા :—મુદ્દાની વાત એ છે કે આગમથી બધા પદાર્થો જણાય છે. તેમાં પ્રથમ દ્રવ્યની વાત કરે છે. તે દ્રવ્યો આગમ અનુસાર મેળવાળાં છે. કેવળીઓ, સિદ્ધો, સંતો, નારકી, નિગોદના જીવો—એવા અનંતા જીવો, પરમાણુથી લઈને મહાસ્કંધ સુધીનાં પુદ્ગલદ્રવ્યો, ધર્મ, અધર્મ, આકાશ ને અસંખ્ય કાળાણુ—તે દ્રવ્યો અસ્તિ ધરાવે છે. અનંતા પ્રભુ સિદ્ધ થયા એથી અનંતા ગુણા સંસારમાં રખડે છે. પરમાણુ પણ અનંતા છે—તે વિચાર કરતાં આગમ સાથે બંધબેસતી વાત છે. બધાં દ્રવ્યો જ્ઞાનમાં જણાય તેવાં છે.

વળી તે દ્રવ્યો વિચિત્ર ગુણપર્યાયવાળાં છે એમ સાબિત થાય છે.

વળી આગમવડે તે દ્રવ્યો વિચિત્ર ગુણપર્યાયવાળા છે, એમ શ્રદ્ધા બેસે છે. વિચિત્રનાં દ્રષ્ટાંતો : જેમ કે : એક પરમાણુમાં અનંત ગુણો છે, એવા અનંત પરમાણુનો સૂક્ષ્મ સ્કંધ એક પ્રદેશમાં પણ સમાય. આકાશ અનંતપ્રદેશી છે. વળી એક નિગોદના શરીરમાં અનંતા આત્મા રહે છે ને તે દરેક આત્મા સિદ્ધના જેટલા જ ગુણો ધરાવે છે. વળી નિગોદનો જીવ મનુષ્ય થઈ કેવળદશા પામે છે આ શું ? એક મનુષ્યનો જીવ આઠ વરસે મુનિ થઈ કેવળ પામે છે. આ શું ? એક દ્રવ્યલિંગી મુનિ મનુષ્યમાંથી નવમી ગ્રૈવેયકે જાય ને પાછો ચારગતિમાં રખડે છે. એક પરમાણુ અનંતગુણોનો પિંડ છે, ક્ષેત્ર નાનું છે. તે કિંચિત્ જાણે નહિ ને એક આત્મા અનંતગુણોનો પિંડ છે, તે કાંઈ ન જાણે, તેમ બને નહિ. જ્ઞાનગુણ સ્વને જાણે ને અનંતા બીજા ગુણોને તથા અનંતા બીજા પદાર્થોને જાણે. શ્રદ્ધા ગુણ પોતાને ન

જાણે. આ શું ? એમ અનેક પ્રકારની વિચિત્રતા છે. એક પરમાણુ એક સમયમાં ચૌદ રાજ લોક ઊંચે જાય ને અનેક પરમાણુનું બનેલું શરીર અહીં પડ્યું રહે, ઊંચું જાય નહિ. આ શું ? એમ અજ્ઞાનીને ભ્રમ પડે છે. પણ આમ કેમ તે પ્રશ્નને જ અવકાશ નથી. તે દ્રવ્યો વિચિત્ર ગુણપર્યાયવાળાં પ્રતીત થાય છે. કોઈ જીવ બોલવા માગે તો જલદી બોલી શકે નહિ કારણ કે જડનો વિચિત્ર પર્યાયધર્મ છે. મૃત્યુ વખતે આત્મા શરીરના ક્ષેત્રથી જુદો પડવા માંડ્યો માટે અવાજ સરખો નીકળતો નથી એમ નથી. તે વખતનો જડભાષા તો અસ્પષ્ટરૂપે પરિણમવાનો સ્વભાવ છે. કોઈ અજ્ઞાની જીવ પ્રથમ વસ્તુસ્વરૂપનો નકાર કરે છે પણ અંતર્મુહૂર્તમાં સવળો થઈ સમ્યગ્દર્શન પામી, મુનિપણું લઈ કેવળજ્ઞાન પામે છે. બે ઘડી પહેલાં સતનો નકાર કરે ને બે ઘડી પૂરી થતાં કેવળજ્ઞાન ! આ શું ? આટલો બધો ફેરફાર ! એક જીવને બુદ્ધિનો ઘણો ઉઘાડ હોય, સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન નથી. સતનો ઘણો જ તીવ્ર વિરોધ કર્યો ને નિગોદમાં ગયો. એક સમય પહેલાં પંચેન્દ્રિય મનુષ્ય આટલો બધો ઉઘાડવાળો ને બીજે સમયે સંકોચાઈને એકેન્દ્રિય નિગોદ થયો. આ શું ? વળી તે જીવ મિથ્યાભાવ સેવતો હતો માટે તેને મનુષ્ય શરીરમાંથી નિગોદના શરીરે જવું પડ્યું છે, એમ પણ નથી. શરીરની વિચિત્રતા શરીરના કારણે ને આત્માની પર્યાયની વિચિત્રતા આત્માના કારણે છે. તે તે દ્રવ્યો વિચિત્ર ગુણ પર્યાયવાળાં છે. એવો જ ગુણોનો તથા પર્યાયોનો વિચિત્ર સ્વભાવ છે, બીજું કારણ નથી.

આગમ સહવર્તી ગુણો ને ક્રમવર્તી પર્યાયોના ધર્મોને બતાવે છે.

આગમ સહપ્રવૃત્ત એટલે કે ગુણોને તથા ક્રમપ્રવૃત્ત એટલે કે પર્યાયોના અનેક ધર્મોને કહેનાર અનેકાંતમય છે તેથી આગમ પ્રમાણભૂત સિદ્ધ થાય છે. આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ગુણો સાથે રહે છે તેથી ગુણોને સહપ્રવૃત્ત કહે છે ને પર્યાયો એક પછી એક થયા કરે છે. કોઈ દિવસ પર્યાયનો મેળ તૂટે નહિ માટે પર્યાયો ક્રમપ્રવૃત્ત કહેવાય છે. બધી પર્યાયો એક સાથે હોઈ શકે નહિ. ગુણો ક્ષેત્રે સાથે છે ને પર્યાયો કાળભેદે ક્રમબદ્ધ છે. સર્વ દ્રવ્યોના એકી સાથે પ્રવર્તતા ગુણધર્મો ને ક્રમે પ્રવર્તતા પર્યાયધર્મોને કહેનારાં આગમો છે. આગમ દ્રવ્યના અનંતા ધર્મોમાં વ્યાપેલ છે. એટલે કે તેને કહેનાર છે.

આગમ અનેકાન્તમય ધર્મોને બતાવે છે.

આગમ અનેકાન્તમય છે, અનેક ધર્મોને બતાવે છે. તે અનેકાન્તનાં દ્રષ્ટાંતો :—એક આત્મા જડને લીધે નથી, જડ પરમાણુ આત્માને લીધે નથી; એક ગુણ બીજા ગુણને લીધે નથી. એક પર્યાય બીજી પર્યાયને લીધે નથી; શરીર શરીરને

લીધે છે, આત્માને લીધે નથી; વાણી વાણીને લીધે છે, ઇચ્છાને લીધે નથી; ઇચ્છા ઇચ્છાને લીધે છે, બીજા ગુણને લીધે નથી.

દરેક વસ્તુ સ્વયંસિદ્ધ છે ને બીજાથી નથી. બીજાથી છે એમ કહે તો 'છે'પણું બીજામાં ભળી જશે, વસ્તુ સ્વતંત્ર રહેશે નહિ. પૂર્વે શુભરાગ હતો માટે ધર્મદશા પ્રગટે છે એમ નથી, વર્તમાનમાં વિકાર છે તે પૂર્વે વિકાર હતો માટે છે–એમ નથી. દ્રવ્ય છે તે અનાદિથી પોતાથી છે ને પરથી નથી, ગુણ છે તે અનાદિથી પોતાથી છે ને પરથી નથી, વિકાર છે તે તે સમયના વિકારથી છે ને પૂર્વના વિકારથી નથી, નિર્મળ પર્યાય છે તે પૂર્વની પર્યાયથી નથી. દરેક આત્મા ને પરમાણુ સ્વતંત્ર છે. જો પરથી હોય તો સ્વતંત્ર રહેતા નથી. એમ ભગવાનની વાણી અનેકાન્ત ધર્મોને બતાવે છે.

આગમ બધાં દ્રવ્યોના અનેકાન્ત ધર્મોને કહે છે માટે આગમ પ્રમાણભૂત છે.

આગમ અનેક ધર્મોને બતાવે છે. જે જ્ઞાનમાં અનંતા દ્રવ્યો, ગુણો ને પર્યાયોને જાણવાની તાકાત સંપૂર્ણપણે આવી છે તેમની વાણી તે વસ્તુસ્વરૂપ બતાવવામાં નિમિત્ત થાય છે માટે વાણીમાં આરોપ આપવામાં આવ્યો છે. અહીં દ્રવ્યશ્રુત એટલે આગમનો મહિમા બતાવે છે. વીતરાગની વાણીમાં અનંત દ્રવ્યોને જણાવવાની તાકાત ન હોત તો નિમિત્તપણાનો આરોપ આવત નહિ માટે એવા નિમિત્તપણાની વાણીમાં તાકાત છે. વાણી પણ અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાયને જણાવવાની તાકાતવાળી છે. માટે આગમ પ્રમાણભૂત સિદ્ધ થાય છે.

ભાવશ્રુતજ્ઞાની મુનિ પરોક્ષજ્ઞાનમાં પરિપૂર્ણ છે.

બધા પદાર્થો આગમથી સિદ્ધ થયેલા છે અને તે મુનિઓને જ્ઞાનમાં જણાય છે કારણ કે વિચિત્ર ગુણપર્યાયવાળાં સર્વદ્રવ્યોના અનેક ધર્મોને જાણનારા અનેક ધર્મો ભાવશ્રુત જ્ઞાનમાં છે. તે ભાવશ્રુતજ્ઞાન મુનિને હોય છે. એટલે કે મુનિઓ બધા પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને પરોક્ષ રીતે પૂર્ણપણે જાણે છે. વળી સ્વયમેવ જાણે છે એમ કહ્યું છે.

(૧) તે પદાર્થો જ્ઞેયો છે માટે મુનિઓ જાણે છે, એમ નથી.

(૨) આગમ બધા પદાર્થને કહે છે માટે મુનિઓ જાણે છે, એમ નથી.

જુઓ, અહીં ભાવ શ્રુતજ્ઞાનની તાકાત બતાવે છે. છદ્મસ્થ મુનિની વાત છે. શરીરાદિ તે હું નહિ, રાગ-દ્વેષ તે હું નહિ. હું આત્મા જ્ઞાનસ્વરૂપ છું એવા શ્રદ્ધા જ્ઞાનની સ્વ તરફ વળેલો જ્ઞાનપર્યાય અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયને પરોક્ષ રીતે

જાણવાની તાકાતવાળો થયો છે. જેમ વાણીની પર્યાય બધાં દ્રવ્યોમાં વ્યાપક છે તેમ ભાવશ્રુતજ્ઞાનની પર્યાય બધાને પરોક્ષ રીતે યથાર્થ જાણી લ્યે છે.

કેવળજ્ઞાની પ્રત્યક્ષ જ્ઞાને પરિપૂર્ણ, શ્રુતજ્ઞાની પરોક્ષ જ્ઞાને પરિપૂર્ણ, વીતરાગની વાણી કહેવામાં પરિપૂર્ણ.

આગમ અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાયને કહી શકે છે માટે અનંતા ધર્મો તેમાં વ્યાપેલા છે. જુઓ, અહીં નિમિત્ત જેમ છે તેમ સ્થપાય છે.

સર્વજ્ઞ ભગવાનનું કેવળજ્ઞાન દરેક પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાયને એક સમયમાં પરિપૂર્ણ જાણી લ્યે છે માટે તેમનું જ્ઞાન પૂર્ણ પ્રત્યક્ષ છે.

શ્રુતજ્ઞાની દરેક પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ રીતે જાણી લ્યે છે, તેમના જ્ઞાનમાં કોઈ વસ્તુનું રહસ્ય પરોક્ષપણે બાકી રહેતું નથી માટે તે પણ પરોક્ષજ્ઞાને પૂરા છે.

ભગવાનની વાણીમાં દ્રવ્ય-ગુણ કાયમ છે ને ભાષા પર્યાય છે. તે બધાં દ્રવ્ય-ગુણ-પર્યાયને કહે છે માટે તે પણ પૂરી છે.

પરિપૂર્ણતાનાં શ્રદ્ધા-જ્ઞાન કરી જે સ્થિર થાય તે અવશ્ય પરિપૂર્ણ થાય છે.

કેવળી ભગવાન એક સમયમાં પ્રત્યક્ષ પરિપૂર્ણ જાણે છે માટે સર્વજ્ઞ પ્રત્યક્ષજ્ઞાને પૂરા છે, મુનિઓ પરોક્ષજ્ઞાનમાં પરિપૂર્ણ જાણે છે માટે મુનિઓ પરોક્ષ જ્ઞાને પૂરા છે, વીતરાગની વાણી વસ્તુસ્વરૂપને કહેવાની તાકાતમાં પરિપૂર્ણ છે માટે વાણી પૂરી—આવું જે જ્ઞાન કરે છે તેને પરનો મહિમા ટળે છે ને સ્વની પરિપૂર્ણતાનો મહિમા આવે છે. પરિપૂર્ણ સ્વભાવનો મહિમા આવતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. અહીં સમ્યગ્દર્શન સહિત ચારિત્રદશાની વાત છે. તેમાં ગૌણપણે સમકિતી આવી જાય છે. તે સમકિતીનું જ્ઞાન તાકાતવાળું છે. તીર્થંકરદેવની વાણી જે પરિપૂર્ણ છે તેનો જોગ પણ તેને મળી રહેશે ને તે વિશેષપણે પોતાના સ્વભાવમાં એકાગ્ર થશે ત્યારે બધું સર્વથા પ્રત્યક્ષ જણાશે એટલે કે સર્વતઃચક્ષુ ખીલી જશે અર્થાત્ કેવળદશાને પામશે. જુઓ, જેને પરિપૂર્ણતાના ભણકાર પ્રથમથી છે તે પરિપૂર્ણદશાને અવશ્ય પામે છે.

*

પ્રસાદ નં. ૧૮૮

પ્રવચનસાર ગાથા ૨૩૫

(વૈશાખ સુદ ૩, બુધવાર)

આત્મા અને જડની ભિન્નતાનું જ્ઞાન આગમપૂર્વક થાય છે. દ્રવ્ય શું, ગુણ શું, નિર્મળ પર્યાય શું, તે બધું આગમ ચક્ષુવાળા માટે અદ્રશ્ય નથી એટલે કે દરેક વસ્તુના સ્વરૂપનું જ્ઞાન તેને થાય છે. શરીરાદિ પર છે, પુણ્ય-પાપ ઉપાધિભાવ છે, શુદ્ધ આત્મા નિરપરાધી તત્ત્વ છે એવું જ્ઞાન આગમ દ્વારા થાય છે તેથી મુનિઓને આગમચક્ષુ કહે છે. ॥૨૩૫॥

હવે, આગમજ્ઞાન, તે પૂર્વક નવે તત્ત્વોની શ્રદ્ધા અને તે જ્ઞાન ને શ્રદ્ધાપૂર્વક અંતરમાં લીનતા–એ ત્રણેના યુગપદપણાને મોક્ષમાર્ગપણું હોવાનો નિયમ કરે છે. સમ્યગ્દર્શનપૂર્વક સંયમદશા હોય છે. જેને સમ્યગ્દર્શન ન હોય તેને સાચાં વ્રત, નિયમ હોતાં નથી. તે છકાયની રક્ષા કરતો હોય તોપણ તેને સંયમ હોતો નથી. સમ્યગ્દર્શનનું કારણ આગમજ્ઞાન છે. જે જીવ શરીરથી ને પુણ્યથી ધર્મ માને અને પોતાના આત્માને પરાધીન માને તેને ઇચ્છાનિરોધરૂપ તપ હોતો નથી, સંયતભાવ નથી, મુનિપણું નથી.

અક્ષયતૃતીયા દિન એટલે ઋષભદેવ ભગવાનને આહારદાનનો દિન

આજે અક્ષયતૃતીયા છે. ઋષભદેવ પરમાત્મા જ્યારે મુનિઅવસ્થામાં હતા ત્યારે બાર માસના ઉપવાસ પછી આજે પારણાનો દિવસ છે. ચિદાનંદ પરમાત્માના ધ્યાનમાં અમૃતરૂપી શેરડા છૂટતા હતા, વીતરાગી શાંતિનો આહાર કરતા હતા. આત્મધ્યાનમાં આહારની ઇચ્છાનો સહેજે અભાવ થતાં બાર માસ સુધી ઉપવાસમાં હતા. વિકલ્પવાળી ભૂમિકામાં આહારની વૃત્તિ ઊઠતી ત્યારે આહાર માટે નીકળતા પણ તે વખતે મુનિઓને આહારદાન કેમ આપવું તે વિધિની ખબર ન હતી અને ઋષભદેવ ભગવાનને આહાર મળવાનો યોગ પણ ન હતો. પછી શ્રેયાંસકુમારનો જીવ જે પૂર્વે આઠમા ભવમાં ભગવાન ઋષભદેવના જીવની પત્ની હતાં ને ઋષભદેવ ભગવાનનો જીવ તેના પતિ હતા. શ્રેયાંસકુમારે જાતિસ્મરણ જ્ઞાનથી જાણ્યું કે પૂર્વે આઠમા ભવમાં અમોએ મુનિઓને આ વિધિથી આહારદાન આપેલ હતું, તે યાદ આવતાં શ્રેયાંસકુમારે યોગ્ય વિધિ અનુસાર ઋષભદેવ મુનિનો યોગ્ય સત્કાર કરી શેરડીના રસથી પારણું કરાવ્યું, તે આજનો અક્ષયતૃતીયાનો

દિન છે. આજે મુનિદાનનો મહા દિવસ છે. ઇક્ષુ એટલે શેરડી. તેના રસનું દાન આપવામાં આવેલ માટે ઈક્ષુત્રીજ કહેવાય છે.

કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે કે તે મુનિપણું–સંયતપણું આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરી રમણતા કરે તો પ્રગટે છે. આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન વિના પાંચ ઇન્દ્રિયોનો નિરોધ, વ્રત, નિયમ, વરસીતપ આદિ કાર્યકારી નથી. સંયોગરહિત–રાગરહિત–અરાગી આત્મતત્ત્વની આગમપૂર્વક શ્રદ્ધા ને રાગરહિત અંતર રમણતા હોય તે મુનિ છે, તે મોક્ષમાર્ગ છે. તે મુનિને અંતરદશા ઘણી આગળ વધી છે, છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલે છે, અલ્પ રાગ વર્તે છે ને બાહ્ય નગ્ન દિગંબર દશા વર્તે છે. તે મુનિપણું ને એ જ મોક્ષમાર્ગ છે.

ગાથા ૨૩૬

દ્રષ્ટિ ન આગમપૂર્વિકા તે જીવને સંયમ નહીં,
–એ સૂત્ર કેરું છે વચન; મુનિ કેમ હોય અસંયમી ? ૨૩૬.

અર્થ :—આ લોકમાં જેને આગમપૂર્વક દ્રષ્ટિ (–દર્શન) નથી તેને સંયમ નથી એમ સૂત્ર કહે છે; અને અસંયત તે શ્રમણ કઈ રીતે હોય ?

અહીં કુંદકુંદાચાર્ય ભગવાન કેવળી ભગવાનનાં રહસ્યમંત્ર કહે છે. તેઓ તો આત્મધ્યાનમાં ઝૂલે છે, વચમાં વિકલ્પ ઊઠે છે ને શાસ્ત્રરચના તેના કારણે થઈ ગઈ છે. અહો ! આ જગતમાં જીવોને આગમપૂર્વક શ્રદ્ધા નથી. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે દરેક પદાર્થ જુદેજુદો કહ્યો છે. વળી સ્વભાવ વિભાવ પણ ભિન્ન છે. તે બધાનું ભાન આગમપૂર્વક નથી તેને સમ્યક્ દર્શન હોતું નથી. શ્રદ્ધાનાં ઠેકાણાં નથી તેને શ્રાવકપણું કે મુનિપણું હોઈ શકે નહિ. શરીર વગેરે જડ પદાર્થોની પર્યાયો તેના કારણે થાય છે. આત્મા તેનો જાણનાર–દેખનાર છે, સાક્ષી છે તેવું ભાન નથી તેને મુનિપણું નથી.

જેને સમ્યગ્દર્શન પ્રગટ થયું નથી તેને ચારિત્ર હોઈ શકે નહિ.

ટીકા :—'આ લોકમાં' તેમાં 'આ' શબ્દ લોકની વિદ્યમાનતા બતાવે છે. બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા એમ નથી. આત્મા ને જડ પદાર્થોનો લોક છે. આગમનું ચિહ્ન સ્યાત્કાર છે. સ્યાત્કાર એટલે અપેક્ષાએ કથન–આત્મા પોતાપણે છે ને પરપણે નથી. આત્મા પોતાપણે છે ને પરપણે છે એમ હોઈ શકે નહિ. સ્વઅપેક્ષાએ પોતે છે ને પરઅપેક્ષાએ પોતે નથી, એમ અપેક્ષા કથનને સ્યાત્કાર કહે છે. આત્મા આત્માપણે છે, જડરૂપે નથી; વીતરાગી શ્રદ્ધા પોતાના આશ્રયે થાય છે ને દેવ-ગુરુ-શાસ્ત્રના આધારે થતી નથી; દરેક આત્મા ને પરમાણુનાં દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના

કારણે છે ને પરના કારણે નથી, એવી અપેક્ષાવાળું કથન જે આગમોમાં છે તે આગમપૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન જેનું લક્ષણ છે એવી સમ્યક્ દ્રષ્ટિ જેને પ્રગટ થઈ નથી તે બધાય જીવોને સંયમ જ સિદ્ધ થતો નથી. સાચી દ્રષ્ટિ નથી એટલે કે સાચા વસ્તુસ્વરૂપની ખબર નથી. શરીર તે જ હું છું, વાણી મારાથી બોલાય છે, હું છું તો શરીર ચાલે છે; રોટલા ન આવ્યા તો ઉપવાસ થયો અને તપ થયો, તેવા ઉપવાસથી ધર્મ થયો. જીવે અનુકંપાનો ભાવ કર્યો માટે જીવ બચી ગયો. હું છું તો પરનાં કામ થાય છે, એમ અનેક પ્રકારથી તત્ત્વથી વિરુદ્ધ શ્રદ્ધા કરે છે, પણ મારી પર્યાય મારાથી છે, પરની પર્યાય પરથી છે, એમ જે સાચી શ્રદ્ધા કરતો નથી તેને સંયમ જ સિદ્ધ થતો નથી કારણ કે ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે, ને તેના વિના ચારિત્ર હોઈ શકે નહિ.

<u>સ્વ-પર ભેદવિજ્ઞાનના અભાવના કારણે અજ્ઞાની જીવ શરીર ને રાગ સાથે એકત્વબુદ્ધિ કરે છે.</u>

કારણ કે તેને સ્વ-પરના વિભાવનો અભાવ છે એટલે અસંખ્યપ્રદેશી આત્મા સ્વ છે ને શરીર, કર્મ વગેરે પર છે. જાણવા–દેખવાનો શુદ્ધ ઉપયોગ તે સ્વ છે ને દયા-દાનાદિ પરિણામ તે પર છે, એમ ભેદજ્ઞાન નથી. કાયા સાથે એકત્વબુદ્ધિ કરે છે. શરીર હોય તો ધર્મ થાય, ધ્યાન રાખીએ તો શરીર ટકે, કાયા ટકાવવા માટે આહારની જરૂર છે, વગેરે પ્રકારે અજ્ઞાની માને છે, પણ આહાર ઇચ્છાના કારણે આવતો નથી ને આહાર આવવા છતાં શરીરને ટકવું હોય તો ટકે છે એવું સ્વતંત્ર ભાન તેને નથી. કાયોત્સર્ગ કરતી વખતે કાયાને સ્થિર રાખવી, મૌન રાખવું એમ કાયા ને વચનની ક્રિયા પોતાને આધીન માને છે. ધ્યાન રાખીએ તો પૈસા પેદા થાય ને ભગવાનના દર્શન કરવાથી અને પરક્ષેત્રે જવાથી ધર્મ થાય એમ માને છે તેને સ્વ-પરનો વિવેક નથી. સમેતશિખર તથા સાક્ષાત્ દેવ પણ પર છે ને તેના પરનો રાગ પણ પર છે. શરીરને અને પરને પોતે ટકાવી શકે એમ માને છે તે સ્વ-પરની એકતા કરે છે. તે ભલે નામધારી શ્રાવક કે સાધુ હોય તોપણ મિથ્યાદ્રષ્ટિ છે.

વળી તે જીવો કષાય સાથે એકત્વબુદ્ધિ કરે છે. દયાદાન તો વિકૃતભાવ છે– પર છે ને શુદ્ધઉપયોગ તે સ્વ છે. પણ અજ્ઞાની જીવ દયાદાનનો ભાવ મારો છે, તે કરવા જેવો છે ને તેથી તેને નિર્વિકારીદશા પ્રગટશે એમ માને છે. જે જીવોને સ્વ-પરનું ભેદજ્ઞાન નથી તેમને ભલે કદાચિત્ પાંચ ઇન્દ્રિયોના વિષયોનો સંયોગ દેખાતો ન હોય, છ કાયની દ્રવ્યહિંસા દેખાતી ન હોય અને એ રીતે સંયોગથી નિવૃત્તિ દેખાતી હોય તો પણ શરીર ને વિકાર સાથે એકત્વબુદ્ધિ કરનાર જીવોને

ખરેખર પાંચ ઇન્દ્રિયોના વિષયોની અભિલાષાનો નિરોધ નથી, હિંસાનો જરાય અભાવ નથી અને એ રીતે ભાવથી બિલકુલ નિવૃત્તિ નથી. તે અજ્ઞાની જીવ બહારથી રાજ્ય, કુટુંબ ને રાણીનો ત્યાગ કરી બેઠો હોય, મુનિ થયો હોય, નિર્દોષ આહાર લેતો હોય પણ કષાયમંદતાથી ધર્મ માનતો હોવાથી તો તેને એક પણ વિષય ટળ્યો નથી, કારણ કે તેની રુચિ વિકાર ને બહારની ક્રિયા ઉપર છે. તેને **<u>જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની રુચિ નથી ને શરીરથી વિષયનો ત્યાગી દેખાય છે પણ અંતરમાં અભિપ્રાય વિકારનો છે. એક સમયના રાગનો ધણી થઈ તેની જે રુચિ કરે છે તેને ત્રણકાળના રાગનું સ્વામીપણું વર્તે છે ને સંયોગો હોય તો ઠીક એવો અભિપ્રાય છે. વિષયોની રુચિ પડેલી છે તેથી તે વિષયોથી અટક્યો નથી.</u>**

આત્મા ધ્રુવ આનંદસ્વભાવી છે, તેની રુચિ છોડી અધ્રુવ વિકારની રુચિ કરે છે. વિકારની રુચિવાળો સંયોગની રુચિવાળો હોય જ ને અમુક સંયોગો અનુકૂળ ને અમુક પ્રતિકૂળ છે એવી અનુકૂળ–પ્રતિકૂળની માન્યતા તે પરને પોતાના માન્યા વિના હોઈ શકે નહિ. ''**शरीरमाद्यं खलुं धर्मसाधनम्**'' એમ માની શરીર મજબૂત કરવા માગે છે. નમાલા જીવો દેશનું રક્ષણ કરી શકે નહિ એમ માનનાર શરીર અને આત્મા એક કરે છે. વળી કોઈ જીવ સાત્વિક પ્રકૃતિવાળો દેખાતો હોય, અલ્પ આહાર લેતો હોય પણ શરીર સાથે એકત્વબુદ્ધિ કરનાર જીવને પાંચ ઇન્દ્રિયોમાં એકત્વબુદ્ધિ વર્તે છે.

<u>પરજીવને બચાવી શકું છું એમ માનનાર છ જીવનિકાયનો ઘાતી છે.</u>

વળી આવો એકત્વબુદ્ધિ કરનાર જીવ છકાયના જીવનો ઘાતી છે. અજ્ઞાની મુનિ શરીર અનુકૂળ હોય તો લાભ થશે ને શરીરની ક્રિયાથી ધર્મ થશે, એમ માનતો હોય છે તેથી તે નિર્દોષ આહાર લેતો હોય, સમિતિનું પાલન કરતો હોય, કોઈ જીવને મારતો દેખાતો ન હોય તોપણ છકાયનો ઘાતી છે. કારણ કે **<u>કાયારહિત કે પુણ્ય-પાપ રહિત એવો આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે તેમ તે માનતો નથી. પોતાના ચૈતન્ય પ્રાણની તે હિંસા કરે છે.</u>** જેને શરીર સાથે એકત્વબુદ્ધિ વર્તે છે, જેને કષાયની એકત્વબુદ્ધિ વર્તે છે, તેને છકાયની હિંસા ટળી છે એવો આરોપ ક્યાંથી આવે ? ન જ આવે. **<u>પર જીવને હું બચાવી શકું છું, તેની જતના કરી શકું છું, એમ માનનાર છ કાયનો હણનાર છે.</u>** વર્તમાનમાં લીલોતરીના જીવને હણવાનો ભાવ નથી છતાં પણ એક જીવની રક્ષા હું કરી શકું છું, એમ માન્યું તેણે સામા જીવના પ્રાણ પરાધીન માન્યા ને તેનો રક્ષણ કરવાનો ભાવ કરવા જેવો માન્યો તે ભાવ વિકાર છે, જ્ઞાતાદ્રષ્ટા ભાવ ચૂકીને વિકારની રુચિ તે જ હિંસા છે.

પ્રશ્ન :—તેવો જીવ વ્યવહારે તો છકાયની હિંસાથી નિવર્ત્યો છે ને ?

સમાધાન :—ના. તે વ્યવહારે પણ નિવર્ત્યો નથી. અશુભભાવ તથા હિંસાનું નિમિત્ત દેખાતું નથી એટલે લોકો ભલે નિવર્ત્યો કહે પણ અમો એને નિવર્ત્યો કહેતા નથી. તેવા જીવને સ્વતઃ નિવૃત્તિનો અભાવ છે. કદાચિત્ જંગલમાં ગયો હોય, ગિરિગુફામાં એકલો ધ્યાનમાં બેઠો હોય, પણ ગિરિગુફામાં જાઉં તો ધ્યાન સરખું થશે ને કષાયમંદતા ધર્મમાં મદદ કરશે એવી એકત્વબુદ્ધિના કારણે જરાપણ નિવૃત્તિ પામ્યો નથી. બહારથી મહાવીરનો વેશ, નગ્ન શરીરની અવસ્થા ધારણ કરી હોય પણ રાગનો આદર હોવાથી સ્વભાવનો તેને અનાદર છે. રાગનો આદર છે તેથી તેને વ્યવહારે પણ નિવર્ત્યો કહી શકાતો નથી તેથી તેને સંયમ સિદ્ધ થતો નથી.

પોતે પરમાત્મસ્વરૂપ છે એવાં શ્રદ્ધા-જ્ઞાન નથી તેને મોક્ષમાર્ગ પ્રગટ થતો નથી.

મારો જ્ઞાયક સ્વભાવ પરિપૂર્ણ પરમાત્મ સ્વરૂપ છે. અલ્પજ્ઞતા મારો સ્વભાવ નથી. ત્રણકાળ ત્રણલોકના પદાર્થોને અક્રમે–એકી સાથે જાણવાનો મારો સ્વભાવ છે. તેવા જ્ઞાનના અભાવને લીધે એક પછી એક જ્ઞેયને જાણે છે. જ્ઞાયક સ્વભાવની પ્રીતિ છોડી જ્ઞેયોમાં પ્રીતિ અથવા અપ્રીતિ કરે છે. જ્ઞાયક સ્વભાવ વડે સ્વ જાણતાં પર જણાઈ જાય છે, એવું ભાન નથી તેથી પરમાં એકાગ્ર થવાની સ્વચ્છંદી પ્રવૃત્તિ રાખી છે. તેથી આત્માના સ્વભાવમાં તેને એકાગ્રતા થતી નથી.

આ રીતે તેમને સંયમ સિદ્ધ થતો નથી અને જેમને સંયમ નથી તેમને પરમાત્મસ્વભાવમાં દ્રઢપણે લીન રહેવારૂપ મુનિપણું હોતું નથી એટલે કે મોક્ષમાર્ગ તેને હોતો નથી. આ પ્રમાણે જેને સ્વ-પર ભેદવિજ્ઞાન નથી તથા પરમાત્મ જ્ઞાનનો અભાવ છે તેને મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી.

*

પ્રસાદ નં. ૧૮૯

પ્રવચનસાર ગાથા ૨૩૬

(વૈશાખ સુદ ૪, ગુરુવાર)

તીર્થંકર ભગવાને કહેલી વાણી દ્વારા રચાયેલાં શાસ્ત્રોમાં કથન બે અપેક્ષાએ આવે છે. આત્મા સ્વપણે છે ને પરપણે નથી. પોતાની અપેક્ષાએ છે ને પોતાની અપેક્ષાથી નથી કહો તો તે વાત બરાબર નથી. વસ્તુ પોતાપણે છે ને પરથી નથી–એમ વસ્તુનો સ્વભાવ છે. ભગવાનના જ્ઞાનમાં પણ એમ જ જણાયું છે, ને વાણી દ્વારા એમ જ આવ્યું છે. જેની આવી અનેકાંતદ્રષ્ટિ નથી તેને સંયમ સિદ્ધ થતો નથી.

વળી કેટલાક જીવો એમ માને છે કે આત્મા નિશ્ચયથી તો શરીરનું ન કરી શકે પણ વ્યવહારથી કરી શકે–એ માન્યતા પણ ભ્રમ છે. પોતાનો વ્યવહાર પોતામાં હોય પણ પરમાં ન હોય. આત્મા શરીરરૂપે નથી તો પછી આત્મા શરીરનું વ્યવહારથી પણ કાંઈ કરી શકે નહિ. વળી પુણ્ય હોય તો ઠીક પડે એ ભાવના પણ ભ્રમ છે. પુણ્યની ઇચ્છા રાખી સારા સંયોગોને ભોગવવા ઇચ્છે છે તેને ત્રણ કાળના જગતના જડ પદાર્થોને ભોગવવાની ઇચ્છા રહેલી છે. પુણ્ય સાથે એકત્વબુદ્ધિ વર્તે છે તેને જ્ઞાન સ્વભાવનો અનાદર છે. **પોતે જ્ઞાનાદિ ગુણોનો ભંડાર છે. પોતાનો જાણવાનો સ્વભાવ છે તેમ નહિ માનતાં પરનું કરવારૂપ, પરને ભોગવવારૂપ ને પુણ્ય તથા વિકારરૂપ પોતાને માને છે, તે પોતાના અનંતા ગુણોની હિંસા કરે છે તેથી છકાયની હિંસા કરી રહ્યો છે. રાગ અને નિમિત્તની જે ભાવના ભાવે છે તેને જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની હિંસા છૂટી નથી કારણ કે તેને સ્વનો અનાદર વર્તે છે.** સ્વહિંસા છૂટી નથી તેથી પરહિંસાનો ત્યાગી કહેવાય જ નહિ. બહારથી વૈરાગ્યવાળો મુનિ હોય ને બાહ્યથી ભલે હિંસા ન દેખાતી હોય તો પણ તે હિંસાથી નિવર્ત્યો નથી માટે તેને સંયમ સિદ્ધ થતો નથી.

બીજો જીવ ચક્રવર્તી સમ્યગ્દ્રષ્ટિ છે, લડાઈમાં ઊભો હોય પણ સ્વભાવનું ભાન છે. દ્વેષના પરિણામ હોવા છતાં તેની ભાવના નથી, અકાયસ્વભાવની ભાવના છે. ચારિત્રદોષ છે તેથી અલ્પ બંધ છે પણ તેને અનંત સંસારનું બંધન નથી.

કોઈ સમ્યગ્દ્રષ્ટિ હાથી પાંચ પચીસ મણ ઘાસ ખાતો હોય ને બહારથી અલ્પ હિંસા દેખાતી હોય પણ જડની ક્રિયા મારાથી થતી નથી ને અલ્પ રાગ-દ્વેષ થાય છે તે મારું સ્વરૂપ નથી એવું તેને ભાન છે. રામના ભાઈ વૈરાગ્ય પામે છે, જે હાથી

ઉપર બેઠા હતા તે હાથીને પૂર્વભવનો તેમની સાથે સંબંધ હતો, તે જાતિસ્મરણ જ્ઞાનથી જાણીને વૈરાગ્ય પામે છે. રાગથી પૃથક્ ચૈતન્યની ભાવનામાં રાગની લાગણી નથી. આવા **ધર્માત્મા જીવોને પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવનો આદર છે. ને પુણ્ય-પાપનો આદર નથી–એ જ અહિંસા છે.** આવા ધર્મી જીવને દ્વેષના પરિણામ હોય, બાહ્યથી હિંસા દેખાતી હોય ને ઢોરનો જીવ ખૂબ લીલોતરી ખાતો હોય તોપણ તે જીવો છકાયની હિંસાથી નિવૃત્તિ પામ્યા છે ને અજ્ઞાની વૈરાગ્ય ને ધ્યાનમાં હોય અથવા દયા પાળતો હોય પણ પુણ્યથી ધર્મ માને તો તે હિંસાથી નિવૃત્તિ પામ્યો નથી.

વળી અજ્ઞાની જીવને પોતે પરમાત્મસ્વરૂપ છે એવું ભાન નથી તેથી તેનું જ્ઞાન રાગમાં અટકી નિરંકુશપણે દરેક જ્ઞેયમાં ખંડખંડ થાય છે, તે સ્વભાવમાં એકાગ્રતા પામતો નથી તેથી તે સંયમ સિદ્ધ થતો નથી. એ રીતે તેને સંયમ નથી, સ્વભાવમાં એકાગ્રતા નથી, તેને મુનિપણું અથવા મોક્ષમાર્ગ હોતો નથી.

આથી આગમનું જ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન અને અંતર સ્થિરતા–ત્રણેના યુગપદપણાને જ મોક્ષમાર્ગપણું હોવાનો નિયમ છે. ॥૨૩૬॥

હવે આગમજ્ઞાન–તત્ત્વાર્થશ્રદ્ધાન–સંયતત્ત્વ ત્રણે સાથે ન હોય તો મોક્ષમાર્ગ ઘટતો નથી, એમ સિદ્ધ કરે છે :–

ગાથા ૨૩૭

સિદ્ધિ નહીં આગમ થકી, શ્રદ્ધા ન જો અર્થો તણી;
નિર્વાણ નહીં અર્થો તણી શ્રદ્ધાથી, જો સંયમ નહીં. ૨૩૭.

અર્થ :—આગમથી, જો પદાર્થોનું શ્રદ્ધાન ન હોય તો સિદ્ધિ (મુક્તિ) થતી નથી; પદાર્થોને શ્રદ્ધનારો પણ, જો અસંયત હોય તો નિર્વાણ પામતો નથી.

કેટલાક જીવોને નવાઈ લાગે છે ને કહે છે કે આત્મા કાંઈ કરી શકતો નથી એમ તમો ઉપદેશમાં કહો છો પણ માણસો આખો દિવસ કરવાનું તો કહે છે. જેમ કે "દાળભાત કરજો, મોટર તૈયાર રાખજો એમ કહે છે. ઉપદેશ એટલે વાણીની અવસ્થા કરી શકાય નહિ છતાં રોજ ઉપદેશ કરવો, લખી શકાય નહિ છતાં આમ લખજો એમ કહે છે. ઉપદેશથી લાભ થાય નહિ છતાં ઉપદેશ રોજ બધા સાંભળે તો છે. નિમિત્તનું અવલંબન લેવું નહિ છતાં રોજ ઉપદેશાદિનું અવલંબન લ્યે છે. પરનું કરી શકાતું તો નથી ને આ શું ?

દરેક વસ્તુ સ્વતંત્રપણે પરિણમી રહી છે, વ્યવહારનાં કથનો સંયોગોનું અથવા નિમિત્તોનું જ્ઞાન કરાવે છે.

<u>સમાધાન</u> :—ભાઈ, સાંભળ. એ બધાં વ્યવહારનાં કથનો છે. પાણીના લોટાની જેમ. પર પદાર્થની અવસ્થા જેમ થવાની હોય તેમ થાય છે, તેને આત્મા કરી શકતો નથી. ફેરવી શકતો નથી, પણ તે તે પદાર્થોમાં તેના કારણે ક્રિયા થાય તો જીવના વિકલ્પને નિમિત્ત કહેવાય છે. જીવના વિકલ્પથી તે ક્રિયા થઈ નથી ને પરમાં ક્રિયા થાય છે માટે જીવમાં વિકલ્પ નથી. દરેક વસ્તુ સ્વતંત્ર છે. વ્યવહારનાં કથનો બીજી સંયોગી ચીજનું જ્ઞાન કરવા માટે છે.

"આગમજનિત જ્ઞાનથી, જો તે શ્રદ્ધાનશૂન્ય હોય તો સિદ્ધિ થતી નથી તથા આગમજ્ઞાન વિના જે હોતું નથી એવા શ્રદ્ધાનથી પણ જો તે શ્રદ્ધાન સંયમશૂન્ય હોય તો સિદ્ધિ થતી નથી."

અહીં એમ કહેવું છે કે આગમ દ્વારા ધારણા થઈ કે આત્મા તે આત્મા છે ને જડ તે જડ છે. આત્મા પુણ્યથી જુદો છે એમ ધારણા થઈ પણ તેને અંતરમાં શ્રદ્ધા બેસતી નથી. તેને એમ થાય છે કે ઉપદેશ સાંભળવા તો જીવો જાય છે ને ઉપદેશ સાંભળીને ઘણા સમકિત પામે છે માટે એમાંથી જરૂર લાભ થતો હશે—એમ તે માને છે. આગમે કહેલું કે ઉપદેશ વાણી પર છે, તેનાથી લાભ નથી છતાં તેને અંતરશ્રદ્ધા થઈ નહિ. ગુરુથી જ્ઞાન થાય નહિ છતાં ઘણા ગુરુ પાસે તો જાય છે. એમ આગમનું વ્યવહારું જ્ઞાન હોવા છતાં અંતર વિશ્વાસ આવતો નથી તેથી તેને સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી ને તે મોક્ષમાર્ગ પામતો નથી.

વળી આગમજ્ઞાન સહિત સમકિત હોય પણ સંયમ એટલે ચારિત્ર ન હોય તો તે જીવ તે જ ભવે મોક્ષ પામતો નથી. આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન થયાં હોય પણ અંતરલીનતા ન હોય તો તે ભવે મુક્તિ પામે નહિ. તે આ પ્રમાણે :—

(૧) હવે પ્રથમ જેને આગમથી બધા પદાર્થોનું યુક્તિ સહિત સ્વરૂપ તો જાણ્યું છે પણ પોતામાં—અંતરમાં શ્રદ્ધા કરતો નથી તેની વાત કરે છે. પણ જે જીવ આગમબળથી વિશેષે કરીને વિચારણા કરીને સકળ પદાર્થોનું જેમ છે તેમ સ્વરૂપ વિચારતો નથી તે તો આ ભૂમિકાથી ઘણાં દૂર છે.

अ. જે કોઈ દિવસ આગમ વાંચતો નથી તેની તો વાત નથી.

ब. કોઈ આગમ ભણવા છતાં અર્થ સમજતો નથી તેની પણ વાત નથી.

क. કોઈ આગમના ઊંધા અર્થ કાઢે કે નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય, પુણ્યથી ધર્મ થાય એવા ઊંધા અસ્પષ્ટ તર્કણાવાળાની અહીં વાત નથી.

ડ. અહીં તો આગમ જેમ કહે છે તેમ બરાબર વિચારણા કરી પદાર્થોનું સ્વરૂપ જ્ઞાનમાં ધારણ કરી રાખ્યું છે. નિમિત્તથી ઉપાદાનમાં કામ થાય નહિ, પુણ્યથી ધર્મ થાય નહિ એમ છ દ્રવ્યો અને નવતત્ત્વોનું સ્વરૂપ યુક્તિપૂર્વક સ્વતંત્ર જાણ્યું છે તેવા જીવને શ્રદ્ધા કેમ થતી નથી, તેની વાત ચાલે છે.

આગમના લક્ષે કરેલ જ્ઞાન ખંડખંડ થાય છે, અનેકતા ઉત્પન્ન કરે છે, એકરૂપ આત્માની શ્રદ્ધા કરતું નથી.

તે જીવ આગમના બળથી બધા પદાર્થોનું યુક્તિસહિત સ્વરૂપ જાણતો હોવા છતાં આત્માની પ્રતીતિ કરતો નથી તો તેને સમ્યગ્દર્શન થતું નથી. આત્મા કેવો છે ? સમસ્ત પદાર્થોના જ્ઞેયાકારો જેમાં પ્રતિબિંબિત થાય છે અર્થાત્ તેમને જે જાણે છે એવું સ્પષ્ટ એક જ્ઞાન જ આત્માનું રૂપ છે. આત્મા બધાને જાણનારો છે એમ સ્વભાવ સન્મુખ થઈને જીવ જ્ઞાન કરે તો જ્ઞાન એકરૂપ રહે છે. જ્ઞાતા તરફ વળેલું, સ્વભાવની એકતા ઉત્પન્ન કરતું જેનું સ્વરૂપ છે એવો આત્મા છે પણ આગમ સન્મુખપણે થયેલું જ્ઞાન અનેકતા ઉત્પન્ન કરે છે. તેની ધારણા બરાબર છે પણ તેનું જ્ઞાન પર સન્મુખ છે તેથી જ્ઞાન એકપણું પામતું નથી, ખંડખંડપણું થઈ જાય છે. તેથી તેને આત્માની પ્રતીતિ નથી. બધાં જ્ઞેયોની દ્રષ્ટિ છોડી અંતર્મુખ વળે ને જ્ઞાતાની રુચિ કરે તો શ્રદ્ધા થાય ને સ્વ-પર પ્રકાશક સ્વભાવ ખીલતાં બધા પદાર્થોને જાણી લ્યે છે પણ સ્વભાવ સન્મુખ કામ કરતો નથી તેથી તેને ધર્મ થતો નથી.

સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય બધાં આગમો છે તેમ જ પરમાગમો પણ છે. તેના વડે જ્ઞાનનો ઉઘાડ થયો છે. છ દ્રવ્યોને બરાબર જાણે છે પણ આગમ તરફનું જ્ઞાન એટલે નિમિત્ત તરફના વલણવાળું જ્ઞાન તે આત્મા નથી ને તે જ્ઞાન સમકિતનું કારણ નથી છતાં સમકિત થતાં પહેલાં આગમનું જ્ઞાન આવ્યા વિના રહેતું પણ નથી. આગમનું જ્ઞાન જ ન કરે અથવા ઊંધું કરે તેની તો વાત જ નથી પણ યથાર્થ જ્ઞાન આગમ દ્વારા કરતો હોવા છતાં એકાકાર એકરૂપ જ્ઞાનસ્વભાવી આત્માની પ્રતીતિ કરતો નથી, તેની વાત ચાલે છે.

જ્ઞાનસ્વભાવી આત્માની શ્રદ્ધા કરતો નથી તે જ્ઞેયનિમગ્ન જ્ઞાનવિમૂઢ જીવ છે.

આવા એકાકાર જ્ઞાનસ્વભાવી આત્માની શ્રદ્ધા નથી તેથી ઉપર કહેલો આત્મા કે જેમાં સમસ્ત પદાર્થો જણાઈ જાય છે, એવા એકાકાર આત્માને અનુભવતો નથી એવો તે જ્ઞેયનિમગ્ન જ્ઞાનવિમૂઢ જીવ જ્ઞાની નથી પણ અજ્ઞાની જ છે. જ્ઞેયનિમગ્ન

= એક પછી એક જ્ઞેયમાં લીન છે પણ બધાં જ્ઞેયોને જાણનાર આત્મામાં લીન નથી. વળી, જ્ઞાનવિમૂઢ = ધારણા જ્ઞાન છે પણ અંતર સ્વરૂપનું જ્ઞાન નથી માટે જ્ઞાનવિમૂઢ કહ્યો છે.

તે જીવે આગમ દ્વારા જાણ્યું છે કે ''રાગથી કે પુણ્યથી લાભ નથી. આત્મામાં કેવળજ્ઞાનની તાકાત છે. ખંડખંડ દશા તે હું નથી. આત્માનાં દ્રવ્ય-ગુણ-પર્યાય પરિપૂર્ણ છે.'' વગેરે પ્રકારે જેમ છે તેમ તેણે શાસ્ત્ર સન્મુખ થઈ, જ્ઞેય તરફ વળીને જ્ઞાન કર્યું છે. પણ **આત્મા જ્ઞાનસ્વભાવી છે તે તરફ વળીને અર્થાત્ સ્વ તરફ વળીને જ્ઞેયને અથવા પરને જાણ્યા નથી. જ્ઞાતા વિનાના જ્ઞેયને સ્વ વિનાના પરને જાણ્યા છે માટે જ્ઞેયનિમગ્ન છે ને જ્ઞાતાનું જ્ઞાન કર્યું નથી માટે જ્ઞાનવિમૂઢ છે.** આ સમજ્યા વિના સમ્યક્દર્શન જ્ઞાન–ચારિત્ર નથી. તે જીવ જ્ઞેય સન્મુખ થઈને જાણે છે, આગમની ખાલી ધારણા કરી છે. **જ્ઞાતાનો સ્વભાવ બધા જ્ઞેયોને પી જવાનો એટલે કે જાણવાનો છે. એટલો અગાધ જ્ઞાનદરિયો છે એવી એકરૂપ પ્રતીતિ કરતો નથી. તે જ્ઞેયોમાં ડૂબી ગયો છે ને જ્ઞાનથી ખસી ગયો છે.** આગમ બધા પદાર્થોનું પ્રકાશક હોવા છતાં અજ્ઞાનીને આગમ શું કરે ? માટે તેવો જીવ અજ્ઞાની છે. માત્ર આગમજ્ઞાનના ઉઘાડથી ધર્મ થતો નથી. ને મુક્તિ થતી નથી માટે પ્રથમ આગમ દ્વારા જાણવું ને તે મુજબ સ્વમાં શ્રદ્ધવું ને લીનતા કરવી તે મોક્ષમાર્ગ છે.

*

પ્રસાદ નં. ૧૯૦

પ્રવચનસાર ગાથા ૨૩૭

(વૈશાખ સુદ ૫, શુક્રવાર)

મુમુક્ષુ જીવે જ્ઞાની પુરુષોની વાણી બહુમાનપૂર્વક સાંભળીને આગમનું જ્ઞાન કરવું.

તીર્થંકર ભગવાને વાણી દ્વારા દરેકનાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ જુદું છે, એમ કહ્યું છે. તે મુજબ અજ્ઞાની જીવ આગમબળે બધા પદાર્થોની વિશેષ સ્પષ્ટ તર્કણા (વિચારણા) કરતો હોવા છતાં એકરૂપ આત્માના સ્વભાવને પ્રતીત કરતો નથી તેથી તેને સમ્યગ્દર્શન થતું નથી તો પછી જેણે આગમનો અભ્યાસ કર્યો નથી, તેની તો શી વાત કરવી ? પ્રથમ તો મુમુક્ષુઓએ આગમ શું કહે છે તે યથાર્થ સમજવું જોઈએ. વળી આગમના કહેનાર ઉપદેશક ઉપર પણ શ્રદ્ધા હોવી જોઈએ. જેમની પાસેથી યથાર્થ વસ્તુ સાંભળે તેમના પ્રત્યે યથાર્થ વિનય ને ભક્તિ હોવાં જોઈએ. પણ કહેનારથી ઉપરવટ થાય તેનો એક અક્ષર પણ સાચો નથી. છ દ્રવ્યો સ્વતંત્ર છે, દરેક પર્યાય પણ સ્વતંત્ર છે, નિમિત્તને આત્મા લાવી શકતો નથી, પુણ્યથી ધર્મ નથી–એમ આગમ દ્વારા બરાબર જાણે ને તેના કહેનાર સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય બરાબર જાળવે તો આંગણે આવ્યો કહેવાય, તે પુણ્ય છે, પણ ધર્મ નથી.

સ્વચ્છંદી જીવ ધર્મ પામવાની યોગ્ય ભૂમિકાને પણ પાત્ર નથી.

પણ જે જીવ જ્ઞાનના નિમિત્ત એવા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિરોધ કરે ને આજ્ઞાને ઓળંગે તેનું આગમનું જ્ઞાન પણ સાચું નથી. જ્ઞાનાવરણીય છ પ્રકારે બંધાય છે. જે જ્ઞાની પાસેથી સમજ્યો હોય છતાં કહે કે તેની પાસેથી હું સમજ્યો નથી, હું તો મારી મેળે સમજ્યો છું. સ્વચ્છંદી થઈ આજ્ઞા ઉથાપીને વર્તે, જ્ઞાનમાં અંતરાય કરે. બીજા જ્ઞાન પામતા હોય તેમાં અંતરાય કરે વગેરે પ્રકારે જે અવિનય કરે તે તો ગુરુની વાણી સાંભળવાને પણ લાયક નથી ને ધર્મને લાયક તો નથી જ.

સતસમાગમે આગમનું જ્ઞાન કરવા છતાં જે જીવ આત્મજ્ઞાન કરતો નથી, તેને કાંઈ પણ સિદ્ધિ નથી.

અહીં તો તેવા સ્વચ્છંદી જીવની વાત નથી. ગુરુનો વિનય કરે છે, કોઈ જાતનો દંભ કરતો નથી, અંતરાય કરતો નથી તેવો જીવ આગમે કહેલ છે તે

મુજબ શ્રદ્ધા કરે છે, નવતત્ત્વને જેમ છે તેમ સમજે છે, પુણ્યથી કે નિમિત્તથી લાભ માનતો નથી. તે જીવ સ્વભાવનું ભાન કરે તો આંગણે આવ્યો કહેવાય ને તો શાસ્ત્ર નિમિત્ત કહેવાય. પણ આવું આગમજ્ઞાન હોવા છતાં જે આત્માની પ્રતીતિ કરતો નથી તેને સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી ને ધર્મ થતો નથી. તે જીવને આત્માનું જ્ઞાન નથી માટે તે જ્ઞાનવિમૂઢ છે, અજ્ઞાની છે. ને જ્ઞેયોનું પ્રકાશક હોવા છતાં આગમ તેવા અજ્ઞાનીને શું કરે ? માટે આત્માની શ્રદ્ધાનશૂન્ય એકલા આગમજ્ઞાનથી સિદ્ધિ થતી નથી.

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન હોવા છતાં સ્વરૂપની અંતરરમણતા નથી તો મુનિપણું હોતું નથી.

વળી સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન હોવા છતાં સંયમ ન હોય તો તે ભવે મુક્તિ થતી નથી, એ વાત હવે કરે છે.

વળી આત્માનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે. સ્વને જાણતાં બધા પદાર્થોને જાણી લ્યે છે. સ્વ તરફ વળેલું જ્ઞાન એકરૂપ છે. મિથ્યાદ્રષ્ટિનું પર તરફ વલણ હોય છે. એટલે આગમના લક્ષે થયેલું જ્ઞાન ખંડખંડતા પામી અનેકતા પામે છે. અહીં સમ્યગ્દ્રષ્ટિની વાત છે. સમ્યગ્દ્રષ્ટિનું જ્ઞાન સ્વલક્ષે હોય છે ને અનેકને જાણવા છતાં અનેકતા પામતું નથી, પણ એકતા પામે છે. એવા એકરૂપ આત્માને શ્રદ્ધતો હોવા છતાં, અનુભવતો હોવા છતાં પણ જો પોતામાં સ્થિરતા ન કરે તો મોક્ષની પ્રાપ્તિ થાય નહિ. તેનો સંસાર પરિમિત થયો છે. પણ સંસારનો અંત તે ભવે થશે નહિ. અહીં ચરણાનુયોગમાં ચારિત્રની પ્રધાનતાથી વાત છે. સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ અથવા મુનિપણું છે. સમયસારમાં સમ્યગ્દર્શન થયું એટલે મુક્ત જ છે, એમ કહે છે. ત્યાં દર્શન પ્રધાન અધિકાર છે. ત્યાં અસ્થિરતાને ગૌણ કરી દ્રષ્ટિનો મહિમા બતાવે છે. અહીં ચરણાનુયોગમાં સમ્યગ્દર્શન ને જ્ઞાન હોવા છતાં સ્થિરતા ન કરે તો તે ભવે મુક્તિ ન થાય એમ કહીને સ્વભાવદ્રષ્ટિપૂર્વક ચારિત્રની રમણતા કરે તો મોક્ષમાર્ગ થાય છે એમ બતાવવું છે. જે જીવ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન હોવા છતાં સ્વભાવમાં લીનતા કરતો નથી, તે સંયત એટલે મુનિ હોઈ શકે નહિ.

ધર્મી જીવ પોતાની નબળાઈના કારણે વીતરાગતા કરતો નથી એ દોષ છે.

તેની વૃત્તિ અનાદિ મોહ-રાગ-દ્વેષની વાસનાથી પરદ્રવ્યમાં ભ્રમણના લીધે સ્વચ્છંદી છે. અહીં અસ્થિરતાની વાત છે. દ્રવ્ય સ્વભાવનું ભાન હોવા છતાં પૂર્વ

પર્યાયના ક્રોધ, માન, માયા, લોભની વાસનાથી રાગ-દ્વેષના પરિણામ થાય છે. (પૂર્વપર્યાયના સંસ્કારથી રાગ-દ્વેષ થાય છે એ નિમિત્તનું કથન છે) ચૈતન્યનું ભાન હોવા છતાં જેટલા રાગ-દ્વેષમાં રોકાય છે તેને વ્યભિચાર કહ્યો છે. દયા-દાનમાં અટકે છે તે વ્યભિચાર છે, દોષ છે, સ્વચ્છંદ છે. પાંચમે ગુણસ્થાને કોઈ વખતે આર્ત–રૌદ્રધ્યાન પણ થાય છે. પુત્ર મરતાં ખેદ થાય. કોઈ વખતે દ્વેષનો ભાવ પણ થઈ આવે–એ બધાં ભાવો ધર્મીને પોતાની નબળાઈના કારણે થાય છે. કોઈ પ્રસંગો બને છે માટે અથવા નિમિત્તોને લીધે રાગ-દ્વેષ થતા નથી પણ પોતાની કચાશના કારણે થાય છે ને એટલો દોષ છે. અહીં ચરણાનુયોગમાં પણ રાગ-દ્વેષનું કારણ કર્મ, સંયોગો કે નિમિત્તો છે, એમ કહ્યું નથી. માત્ર પોતાની પૂર્વ પર્યાયની વાસનાથી થયા છે, એમ બતાવ્યું છે. તે પૂર્વપર્યાયનું જ્ઞાન કરાવ્યું છે. પોતે અસ્થિરતાના, ક્રોધાદિરૂપે પરિણમે છે તે નિશ્ચય છે ને પૂર્વના વિકારથી તે થયા એમ કહેવું–જાણવું તે વ્યવહાર છે. ધર્મી જીવને વર્તમાન અસ્થિરતાના રાગ-દ્વેષ પોતાના કારણે થાય છે એ નિશ્ચય વાત રાખીને પૂર્વપર્યાયના સંસ્કારથી થાય છે, એમ કહ્યું છે. તે નિમિત્તથી કથન કરેલ છે, પણ નિમિત્તમાં જડ કર્મને અથવા સંયોગોને તો લીધા જ નથી.

સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાનની સાથે વીતરાગી ચારિત્ર નહિ હોવાથી ધર્મી જીવને (તે ભવે) મોક્ષની સિદ્ધિ થતી નથી.

આવી રીતે ધર્મી જીવની પરિણતિ પરભાવોમાં રાકાયેલી છે. તેથી પુણ્ય-પાપની લાગણી રહિત નિષ્કંપ એક આત્મતત્ત્વમાં લીનતાનો અભાવ છે એટલે કે વીતરાગ દશાનો અભાવ છે તે સંયત કહેવાતો નથી. ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણચારિત્ર અને પાંચમે દેશચારિત્ર હોય છે પણ તે સાક્ષાત્ ચારિત્ર નથી. શ્રદ્ધા-જ્ઞાનની સાથે અરાગી રમણતા ન હોય તો સંયમી નથી. સમકિતીને ભાન છે, શ્રદ્ધા સાચી છે છતાં પુરુષાર્થ નબળો છે એટલે કહે છે કે ચારિત્ર વિના મુક્તિ થતી નથી. સમકિતીને અનીતિ ન હોય, દારૂ પીવાનો કે અભક્ષ્ય ખોરાક લેવાનો હોઈ શકે જ નહિ. પણ હજી ખાવાપીવાનો, રળવા વગેરેનો રાગ છે તે અસંયમભાવ છે–અત્યાગભાવ છે. ધર્મી જીવને ભાન છે કે પરપદાર્થ જુદા છે, રાગ મારું સ્વરૂપ નથી. એવાં શ્રદ્ધા-જ્ઞાન છે. પણ તે હોવા છતાં તે અસંયમી છે. માટે સંયમશૂન્ય શ્રદ્ધા નથી કે જ્ઞાનથી મોક્ષ થતો નથી, કારણ કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એમ ત્રણેની એકતા તે મોક્ષમાર્ગ છે. તે જેને નથી તેને તે ભવે મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

આથી આગમજ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન ને સંયમ ત્રણે એક સાથે નથી તેને મોક્ષમાર્ગપણું ઘટતું નથી જ ।।૨૩૭।।

હવે, મિથ્યાદ્રષ્ટિજીવને આગમનું વ્યવહાર જ્ઞાન છે, નામ નિક્ષેપે નવતત્ત્વોની શ્રદ્ધા છે, ને છ કાયની દયા પાળે છે. પાંચ ઇન્દ્રિયોનો નિરોધ કરી અશુભથી બચી શુભભાવ કરે છે છતાં પણ આત્મજ્ઞાન વિના મોક્ષમાર્ગ નથી. તેથી આત્મજ્ઞાન મોક્ષમાર્ગનું ઉત્કૃષ્ટ સાધક છે, એમ સમજાવે છે.

ગાથા ૨૩૮

અજ્ઞાની જે કર્મો ખપાવે લક્ષ કોટિ ભવો વડે,
તે કર્મ જ્ઞાની ત્રિગુપ્ત બસ ઉચ્છ્વાસમાત્રથી ક્ષય કરે. ૨૩૮.

અર્થ :—જે કર્મ અજ્ઞાની લક્ષ કોટિ ભવો વડે ખપાવે છે, તે કર્મ જ્ઞાની ત્રણ પ્રકારે (મન–વચન–કાયાથી) ગુપ્ત હોવાને લીધે ઉચ્છ્વાસમાત્રથી ખપાવે છે.

જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા નથી ને અજ્ઞાનપૂર્વક તપ કરે છે તેવા જીવની તો વાત નથી પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળેલ છે, આગમાદિનું વ્યવહારૂ જ્ઞાન કરી સંયમ ધારણ કરે છે તે ત્રણે યુગપદ્ હોવા છતાં પણ તેને કર્મ ખપતાં નથી ને સમકિતીને કર્મ તુરત ખપે છે કારણ કે :–

૧. મિથ્યાદ્રષ્ટિને આગમનું જ્ઞાન એટલે કે પર તરફનું જ્ઞાન છે, ને ધર્મીને સ્વઆત્માનું જ્ઞાન છે.

૨. મિથ્યાદ્રષ્ટિને નવતત્ત્વની નામ નિક્ષેપે વ્યવહારૂ શ્રદ્ધા છે, ને ધર્મીને અંતરના ભાન સહિત નવતત્ત્વની શ્રદ્ધા છે.

૩. મિથ્યાદ્રષ્ટિને વ્યવહાર સંયમ ને શુભભાવ છે, ધર્મીને અંતર રમણતા છે.

–આમ બન્ને વચ્ચે ઘણો ફેર છે. તેથી અજ્ઞાની કરોડોનાં દાન આપે, વરસી તપ વગેરે કરે તોપણ આત્માના ભાન વિના તેને ધર્મ થતો નથી ને ધર્મી થોડા સમયમાં કર્મો ખપાવે છે.

અજ્ઞાની રાગ-દ્વેષનો કર્તાભોક્તા થઈ નવાં કર્મો બાંધી સંસારમાં રખડે છે.

ટીકા :—અજ્ઞાની અનેક પ્રકારના તપો ક્રમથી કરે છે. વ્રત ઉદ્યાપન કરે છે. એક વ્રત પૂરું થાય ને બીજું શરૂ કરે, પણ આત્માનું ભાન નથી. શરીરાદિ ક્રિયા પર છે, આહારનાં ગ્રહણ–ત્યાગ આત્મામાં નથી. આત્મામાં રાગ ઘટાડી શુભ ભાવ થાય

છે તે પણ આત્માનું સ્વરૂપ નથી, એવું અજ્ઞાનીને ભાન નથી. માત્ર શુભભાવનો ઊંધો પુરુષાર્થ છે તેથી અમુક અશુભ કર્મો બંધાતાં નથી ને પુણ્યનાં કર્મો બંધાય છે. પણ અંતરમાં દયા-દાનાદિથી ધર્મ થશે એવી રાગની પકડને લીધે રાગ-દ્વેષનો કર્તા થાય છે ને હરખ–શોકનો ભોક્તા થાય છે. આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે એવું તેને ભાન નથી તેથી ઇચ્છાનો નિરોધ થઈ, સ્વભાવમાં લીનતા થઈ જે તપ થાય ને શાંતિનો અનુભવ થવો જોઈએ, તે તેને થતો નથી. તપથી આનંદ થવો જોઈએ તેને બદલે આકુળતાને વેદે છે. ઉપવાસાદિ તપના પારણામાં અનુકૂળ સામગ્રી ખાવાપીવાની મળે તો શાતા વેદે છે ને પ્રતિકૂળતા હોય તો અણગમો કરી અશાતા વેદે છે. આવી રીતે આકુળતારૂપે થતો હોવાથી નવાં કર્મ બંધાતાં જાય છે. અજ્ઞાનીનાં તપ હાથીસ્નાન મુજબ નકામાં છે. ને રાગ-દ્વેષના કારણે એક પછી એક કર્મો બંધાતાં જાય છે ને લાખો કરોડો ભવમાં આવી તપશ્ચર્યા કરે, ચોવિહાર કરે, તડકામાં તપે તોપણ કર્મ ખપતા નથી. જૂનાં કર્મો તેના સમયે ઉદયમાં આવીને ખપે છે પણ નવાં બંધાતાં જાય છે. ‘ઓળંગી જાય છે’ એટલે કે ખપતાં નથી. જૂનાં કર્મો રહેતાં નથી એ અપેક્ષાએ ઓળંગી જાય છે, એમ કહ્યું છે. લાખો ભવોનો અર્થ અનંત ભવો સમજવા.

આમ અજ્ઞાનીને આત્મજ્ઞાન નથી તેથી ધર્મ થતો નથી ને કર્મોનો નાશ થતો નથી.

*

પ્રસાદ નં. ૧૯૧

પ્રવચનસાર ગાથા ૨૩૮

(વૈશાખ વદ ૬, શનિવાર)

અજ્ઞાની જીવ આત્મજ્ઞાનના અભાવને લીધે સંસારમાં રખડે છે.

આત્માનું યથાર્થ જ્ઞાન કર્યા વિના શાસ્ત્રનું જ્ઞાન કરે, નવતત્ત્વની વ્યવહારૂ શ્રદ્ધા કરે કે પાંચ મહાવ્રત પાળે તો પણ કલ્યાણ થતું નથી. અજ્ઞાની જીવ અજ્ઞાન તપ કરી, દયા, દાન, જાત્રાના ભાવ કરી, ક્રિયાકાંડ કરી કર્મોને ઓળંગી ગયો છે. આત્માના ભાન વિના ઇન્દ્રિયદમન કર્યું, શરીર સુકાઈ ગયું પણ જન્મ-મરણનો અંત આવ્યો નહિ. જૂનાં કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે ને રાગ-દ્વેષની કર્તાબુદ્ધિના કારણે નવાં કર્મો બાંધે છે. એક માણસ દેણા પેટે બે રૂપિયા આપે ને એકસો રૂપિયાનો માલ ઉધાર લઈ દેણું વધારે તેમ અજ્ઞાની જીવને પુણ્યના ભાવ વડે થોડાં કર્મ ઘટ્યાં છે–એમ વ્યવહારથી ભાસે પણ પુણ્યથી ધર્મ માનતો હોવાથી નવાં કર્મ બંધાય છે. તેને જન્મ-મરણ ટળતાં નથી. લાખો કરોડો ભવમાં અનંતવાર તપ કરે તે બિચારા કર્મના ઉદયને ઓળંગે પણ કર્મને ટાળે નહિ એટલે કે આત્માની શુદ્ધિ થાય નહિ, તેથી સંસારમાં રખડે છે. ઉપવાસ કેમ થાય તેની ખબર નથી, રાગ ઘટાડે તો પુણ્ય થાય ને પુણ્યથી ધર્મ માને તો મિથ્યાત્વનું મોટું પાપ બાંધે છે. આમ અંતર સ્વભાવના જ્ઞાન વિના બધું કર્યું પણ સંસારનો અંત આવ્યો નહિ.

આગમજ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન, સંયતત્વથી આત્માની અનુભૂતિ થાય છે, તે વ્યવહારનું કથન છે.

હવે ધર્મી જીવ તે જ કર્મો આત્મજ્ઞાન હોવાને લીધે થોડા સમયમાં ખપાવે છે, એની વાત કરે છે. ધર્મી જીવને આત્મજ્ઞાન પ્રગટ્યા પહેલાં આગમજ્ઞાનાદિ હોય છે.

(૧) સ્યાતકારકેતન આગમજ્ઞાન :—ધર્મી જીવે આગમનો અભ્યાસ કર્યો છે. તે આગમનું ચિહ્ન સ્યાતકાર છે. કોઈ અપેક્ષાએ કહેવું તે તેનું એંધાણ છે. જેમ કે આત્મા આત્માપણે છે, પરપણે નથી. આત્મા ફીટીને શરીરરૂપ થતો નથી. સ્વભાવ સ્વભાવપણે છે ને વિભાવપણે કદી નથી, વિભાવ વિભાવપણે છે ને સ્વભાવપણે નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. કર્મ જડ છે. કર્મ આત્માને હેરાન કરે નહિ. આત્મા

પોતે ભૂલ કરે તો કર્મને નિમિત્ત કહેવાય એમ આગમનું જ્ઞાન જેમ છે તેમ કરેલ છે.

(૨) તત્ત્વાર્થ શ્રદ્ધાન :—આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે જીવ છે. જીવને જીવ માને, શરીર, કર્મ વગેરે અજીવને અજીવ માને. દયા-દાનાદિ ભાવ પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી, પાપભાવ છે. બન્ને આસ્રવ ને બંધનાં કારણ છે. શુદ્ધ સ્વભાવનાં લક્ષે આત્માની અંશે શુદ્ધ દશારૂપ સંવર, નિર્જરા થાય છે ને પરિપૂર્ણ શુદ્ધતા મોક્ષ છે, એમ માને. જીવ અજીવનું (શરીરનું) કાંઈ કરે નહિ, અજીવ કર્મ જીવને હેરાન કરે નહિ એમ માને. પુણ્યને આસ્રવ માને, પુણ્યથી ધર્મ એટલે સંવર થાય તેમ માને નહિ. આમ નવતત્ત્વોની યથાર્થ શ્રદ્ધા કરી છે.

(૩) સંયતત્વ :—રાગ ઘટાડી શુભભાવ કરે છે. પાંચ ઇન્દ્રિયોનું દમન કરે છે. છકાયની દયાનો ભાવ કરે છે.

આવી રીતે આગમજ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન ને સંયતત્વ યુગપદે ધર્મીને હોય છે પણ તે વ્યવહાર છે–વિકલ્પ છે. વ્યવહારૂ જ્ઞાન યથાર્થ કરેલ છે. પૈસાની પ્રાપ્તિ આત્માના પુરુષાર્થથી થતી નથી. પણ પોતામાં સવળો પુરુષાર્થ કરે તો ધર્મ થાય એમ વ્યવહાર જ્ઞાન કરેલ છે.

તે વ્યવહાર જ્ઞાન ને શુભરાગના વિકલ્પના અતિશય પ્રસાદથી શુદ્ધ જ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ પ્રાપ્ત કરેલી છે. અહીં ચરણાનુયોગનું કથન છે. શુદ્ધજ્ઞાનની અનુભૂતિનું કારણ વ્યવહારૂ જ્ઞાન ને વ્રતાદિના ભાવ કહ્યા છે. તે વ્યવહારથી કહ્યા છે. શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાનથી જ ને તેના પ્રસાદથી તે અનુભૂતિ થાય છે પણ સમ્યક્જ્ઞાન પ્રગટ થતાં પહેલાં આગમજ્ઞાન–નવ તત્ત્વોની શ્રદ્ધા ને સંયમભાવ હોય છે તેથી તેના પ્રસાદથી અનુભૂતિ થઈ છે એમ નિમિત્તથી કથન કરેલ છે.

શુદ્ધ જ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ જ્ઞાનીનું નિશ્ચય લક્ષણ છે.

શુદ્ધ જ્ઞાનમય આતમતત્ત્વની અનુભૂતિ તે જ્ઞાનીપણાનું લક્ષણ છે. અહીં જ્ઞાનની મુખ્યતાથી વાત કરી છે. તે નિશ્ચય લક્ષણ છે. તે નિશ્ચય લક્ષણ પ્રગટ કરે છે ત્યારે આગમજ્ઞાન–તત્ત્વાર્થ શ્રદ્ધાન ને સંયત્વના યુગપદ્પણાને વ્યવહાર કહેવામાં આવે છે. આવી રીતે નિશ્ચય–વ્યવહાર બન્ને બતાવેલ છે. શરીરાદિ પર છે, દયા-દાનના ભાવો વિકાર–આસ્રવ છે, મારો સ્વભાવ તો ચિદાનંદ જ્ઞાન સ્વભાવી છે, એવું ભાન થતાં જડથી ઉદાસ થયો, ને પુણ્ય-પાપથી પાછો ખસ્યો, ને અંતરદ્રષ્ટિ થઈ એટલે આત્મતત્ત્વનો અનુભવ થતાં જ્ઞાની થયો.

જ્ઞાની મન વચન કાયાની પ્રવૃત્તિમાંથી વિરામ પામ્યો છે તેથી જૂનાં કર્મ ખરી જાય છે.

તે જ્ઞાનીને જ્ઞાનીપણાના સદ્‌ભાવને લીધે મન-વચન-કાયા સંબંધીનાં કાર્યો અટકી જવાથી ત્રિગુપ્તપણું વર્તે છે. મન-વચન-કાયા તો જડ છે–પર છે, તેનાથી અટકવાનું નથી પણ તેના લક્ષે શુભાશુભ ભાવો થતા તેનાથી શ્રદ્ધામાં તો નિવર્ત્યો છે પણ અહીં સમ્યક્‌દર્શનપૂર્વક સ્થિરતાની વાત છે. શુભાશુભ ભાવોથી નિવર્ત્યો છે તેથી ત્રણે તરફની પ્રવૃત્તિ રોકીને સ્વરૂપમાં ગુપ્ત થયો છે. આમ, તેનો ઉગ્ર પુરુષાર્થ હોવાથી કર્મો ઉદયમાં આવી ખરી જાય છે. જ્ઞાની તો પોતાના સ્વભાવમાં જ લીન છે. એ જ પ્રચંડ ઉદ્યમ છે.

જ્ઞાની રાગ-દ્વેષનો કર્તા નથી, હરખ–શોકનો ભોક્તા નથી તેથી સહજ માત્રમાં કર્મોને નષ્ટ કરે છે.

અજ્ઞાની જીવ દયા-દાનાદિમાં લાભ માની તેનાથી ધર્મ થશે, તેમ માનતો તેથી તેને વિકારની પકડ હતી. જ્યારે જ્ઞાનીને શુભાશુભ ભાવો ઉપર દ્રષ્ટિ નથી, તેનું અવલંબન લઈ ધર્મ થશે તેમ તે માનતો નથી. અજ્ઞાની વ્યવહાર કરતાં કરતાં ધર્મ થશે તેમ માનતો નથી. રાગ-દ્વેષનો કર્તા ને હરખ-શોકનો ભોક્તા થતો, જ્યારે જ્ઞાનીને રાગ-દ્વેષનું કર્તાપણું નથી ને હરખશોકનો ભોક્તાપણું નથી. જ્ઞાની જ્ઞાતા રહે છે તેથી સમસ્ત સુખદુઃખાદિ વિકારો નિરસ્ત થઈ ગયા છે તેથી નવાં કર્મો બંધાતાં નથી. આથી જ્ઞાની સહજ માત્રમાં–આનંદથી કર્મોને ખપાવે છે. જે કર્મો અજ્ઞાની અનંતા ભવોમાં ટાળી શકતો ન હતો, માત્ર ઓળંગતો હતો, તે કર્મોને જ્ઞાની મૂળમાંથી નાશ કરે છે. આનું નામ ધર્મ છે, સંવર–નિર્જરા છે.

આત્મજ્ઞાન જ મોક્ષમાર્ગનું ઉત્તમ સાધન છે.

અહીં તો આગમજ્ઞાન–તત્ત્વાર્થ શ્રદ્ધાન ને સંયતપણું–એ ત્રણેની સાથે આત્મજ્ઞાન હોય તો જ મોક્ષમાર્ગ છે. આત્મજ્ઞાન વિના ત્રણે હોય તો પણ કાર્યકારી નથી તો પછી જે જીવને આગમજ્ઞાન વગેરેનાં ઠેકાણાં નથી, તેની ભૂમિકા તો ઘણી દૂર છે. નવતત્ત્વની વ્યવહાર શ્રદ્ધાનાં ઠેકાણાં નથી. આત્મા શરીરનું કરે તેમ માને, વ્યવહારથી ધર્મ માને, પુણ્યથી ધર્મ માને, વ્રત કરતાં કરતાં મોક્ષ થશે તેમ માને–તેવા સ્થૂલ મિથ્યાદ્રષ્ટિની તો વાત જ નથી. પણ આગમજ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન ને સંયતત્વનું યુગપદ્‌પણું હોવા છતાં પણ આત્મજ્ઞાન જ મોક્ષમાર્ગનું ઉત્તમસાધન સમજવું.

આગમજ્ઞાન :—શરીરથી ધર્મ થાય, કર્મ હેરાન કરે એમ માનનારનું આગમજ્ઞાન સાચું નથી. ભગવાનની દિવ્યધ્વનિ દ્વારા આવેલું વસ્તુસ્વરૂપ યથાર્થ રીતે કહેનાર આગમોનું જ્ઞાન કરે, જીવ જીવપણે છે, કર્મ કર્મપણે છે, એકનો બીજામાં અભાવ છે, દરેકનાં સ્વચતુષ્ટય પોતાથી છે, ને પરથી નથી. વળી આગમ પર છે. આગમથી જ્ઞાન થતું નથી એમ આગમ ને જ્ઞાનને જુદાં જાણે.

તત્ત્વાર્થ શ્રદ્ધાન :—નવે તત્ત્વોને જુદા જુદા માને, પુણ્યથી ધર્મ થતો નથી એમ શ્રદ્ધે, વ્યવહારથી નિશ્ચય થતો નથી એમ માને, કર્મ, શરીર અજીવ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. બન્ને સ્વતંત્ર છે એમ માને તે વ્યવહારશ્રદ્ધા છે.

સંયતત્વ :—બાર વ્રતના કે પંચમહાવ્રતના ભાવો છકાયની રક્ષાનો ભાવ શુભ છે.

આ પ્રમાણે આગમજ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન ને સંયતત્વનું યુગપદ્‌પણું છે, એટલે કે વ્યવહારરત્નત્રય છે. તે પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી. ત્રણે હોવા છતાં પણ તે વિકલ્પોથી રહિત, અભેદ આત્માના આધારે થતું આત્મજ્ઞાન જ મોક્ષમાર્ગનું ઉત્તમ સાધન છે.

અહો આત્માઓ, આત્મજ્ઞાન જ સંમત કરો, ને તેના માટે પુરુષાર્થ કરો.

અનાદિથી વસ્તુસ્વરૂપ જીવોએ સાંભળ્યું નથી. આગમજ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન ને શુભરાગ તે પરદ્રવ્ય તરફ વલણવાળો રાગ છે. તે રહિત ચૈતન્યમૂર્તિ છું એવું જ્ઞાન કરવું તે આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન થતાં પહેલાં આગમજ્ઞાનાદિ હોય ખરા, પણ તેનાથી આત્મજ્ઞાન થતું નથી. જૈનદર્શન વસ્તુદર્શન છે. નવતત્ત્વનો રાગ ચૈતન્યમાં નથી. મિથ્યાત્વ, રાગ-દ્વેષને જીતે તે જૈન છે. જૈન નામ ધરાવવાથી જૈન થતો નથી. પુણ્ય-પાપની મીઠાશ છોડી સ્વભાવનો આદર ન કરે તે જૈન નથી, શ્રાવક નથી, સાધુ નથી. આગમજ્ઞાન તો ઘણીવાર કરી ચૂક્યો છે ને દ્રવ્યલિંગ ધારણ કરી દેવલોકમાં જીવ ઘણી વાર ગયો છે, પણ આત્માનું ભાન કર્યું નથી. અહીં તો આચાર્યદેવ કહે છે કે "અહો આત્માઓ, દયા-દાનથી ધર્મ મનાવનારા મિથ્યાદ્રષ્ટિ છે. તેની વાત માનશો નહિ. શરીર, મન, વાણી પર છે, દયા- દાન વિકાર છે. તમારો આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરી ઠરો. એ જ મોક્ષમાર્ગ છે. એમ તમો સંમત કરો. વસ્તુસ્વરૂપ એમ જ છે. દિવ્યધ્વનિમાં એમ આવ્યું છે ને અમો પણ એ જ કહીએ છીએ. આત્મજ્ઞાન જ મોક્ષમાર્ગને માટે સંમત કરવું. તે પ્રાપ્ત ન થાય ત્યાંસુધી તેનો પ્રયત્ન કરવો ને વિશેષ પુરુષાર્થ કરવો."

અજ્ઞાની તપ તથા ધર્મને કષ્ટદાયક માને છે તે ભૂલ છે. તપ ને ધર્મ તો શાંતિના દાતાર છે.

ભાવાર્થ :—અજ્ઞાનીને બાળતપ હોય છે ને શુભભાવના ઊંધા પુરુષાર્થથી કર્મ પાકે છે, એટલે થોડાં કર્મો ખપે છે ને નવાં ઘણાં બંધાય છે. અજ્ઞાની જીવ ઘણા ભવો કરે છે ને મહાકષ્ટથી કર્મોને ઓળંગી જાય છે. અજ્ઞાની જીવ ધર્મને કષ્ટદાયક માને છે. ધર્મ કષ્ટદાયક હોઈ શકે નહિ, ધર્મ તો શાંતિદાયક છે. ઉપવાસ કરે ને ગળું સુકાય એટલે કહે કે ભાઈ, આણે બહુ સહન કર્યું. ગળું સૂકાયું તો પણ ધીરજ રાખી. ભાઈ, તપ કરવો એ તો લોઢાના ચણા ચાવવા જેવું છે એમ કહી અજ્ઞાન તપના મલાવા કરી તપને અને ધર્મને કષ્ટદાયક માને છે. જે વસ્તુ કષ્ટદાયક લાગે તેમાંથી શાંતિ મળે? ધર્મ તો શાંતિદાયક હોવો જોઈએ. અજ્ઞાની પરાણે તપ કરીને અંતરમાં આર્તધ્યાન કરે છે. તેને જરાપણ ધર્મધ્યાન થતું નથી. આત્મા જાણ્યા વિના અશાંતિ ટળે નહિ. આત્મા ચિદાનંદ સ્વરૂપ છે, એવા ભાનમાં અંતર લીનતા વધતાં રાગ ઘટી જાય છે ને સહેજે તપ ને ઉપવાસ થઈ જાય છે. એવા વખતે જ્ઞાનીને શાંતિ ઘણી વધી ગયેલી હોય છે. ધર્મ તો શાંતિનો દાતાર છે. અજ્ઞાની ઘણા ભવો કરવા છતાં કર્મોને ઓળંગે છે, પણ નાશ કરતો નથી. જ્યારે જ્ઞાનીને આત્માનું ભાન છે તેથી રમત માત્રમાં કર્મોનો નાશ કરે છે.

*

પ્રસાદ નં. ૧૯૨

પ્રવચનસાર ગાથા ૨૩૮

(વૈશાખ સુદ ૭, રવિવાર)

અજ્ઞાની નવાં કર્મો બાંધે છે, જ્ઞાની સહજ માત્રમાં બધાં કર્મોને નષ્ટ કરે છે.

આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. શરીર, કર્મ વગેરે પર છે ને દયા-દાન તે વિકૃતભાવ છે. તે આત્માનો શુદ્ધ સ્વભાવ નથી. અજ્ઞાની જીવને તેવું ભાન નથી. પાપની વાસનમાં મીઠાશ માને છે, પુણ્યથી ધર્મ માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે. તે ગમે તેટલાં વ્રત, તપ, ઉદ્યાપન કરે પણ તે મૂર્ખાઈ ભરેલાં તપ છે. તેનાથી તેનાં કર્મ ખપતાં નથી. તે માને છે કે 'બહુ દુઃખ સહન કરીએ તો ધર્મ થાય.' તેને ધર્મ કંટાળામય લાગે છે, ચારિત્ર આનંદમયને બદલે દુઃખમય લાગે છે. **આવા જીવોને તપમાં આર્તધ્યાન થાય છે, તે પુણ્યનું પણ કારણ નથી તો ધર્મનું કારણ તો ક્યાંથી હોય ?** ન જ હોય. તેથી અજ્ઞાનીને ઘણાં કષ્ટ વેઠવા છતાં કર્મ ખપતાં નથી. પણ જ્ઞાની થોડા સમયમાં કર્મને ખપાવે છે. કારણ કે **હું આત્મા ચૈતન્યસ્વભાવી છું, શરીરાદિ તથા શુભાશુભ ભાવો મારા જ્ઞાનનાં જ્ઞેય છે, હું સર્વને જાણનાર છું, વિકલ્પમાં તન્મય થયા વિના હું જાણું છું. આમ સાચી દ્રષ્ટિ થવાથી થોડા વખતમાં લીલામાત્રથી જ્ઞાની કર્મોનો નાશ કરે છે.**

વળી અજ્ઞાની અનુકૂળ સંયોગોમાં હરખ કરે છે ને પ્રતિકૂળતામાં શોક કરે છે. તેથી તે હરખ–શોકનો ભોક્તા થાય છે. તેથી નવાં કર્મો બંધાયા જ કરે છે. જ્યારે જ્ઞાની કોઈપણ સંયોગોને અનુકૂળ કે પ્રતિકૂળ માનતો નથી, તે તેનો જ્ઞાતા રહે છે તેથી તેને નવાં કર્મો બંધાતાં નથી.

માટે આત્મજ્ઞાન જ મોક્ષમાર્ગનું ઉત્તમ સાધન છે. ॥૨૩૮॥

આત્મજ્ઞાન વિના આગમજ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન, સંયતત્વ કાર્યકારી નથી.

"હવે આત્મજ્ઞાન શૂન્ય ને સર્વ આગમજ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન તથા સંયતત્વનું યુગપદપણું પણ અકિંચિત્કર છે, કાંઈ કરતું નથી, એમ ઉપદેશે છે."

આત્મા અખંડાનંદ સ્વરૂપ છે, પુણ્ય-પાપ વિનાનો છે, તેવી અંતરમાં શ્રદ્ધા વિના આગમજ્ઞાન વગેરે કાંઈ પણ લાભ કરતું નથી.

આગમજ્ઞાન :—આત્મા રાગરહિત છે. આત્માના નિશ્ચય સ્વરૂપમાં વ્યવહારનો અભાવ છે. દ્રવ્ય-ગુણ-પર્યાય જેમ છે તેમ આગમ દ્વારા જાણે, નવ પૂર્વ ને અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં પણ આત્મજ્ઞાન વિના આગમજ્ઞાન કાર્યકારી નથી.

તત્ત્વાર્થ શ્રદ્ધાન :—જીવાદિ નવે તત્ત્વોને જેમ છે તેમ નામનિક્ષેપથી જાણે છે. જીવ અજીવને જુદા જાણે, પુણ્યથી ધર્મ માને નહિ, જીવમાં આસ્રવનો અભાવ છે–એમ નવે તત્ત્વોની પૃથક્ પૃથક્ રાગવાળી શ્રદ્ધા છે પણ આત્મજ્ઞાન વિના તે કાર્યકારી નથી.

સંયતત્વ :—શુભ ભાવ કરે, બાર વ્રતનું પાલન કરે, મુનિ હોય તે પાંચ મહાવ્રત પાળે, પણ આત્મજ્ઞાન વિના તે સંયમ કાર્યકારી નથી.

વર્તમાનમાં તો આગમજ્ઞાનના ને નવતત્ત્વની વ્યવહાર શ્રદ્ધાનાં પણ ઠેકાણાં નથી. ''નિમિત્તથી લાભ થાય, પુણ્યથી ધર્મ થાય, સંયોગો ને નિમિત્તો મેળવી શકાય.'' આવી માન્યતા તો સ્થૂળ ભૂલ છે. પર પદાર્થ તેના કારણે આવે છે એમ માને છે. નિમિત્તથી લાભ માનતો નથી, એમ સ્વતંત્ર જ્ઞાન તો કરેલ છે. પણ આગમના લક્ષે પુણ્યના આશ્રયે થયેલો જ્ઞાનનો ઉઘાડ છે. તે આત્મજ્ઞાન નથી. કોઈ જીવ આઠ વર્ષથી ભણવા માંડે ને ક્રોડ પૂર્વનું આયુષ્ય હોય ત્યાં સુધી માત્ર આગમના લક્ષે ભણે. તે આગમ તો પરજ્ઞેય છે પણ સ્વજ્ઞેયના લક્ષે જાણપણું કરતો નથી તેથી તેને આત્મજ્ઞાન થતું નથી. આમ હોવાથી તેનું બધું આગમજ્ઞાન વૃથા જાય છે. સમવસરણમાં નાના ચકલાને જ્ઞાનનો થોડો ઉઘાડ હોવા છતાં તે આત્મજ્ઞાન કરે છે. કારણ કે તેનું વલણ સ્વ જ્ઞાતાદ્રષ્ટા તરફ છે. જ્યારે અજ્ઞાની મનુષ્યને ઘણો ઉઘાડ હોવા છતાં પરલક્ષ હોવાથી આત્મજ્ઞાન પ્રગટ કરતો નથી. તે જીવ હજારો રાણીઓ છોડે, શરીરના ખંડખંડ કોઈ કરે તોપણ ક્રોધ ન કરે, બ્રહ્મચર્યપાલન કરે તોપણ આત્મજ્ઞાન વિના બધું વૃથા છે.

ગાથા ૨૩૯

અણુમાત્ર પણ મૂર્છા તણો સદ્‌ભાવ જો દેહાદિકે,
તો સર્વઆગમધર ભલે પણ નવ લહે સિદ્ધત્વને. ૨૩૯.

અર્થ :—અને જો દેહાદિક પ્રત્યે પરમાણુ જેટલી પણ મૂર્છા વર્તતી હોય, તો તે ભલે સર્વઆગમધર હોય તોપણ સિદ્ધિ પામતો નથી.

મિથ્યાદ્રષ્ટિ જીવ સર્વ આગમનો જેમ છે તેમ પરલક્ષે અભ્યાસ કરે છે.

ટીકા :–મિથ્યાદ્રષ્ટિ જીવ દ્રવ્યગુણ પર્યાયને હસ્તામલકવત્ જાણે છે. બધાં આગમોનો અભ્યાસ કર્યો છે, આગમો જેમ કહે છે તેમ બરાબર આગમસન્મુખ થઈને જાણપણું કરે છે. પણ હું ચિદાનંદ સ્વરૂપ છું. મારામાં આસ્રવની જે લાગણી ઊઠે છે તે દુઃખદાયક છે એમ પોતાના આત્માને વિકારથી જુદો પાડી આત્મજ્ઞાન કરવું જોઈએ, તે નહિ કરતો હોવાથી ગમે તેટલા શાસ્ત્ર ભણે તો પણ તે મિથ્યાદ્રષ્ટિ છે.

તેને આત્મજ્ઞાન નથી પણ આગમજ્ઞાન તો બરાબર કરે છે. હાથમાં આમળું સ્પષ્ટ દેખાય તેમ આગમજ્ઞાનથી પરનું બધું સ્પષ્ટ જાણે છે. જડનો પર્યાય જડથી થાય, ચેતનથી ન થાય; પૂર્વ પર્યાયથી વર્તમાન પર્યાય ન થાય, દરેક પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાય સત્ છે. એમ યથાર્થજ્ઞાન કરેલ છે. ભૂત, વર્તમાન ને ભવિષ્યની સ્વોચિત પર્યાયો સહિત સમસ્ત દ્રવ્યોને જાણવાનો પોતાનો સ્વભાવ છે એમ જાણે છે. સ્વોચિત = પોતપોતાને યોગ્ય એટલે કે જડનો પર્યાય જડથી થાય ને આત્માનો પર્યાય આત્માથી થાય એમ પોતાના સિવાય બધા આત્મા ને જડ પદાર્થોના સ્વરૂપને પર સન્મુખ થઈને જાણે છે, રાગ દ્વારા જાણે છે પણ સ્વસન્મુખ થઈને પોતાને ભેળવીને જાણતો નથી. બધા દ્રવ્ય સમૂહને જાણે છે એટલે કે અનંતા સિદ્ધ, અનંતા સંસારી વગેરે આત્માઓ, અનંતાનંત પરમાણુ, ધર્મ, અધર્મ, આકાશ ને અસંખ્ય કાળાણુ વગેરે દ્રવ્યોનું જાણપણું કર્યું છે. **આ બધો અભ્યાસ પરસન્મુખ બુદ્ધિ વડે કરેલ છે પણ પર તરફના વલણ રહીત સ્વઆત્મા તરફના વલણથી કર્યો નથી. આટલો બધો ઉઘાડ દેખાય છે તે ક્ષયોપશમભાવ છે. ઉઘાડ છે તે પુણ્યનું કારણ છે, ધર્મનું કારણ નથી. સમ્યગ્દર્શનનું કારણ તો પરમપારિણામિક ભાવ એક જ છે. ધર્મનું કારણ ક્ષયોપશમભાવ નથી.** ક્ષયોપશમભાવ ભલે હો પણ એનાથી આત્મજ્ઞાન થતું નથી.

જેને આગમનો યથાર્થ અભ્યાસ નથી તે ધર્મની ભૂમિકાથી પણ ઘણા દૂર છે.

(1) જુઓ, અહીં આગમના સારને આમળા સમાન કર્યો છે, એમ કહ્યું છે. જે જીવ સંસારનાં અભ્યાસમાં પડ્યો છે તે તો ઘણો દૂર છે. લૌકિક અભ્યાસ છોડી આગમનો અભ્યાસ કરેલ છે, તેની વાત છે.

(૨) બીજું આગમનો અભ્યાસ કરવા છતાં આગમથી વિરુદ્ધ ભાવો કાઢે તેની તો અહીં વાત છે જ નહિ. શરીરની ક્રિયાથી આત્માને લાભ થાય, આત્મા છે તો વાણી બોલાય છે, શરીર ધર્મનું સાધન છે એમ માને, અનુકૂળ નિમિત્ત હોય તો

લાભ થાય, પુણ્યથી ધર્મ થાય એવા સ્થૂલ મિથ્યાદ્રષ્ટિની વાત લીધી નથી, તે તો ધર્મની ભૂમિકાથી બહુ દૂર છે.

અહીં તો મિથ્યાદ્રષ્ટિ કે જેની આગમના અભ્યાસમાં ભૂલ નથી, તેની વાત છે.

અહીં તો વૈરાગ્યપૂર્વક શાસ્ત્રનો જેમ છે તેમ અભ્યાસ કરેલ છે. પુણ્યને પુણ્ય માને, ધર્મ માને નહિ; નિમિત્તથી લાભ માને નહિ. બધા આત્મા અને જડની પર્યાયો વર્તમાન પોતપોતાના કારણે થાય છે, પરથી નહિ; એમ આગમ દ્વારા નક્કી કરેલ છે. જડની ભૂત, વર્તમાન, ભાવિ પર્યાયો જડથી થાય છે, મારાથી નહિ; મારો રાગ મારાથી થાય છે, પરથી મને રાગ થયો નથી. કર્મે મને રાગ કરાવ્યો નથી. એક પર્યાય પરને લીધે થાય તો વર્તમાન પર્યાય સ્વતંત્ર રહેતી નથી. જેમ કોઈ ઈશ્વરને જગતકર્તા માને છે. તેમ એક દ્રવ્યની વર્તમાન પર્યાયનો કર્તા બીજું દ્રવ્ય કહો તો બન્નેની માન્યતા સ્થૂલ ભૂલવાળી છે. આવી સ્થૂલ ભૂલ તો તેણે ટાળી છે. દરેક આત્મા ને જડની પર્યાય સ્વઉચિત પોતાની સત્તામાં રહે છે. તેમ તે માને છે.

બધો અભ્યાસ પરલક્ષે કર્યો છે, પણ સ્વલક્ષે નિર્ણય કર્યો નથી.

આ બધું તેણે આગમ તરફ જોઈને નક્કી કરેલ છે. રાગ મંદતાથી નક્કી કરેલ છે. ને રાગ મંદતાથી પરસન્મુખનો ઉઘાડ થયો છે. તે હજી મિથ્યાજ્ઞાનનો પર્યાય છે. શાસ્ત્ર કહે છે તેમ તેણે જાણ્યું છે, પર્યાયબુદ્ધિએ જાણ્યું છે પણ દ્રવ્યબુદ્ધિએ જાણ્યું નથી. આગમના વલણપૂર્વક જાણ્યું છે પણ સ્વભાવના આશ્રયે નિર્વિકલ્પ નિર્ણય થયો નથી. સમ્યગ્દર્શનની પર્યાય પર તરફના જ્ઞાનના ઉઘાડ ભાવથી પ્રગટતી નથી, સમકિતની પર્યાય પર્યાયમાંથી આવતી નથી. અજ્ઞાની માને છે કે શાસ્ત્રના ઉઘાડની પર્યાય છે તે તરફ વળું તો સમકિત થાય એટલે પર્યાયમાંથી પર્યાય થાય તેમ તે માને છે. જ્ઞાનસ્વભાવ આખો અંશી પડેલો છે તેના આધારે સમ્યગ્દર્શન થશે તેમ તે માનતો નથી. તેથી તેને આત્મજ્ઞાન થતું નથી.

શિવભૂતિ મુનિને ભાવશ્રુતજ્ઞાન હતું. આત્મા ચિદાનંદસ્વરૂપ છે, આસ્રવ આકુળતા સ્વરૂપ છે, મારી શાંતિ ને ધર્મ મારા દ્રવ્યના આશ્રયે પ્રગટે તેમ છે, એમ ભાવશ્રુતજ્ઞાન હતું. તેથી તેઓ કેવળદશાને પામ્યા.

પરસન્મુખદ્રષ્ટિવાળો જીવ જ્ઞાનનો ઘણો ઉઘાડ હોવા છતાં ધર્મ પામતો નથી.

જ્યારે મિથ્યાદ્રષ્ટિ જ્ઞાનનો ઘણો ઉઘાડ હોવા છતાં આત્મજ્ઞાન નહિ હોવાથી તેનું બધું જ્ઞાન મિથ્યા છે. પરસન્મુખ દ્રષ્ટિ કરતાં કરતાં કલ્યાણ થશે, એમ તે માને છે. પોતાના સિવાય બધાં દ્રવ્યોને જાણે છે પણ તે તો વ્યવહાર થયો ને તેનાથી નિશ્ચય થશે, તેમ તે માને છે. પણ મારો આત્મા આનંદસ્વરૂપ તે નિશ્ચય છે એમ સ્વસન્મુખ થઈને જાણતો નથી. પર-સન્મુખપણું તે વ્યવહાર છે ને સ્વસન્મુખપણું તે નિશ્ચય છે. પોતાની પર્યાય સ્વસન્મુખ થતાં પ્રગટશે તેમ તે માનતો નથી. પરસન્મુખદ્રષ્ટિનો અભાવ કરે તો સ્વસન્મુખ દશા થાય એટલે કે આગમ ઉપરથી લક્ષ ઉઠાવે ને પર્યાયને દ્રવ્ય તરફ વાળે તો સ્વસન્મુખ દશા થાય પણ તેમ તે કરતો નથી ને પરસન્મુખ વલણ રાખીને ક્ષયોપશમભાવથી ધર્મ થશે તેમ તે માને છે તેથી તેને ધર્મ થતો નથી.

અહો, વસ્તુસ્વરૂપ આચાર્યભગવાને અદ્‌ભુત રીતે બતાવ્યું છે. અંતરના ભાન સહિત અંતર રમણતા તેમને ઘણી વધી ગઈ હતી. તે વીતરાગી દશા થતાં બાહ્ય નગ્નદશા શરીરના કારણે હોય છે. તે મહામુનિ અહીં કહે છે કે આગમનો અભ્યાસ હોવા છતાં, પાંચ મહાવ્રતનું પાલન હોવા છતાં આત્માની રુચિ કરી જો આત્મજ્ઞાન કરતો નથી તો આગમનો અભ્યાસ વગેરે કાંઈપણ કાર્યકારી નથી. માટે સ્વસન્મુખ રુચિ કરી આત્મજ્ઞાન પ્રગટ કરવું એમ કહેવાનો સાર છે.

*

પ્રસાદ નં. ૧૯૪

પ્રવચનસાર ગાથા ૨૩૯

(વૈશાખ સુદ ૯, મંગળવાર)

આત્મજ્ઞાન વિના સર્વ આગમજ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન તથા સંયતત્વ કાર્યકારી નથી.

આગમનું જ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન ને સંયતત્વ હોવા છતાં જેને આત્મજ્ઞાન નથી તેનું કલ્યાણ થતું નથી. જીવે આત્મજ્ઞાન વિના આગમનો અભ્યાસ કર્યો છે. અનંતા આત્મા છે. દરેકના અનંતા ગુણો છે, તેની પર્યાય સ્વતંત્ર છે. શરીર, કર્મ, સ્વતંત્ર છે. કોઈ કોઈના કારણે નથી ને વર્તમાનના કારણે ભવિષ્યની પર્યાય નથી. સ્વઉચિત અવસ્થા જડની જડના કારણે અને આત્માની આત્માના કારણે તે તે વખતે થાય છે. એમ બરાબર જાણે છે. નવતત્ત્વની શ્રદ્ધા કરે છે. જીવને જીવ જાણે, અજીવને અજીવ જાણે, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ જેમ છે તેમ જાણે. સંવર, નિર્જરા ઊઘડ્યા નથી પણ સંવર, નિર્જરા, મોક્ષ તત્ત્વનું સ્વરૂપ જાણે. આગમદ્વારા છ દ્રવ્યોને સ્વતંત્ર જાણે છે. આમ આગમની તથા નવ તત્ત્વોની શ્રદ્ધા કરે છે. તેમ જ પાંચ ઇન્દ્રિયોના વિષયોની અભિલાષા રોકી છે. બાર વ્રત, પાંચ મહાવ્રતના શુભભાવ કરે છે, મુનિ હોય ને ૨૮ મૂળગુણનું પાલન કરે છે. એમ વ્યવહારજ્ઞાન છે. સંયમનું પાલન કરે છે છતાં પણ આત્મજ્ઞાન નથી તેથી તે સિદ્ધિને પામતો નથી.

ગૃહીત મિથ્યાત્વ ટાળવા છતાં અગૃહીત મિથ્યાત્વના સદ્‌ભાવના કારણે જીવ સંસારમાં રખડે છે.

તે જીવને આગમજ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન, સંયતત્વ, યુગપદ હોવા છતાં તે જાણપણું સ્વલક્ષે કર્યું નથી. પણ આગમ દ્વારા એટલે પરલક્ષે કર્યું છે. તે પુરુષ જરાક મોહમળથી લેવાઈ ગયો છે. 'જરાક' એટલે સૂક્ષ્મ મિથ્યાત્વ રહી ગયું છે. તેણે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા છોડી છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને છે તેમ જ આગમ અનુસાર નવે તત્ત્વોની વ્યવહાર શ્રદ્ધા જેમ છે તેમ કરી છે તેથી તેને સ્થૂલ મિથ્યાત્વ અથવા ગૃહીત મિથ્યાત્વ વ્યવહારે ટળ્યું છે. એ અપેક્ષાએ જરાક કહ્યું છે. જ્યાં ગૃહીત મિથ્યાત્વ હોય, કુદેવાદિની શ્રદ્ધા હોય ત્યાં તો અગૃહીત મિથ્યાત્વ હોય જ. અહીં તો અગૃહીત અથવા સૂક્ષ્મ મિથ્યાત્વ બાકી છે તેથી જરાક મોહવડે લિપ્ત કહ્યો છે. વળી, તીવ્ર મિથ્યાત્વ વ્યવહારે ટાળ્યું છે. ખરેખર નિશ્ચયથી ટાળ્યું હોય તો ફરી તે ગૃહીત મિથ્યાદ્રષ્ટિ થાય નહિ. અગૃહીત ટાળ્યું હોય તો જ સ્થૂલ તીવ્ર મિથ્યાત્વ ટાળ્યું કહેવાય પણ વ્યવહારથી ગૃહીત ટાળ્યું છે પણ અગૃહીત છે તેથી જરાક શબ્દ વાપરેલ છે.

જીવને સૂક્ષ્મ મિથ્યાત્વના કારણે આત્માનો અનુભવ થતો નથી.

તે મોહમળ જરાક શું બાકી છે ? તેણે જે જે અભ્યાસ કર્યો તે આગમના લક્ષે કર્યો છે, પણ સ્વલક્ષે કર્યો નથી. ચૈતન્ય સ્વભાવની અંતરરુચિ નહિ કરતાં શાસ્ત્રના જાણપણાનો પ્રેમ કરી મૂર્છાઈ ગયો છે. ચૈતન્યના આશ્રયે લાભ નહિ માનતાં પરસન્મુખ વલણથી એટલે કે નિમિત્તથી મુંઝાઈ ગયો છે. તે વ્યવહાર નિમિત્તોને પાળે છે, વ્રતાદિનું પાલન કરે છે પણ તે રાગ છે, પુણ્ય છે; ધર્મ નથી. તે જીવ મૂર્છા વડે ઉપરક્ત છે એટલે અંતરમાં વિકારની રુચિ રહી છે પણ સ્વભાવની રુચિ કરતો નથી.

તેથી તે જીવ નિર્વિકારી ઉપયોગમાં પરિણતિ કરીને જ્ઞાનાત્મક આત્માને અનુભવતો નથી. કેવો છે જ્ઞાનાત્મક આત્મા ? શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. તેમાં પરપદાર્થનાં ગ્રહણ–ત્યાગ તો છે જ નહિ કારણ કે પરપદાર્થનો આત્મામાં અત્યંત અભાવ છે. પણ રાગનાં ગ્રહણ–ત્યાગ પણ જ્ઞાનાત્મક આત્મામાં નથી. કારણ કે રાગનો જ્ઞાનમાં પ્રવેશ જ નથી તો પછી તેને છોડવાનો રહેતો નથી. આવા જ્ઞાનાત્મક આત્મામાં સ્થિર થઈને નિર્વિકારી શુદ્ધ પરિણતિનો અનુભવ થવો જોઈએ પણ વિકારની રુચિ હોવાથી તથા પરસન્મુખ દ્રષ્ટિ હોવાથી તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રદશાને અનુભવતો નથી. તેણે પર સન્મુખ રહી, રાગ ઘટાડી, જ્ઞાન કર્યું છે પણ જ્ઞાનાત્મક ચૈતન્યનો આશ્રય લીધો નથી. તે જીવ પોતાના જ્ઞાનમાં વિષયો ફેરવે છે. આ જીવ છે, આ અજીવ છે, આ પાપ છે, એમ જુદા જુદા ભેદ કરી વિષયો ફરે છે તેમ રાગ પણ જુદો જુદો ફરતો જાય છે પણ અંતરજ્ઞાતાસ્વરૂપ એકલું શુદ્ધ જીવતત્વ છું એમ એકરૂપ શ્રદ્ધાજ્ઞાન કરી ઠરી જવું જોઈએ, તેમ કરતો નથી તેથી તેને વીતરાગી પર્યાયનો અનુભવ થતો નથી.

પ્રશ્ન :–તેને અનુભવ ગમતો નથી કે આવડતો નથી ?

ઉત્તર :–જો તેને સ્વ આનંદ ને અનુભવ ગમતો હોય તો વિકારનો અનુભવ કરે નહિ. અજ્ઞાની જે કાંઈ કરે છે તે બધું ભોગના નિમિત્તે કરે છે. તીવ્ર મિથ્યાત્વ નથી પણ દયા-દાન વિકલ્પમાં રોકાઈ ગયો છે. તે બધું વિકારના અનુભવ માટે છે તેથી તેને સ્વઅનુભવ ગમતો નથી.

જીવને સૂક્ષ્મ મિથ્યાત્વના કારણે કર્મનો નાશ થતો નથી તથા ધર્મ થતો નથી.

"તે પુરુષ માત્ર તેટલા (જરાક) મોહકલંકરૂપ જે ખીલી તેની સાથે બંધાયેલાં કર્મોથી નહિ છૂટતો થકો સિદ્ધ થતો નથી."

તે જીવને નવ પૂર્વ ને અગિયાર અંગનો અભ્યાસ છે. ધારણા બધી કરેલ છે. પણ સ્વસન્મુખ થઈને જ્ઞાન કરતો નથી. પ્રયોજનભૂતને સાધતો નથી. તેથી સૂક્ષ્મ મિથ્યાત્વ રહી ગયું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ કહ્યું છે કે "જે જીવો જૈની છે તથા જિનઆજ્ઞાને માને છે તેમને પણ સૂક્ષ્મ મિથ્યાત્વ રહી જાય છે. એ મિથ્યાત્વ શત્રુનો અંશ પણ બૂરો છે, તેથી એ સૂક્ષ્મ મિથ્યાત્વ પણ ત્યાગવા યોગ્ય છે." તેની જ અહીં વાત કરે છે. આગમજ્ઞાનથી મારું આત્મજ્ઞાન ઊઘડશે એવી માન્યતાનું સૂક્ષ્મ શલ્ય રહી ગયું છે તેને શરીરાદિ પ્રત્યેની મૂર્છા કહી છે. શરીર, પુણ્ય, નિમિત્ત, અંશ વગેરેની સૂક્ષ્મ રુચિ રહી છે.—જરાક મોહ બાકી છે માટે ખીલી શબ્દ વાપરેલ છે. રાગ ને પુણ્યની સૂક્ષ્મ એકત્વબુદ્ધિમાં મૂર્છાઈ ગયો છે. પાંચ શેર દૂધમા એક રૂપિયાભાર ઝેર નાખે તો તે દૂધ માણસને મારી નાખે છે, પુષ્ટી આપતું નથી; તેમ સૂક્ષ્મ હોવા છતાં તે મિથ્યાત્વ હોવાથી અનંત સંસાર રખડાવે છે. વળી 'જરાક મોહમળ' કહેતાં એમ કહેવું છે કે આ જીવે કુદેવાદિની શ્રદ્ધા છોડી, આગમોને સ્પષ્ટ તર્કણાથી જાણ્યા, ભગવાનની પરંપરા વાણીરૂપ શાસ્ત્રોને જ માને. નવતત્ત્વને બરાબર માને, વ્રતાદિનું પાલન કરે. આટલું કરવા છતાં સૂક્ષ્મ મિથ્યાત્વ—કાંઈક પુણ્ય ઉપર અથવા પરસન્મુખ દ્રષ્ટિના કારણે રહી જાય છે. એમ કહીને આત્મજ્ઞાન ઉપર વજન આપવું છે. આત્મજ્ઞાન વિના આગમનું જ્ઞાન વગેરે કાંઈપણ કાર્યકારી નથી ને સૂક્ષ્મ મિથ્યાત્વથી પણ જો જીવ સંસારમાં રખડે છે તો પછી જે જીવ પુણ્યથી ધર્મ ને નિમિત્તથી લાભ માને, કુદેવાદિને માને તે તો સ્થૂલ મિથ્યાદ્રષ્ટિ છે. આ સૂક્ષ્મ મિથ્યાદ્રષ્ટિ જીવને સ્વભાવનું વેદન નથી માટે પુણ્યનું વેદન છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ સંસારમાં ને રાજ્યપાટમાં હોવા છતાં તેનું લક્ષ સ્વભાવ ઉપર છે તેથી તેને ધર્મ થાય છે ને અજ્ઞાની બૈરાં—છોકરાં છોડી, જંગલમાં જાય, બાર બાર માસના ઉપવાસ કરે, અંતર કષાયમંદતા વર્તે છે, પણ પરસન્મુખદ્રષ્ટિ હોવાથી તેને વિભાવનું વેદન છે, તેને સ્વભાવની રુચિ નથી, તેથી આત્મકલ્યાણ નથી.

સંયમ પાળ્યો, આગમજ્ઞાન કર્યું, નવતત્ત્વની શ્રદ્ધા કરી છતાં પણ સર્વજ્ઞ ભગવાન કહે છે કે અમો તેને જ્ઞાની કહેતા નથી કારણ કે જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની રુચિ કરતો નથી. આગમજ્ઞાન, નવતત્ત્વની શ્રદ્ધા ને ઇન્દ્રિયદમનથી સમકિત થતું નથી છતાં પણ તેનાથી સમકિત થશે તેમ તે માને છે. મોટા સંચામાં ખીલી નાખો તો સંચો બંધ પડી જાય છે તેમ આત્મા જ્ઞાનાત્મક સ્વરૂપ છે તેમાં રાગથી લાભ થાય તેવી ઊંધી માન્યતારૂપી ખીલી પડે તો ચૈતન્ય સંચો તેની સ્વભાવરૂપી કામ કરશે નહિ એટલે કે સ્વસંવેદન થશે નહિ. આવી રીતે જે જીવને સૂક્ષ્મ મિથ્યાત્વ

રહી જાય છે તેને ભાવકર્મોનો ને નિમિત્તરૂપે દ્રવ્યકર્મોનો નાશ થતો નથી તેથી તેને ધર્મ થતો નથી.

આથી, આત્મા ચિદાનંદ સ્વરૂપ છે, તેના જ્ઞાન વિના શાસ્ત્રનું જ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન ને સંયતપણું જરાપણ લાભદાયક નથી. એક સમયે ત્રણે હોવા છતાં આત્માને લાભ થતો નથી. પરસન્મુખદ્રષ્ટિ વડે આત્મલાભ થાય નહિ. ॥૨૩૯॥

*

પ્રસાદ નં. ૧૯૫

પ્રવચનસાર ગાથા ૨૩૯

(વૈશાખ સુદ ૧૦, બુધવાર)

શ્રી મહાવીર ભગવાન કેવળજ્ઞાન કલ્યાણક દિન.

ગાથા ૨૩૯માં એમ કહ્યું કે આત્માનો જ્ઞાનસ્વભાવ પરના અવલંબને નથી. જગતના જે જે પદાર્થો છે તેનું સંપૂર્ણ જ્ઞાન સર્વજ્ઞને છે. ને સર્વજ્ઞ છે તો તેમની વાણી પણ પરિપૂર્ણ રહસ્ય બતાવનારી છે. ને તે વાણીમાં જે આવ્યું તે આગમે કહ્યું છે. એકલા આગમનું જ્ઞાન કરતાં સ્વનું જ્ઞાન રહી જાય છે કારણ કે સ્વનું જ્ઞાન આગમમાં નથી. આમ આગમ સન્મુખ રહીને જ્ઞાન કરવાથી આત્માનું જ્ઞાન થતું નથી. આથી આત્મજ્ઞાનશૂન્ય આગમજ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન, સંયતત્વનું યુગપદ્‌પણું કાંઈપણ લાભકર્તા નથી. ॥૨૩૯॥

દ્રષ્ટાંતપૂર્વક કેવળજ્ઞાનની સિદ્ધિ.

વર્તમાનમાં જીવો વર્તમાન પદાર્થોનું પ્રત્યક્ષ જ્ઞાન કરે છે, ભૂતકાળમાં વર્તતા જીવો તે કાળ વર્તતા પદાર્થોનું પ્રત્યક્ષ જ્ઞાન કરતા હતા ને ભવિષ્યમાં થનારા જીવો તે કાળે વર્તતા પદાર્થનું પ્રત્યક્ષ જ્ઞાન કરશે. એ પ્રમાણે તે તે કાળે વર્તતા જીવોને તે તે કાળે વર્તતા પદાર્થોનું પ્રત્યક્ષ જ્ઞાન હોય છે તેમ ત્રણેકાળના સર્વ પદાર્થોનું એકસાથે પ્રત્યક્ષ જ્ઞાન થઈ શકે છે. ને તેવું જ્ઞાન જેને છે તે સર્વજ્ઞ છે. વળી આ ક્ષેત્રે વર્તતા પદાર્થોનું જ્ઞાન અહીંવાળા કરે છે. વિલાયતના ક્ષેત્રે વર્તતા પદાર્થોનું જ્ઞાન તે ક્ષેત્રના જીવો કરે છે. એમ જુદા જુદા ક્ષેત્રે વર્તતા જીવોને તે તે ક્ષેત્રના પદાર્થોનું જ્ઞાન હોય છે. તેમ સર્વક્ષેત્રે વર્તતા પદાર્થોનું જ્ઞાન એક જીવને પણ થઈ શકે છે ને તે સર્વજ્ઞ છે. તેમને કોઈ કાળના કે ક્ષેત્રના પદાર્થો જાણવા બાકી રહેતા નથી. આ પ્રમાણે સર્વજ્ઞની સિદ્ધિ થઈ. એવો સર્વજ્ઞસ્વભાવ એક સમયમાં બધા પદાર્થોને જાણી લેવાની તાકાતવાળો દરેક જીવનો છે.

પરલક્ષે આત્મજ્ઞાન થતું નથી પણ સ્વલક્ષે આત્મજ્ઞાન થાય છે.

હવે આ જીવનો જ્ઞાનસ્વભાવ સર્વજ્ઞ જેવો પરિપૂર્ણ છે એમ પોતાના જ્ઞાનનો નિર્ણય કર્યા વિના આગમમાં આ આત્માની વાત આવી હોય ને તે વડે જાણે તો તેથી સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી. જ્ઞાન સ્વનું છે અને સ્વનું જ્ઞાન પરસન્મુખ થઈને કરવું બની શકતું નથી. આ આત્માનું જ્ઞાન પરિપૂર્ણ સ્વ-પરપ્રકાશક છે એમ લખાણ ભલે શાસ્ત્રમાં આવ્યું ને ગુરુએ પણ વાણી દ્વારા કહ્યું. તે

વાણીના કહેનારા ગુરુ અને શાસ્ત્રની સામે જોઈને જાણપણું કર્યું પણ જેનું (આત્માનું) જ્ઞાન છે તેના સામું જોઈને જ્ઞાન ન કરે તો આત્મજ્ઞાન થાય નહિ. **માટે જેનું જ્ઞાન છે ને જેના જ્ઞાનનાં વખાણ શાસ્ત્ર ને વાણી કરે છે તેના સામું જુએ. એટલે કે આત્મા સામું જુએ તો આત્મજ્ઞાન થાય તેમ છે.**

આત્મજ્ઞાન વિનાનું પ્રત્યક્ષ તે પ્રત્યક્ષ જ્ઞાન જ નથી પણ મિથ્યાજ્ઞાન છે.

કોઈ કહે કે આ ટેબલ પ્રત્યક્ષ દેખાય છે તો તેને પૂછવામાં આવે છે કે તે પ્રત્યક્ષ જ્ઞાન આત્મામાં છે કે ટેબલમાં ? પર જ્ઞેયમાં આ આત્માનું જ્ઞાન હોઈ શકે નહિ. પ્રત્યક્ષ જ્ઞાન પરમાં નથી તેમ જ પરને લીધે નથી. બીજું દ્રષ્ટાંત :– દિવ્યધ્વનિમાં અથવા શાસ્ત્રમાં એમ આવ્યું કે ''તારો સ્વભાવ પરિપૂર્ણ છે, શુદ્ધ છે'' તો શાસ્ત્ર તારા માટે આમ કહે છે તે જ્ઞાન તારું છે કે શાસ્ત્રનું ? તારો સ્વભાવ આવો છે એમ તે નક્કી કર્યું નથી. તો શાસ્ત્ર તારા માટે આમ કહે છે તે આવ્યું પણ ''તારા માટે તું આમ કહે છે તે આવ્યું નહિ.'' તારા ઘરમાં કરોડ રૂપિયા છે એમ બીજા કહે ને તું ખુશી થા, તે શું કામનું ? તારા ઘરમાં કરોડ રૂપિયા છે એવી તને ખબર છે ? કે બીજા કહે છે માટે તું માને છે ? તારી મૂડી તું પોતે તપાસી જો તો કામની છે. એમ તું પોતે જ્ઞાનસ્વભાવી છો એવું આત્મજ્ઞાન પ્રગટ કર તો કામનું છે. પણ એકલું આગમના લક્ષે કરેલ જ્ઞાન કાર્યકારી નથી. **નિમિત્ત ને રાગના અવલંબન વિનાના પોતાના જ્ઞાનસ્વભાવના આશ્રયે થતું આત્મજ્ઞાન તે પ્રત્યક્ષ જ્ઞાન યથાર્થ છે. સ્વનું પ્રત્યક્ષ જ્ઞાન કર્યું નથી તે વિના આ વસ્તુ પ્રત્યક્ષ છે તે વાત જ ખોટી છે.**

પ્રત્યક્ષ જ્ઞાન વિના એકલું અનુમાન તે મિથ્યાજ્ઞાન છે.

તેવી જ રીતે બીજું દ્રષ્ટાંત : એમ કોઈ કહે કે ''ધૂમાડો જોઈને અગ્નિનું અનુમાન જ્ઞાન કરીએ છીએ.'' તો પૂછીએ છીએ કે અનુમાનજ્ઞાન્ ધૂમાડામાં છે, અગ્નિમાં છે કે આત્મામાં છે ? પરજ્ઞેયમાં અનુમાનજ્ઞાન હોઈ શકે નહિ. હવે જો તારામાં અનુમાન જ્ઞાન છે એમ તું કહે તો તે અનુમાનજ્ઞાન પ્રત્યક્ષપૂર્વક હોય કે એકલું હોય ? અંશે પ્રત્યક્ષપૂર્વક અનુમાન હોય તો જ તે અનુમાન જ્ઞાન સાચું છે. માટે **જેણે રાગરહિત, નિમિત્ત રહિત શુદ્ધસ્વભાવના લક્ષે અંશે પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કર્યું છે તે પછી પોતે અનુમાન કરે તો તેનું અનુમાનજ્ઞાન સાચું છે. અંશે પ્રત્યક્ષજ્ઞાન વિના એકલું અનુમાન તે સાચું અનુમાનજ્ઞાન નથી, પણ મિથ્યાજ્ઞાન છે.**

હવે આગમજ્ઞાન તત્ત્વાર્થ શ્રદ્ધાન, સંયતત્વના યુગપદ્પણાનું અને આત્મજ્ઞાનનું યુગપદ્પણું સાધે છે એટલે આત્મજ્ઞાન તે નિશ્ચય ને આગમજ્ઞાન તે વ્યવહાર એમ નિશ્ચય વ્યવહાર બન્નેનું સાથે વર્ણન કરે છે :–

ગાથા ૨૪૦

જે પંચસમિતિ, ત્રિગુપ્ત, ઇન્દ્રિનિરોધી, વિજયી કષાયનો,
પરિપૂર્ણ દર્શનજ્ઞાનથી, તે શ્રમણને સંયત કહ્યો. ૨૪૦.

અન્વયાર્થ :—પાંચ સમિતિયુક્ત, પાંચ ઇન્દ્રિયોના સંવરવાળો, ત્રણ ગુપ્તિસહિત, જિતકષાય અને દર્શનજ્ઞાનથી પરિપૂર્ણ–એવો જે શ્રમણ તેને સંયત કહ્યો છે.

(૧)

આગમોમાંથી અનેકાંતસ્વરૂપ જાણીને ધર્મી પોતાના આત્માને એકાકાર જ્ઞાનસ્વરૂપ શ્રદ્ધે છે ને અનુભવે છે.

આગમનું એંધાણ–ચિહ્ન અનેકાંત છે. આત્મા સ્વપણે છે ને પરપણે નથી. કાયમી ચીજ હોય તે કાયમી સ્વથી હોય ને પરથી ન હોય. જે ક્ષણિક પર્યાય હોય તે ક્ષણિકપણે સ્વથી હોય પણ પરથી ન હોય. વસ્તુ, વસ્તુના ગુણો, વસ્તુની અવસ્થા, વસ્તુનું ક્ષેત્ર–એમ દરેક સ્વથી હોય ને પરથી ન હોય. વસ્તુ 'છે' એમ કહેતાં પરને લીધે નથી એમ આવી જાય છે. પરને લીધે હોય તો 'છેપણું' રહેતું નથી. વસ્તુનો સ્વભાવ જ અનેકાંતમય છે. જ્ઞાનમાં પણ એમ જ આવ્યું છે ને વાણી પણ એમ જ કહે છે. આમ અનેકાંત ધર્મોને બતાવનારા આગમના બળથી પોતાના આત્માને જાણતાં પરને જાણી લ્યે તેવો પોતાનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે એમ નક્કી કરે છે તે જીવ ધર્મી છે. પરપદાર્થો તથા રાગ વગેરે સકળ જ્ઞેયોને સ્વમાં રહીને જાણે છે. મિથ્યાત્વ અવસ્થામાં નિમિત્તો તથા રાગ તરફ ઢળી જ્ઞાન અનેકતાને–ખંડખંડ દશાને પામતું હતું તે હવે જ્ઞાન અવસ્થામાં એકરૂપપણાને પામે છે. હું જ્ઞાયક સ્વભાવી છું. મારો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે. પરજ્ઞેયોના સંબંધવાળું જ્ઞાન તે પણ મારું જ્ઞાન છે. એમ પોતાના જ્ઞાનમાં એકપણું પામે છે. અહીં આગમબળથી કહેવામાં આવ્યું છે. તે નિમિત્તથી કહ્યું છે. ખરેખર તો પોતે પોતાના બળથી એકપણું પામે છે ત્યારે આગમ નિમિત્ત કહેવાય છે. આવા એકાકાર જ્ઞાનસ્વરૂપ આત્માને શ્રદ્ધે છે ને અનુભવે છે. આગમે તો કહેલું કે ''તું જ્ઞાનસ્વરૂપ છો.'' પહેલાં પરસન્મુખ જ્ઞાન હતું. હવે સ્વજ્ઞેયમાં એકાકાર થાય છે ને શાસ્ત્રે જેવો

કહ્યો તેવો પોતે પોતાના આત્માને રાગ, નિમિત્ત ને અંશ વિનાનો પ્રતીત કરે છે, સ્વસંવેદન જ્ઞાન કરે છે. આ પ્રમાણે સમ્યક્દર્શન ને સમ્યક્જ્ઞાનની વાત કરી.

(૨)

જે જીવ સ્વભાવમાં દ્રઢપણે સ્થિરતા કરવા માગે છે....

હવે સમ્યક્ચારિત્રની વાત કરે છે. ગાથા ૨૩૨ માં કહ્યું છે કે મોક્ષમાર્ગનું લક્ષણ એકાગ્રતા છે. સ્વભાવને એકને જ અગ્ર કરવો તે મોક્ષમાર્ગનું લક્ષણ છે. જે જીવ પર તરફ વળેલો હતો, આગમ તરફ વળેલો હતો તે હવે પોતાના સ્વભાવ તરફ ઝૂકે છે. તે ધર્મી જીવ પોતાના જ્ઞાનસ્વભાવમાં જ સ્થિર રહેવાનું ઇચ્છે છે. સ્વભાવમાં ઠરવાની વૃત્તિ ઊઠે છે, તે તો વૃત્તિ છે, તેનાથી સ્વભાવમાં ઠરાતું નથી. વૃત્તિ ઊઠે છે તે નિશ્ચયચારિત્ર નથી. ઇચ્છા થવી ને ઠરવું બન્ને ભિન્ન ચીજો છે. પરપદાર્થની તો ઇચ્છા નથી જ, અશુભ કે શુભને પણ ઇચ્છતો નથી પરંતુ નિત્ય અંતર નિધાન જ્ઞાનસ્વભાવી વસ્તુમાં લીન થાઉં, એમ ઇચ્છે છે.

(૩)

જે જીવ પાંચ સમિતિથી અંકુશિત પ્રવૃત્તિ વડે પ્રવર્તે છે.....

સંયમના સાધનરૂપ બનાવેલા શરીર પાત્રને પાંચ સમિતિથી અંકુશિત પ્રવૃત્તિ વડે પ્રવર્તાવતો પોતાના જ્ઞાન સ્વભાવમાં ઠર્યો ને સંયમ તરફ વળ્યો ત્યારે શરીર ને સંયમના સાધનરૂપ આરોપ આવ્યો. પ્રથમ જ્યારે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન હતાં ને સંયમ ન હતો ત્યારે શરીરને સંયમના સાધનનો આરોપ આવતો નહિ. કારણ કે અંતરમાં સંયમ ન હતો પણ અંતર સંયમ પ્રગટ્યો ત્યારે આરોપ અપાયો. સંયમ સ્વભાવનું સાધન છે. શુદ્ધ અનુભવ–પરિપૂર્ણ આનંદ તે સાધ્ય છે. અહીં નિશ્ચય સંયમ સાધ્યો ત્યારે શરીરથી સધાયું એમ કહ્યું. શ્રીમદ્ પણ કહે છે કે : "માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો." હેતુ એટલે નિમિત્ત, સ્વભાવ–ઉપાદાનકારણ પ્રગટ્યું ત્યારે નિમિત્તકારણ ઉપર આરોપ આવે છે. નિમિત્તથી થયું એમ માનવામાં આવે તો નિમિત્ત તટસ્થ ન રહ્યું. નિમિત્તે ઉપાદાનનું કામ કર્યું અને એમ થતાં બન્નેના નાશનો પ્રસંગ આવે છે.

"શરીર પાત્રને પાંચ સમિતિથી અંકુશિત પ્રવૃત્તિ વડે પ્રવર્તાવતો" = શરીરની ક્રિયાને આત્મા પ્રવર્તાવી શકતો નથી પણ પાંચ સમિતિના પાલન વખતે શરીરની ક્રિયા શરીરના કારણે તે તે સમિતિને યોગ્ય હોય છે, એમ કહ્યું છે. જેમ કે :–

(૧) ઇર્યા સમિતિના પાલન વખતે તે જીવને પોતામાં પ્રમાદભાવ ઘણો ઓછો છે, જોઈને ચાલવાનો ભાવ છે. ત્યારે ચાલવાની ક્રિયામાં ધીમે ધીમે સાવચેતીથી પગ ઊપડતા હોય પણ જેમ આવે એમ ઝટઝટ પગ ઊપડતા ન હોય, દોડાદોડી ન હોય પણ ચાલવાની ક્રિયા ધીમી હોય.

(૨) ભાષા સમિતિના પાલન વખતે મૃદુ, સત્ય વચન બોલવાનો ભાવ હોય. તે વખતે ભાષા પણ ભાષાના કારણે મૃદુ, સંયમી નીકળે, જેવી તેવી અયોગ્ય ભાષા ન નીકળે.

(૩) એષણા સમિતિના પાલન વખતે નિર્દોષ આહાર લેવાની વૃત્તિ છે. આહાર લેવાની વૃત્તિમાં અંકુશ છે. વિશેષ પ્રમાદ ન હોય. તે વખતે શરીરની ક્રિયા પણ ઊભા રહેવાની ને હાથમાં આહાર લ્યે તેવી જાતની (શરીરના કારણે) હોય. પણ આહાર લેતી વખતે શરીર બેઠું હોય અથવા સૂતું હોય, એમ બને નહિ.

(૪) આદાન—નિક્ષેપણા સમિતિના પાલન વખતે વૃત્તિમાં અંકુશ છે. વસ્તુ લેતી-મૂકતી વખતે સાવધાની રાખે છે ત્યારે હાથની અથવા શરીરની તે પ્રકારની અવસ્થા ભજે છે. (શરીરના કારણે) પણ કોઈ ચીજ જેમ તેમ નાખી દ્યે, એમ બને નહિ.

(૫) ઉત્સર્ગ સમિતિના પાલન વખતે મુનિ સાવધાન છે. વિશેષ પ્રમાદ થવા દેતા નથી. કફ, મૂત્ર વગેરે સાવધાનીપૂર્વક જીવરહિત સ્થળમાં ક્ષેપણ કરે તે વખતે હાથ વગેરેની ક્રિયા હાથના કારણે તેવી જ ધીમી ભજે પણ વગર જોયે જ્યાં ત્યાં નાખી દ્યે, એમ બને નહિ.

આ પ્રમાણે પાંચ સમિતિનું પાલન બરાબર કરે છે ત્યારે સંયમનાં સાધનરૂપ શરીરની ક્રિયા શરીરના કારણે અંકુશિત હોય છે.

(૪)

જે જીવને પાંચ ઇન્દ્રિયોના વિષયોનો નિરોધ દ્વારા મન-વચન-કાયાનો વ્યાપાર વિરામ પામ્યો છે.....

"ક્રમશઃ પાંચ ઇન્દ્રિયોના નિશ્ચળ નિરોધ દ્વારા જેને કાય–વચન–મનનો વ્યાપાર વિરામ પામ્યો છે એવો થઈને"

અંતરમાં સ્વરૂપ રમણતા વધતાં તે જીવ ભાવ ઇન્દ્રિયોનો નિરોધ કરે છે. ત્યારે દ્રવ્ય ઇન્દ્રિયોનો નિરોધ સહેજે થઈ જાય છે. અંતરમાં રાગ ઘણો મંદ પડ્યો છે. પાંચ ઇન્દ્રિયો વશ વર્તે છે, તેથી મન–વચન–કાયાનો અમુક હદનો વ્યાપાર વિરામ પામ્યો છે.

૧. અંતર ભાવમનનો વ્યાપાર અંશે નિવૃત્ત થયો છે એટલે દ્રવ્યમનના પરમાણુઓ સાથે એટલું જોડાણ ઓછું હોય છે.

૨. કાયા તરફના લક્ષવાળો વ્યાપાર અંશે નિવૃત્ત થયો છે એટલે કાયાની ક્રિયા પણ ક્રિયાના કારણે તેને અનુરૂપ હોય.

૩. વચન તરફના લક્ષવાળો વ્યાપાર અંશે નિવૃત્ત થયો છે એટલે વચનની ક્રિયામાં પણ ''અભક્ષ્ય ખાઓ'' એવું વચન વચનના કારણે નીકળે નહિ.

આ પ્રમાણે તે જીવ મન-વચન-કાયાના વ્યાપારમાં અમુક હદે નિવૃત્ત થયો છે.

(૫)

જે જીવ સ્વ-પર ભેદવિજ્ઞાનના કારણે કષાયોને મલ્લની જેમ દબાવી દબાવીને મારી નાખે છે.....

''ચિદવૃત્તિને પરદ્રવ્યમાં ભ્રમણનું નિમિત્ત જે કષાયસમૂહ તે (કષાયસમૂહ) આત્માની સાથે અન્યોન્ય મીલનને લીધે અત્યંત એકરૂપ થઈ ગયો હોવા છતાં પણ સ્વભાવભેદને લીધે તેને પરપણે નક્કી કરીને આત્માથી જ તેને કુશળ મલ્લની માફક અત્યંત મર્દન કરીને અક્રમે મારી નાખે છે.''

પર પદાર્થોમાં પ્રવૃત્તિનું કારણ ક્રોધ, માન, માયા, લોભરૂપ અસ્થિરતાના પરિણામ છે. તે પરિણામો સાથે આત્મા અત્યંત એકરૂપ થઈ ગયો છે. 'એકરૂપ થઈ ગયો છે' એટલે કે એક સમય પૂરતા ઉત્પન્ન થયેલા છે છતાં પણ આત્માનો જ્ઞાયક સ્વભાવ અનાકુળ શાંત છે ને કષાયો આકુળતા ઉત્પન્ન કરનારા છે. આમ સ્વભાવભેદ હોવાથી શુદ્ધ આત્મા તે સ્વ છે ને કષાય તે પર છે, એમ તે જીવે નક્કી કર્યું છે. તેથી શુદ્ધ આત્માથી જ કુશળ મલ્લની માફક કષાયોને દબાવી દબાવીને મારી નાખે છે. અહીં ચારિત્રની વિશેષ રમણતાની વાત છે. જેમ એક મલ્લ બીજા મલ્લને કચડીને રગદોળી નાખે છે તેમ અહીં શુદ્ધ આત્મા શું મલ્લની જેમ કષાયોની સામે ઊભો હશે ? વિદ્યમાન હોય તેને કચડી નખાય તો શું કષાયો વિદ્યમાન હશે ને પછી કચડી નાખતો હશે ?–આ તો શાસ્ત્રની કથન પદ્ધતિ છે. પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થતાં કષાયો ઉત્પન્ન જ થતા નથી. તેને કષાયોને મલ્લની જેમ કચડી કચડીને મારી નાખે છે એમ કથન કરવામાં આવે છે. સ્વભાવ સાથે એકતા થઈ એટલે કષાયો ઉત્પન્ન જ થયા નહિ. કચડી કચડીને મારી નાખે છે તે ઉગ્ર પુરુષાર્થ બતાવે છે.

તે જીવને વિશુદ્ધ જ્ઞાનસ્વભાવમાં દ્રઢ લીનતા હોવાથી તે સાક્ષાત્ મુનિ છે.

આવી રીતે તે પુરુષને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તો હતું જ, ઉપરાંત સ્વભાવમાં દ્રઢપણે લીન થવા ઇચ્છે છે. પાંચ સમિતિની અંકુશિત પ્રવૃત્તિથી પ્રવર્તે છે. પાંચ ઇન્દ્રિયોના નિરોધથી મન, વચન કાયાનો વ્યાપાર વિરામ પામ્યો છે. આત્મા અને કષાયોનો ભેદ જાણીને કષાયોને કચડી નાખે છે એટલે કે વિશેષ પુરુષાર્થ લાવી અંતર રમણતા કરે છે. તેથી તે પુરુષને વિશુદ્ધ દર્શનજ્ઞાનમાત્ર સ્વભાવરૂપે રહેલા સ્વદ્રવ્યમાં વીતરાગી દશા ઉત્પન્ન થઈ છે તેથી તે સાક્ષાત્ સંયત જ છે. અને તેને જ આગમજ્ઞાન-તત્ત્વાર્થ શ્રદ્ધાન–સંયતત્વના યુગપદ્પણાનું અને આત્મજ્ઞાનનું યુગપદ્પણું સિદ્ધ થાય છે.

*

પ્રસાદ નં. ૧૯૬

પ્રવચનસાર ગાથા ૨૪૧

(વૈશાખ સુદ ૧૧, ગુરુવાર)

હવે આગમજ્ઞાન–તત્ત્વાર્થ શ્રદ્ધાન–સંયતત્વના યુગપદ્પણાનું અને આત્મજ્ઞાનનું યુગપદ્પણું જેને સિદ્ધ થયું છે એવા આ સંયતનું કયું લક્ષણ છે, તે ઉપદેશે છે :–

નિંદા—પ્રશંસા, દુઃખ—સુખ, અરિ—બંધુમાં જ્યાં સામ્ય છે,
વળી લોષ્ટ—કનકે, જીવિત—મરણે સામ્ય છે, તે શ્રમણ છે. ૨૪૧.

અર્થ :—શત્રુ અને બંધુવર્ગ જેને સમાન છે, સુખ અને દુઃખ જેને સમાન છે, પ્રશંસા અને નિંદા પ્રત્યે જેને સમતા છે, લોષ્ટ (માટીનું ઢેકું) અને કાંચન જેને સમાન છે તેમ જ જીવિત અને મરણ પ્રત્યે જેને સમતા છે, તે શ્રમણ છે.

છઠ્ઠે—સાતમે ગુણસ્થાને ઝૂલતા નિર્ગ્રંથ મુનિઓનું લક્ષણ વીતરાગી સમતા છે.

(૧) શત્રુ અને બંધુવર્ગ જેને સમાન છે :—પોતે આત્મા જ્ઞાનસ્વભાવી છે, દયા-દાનાદિ વિકાર મારું સ્વરૂપ નથી. હું વિશુદ્ધ આત્મતત્ત્વ છું, શત્રુ કે મિત્ર તો જ્ઞાતાનાં જ્ઞેય છે. જ્ઞાતા સ્વભાવને શત્રુ કે મિત્ર હોઈ શકે નહિ. પર્યાયમાં થતો વિકાર તે શત્રુ છે ને વિકાર રહિત આત્મસ્વભાવ તે મિત્ર છે. પર કોઈ શત્રુ-મિત્ર હોઈ શકે નહિ–એમ બધા પ્રત્યે સમભાવ વર્તે છે. બધાનું ભલું કરી દઉં, પરને મદદ આપું, પર પાસેથી મદદ લઉં, એ સમભાવ નથી. પરના કર્તૃત્વની માન્યતા રહિત હું જાણનાર છું ને બધા પદાર્થો જ્ઞેય છે એવું પ્રથમ ભાન થવું તે સમ્યગ્દર્શન–જ્ઞાન છે. તેવું ભાન થયા પછી ધર્મી જીવને પોતાની નબળાઈને કારણે અલ્પ રાગ-દ્વેષ થાય છે. શત્રુ-મિત્રને જોઈને રાગ-દ્વેષ થતા નથી. પરના કારણે રાગ-દ્વેષ થાય તેમ ધર્મી માનતો નથી પણ ગૃહસ્થ અવસ્થામાં પોતાના કારણે અલ્પ રાગ-દ્વેષ થતા તેવા અસ્થિરતાના રાગ-દ્વેષ પણ મુનિને થતા નથી. મુનિને શત્રુ-મિત્ર પ્રત્યે સમાનભાવ વર્તે છે. જ્ઞાતાના જ્ઞાનમાં ગમે તે જ્ઞેય આવે, બધા જ્ઞેયોનો એક જ પ્રકાર છે, ભેદ નથી.

(૨) સુખદુઃખ જેને સમાન છે :—ધર્મી જીવને અનુકૂળ સંયોગો કે પ્રતિકૂળ સંયોગો સમાન છે. ધર્મી શાતાના સંયોગોથી સુખ માનતો નથી કે પ્રતિકૂળ સંયોગોથી દુઃખ માનતો નથી. કારણ કે પરપદાર્થ સુખ–દુઃખનું કારણ

નથી. આવો અભિપ્રાય ધર્મી જીવને છે. હું નિમિત્ત થઈને પણ પર જીવોને સુખદુઃખ આપી શકું નહિ એવા ભાન પછી પણ પોતાની નબળાઈના કારણે અલ્પ રાગ-દ્વેષ થાત પરંતુ મુનિને તો એટલા પણ રાગ-દ્વેષ થતા નથી. બધી વખતે સમભાવ વર્તે છે. બધાં જ્ઞેયોને એક જ પ્રકારે જાણે છે.

(૩) પ્રશંસા અને નિંદા પ્રત્યે સમતા છે. :—પ્રશંસા અને નિંદાના શબ્દો જડની પર્યાય છે. તે શબ્દોથી મને લાભ-નુકશાન નથી. જગતના જીવો જે પ્રશંસા કે નિંદા કરે છે તે મારી પ્રશંસા કે નિંદા કરતા નથી, તે તેના ભાવની પ્રશંસા કે નિંદા કરે છે, એમ ધર્મી જીવને પ્રથમ ભાન છે. પણ પોતાની નબળાઈને કારણે અલ્પ રાગ-દ્વેષ થતો તે મુનિને થતો નથી. તે તો પોતાના સ્વભાવમાં સમભાવ રાખે છે.

સમતાભાવ પરમાં નથી, પરને લીધે નથી. સમતા સ્વરૂપ આત્મા પોતે છે તેમાંથી સમતા પર્યાયરૂપે પ્રગટે છે.

આ સમતાભાવ વિના કોઈ કહે કે મને બીજો જીવ લાકડી મારવા આવ્યો ને મેં સમતા રાખી તો તેની સમતા સાચી નથી.

૧. લાકડીની ઊંચી થવાની અવસ્થા લાકડીને કારણે થાય છે. છતાં તે માને છે કે આત્માથી લાકડી ઊંચી થાય છે, તે માન્યતા મિથ્યા છે.

૨. લાકડી ઊંચી થઈ ને શરીરની સાથે સંયોગ થતાં મને લાગી એમ તે માને છે. લાકડી આત્માને અડી નથી, તેમ જ શરીરને પણ અડી નથી, બન્નેને અભાવ છે. છતાં માને કે મને લાગી ને દુઃખ થયું એ માન્યતા મિથ્યા છે. તે શરીર સાથે એકત્વબુદ્ધિ બતાવે છે.

૩. દ્વેષ પરને લીધે થયો એમ તે માને છે ને દ્વેષ નહિ કરતાં શાંતિ રાખે તે પણ પરને લીધે રાખે તો તે શુભભાવ છે. ને તે અલ્પ શુભભાવથી ધર્મ થયો માને છે. તેથી તે માન્યતા મિથ્યા છે. સમતાસ્વરૂપ પોતે જ છે, એવા આત્માના ભાન વિના તે કાર્યકારી નથી. અહીં તો મુનિને ભાન છે કે મારા વિશુદ્ધ જ્ઞાનદર્શનમય સ્વભાવમાં જ્ઞાન સિવાય બીજું કાંઈ નથી. એવા ભાનપૂર્વક સ્વભાવમાં લીન રહે છે ને અસ્થિરતાના રાગ-દ્વેષ જાણી થવા દેતા નથી.

પ્રશ્ન :–કુટુંબને કોઈ મારતું હોય તો શું જોઈ રહેવું ?

ઉત્તર :–આત્માને પર જીવો કુટુંબ નથી. વિશુદ્ધ જ્ઞાનદર્શન આદિ અનંતગુણો તે આત્માનું કુટુંબ છે. એકબીજાને કોઈ બચાવી શકતું નથી, બંધુવર્ગના

કારણે રાગ નથી ને મારનારના કારણે દ્વેષ નથી. પોતે સ્વરૂપમાં ટકી શકતો નથી તેથી અલ્પ રાગ-દ્વેષ થાય છે તેને ધર્મી જીવ જાણે છે, બીજું કાંઈ કરી શકતો નથી. જ્યારે મુનિને તો એટલા પણ રાગ-દ્વેષ હોતા નથી.

(૪) માટીનું ઢેકું અને કાંચન જેને સમાન છે. :—માટી નકામી છે ને સોનું કામનું છે એમ ધર્મી જીવ માનતો નથી. તે વસ્તુ પોતાને તો લાભ–નુકશાન કરે એમ તો તે માનતો નથી પણ કોઈ જંગલમાં સોનાની ખાણ નીકળે તો મને તો કાંઈ નહિ, પણ પરને તે કામ આવશે એમ પણ ધર્મી જીવ માનતો નથી. પરદ્રવ્ય કોઈને કામ આવશે એ માન્યતા મૂઢ જીવની છે. તે ચીજ છે તો બીજાને અથવા છોકરાઓને કામ આવશે એમ ધર્મી માનતો નથી અને તે ચીજો છે માટે મને રાગ થાય છે એમ પણ ધર્મી માનતો નથી. ધર્મી જીવને ગૃહસ્થદશામાં પોતાના કારણે અલ્પ રાગ હોય છે પણ તેનો શ્રદ્ધામાં નિષેધ વર્તે છે. જ્યારે મુનિને તો અસ્થિરતાના રાગ-દ્વેષ પણ હોતા નથી.

દરેક દ્રવ્યની પ્રયોજનભૂત ક્રિયા પોતામાં સ્વતંત્ર રહેલી છે, પરને લીધે નથી.

દરેક પદાર્થ પોતાની પ્રયોજનભૂત ક્રિયા પોતે પોતા માટે કરે છે, પર માટે કરતો નથી. દરેક દ્રવ્યમાં વસ્તુત્વ નામનો ગુણ છે ને તેને લીધે દરેક પદાર્થમાં તેની પ્રયોજનભૂત ક્રિયા થાય છે. એક વસ્તુનો બીજી વસ્તુમાં અભાવ છે તો એક વસ્તુ બીજી વસ્તુનો ઉપયોગ કરી શકે એમ બનતું નથી. છતાં બીજી વસ્તુનો ઉપયોગ જીવ કરી શકે છે એમ માનવું તે મિથ્યાત્વ છે. જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં વસ્તુત્વગુણનો દાખલો આપેલ છે કે ઘડાની પ્રયોજનભૂત ક્રિયા જલધારણ છે. તે તો વ્યવહાર દાખલો સમજાવવા માટે છે. ઘડાની પ્રયોજનભૂત ક્રિયા ઘડામાં છે ને પાણીની પ્રયોજનભૂત ક્રિયા પાણીમાં છે. કોઈ પદાર્થની પ્રયોજનભૂત ક્રિયા પરમાં તેમ જ પરને લીધે હોઈ શકે નહિ. આમ નક્કી કર્યા વિના માનવું કે આ વસ્તુ આને પ્રયોજનવાન છે ને આને આ મદદ કરશે તે તો મિથ્યાત્વશલ્ય છે. અને એ ગયા પછી વ્રતી થવાય છે, તે વિના વ્રત–તપ સાચાં હોઈ શકે નહિ.

(૫) જીવિત અને મરણ પ્રત્યે સમતા છે. :—શરીર સંયોગરૂપે રહે અથવા વિયોગરૂપ થાય તે પ્રત્યે ધર્મીને જ્ઞાતાદ્રષ્ટા ભાવ છે. સર્પ મને મારી નાખશે, તલવાર મારો નાશ કરશે, એમ ધર્મી જીવ માનતો નથી. જેનું જીવન જે વખતે રહેવું હશે કે છૂટવાનું હશે તે મુજબ થશે. એમાં કોઈ ફેરફાર કરવા સમર્થ નથી, એમ ધર્મી જીવ માને છે. જીવવાના સંયોગોને નજીક લાવું ને મરવાના

સંયોગોને દૂર કરું એવો અભિપ્રાય ધર્મીને નથી. આયુષ્ય મુજબ જીવન રહે છે, એમ ધર્મી માને છે છતાં પોતાના કારણે અલ્પ રાગ-દ્વેષ થાય છે તેનો જ્ઞાતા રહે છે. મુનિને તો તે અલ્પ રાગ-દ્વેષ પણ હોતા નથી, તેને તો વિશેષ સમતા છે.

આવી રીતે અનુકૂળ–પ્રતિકૂળ સંયોગોમાં શ્રદ્ધા ને જ્ઞાનની સમતા ઉપરાંત ચારિત્રની રમણતારૂપ સમતા છે તે મુનિ છે.

આત્માની અંદર સ્વરૂપ રમણતારૂપી ચારિત્ર સમ્યગ્દર્શનપૂર્વક હોય છે, ચારિત્ર તે જ ધર્મ ને સમતા છે.

ટીકા :—પાંચ ઇન્દ્રિયોનું દમન, છકાયની હિંસાના પરિણામનો અભાવ વગેરે પ્રકારે સંયમ વિશુદ્ધ દર્શન–જ્ઞાનમાત્ર સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક હોય છે ને તે સ્વભાવની અંદર વીતરાગી પરિણતિ તે ચારિત્ર છે. હું બીજાને સુખ–દુઃખ આપી શકું છું, પ્રતિકૂળ સંયોગોથી જીવ મરી જાય છે, પરદ્રવ્યની અર્થક્રિયા હું કરી શકું છું વગેરે અભિપ્રાય જેને છે તે મિથ્યાત્વી છે. તેને સંયમ હોઈ શકે નહિ. ને જેને સમ્યગ્દર્શન નથી તેને સમતા હોઈ શકે નહિ. અજ્ઞાની સંયોગોને જુએ છે પણ વસ્તુના સ્વભાવને જોતો નથી. વસ્તુસ્વભાવ જાણ્યા વિના પ્રતિકૂળતાના પ્રસંગે શાંતિ રાખવા છતાં તે સાચી સમતા નથી. તેવી સમતા તો જીવે પર લક્ષે અનંતવાર ધારણ કરી છે. આત્મા જ્ઞાન સિવાય બીજું કાંઈ પણ કરી શકતો નથી એવા ભાનપૂર્વક અંતરમાં રમણતા વધે તે ચારિત્ર છે, ચારિત્ર ધર્મ છે, ધર્મ સામ્ય છે, સામ્ય નિર્દોષ વીતરાગી અરૂપી પરિણામ છે. ધર્મી જીવને શ્રદ્ધા અપેક્ષાએ સમતા છે પણ અહીં તો મુનિએ વિશેષ લીનતા દ્વારા વીતરાગી દશા પ્રગટ કરી છે તેને સાચી સમતા હોય છે, તેથી મુનિનું લક્ષણ સમતા છે.

જ્ઞાતાને જ્ઞેયોમાં ઇષ્ટ-અનિષ્ટપણું નથી આથી મુનિઓને કોઈ જીવ શત્રુ-મિત્ર નથી.

ધર્મી જીવ કોઈને શત્રુ-મિત્ર માનતો નથી. સ્ત્રીને લીધે રાગ થાય ને દુશ્મનને લીધે દ્વેષ થાય, એમ ધર્મી માનતો નથી. તેમ જ પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ છે તેને લીધે રાગ-દ્વેષ થાય એમ પણ તે માનતો નથી. જ્ઞેય પદાર્થોમાં અમુક પદાર્થો ઇષ્ટ છે ને અમુક અનિષ્ટ છે–એવા જ્ઞેયોમાં બે ભાગ નથી ને જ્ઞાનસ્વભાવમાં ઇષ્ટ અને અનિષ્ટપણું નથી. એક જ પ્રકારે જણાવાનો જ્ઞેયોનો સ્વભાવ છે ને જ્ઞાનનો પણ એક જ પ્રકારે જાણવાનો સ્વભાવ છે. ભરત તથા બાહુબલને લડાઈ કરવારૂપ દ્વેષના પરિણામ થયા હતા તે પરને લીધે થયા નથી; દ્વેષ થયો માટે લડાઈની ક્રિયા થઈ એમ પણ નથી, ને લડાઈની ક્રિયા થઈ માટે

દ્વેષ થયો એમ નથી. વ્યક્તિ પ્રત્યે દ્વેષ નથી. ધર્મી જીવ જાણે છે કે લડાઈની ક્રિયા લડાઈના કારણે છે, દ્વેષ દ્વેષના કારણે છે, તે જ્ઞાન જ્ઞાનના કારણે છે. આમ સ્વતંત્ર રીતે બધી ક્રિયા માને છે. અજ્ઞાની જીવ પરના કારણે રાગ-દ્વેષ માને છે તે ગાડા નીચેના કૂતરાની જેમ હું છું તો આ બધી અવસ્થા થાય છે, એમ માને છે. તે મિથ્યાદર્શન છે. જ્ઞાની જ્ઞાનસ્વભાવમાં રહીને બધી ક્રિયાને તથા રાગને જાણે છે. જ્યારે મુનિને તો અલ્પ રાગ-દ્વેષ પણ થતા નથી તેથી શત્રુ-મિત્રમાં મુનિને મોહ હોતો નથી.

મુનિઓ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં વીતરાગી સમતા ધારણ કરે છે.

ધર્મી જીવ શાતાના પ્રસંગમાં સુખ અને અશાતાના પ્રસંગમાં દુઃખની કલ્પના કરતો નથી. શરીર નીરોગ રહે, પૈસાની પ્રાપ્તિ થાય ને બીજા અનુકૂળ પ્રસંગો આવ્યા માટે મને સુખ થયું અથવા તે પ્રસંગો મને ઠીક છે ને સુખના દાતાર છે તથા શરીર રોગી થાય, પોતે નિર્ધન થાય ને પ્રતિકૂળ સંયોગો આવે માટે મને દુઃખ થયું, એમ ધર્મી માનતો નથી. બધા સંયોગો જ્ઞેયમાત્ર છે. તેમાં તે ઇષ્ટ–અનિષ્ટની કલ્પના કરતો નથી. પોતાની નબળાઈથી અલ્પ રાગ-દ્વેષ થાય છે પણ તે પ્રસંગોને લીધે તે થયા એમ તે માનતો નથી. પોતાના કારણે થયા સમજી ટાળવા પ્રયત્ન કરે છે. જ્યારે મુનિઓને ગમે તેવા અનુકૂળ–પ્રતિકૂળ સંયોગો હોવા છતાં નબળાઈના પણ રાગ-દ્વેષ થતા નથી. ત્રણ કષાયનો નાશ કર્યો છે, વીતરાગી શાંતિ ઘણી વધી ગઈ છે, છઠ્ઠે–સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય છે એવા મુનિને સમતાભાવ વર્તે છે.

અનુકૂળ પ્રતિકૂળ સામગ્રી વર્તમાન પુરુષાર્થને લીધે મળતી નથી પણ શાતા-અશાતા વેદનીય કર્મના નિમિત્તે મળે છે.

કેટલાક જીવો એમ માને છે કે અનુકૂળ કે પ્રતિકૂળ સામગ્રી મળવામાં શાતા-અશાતા વેદનીય દ્રવ્યકર્મ નિમિત્ત છે જ નહિ, પણ તે સામગ્રી જીવના પુરુષાર્થ

*

પ્રસાદ નં. ૧૯૮

પ્રવચનસાર ગાથા ૨૪૧

(વૈશાખ સુદ ૧૨, શુક્રવાર)

(૪)

નિર્ગ્રંથ મુનિઓ માટી ને સોનું—બન્નેને સમાન જાણે છે.

આ ગાથામાં મુનિનું લક્ષણ સમતા બતાવ્યું છે. તે સમતાધારી મુનિ કેવા હોય છે ? તેઓ કોઈ જીવને શત્રુ-મિત્ર માનતા નથી તેમ જ તેના પ્રત્યે રાગ-દ્વેષ કરતા નથી, વળી અનુકૂળ–પ્રતિકૂળ સંયોગોને સમાન માને છે. પ્રશંસા ને નિંદામાં સમાનતા માને છે. પ્રતીત ઉપરાંત ચૈતન્ય શુદ્ધ સ્વભાવમાં શાંતિ વર્તે છે. વળી ઢેફા અને સોનામાં સમભાવ વર્તે છે. હીરા, માણેક કે રૂપિયા મળે તો તેથી મને ઠીક પડશે અથવા બીજાને લાભ કરશે, એમ ધર્મી જીવ માનતો નથી. જે જીવ પર દ્રવ્યથી લાભ-નુકશાન માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે. ધર્મી જીવ કોલસા ને હીરાને સમાન માને છે. કારણ કે વસ્તુ બધી માત્ર જ્ઞેય છે. જ્ઞેયરૂપે તેમાં કાંઈ ભેદ નથી. સમકિતી જીવ રાજ્યપાટમા દેખાતો હોય, તેને સામગ્રી ઘણી હોય પણ તે પદાર્થોમાં સુખ માનતો નથી. મારું સુખ તો મારામાં છે. અલ્પ નબળાઈનો રાગ થાય છે, તેને લીધે પર તરફ લક્ષ જાય છે પણ તે રાગમાં કે પર વસ્તુમાં સુખ માનતો નથી. રાજા હોય ને કોઈ દુશ્મન ચડી આવે તો માને છે કે મારું રાજ્ય મારી પાસે છે, તેને કોઈ લૂટવા સમર્થ નથી. આમ પર વસ્તુમાં સુખ–દુઃખ માનતો નથી. અલ્પ રાગ-દ્વેષ પોતાના કારણે થાય છે પણ મુનિને તો અલ્પ રાગ-દ્વેષ પણ થતા નથી. તેમને સોના તથા ઢેફા પ્રત્યે રાગ-દ્વેષ હોતો નથી, બન્નેને સમાન માને છે.

(૫)

નિર્ગ્રંથ મુનિને જીવન ને મરણમાં ન્યૂનાધિકતા હોતી નથી.

મુનિઓને દેહ છૂટે કે દેહ રહે તે પ્રત્યે સમતાભાવ વર્તે છે. લાંબું આયુષ્ય હોય તો વધારે ધર્મ થાય અને જલ્દી મરી જવાથી ધર્મ થાય નહિ, એમ ધર્મી માનતો નથી. છોકરા નાના છે, તે મોટા થઈ જાય ને કમાતા થઈ જાય ત્યાંસુધી આપણે જીવીએ તો ઠીક, એવી ભાવના ધર્મીને હોતી નથી કારણ કે આત્મા ત્રિકાળ અવિનાશી છે, કોઈ જન્મતું નથી તેમ જ મરતું નથી. સૂર્ય રાત્રે દેખાતો નથી, ચંદ્ર દિવસે દેખાતો નથી તો સૂર્ય ચંદ્રનાં કોઈએ સ્નાન કાઢ્યાં ? ના, કારણ કે તેને

ભરોસો છે કે સૂર્ય ચંદ્ર મરી ગયા નથી પણ તેના કાળે પાછા દેખાશે, તેથી શોક કરતો નથી તેમ એક આત્મા એક ભવથી બીજે ભવે જાય ત્યારે પ્રથમના ભવની તે તે જગ્યાએ દેખાતો નથી, તેમાં સ્નાન શા ? અજ્ઞાની રાગ-દ્વેષને લીધે શોક કરે છે. જ્ઞાની પર પદાર્થના સંયોગ–વિયોગને લીધે રાગ-દ્વેષ કરતો નથી. પોતાની નબળાઈને લીધે અલ્પ રાગ-દ્વેષ થાય પણ આત્મા મરે છે, એમ કદી માનતો નથી. અહીં તો પ્રતીતિ ઉપરાંત રમણતાની વાત છે. મુનિને તો તે પ્રસંગના કાળે પણ અલ્પ રાગ-દ્વેષ થતા નથી.

"જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા,
ભવમોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ અવસર..."

જુઓ, આ ધર્મી જીવની ભાવના ! પોતાને શરીર સાથ જીવિત રહેવાનો પ્રસંગ હોય કે વિયોગ થવાનો પ્રસંગ હો. જીવિતનો પ્રસંગ અધિક એટલે ઠીક છે ને મરણનો પ્રસંગ ન્યૂન એટલે ઠીક નથી એવી ઠીકાઠીક બુદ્ધિ ધર્મીને હોતી નથી. નબળાઈના રાગ-દ્વેષ પ્રસંગના વખતે (પ્રસંગને લીધે નહિ) થાય છે તે ટાળીને પણ સંયમભાવમાં–મુનિપણામાં ક્યારે આવું એવી ધર્મીજીવ ભાવના ભાવે છે.

(૧) આ મારો દુશ્મન છે ને આ સ્વજન છે :–એવા મુનિને આ મારો દુશ્મન છે ને આ મારો મિત્ર છે એવા રાગ-દ્વેષ હોતા નથી. શુદ્ધસ્વભાવ મારો મિત્ર છે ને વિકારી ભાવ દુશ્મન છે. એ સિવાય બીજું કોઈ શત્રુ-મિત્ર નથી. આ જીવો મારા હિતચિંતક છે તે મારું સારું કરશે એમ અજ્ઞાની જીવો માને છે પણ પોતાનું હિત–અહિત પોતાથી છે, પરથી નથી. મુનિને શ્રદ્ધા તો છે જ ઉપરાંત સ્થિરતા હોવાથી રાગ-દ્વેષ પણ થતા નથી.

(૨) આ આહ્લાદ છે ને આ પરિતાપ છે :—પાંચ લાખની પેદાશ થાય, કોઈ રાજા ઘેર આવે અથવા ૬૦ વર્ષે દીકરો આવે તો અજ્ઞાની બહુ આહ્લાદ માને છે ને કોઈ પ્રતિકૂળ સંયોગો આવતાં પરિતાપ માને છે. ધર્મી જીવ સંયોગોમાં સુખદુઃખ માનતો નથી. મુનિને તો તેવા પ્રસંગોમાં રાગ-દ્વેષ પણ થતા નથી.

(૩) આ મારું ઉત્કર્ષણ (કીર્તિ) છે ને આ અપકર્ષણ (અપકીર્તિ) છે. :–પૈસાની પ્રાપ્તિ થતાં અમારી ચડતી થઈ છે ને અમારો બધેય ભાવ પુછાય છે, ને નિર્ધન થતાં કોઈ ભાવ પૂછતું નથી, એમ અજ્ઞાની માને છે. ધર્મી જીવ પ્રશંસા–નિંદાને સમાન માને છે. લોકો વાહવાહ બોલે કે નિંદા કરે તેની ધર્મીને પરવા હોતી નથી. હું તો વિશુદ્ધ જ્ઞાનમય આત્મા છું, એવું ભાન છે ને મુનિને તેવી પ્રતીતિ ઉપરાંત જરાપણ રાગ-દ્વેષ થતા નથી.

(૪) આ મને અકિંચિત્કર છે ને આ ઉપકારક છે :–અજ્ઞાની પરવસ્તુને ઉપકારક માને છે. ''સંઘરેલો સાપ પણ કામ આવે'' એમ માન્યતા કરીને પરવસ્તુમાં મોહ કરે છે. ધર્મી જીવ માને છે કે પરવસ્તુ ઉપયોગી અથવા નિરર્થક નથી. પર વસ્તુ તો એક જ પ્રકારે છે, શુદ્ધ ચિદાનંદ આત્મા એક જ ઉપયોગી છે. ધર્મી જીવને પર વસ્તુમાં ઠીક–અઠીકપણું નથી. મુનિને તો શ્રદ્ધા ઉપરાંત લીનતા વધી જતાં અસ્થિરતાનો વિકલ્પ ઊઠતો નથી.

(૫) આ મારું ટકવું છે ને આ અત્યંત વિનાશ છે. :–આયુષ્યને લીધે ટકવું ને આયુષ્યના અભાવને લીધે મરવું થાય છે તે તો સંયોગોની અપેક્ષાએ વાત છે. ધર્મી જીવ તો પોતાના આત્માને અવિનાશી માને છે. મુનિ બે વર્ષ વધારે જીવે તો શાસન સરખું ચાલે એમ ધર્મીને એકત્વબુદ્ધિની ભાવના હોતી નથી. દરેક જીવ પોતાની યોગ્યતા અનુસાર એક પછી બીજો ભાવ કરે છે. કોઈ અકસ્માત વસ્તુ બનતી નથી. જે જે વખતે જેનો પર્યાય જે રીતે છૂટવાનો હોય છે તે પ્રમાણે છૂટે છે. એમાં કોઈ ફેરફાર કરવા સમર્થ નથી. આમ ધર્મીને શ્રદ્ધા હોય છે ને મુનિને તો પ્રતીત ઉપરાંત તે પ્રકારના સંયોગના કાળે પણ રાગ-દ્વેષ થતા નથી.

નિર્ગ્રંથ મુનિ મોહના અભાવને લીધે જ્ઞાનસ્વભાવને અનુભવે છે

આવી રીતે મુનિને મોહનો અભાવ છે. ઉપરાંત રાગ-દ્વેષનું બેપણું પ્રગટ થતું નથી એટલે અસ્થિરતાના રાગ-દ્વેષ ટળી ગયા છે. ને પોતાના વિશુદ્ધ દર્શન જ્ઞાનસ્વભાવી આત્માને સતત અનુભવ છે. જુઓ, આ મુનિદશા! મુનિ નામ ધરવાથી મુનિપણું પ્રગટતું નથી. દેહાદિની ક્રિયા મારી નથી, શુભાશુભ ભાવો વિકાર છે તે આત્માનું ખરું સ્વરૂપ નથી, આત્મા તો જ્ઞાનસ્વભાવી છે, એવા સ્વભાવમાં લીનતા તે મુનિપણું છે ને તે કેવળજ્ઞાનનું સાધન છે. આ ભાન વિના ધર્મીપણું હોતું નથી.

વર્તમાનમાં શુભ વિકલ્પ ને જડની ક્રિયાથી ધર્મ માને છે, તેને તો હજી દર્શનનાં પણ ઠેકાણાં નથી, તો પછી મુનિપણું તો ક્યાંથી હોય ?–ન જ હોય. આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન સહિત અંતર રમણતા તે સાધુપણું છે, રાગ-દ્વેષનું બેપણું થાય તે સાધુપણું નથી–અંતર એકતા થાય તે સાધુપણું છે.

નિર્ગ્રંથ મુનિ બધાં જ્ઞેયોને તફાવત વિના જાણે છે.

આ રીતે મુનિને શત્રુ-મિત્રમાં તફાવતપણું નથી. કારણ કે બન્ને જ્ઞાનનાં જ્ઞેય છે. તે જ્ઞેયોમાં શત્રુ–મિત્રપણું નથી તેમ જ તેઓ શત્રુ-મિત્ર છે એમ જ્ઞાનમાં પણ ભાસતું નથી. કોઈ ચંદનથી શરીર ઘસે અથવા ભીંતની નીચે પોતે દબાઈ જાય તો

પણ બન્ને પ્રસંગને સમાન માને છે. પ્રશંસા સારી ને નિંદા ખરાબ, એમ માનતા નથી. કારણ કે બન્ને ભાષાની પર્યાય છે. માટી ને સોનું બન્ને જડ દ્રવ્ય છે, એમ માની તેમાં આંતરો પાડતા નથી. તેમ જ તે પ્રત્યે રાગ-દ્વેષ કરતા નથી. કોઈ મરણનો પ્રસંગ બને અથવા બચવાનો પ્રસંગ બને પણ તેમાં રાગ-દ્વેષ કરતા નથી. આ પ્રમાણે બધા પ્રસંગોને જ્ઞેય તરીકે જાણે છે ને કોઈ પ્રસંગમાં ભેદ પાડતા નથી. કોઈ વખતે સર્પ આવીને ફૂંફાડા મારતો હોય ને કોઈ વખતે કોઈ જીવ ખમાખમા કરતો હોય–બધાને સમાન માને છે. બધાં જ્ઞેયો તફાવત વિના જ્ઞાનમાં જણાવાયોગ્ય છે, એમ મુનિ માને છે.

નિર્ગ્રંથ મુનિને વીતરાગી પરિણતિ અચલિત થઈ છે તેથી બધે સમતાભાવ વર્તે છે.

તેવા મુનિને પોતાના જ્ઞાનાત્મક સ્વભાવમાં વીતરાગી પર્યાય પ્રગટી છે. અહો, મારે તો મારા જ્ઞાતા સ્વભાવમાં ઠરવું એ જ ધર્મ છે. સમ્યગ્દ્રષ્ટિ જીવને શ્રદ્ધા-જ્ઞાન તો હતાં પણ અસ્થિરતાનાં રાગ-દ્વેષ થતા હતા. પ્રસંગને લીધે રાગ-દ્વેષ થતા ન હતા પણ પ્રસંગના કાળે રાગ-દ્વેષ થતા હતા પણ મુનિને તો એ રાગ-દ્વેષ પણ થતા નથી, તેમને બધે કાળે ને ક્ષેત્રે સમતા વર્તે છે. શિયાળો અમુક જગ્યાએ ગાળવો ને ઉનાળો મહાબળેશ્વર ગાળવો એવું મુનિને હોતું નથી કારણ કે પર પદાર્થમાં શાંતિ–અશાંતિ છે જ નહિ. સહજ જ્ઞાનાનંદ સ્વભાવમાં પરિણતિ લીન થવાથી, ગૃહસ્થને જે પ્રકારનો રાગ-દ્વેષ થતો તેવો મુનિને થતો નથી. તેમને તો સર્વતઃ સામ્ય છે, સમતાભાવ વર્તે છે. આ આમ થયું હોત તો ઠીક હતું ને આ ઠીક ન થયું એવી અસ્થિરતા પણ હોતી નથી, સર્વતઃ સમતાભાવ વર્તે છે.

આગમજ્ઞાનપૂર્વક આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન સહિત વીતરાગીદશા સમતાભાવ તે મુનિનું લક્ષણ છે.

આવી રીતે વીતરાગીદશારૂપ સમતાભાવ તે મુનિપણાનું લક્ષણ છે. તે વખતે રાગ ઘણો ઘટી ગયો હોય છે ને શરીરની નગ્ન અવસ્થા સહજ હોય છે, તે કરવી પડતી નથી. તે વિના મુનિપણું હોતું નથી ને તેનાથી મુનિપણું હોતું નથી. બાહ્યમાં ૨૮ મૂળગુણનું પાલન, શરીરની નગ્ન અવસ્થા વગેરે બાહ્ય ચિહ્નો તો અગાઉની ગાથામાં આવી ગયેલ છે. પણ સમ્યગ્દર્શન વિના ને અંતર રમણતારૂપી સમતાભાવ વિના એકલી નગ્નદશા ધારણ કરે તો તે મુનિપણું છે જ નહિ. મુનિનું લક્ષણ તો સમ્યગ્દર્શન સહિત વીતરાગીદશારૂપી સમતાભાવ છે ને ત્યારે નિમિત્તરૂપે ૨૮ મૂળગુણનું પાલન ને નગ્નદશા વગેરે હોય છે. આવી રીતે જીવ–

અજીવ વગેરેને જુદા જાણે, આગમ દ્વારા યથાર્થ જ્ઞાન કરે, નવ તત્ત્વોને પૃથક્ પૃથક્ જાણે, પાંચ ઇન્દ્રિયોના વિષયનું દમન કરે ને સંયમ ધારણ કરે, તેની સાથે પોતે શુદ્ધ આત્મા છે એવું આત્મજ્ઞાન કરે તો કાર્યકારી થાય છે, તો જ મુનિપણું હોય છે. એકલું આગમજ્ઞાન–તત્ત્વાર્થ શ્રદ્ધાન–સંયતપણું હોય ને આત્મજ્ઞાન ન હોય તો મુનિપણું હોતું નથી, તો તો મિથ્યાદ્રષ્ટિ છે ને આત્મજ્ઞાન હોય પણ વીતરાગી લીનતા ન હોય તો સમ્યગ્દ્રષ્ટિ કહેવાય પણ મુનિ કહેવાય નહિ. મુનિને આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન સહિત અંતર વીતરાગી દશા ને સમતા વિશેષ હોય છે. એ પ્રમાણે મુનિનું લક્ષણ સમતાભાવ કહ્યું. ।।૨૪૧।।

*

પ્રસાદ નં. ૧૯૯

પ્રવચનસાર ગાથા ૨૪૨

(વૈશાખ સુદ ૧૩, શનિવાર)

હવે એમ સમર્થન કરે છે કે ભગવાનની ઓમ ધ્વનિમાં વસ્તુસ્વરૂપ જેમ આવ્યું છે તેમ આગમમાં લખાયું છે. તે આગમજ્ઞાન, નવતત્ત્વોની શ્રદ્ધા ને છકાયની દયાનો ભાવ કે મહાવ્રતાદિનો ભાવ એ ત્રણના યુગપદ્પણાની સાથે આત્મજ્ઞાનના યુગપદ્પણાની સિદ્ધિરૂપ જે આ સંયતપણું તે જ મોક્ષમાર્ગ છે કે જેનું બીજું નામ એકાગ્રતા લક્ષણવાળું શ્રામણ્ય છે.

દ્રગ, જ્ઞાન ને ચારિત્ર ત્રણમાં યુગપદે આરૂઢ જે,
તેને કહ્યો ઐકાગ્યગત, શ્રામણ્ય ત્યાં પરિપૂર્ણ છે. ૨૪૨.

અર્થ :—જે દર્શન, જ્ઞાન અને ચારિત્ર–એ ત્રણેમાં યુગપદ્ આરૂઢ છે, તે એકાગ્રતાને પામેલો છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. તેને શ્રામણ્ય પરિપૂર્ણ છે.

કેવળજ્ઞાની છે માટે આદર ને નિગોદનો જીવ છે માટે અનાદર એવું જ્ઞાતા સ્વભાવમાં નથી.

જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની જેમ છે તેમ પ્રતીતિ જેનું લક્ષણ છે તેને સમ્યક્દર્શન કહે છે. જ્ઞેયતત્ત્વ એટલે જ્ઞાનમાં જણાવાયોગ્ય પદાર્થો ને જ્ઞાતૃતત્ત્વ એટલે જાણનાર–દેખનાર–જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપ. આત્મા જાણનાર–દેખનાર સ્વરૂપ છે પણ શરીરને ચલાવનાર કે રાગ કરનાર તે આત્માનું સ્વરૂપ નથી. વસ્તુસ્વભાવ–દ્રવ્ય, ગુણ, પર્યાય જેમ છે તેમ જાણે. અનંતા નિગોદના જીવો માટે દયા પાળી શકાય છે, એમ નથી પણ તે જ્ઞાનમાં જણાવાયોગ્ય છે. ભગવાને જીવોના પ્રકાર જણાવ્યા છે પણ તે છકાયની રક્ષા આત્મા કરી શકે છે, એમ કહ્યું નથી. પણ આત્મા તે બધાનો જાણનાર છે ને તે જ્ઞેયો આત્મામાં જણાવાયોગ્ય છે. આત્મા પરપદાર્થની અવસ્થાનો કર્તા, રક્ષક કે ભક્ષક નથી. આત્મા કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રની પર્યાયને બરાબર જાણે, સુદેવ–સુગુરુ–સત્ શાસ્ત્રને પણ જાણે. નિગોદની પર્યાય હીણી છે તેમ જાણે ને સિદ્ધની પર્યાય પૂર્ણ છે એમ જાણે પણ **નિગોદની પર્યાય હીણી છે માટે તેનો અનાદર ને કેવળજ્ઞાની પરિપૂર્ણ છે માટે તેનો આદર એમ સમ્યગ્દ્રષ્ટિ જ્ઞેયોમાં ખંડ પાડતો નથી. બધાં જ્ઞેયો એક જ પ્રકારે જણાવાયોગ્ય છે ને હું તે બધાને એક જ પ્રકારે જાણનારો છું.**

જ્ઞાનસ્વભાવી આત્મા રાગનો કર્તા નથી તેમ રાગનો નાશક પણ નથી, માત્ર જ્ઞાતા છે.

આત્મા જ્ઞાતાસ્વભાવી છે તેમાં પરવસ્તુનાં ગ્રહણ–ત્યાગ તો છે જ નહિ કારણ કે પરવસ્તુને આત્માએ કદી ગ્રહી નથી તેમ જ છોડી નથી. પણ આત્માની અવસ્થામાં જે રાગ ને દ્વેષ થાય છે તે પણ પરપદાર્થને લીધે નથી પણ પોતાના કારણે છે. તે રાગ-દ્વેષ પોતાની નબળાઈથી થાય છે તેમ જાણે છે પણ આત્મા રાગ-દ્વેષને ગ્રહે કે છોડે તેવું વસ્તુસ્વભાવમાં નથી. જો રાગ-દ્વેષનાં ગ્રહણ–ત્યાગરૂપ ત્રિકાળી સ્વભાવ હોય તો તે સ્વભાવ રાગ-દ્વેષથી રહિત કદી થાય નહિ. જે રાગ થાય છે તેને જાણે છે પણ **આત્મા રાગનો ઉત્પાદક નથી, તેમ રાગનો નાશક પણ નથી. આત્મા રાગનો નાશ કરે છે એમ કહેવું તે પણ ઉપચાર કથન છે.** આત્મા રાગને જાણે છે ખરો પણ રાગ થયો માટે જાણે છે અથવા રાગ વડે જાણે છે, એમ પણ નથી, પોતાના સ્વભાવથી જાણે છે.

જ્ઞાનસ્વભાવ ઉપાદાન—નિમિત્તકારણ—બન્નેને બરાબર જાણે છે.

વળી જ્ઞેયતત્ત્વને પણ બરાબર જાણે. દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપને જાણે છે. છ દ્રવ્યોને જેમ છે તેમ જાણે. તે પદાર્થોનો કોઈ કર્તા–હર્તા નથી. પહેલાં પણ કર્તા નથી ને અત્યારે પણ કોઈ કર્તા નથી તેમ જાણે. વળી જે જ્ઞેયો–નિમિત્તો હોય તેને નિમિત્ત તરીકે જ જાણે પણ તે નિમિત્તો ઉપાદાનમાં કાંઈ કરી દ્યે છે એમ ન જાણે. શાસ્ત્રમાં બે કારણ આવે છે. એક ઉપાદાનકારણ ને બીજું નિમિત્તકારણ. **હું જ્ઞાનસ્વભાવી છું એ ઉપાદાનકારણ ને ત્યારે રાગ અથવા બીજા પદાર્થો તે જ્ઞાનમાં નિમિત્તકારણ છે. એમ બન્ને કારણોને જાણે છે પણ જ્ઞેય હતું તો જ્ઞાન થયું તેમ ન જાણે.**

યથાર્થ જ્ઞાતાપણું કેવું છે ?

વળી કેવો છે આત્મા ? પર પદાર્થનો તો કર્તા નથી જ પણ સંસારની પર્યાયનો કર્તા ને નાશક પણ નથી. સંસાર ઉત્પન્ન થાય ને નાશ થાય ને મોક્ષપર્યાયનો ઉત્પાદ થાય તેને જાણે છે. **સંસાર અને મોક્ષપર્યાય બન્ને જ્ઞેય છે.** વળી વિકારી પર્યાયને તે જાણે છે. તે વિકારી પર્યાયમાં ઊભો રહીને જાણતો નથી. પણ **વિકાર રહિત પોતે જ્ઞાનસ્વભાવી છે તેમાં ઊભો રહીને અર્થાત્ તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને પછી અલ્પ વિકાર રહે તેને જાણે તો તેણે સ્વભાવ ને વિકાર બન્નેનું યથાર્થ જ્ઞાન કર્યું કહેવાય.** આવા ભાન વિના શ્રાવક કે મુનિપણું હોઈ શકે નહિ.

વળી આત્માની પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન પર્યાય છે, ગુણ નથી. કેટલાક લોકો તેને ગુણ કહે છે, તે વાત ખોટી છે. પૂર્વની અવગુણરૂપ અવસ્થા હતી તેટલી ને ગુણરૂપ અવસ્થા થઈ તે અપેક્ષાએ તેને ગુણ કહ્યો છે. સિદ્ધના આઠ ગુણ કહ્યા છે. તે પ્રગટ થયા. ગુણ તો ત્રિકાળી છે તે પ્રગટતા નથી, પણ અવસ્થા પ્રગટ થઈ છે. પણ સંસાર અવસ્થામાં તે દશાને અવગુણ કહેતા, હવે દશા સમ્યક્ થતાં તેને ગુણ કહ્યા છે પણ તે પર્યાય છે એમ બરાબર જ્ઞાન કરે.

જ્ઞાનપ્રધાનથી સમ્યગ્દર્શનની વ્યાખ્યા.

આવી રીતે જ્ઞેયતત્ત્વની તથા જ્ઞાતાતત્ત્વની જેમ છે તેમ પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનનો ધ્યેય તો એક પરમ પારિણામિક ભાવ છે. નિમિત્ત નહિ, વિકાર નહિ, નિર્મળ પર્યાય નહિ, ગુણભેદ નહિ પણ એકલો સ્વભાવભાવ એકરૂપ કારણ પરમાત્મા તે સમ્યગ્દર્શનનો વિષય છે. અભેદ શુદ્ધસ્વભાવ તે દ્રષ્ટિનો વિષય છે. અહીં ચરણાનુયોગનો અધિકાર છે. આત્મા જાણનાર છે ને બીજા પદાર્થો જણાવાયોગ્ય છે. જ્ઞાન રાગની પર્યાયને જાણે, પરને જાણે, બીજા ગુણોને જાણે, જાણવું તે રાગનું કારણ નથી. અહીં સ્વ-પરનું યથાર્થ જ્ઞાન કરે છે. જ્ઞેય = આત્મા સિવાય અનંતા પદાર્થો, જ્ઞાતા = આત્મા. આમ બન્નેનો વ્યવહારે જ્ઞાતાજ્ઞેય સંબંધ બતાવીને બન્નેની જેમ છે તેમ પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શનનું લક્ષણ જ્ઞાનપ્રધાન કથનથી કહ્યું છે. જ્યારે દ્રષ્ટિપ્રધાન કથનમાં ક્ષાયિકભાવ પણ દ્રષ્ટિનો વિષય નથી તેમ જ જ્ઞાતાજ્ઞેય સંબંધને પણ દ્રષ્ટિ સ્વીકારતી નથી. દ્રષ્ટિ તો અખંડ એકરૂપ સ્વભાવને જ સ્વીકારે છે. અહીં ચરણાનુયોગમાં જ્ઞાતાજ્ઞેયનો વ્યવહાર સંબંધ બતાવી જ્ઞાનપ્રધાનથી સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે.

જ્ઞાતા ને જ્ઞેયનું જેમ છે તેમ જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાનનું લક્ષણ છે.

શાસ્ત્ર ભણે તેને જ્ઞાનપર્યાય કહી નથી. શાસ્ત્રનાં ભણતરને તથા આટલા બધા માણસો વચ્ચે ભાષણ દેતાં આવડે તેને સમ્યગ્જ્ઞાનપર્યાય કહી નથી. આત્મા જ્ઞાનસ્વભાવી છે ને બીજા અનંતા પદાર્થો જ્ઞેય છે. સંકલ્પ–વિકલ્પ, દયા-દાન બધાં જ્ઞેય છે. આમ જ્ઞેયતત્ત્વ ને જ્ઞાતાતત્ત્વની યથાયોગ્ય અનુભૂતિ જેનું લક્ષણ છે તે જ્ઞાનપર્યાય છે. જ્ઞાનપર્યાય લક્ષ્ય છે ને અનુભૂતિ તેનું લક્ષણ છે. હજારો અવધાન કરે તેને જ્ઞાનપર્યાય કહેવાતી નથી પણ અવધાનોમાં ખંડખંડ બુદ્ધિ થાય છે. તે પર તરફના વલણવાળો ભાવ છે, આત્મા તરફના વલણવાળો ભાવ નથી. તેથી અવધાનમાં જે શક્તિ દેખાય છે તે અજ્ઞાનભાવ છે. નિગોદથી માંડીને બધા જીવો જ્ઞેય ને રાગ-દ્વેષના પરિણામ પણ જ્ઞેય છે. જ્ઞાનસ્વભાવી આત્મા તે જ્ઞાતા છે, તેના

અંતર આશ્રયે પ્રગટ થતું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. શાસ્ત્રનું જાણપણું તે જ્ઞાનપર્યાય નથી પણ અંતર અનુભૂતિ તે જ્ઞાનપર્યાય છે.

વિભાવની નિવૃત્તિથી સ્થાતી વીતરાગી પરિણતિ તે ચારિત્રનું લક્ષણ છે.

જ્ઞેય અને જ્ઞાતાની જે ક્રિયાંતરથી નિવૃત્તિ તેના વડે રચાતી દ્રષ્ટજ્ઞાતૃતત્ત્વમાં પરિણતિ જેનું લક્ષણ છે તે ચારિત્રપર્યાય છે. જ્ઞેય અને જ્ઞાતા વિભાવ ક્રિયાથી નિવર્તે તેને લીધે રચાતી જે દેખનાર–જાણનાર આત્મતત્ત્વમાં પરિણતિ તે ચારિત્રપર્યાયનું લક્ષણ છે. પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની વાત કરી. સમ્યગ્જ્ઞાનમાં ભાન હતું કે પરપદાર્થ તરફ લક્ષ જવું ને શુભાશુભ ભાવો થવા તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ પ્રતીતિ તથા જ્ઞાન હતાં પણ જ્ઞાતા હજી વિભાવથી નિવર્ત્યો ન હતો. જ્ઞાતાસ્વભાવ જે રાગમાં અટકતો હતો તે હવે નિવૃત્તિ પામીને સ્વરૂપમાં લીનતા થવા માંડી તે વીતરાગી–દશા છે. તેને વિભાવક્રિયાથી નિવૃત્તિ કહે છે. બધા શુભભાવોથી, દયા-દાનથી, પાંચમહાવ્રતના પાલનથી નિવૃત્તિ થવી તે ચારિત્ર છે.

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન વખતે જ્ઞાતા જાણતો કે આ દયા-દાનનો રાગ થયો એમ રાગને જ્ઞેય તરીકે જાણતો પણ ત્યાં જ્ઞાતા રાગથી હજુ નિવર્ત્યો નથી પણ અંતરસ્વભાવમાં ઠરી જતાં રાગનો અભાવ થતાં રાગ જ્ઞેય તરીકે રહ્યો જ નહિ. રાગ હોય તો રાગને જાણવાપણું રહે પણ રાગનો અભાવ થતાં જ્ઞેયની પણ ક્રિયાંતરથી નિવૃત્તિ થઈ. એટલે જ્ઞાતા પોતે રાગમાં અટકતો હતો, તે હવે રાગમાં ન અટક્યો ને રાગ જે જ્ઞેયરૂપ હતો તે પણ ગયો ને બીજા જ્ઞેયોમાં જ્ઞાતા અટકતો હતો, હવે તે જ્ઞેયોમાં જ્ઞાતા અટકતો નથી. બીજાં જ્ઞેયો જ્ઞેયરૂપે રહી ગયાં. આમ જ્ઞેય અને જ્ઞાતા વિભાવક્રિયાથી નિવર્તે તેને લીધે રચાતી જે જ્ઞાતાસ્વભાવમાં પરિણતિ તે ચારિત્ર લક્ષણ છે. પૂર્વે સમ્યગ્જ્ઞાનની દશામાં ભાન હોવા છતાં અસ્થિરતાનો રાગ થતો હતો તે હવે જ્ઞેયોમાં અટકતો નથી. જેથી જ્ઞાતા ને જ્ઞેય બન્ને વિભાવથી નિવર્ત્યા છે. ચારિત્રપર્યાયનું લક્ષણ શુભભાવ અથવા શરીરની નગ્ન અવસ્થા કહી નથી પણ વીતરાગી પરિણતિને ચારિત્રનું લક્ષણ કહ્યું છે.

દર્શન ગુણની દરેક પર્યાયનો વિષય સામાન્ય છે છતાં દરેક પર્યાયનો વિકાસ એકસરખો નથી.

વળી આત્મા દ્રષ્ટ જ્ઞાતૃતત્ત્વ છે એટલે સામાન્ય દર્શન ને જ્ઞાનસ્વરૂપ છે. દર્શન સામાન્યને દેખે છે. દર્શન અને જ્ઞાનના ભેદ અથવા બીજા પદાર્થના ભેદ અથવા દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદને દર્શન સ્વીકારતું નથી. તેનો વિષય સામાન્ય

છે. એમ છતાં બધી દર્શનપર્યાયનો વિકાસ એક સરખો હોય એમ નથી. જેમ નિર્મળદશા વધતી જાય તેમ દર્શનનો વિકાસ થતો જાય છે. જેમ જ્ઞાનનો વિકાસ થાય છે તેમ. જ્ઞાન તો બધાને ભેદ પાડીને જાણે છે. જેમ કે : આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર છે, વગેરે ભેદ પાડીને જાણવું તે જ્ઞાનનું કામ છે. આવા દ્રષ્ટજ્ઞાતૃતત્ત્વમાં પરિણતિ તે ચારિત્ર છે.

આ પ્રમાણે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર–ત્રણેનાં લક્ષણ બતાવી મોક્ષમાર્ગ બતાવ્યો. કેટલાક જીવો ભગવાનના દર્શનને દર્શનવિશુદ્ધિ કહે છે પણ તે દર્શનશુદ્ધિ નથી. આત્મા પરથી ને વિકારથી જુદો છે એવી શ્રદ્ધા તે દર્શનવિશુદ્ધિ છે ને તેથી આત્મસિદ્ધિ છે ને તે ધર્મનું મૂળ છે. સમકિતનું લક્ષણ અનુકંપા કહ્યું નથી પણ યથાર્થ પ્રતીતિ તે સમકિતનું લક્ષણ કહ્યું છે. જ્ઞાન ઘણાં જ્ઞેયોને જાણે છતાં રાગનું કારણ નથી તે વાત પણ બતાવી ને ચારિત્રનું લક્ષણ નગ્નદશા અથવા બાહ્યક્રિયા નથી પણ વીતરાગી પરિણતિને ચારિત્રનું લક્ષણ કહ્યું છે. આ ત્રણે પર્યાયો સમ્યક્ છે ને તે એકી સમયે છે.

<u>સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે પર્યાયોની આત્માની સાથે એકતા તે મુનિપણું છે અથવા મોક્ષમાર્ગ છે.</u>

"આ પર્યાયોને અને આત્માને ભાવ્યભાવકપણા વડે ઊપજેલા અતિ ગાઢ ઇતરેતર મિલનના બળને લીધે એ ત્રણે પર્યાયોરૂપે યુગપદ્ અંગ–અંગીભાવે પરિણત આત્માને, આત્મનિષ્ઠપણું હોતાં, જે સંયતપણું હોય છે, તે સંયતપણું, એકાગ્રતા લક્ષણવાળું શ્રામણ્ય જેનું બીજું નામ છે એવો મોક્ષમાર્ગ જ છે–એમ જાણવું." ભાવક એટલે થનાર, અને ભાવક જે રૂપે થાય તે ભાવ્ય. આત્મા ભાવક છે અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયો ભાવ્ય છે. આત્માને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયો સાથે એકમેકતા હોય છે, ભિન્નતા નથી. આત્મા અંગી છે ને ભાવ્યરૂપ સમ્યગદર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયો તેના અંગો છે. અહીં દ્રવ્ય ને પર્યાય એક સમય પૂરતા અભેદ વર્ણવવા છે, સર્વથા અભેદ નથી. સર્વથા અભેદ હોય તો પર્યાય નાશ થતાં દ્રવ્યનો નાશ થઈ જાય પણ કથંચિત્ અભેદ છે. અહીં અભેદ બતાવવા છે. દ્રવ્યને ઉપાદાન અને પર્યાયને નિમિત્ત બતાવી એકમેક કરેલ છે. પર્યાય પર્યાયવાનમાં ભળી ગઈ ને પર્યાયવાન પર્યાયમાં ભળી ગયો.

દ્રવ્યાનુયોગના કથનમાં મોક્ષમાર્ગને નાશવાન તત્ત્વ કહ્યું છે. કારણ કે મોક્ષમાર્ગ ને આત્મા એકમેક હોય તો મોક્ષમાર્ગનો નાશ થતાં આત્માનો નાશ થવો જોઈએ. ત્યાં જુદા તત્ત્વ બતાવીને એક અખંડ આત્માને જ ધ્યેય બતાવવો છે.

વળી પ્રવચનસારમાં આવેલ છે કે પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી ને દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી–એમ લખાણ આવેલ ત્યાં પર્યાય ને દ્રવ્યને સ્વતંત્ર બતાવવા છે. અહીં આત્મા અને પર્યાયને અતિ ગાઢ ઇતરેતર મિલન કહ્યું છે. તો શું પારિણામિક ભાવ જે અનાદિઅનંત એકરૂપ છે તે પલટીને પર્યાયરૂપ થઈ જતો હશે ? સમાધાન :–ભાઈ, આ ચરણાનુયોગનું કથન છે. અહીં સમયપૂરતા ભેગાં રહે છે તે બતાવવું છે. આત્મા ત્રિકાળી રહી જાય એકબાજુ ને સમ્યગ્દર્શનાદિ પર્યાય રહી જાય બીજી બાજુ; એમ નથી. ત્રણ પર્યાયો મળીને આત્મામાં એકાગ્ર થાય છે તે એકાગ્રપણું, ત્રણેની એકતાનો એકસમય બતાવીને એકાગ્રતા ને સંયતપણું બતાવવું છે તેથી પર્યાય અને દ્રવ્યને અભેદ કરી વિવિક્ષાથી કથન કરેલ છે. આ પ્રમાણે ત્રણે પર્યાયો આત્મા સાથે એક થાય છે. તે આત્માને આત્મનિષ્ઠપણું છે–તે સંયતપણું છે અથવા એકાગ્રતા લક્ષણવાળું મુનિપણું છે અથવા મોક્ષમાર્ગ છે, એમ જાણવું.

*

પ્રસાદ નં. ૨૦૦

પ્રવચનસાર ગાથા ૨૪૨

(વૈશાખ સુદ ૧૪, રવિવાર)

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ પર્યાયો હોવા છતાં આત્મામાં એકપણાનો અનુભવ કરાવે છે.

અહીં મોક્ષમાર્ગનો અધિકાર છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે. આત્મા જ્ઞાતાસ્વરૂપ છે ને શરીર-મન-વાણી-રાગ-દ્વેષ બધા જણાવાયોગ્ય પદાર્થ છે એમ જ્ઞાતા ને જ્ઞેયની પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે. જ્ઞેય ને જ્ઞાતાની પ્રતીતિપૂર્વક અનુભૂતિ તે સમ્યક્જ્ઞાન છે ને વિભાવથી નિવૃત્તિ ને અંતરમાં રમણતા તે સમ્યક્ ચારિત્ર છે. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રના પર્યાય તથા આત્મા જુદા નથી, બન્ને પરસ્પર ગાઢ મિલનરૂપ છે તેને આત્મનિષ્ઠપણું કહે છે. આત્માની સન્મુખ તત્પરતા તે જ સંયતપણું છે. એક શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અગ્ર કરેલ છે એવા એકાગ્રતા લક્ષણવાળું શ્રમણપણું કહો, સંયતપણું કહો, મોક્ષમાર્ગ કહો–એક જ છે. મિથ્યાદશામાં પુણ્ય-પાપમાં જીવ એકાગ્ર થતો તે હવે એકલા જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થાય છે. દુધિયાનો સ્વાદ અનેકાત્મક એક છે. કારણ કે અભેદથી તેમાં એક દુધિયાનો જ સ્વાદ આવે છે અને ભેદથી તેમાં દૂધ, સાકર, બદામ વગેરે અનેક વસ્તુનો સ્વાદ આવે છે. તેમ સંયતપણામાં અનેકાત્મક એકનો અનુભવ છે. તે સંયતપણામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર ત્રણે પર્યાયો જુદી જુદી છે. એ અપેક્ષાએ ત્યાં અનેકાત્મકપણું છે ને ત્રણે પર્યાયો આત્મા સાથે એકમેક થઈ છે માટે એક છે. અહીં અનેકાત્મક એકના અનુભવમાં જે અનેકાત્મકપણું છે તે પરદ્રવ્યમય નથી. ત્યાં પરદ્રવ્યોથી એટલે પુણ્ય-પાપના અનેક વિકારી ભાવોથી તો નિવૃત્તિ જ છે. તેમ જ અનેક પરદ્રવ્યોનું અવલંબન પણ છોડ્યું છે. માત્ર સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ સ્વઅંશોને લીધે જ અનેકાત્મકપણું છે. માટે ત્યાં, અનેકાત્મકપણું હોવા છતાં, એક અગ્રપણું પ્રગટ છે. અનેકતાનું જ્ઞાન છે પણ અનેકતામાં રોકાતો નથી, એકતા થઈ છે. આત્મા રાગમાં અટકતો નથી ને પર્યાયમાં દ્રવ્ય સન્મુખતા ખસતી નથી. આમ પર્યાય પર્યાયવાન સાથે અભેદ થયો–તે એકાગ્રતા લક્ષણવાળી સંયતદશા અથવા મોક્ષમાર્ગ છે ને તે સિદ્ધદશા થવાનું કારણ છે.

ચૈતન્ય દીવાના સ્વ-પર પ્રકાશક સ્વભાવની પ્રગટતા વિના વ્રતાદિની ક્રિયા સંસાર અર્થે છે.

અજ્ઞાની જીવોને લાગે કે આમાં બહારનું કરવાનું તો કાંઈ ન આવ્યું; પણ ભાઈ, વિચાર કર કે બહારનું તું કાંઈ કરી શકતો નથી, પર તરફનું જે વલણ છે તે રાગ છે. ને રાગરહિત જ્ઞાનસ્વભાવમાં ઠરવું એ જ ક્રિયા છે. પણ જીવોને આ ચૈતન્યદીવાની ખબર નથી. દેહને, પુણ્ય-પાપને તથા આખા આત્માને જાણનાર ચૈતન્યદીવાની ખબર નથી.

બે છોકરાને કહેવામાં આવ્યું કે ચાર પૈસાની ચીજમાં આખો ઓરડો માલથી ભરી દેવો. તેમાંથી એક છોકરાએ ચાર પૈસાની જૂની સાંઠીઓ લાવી આખો ઓરડો ભરી દીધો. બીજાએ ચાર પૈસામાં થોડું તેલ ને નાનો દીવો લાવીને તેના પ્રકાશથી આખો ઓરડો ભરી દીધો. તેના બાપાને કહ્યું કે મેં આ ઓરડો આખો પ્રકાશથી ભરી દીધો છે. પહેલા છોકરાએ જૂની સાંઠીઓ ભરેલી, તે કામ આવે એમ ન હતી. ઊલટું, તેને ખાલી કરાવતાં મજૂરીના પૈસા બેઠા ને બીજા છોકરાએ પ્રકાશ ભરેલો તેથી તે પ્રકાશ કામ આવ્યો. અંધારાનો નાશ થયો. તેથી પ્રકાશ કરનાર છોકરો હોંશિયાર ગણાયો. તેવી રીતે પુણ્યથી ધર્મ થાય, શરીરની ક્રિયાથી લાભ થાય, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય–એમ આત્માના ભાન વિના વ્રત, તપ, ઉપવાસ, આયંબિલ કર્યા, જાત્રા કરી–વગેરે ઘણી ક્રિયાઓ કરી ને સાંઠીઓની જેમ ઊંધા લાકડાં ખોસ્યાં પણ આત્માના ભાન વિના તે કાર્યકારી થયા નહિ, ઊલટો સંસાર વધ્યો. જેમ સાંઠીઓ કઢાવવા માટે મજુરીના પૈસા બેઠા તેમ આ ઊંધી માન્યતા કાઢવા માટે ખૂબ પુરુષાર્થ જોઈશે ત્યારે તો ચૈતન્ય ઓરડો સાફ થશે. શરીર, વાણી પર છે, પુણ્ય-પાપ વિકાર છે, હું તો જ્ઞાતા સ્વરૂપ છું, વિકારમાં અટકવું તે મારો સ્વભાવ નથી, હું તો બધાનો જાણનાર છું–એમ ચૈતન્ય દીવાના પ્રકાશથી પોતાના આખા આત્માને ભરી દ્યે એટલે તે

અનંત આત્મા તથા પુદ્‌ગલાદિ દ્રવ્યો છે. દરેક કાયમ રહીને પલટન પામે છે. જીવ પોતાનો સ્વભાવ ચૂકે છે તો વિકાર થાય છે ને સ્વભાવમાં સ્થિર થાય તો એકાગ્રતા થાય છે. આત્મામાં અનંતા ગુણો છે, દર્શન–જ્ઞાન–ચારિત્ર–ત્રણ ગુણોની જુદી જુદી પર્યાયો હોવા છતાં અંતર અનુભવ વખતે એકતા છે. આમ યથાર્થ જ્ઞાન પ્રગટ થાય છે.

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ." (શ્રીમદ્)

પોતાના આત્માની પરિપૂર્ણ શુદ્ધદશા તે જ મોક્ષ છે. સિદ્ધશિલા ઉપર જવું તે મોક્ષ નથી. જે સંપૂર્ણ શુદ્ધતાને પમાડે તે મોક્ષનો પંથ છે. મોક્ષદશા પામવાનું કારણ મોક્ષમાર્ગ છે અને તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ કહ્યો છે.

મોક્ષમાર્ગની એક જ પર્યાયમાં વ્યવહારનય, નિશ્ચયનય ને પ્રમાણ

તે મોક્ષમાર્ગ ભેદાત્મક હોવાથી 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે' એમ પર્યાય પ્રધાન વ્યવહારનયથી કથન છે. અહીં વ્યવહારરત્નત્રયને ભેદાત્મક કહેલ નથી. રાગ કે વિકલ્પ વડે ભેદ પડે તેની વાત નથી. દર્શન–જ્ઞાન–ચારિત્રની ત્રણ પર્યાયો છે માટે ભેદ છે અને ત્રણ પર્યાયો મોક્ષમાર્ગ છે, એમ કહેવુ તે ભેદથી કથન છે, વ્યવહારનયથી કથન છે. ત્રણના લક્ષે ભેદ પડે ને તેથી આત્માનો અનુભવ થતો નથી તે વાત અહીં લેવી નથી. તેમ જ ત્રિકાળી દ્રવ્યને જાણે તે નિશ્ચયનય ને પર્યાયને જાણે તે વ્યવહારનય–એવી રીતે નિશ્ચયનય ને વ્યવહારનયનું કથન અહીં લેવું નથી. અહીં તો મોક્ષમાર્ગની વ્યાખ્યા છે. મોક્ષમાર્ગ પર્યાય છે. તે પર્યાયમાં વ્યવહારનય, નિશ્ચયનય ને પ્રમાણ કહેવા છે. અહીં ચરણાનુયોગનું કથન છે, તેથી એક જ પર્યાયમાં ત્રણે ઉતાર્યા છે ને ભેદાભેદ બતાવેલ છે.

(૧) તેમાં પ્રથમ તો ઉપર કહ્યું તે પ્રમાણે તે મોક્ષમાર્ગની પર્યાયનું સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એવા ભેદ પાડીને જ્ઞાન કરવું તે પર્યાયપ્રધાન વ્યવહારનયથી કથન છે. (પુણ્યપાપના ભેદની વાત અહીં લીધી જ નથી.)

(૨) તે મોક્ષમાર્ગ અભેદાત્મક પણ છે. કારણ કે ત્રણે પર્યાયો આત્મા સાથે અભેદ થઈ છે ને સ્વભાવને જ અગ્ર કરી આત્મામાં લીન થઈ છે. આવી રીતે તે જ મોક્ષમાર્ગની પર્યાયનું અભેદથી જ્ઞાન કરવું એટલે કે 'એકાગ્રતા મોક્ષમાર્ગ છે,' એમ દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી તેનું કથન છે. અહીં નિશ્ચયનય કહ્યો એટલે તેનો વિષય દ્રવ્ય છે, એમ ન સમજવું. અહીં પણ નયનો વિષય તો મોક્ષની પર્યાય જ છે. પણ ત્રણેની એકતા થઈ તે એકપણાનું જ્ઞાન કરાવે છે, માટે નિશ્ચયનય કહ્યો છે.

(૩) બધાય પદાર્થો ભેદાભેદાત્મક હોવાથી મોક્ષમાર્ગની પર્યાય પણ ભેદાભેદાત્મક છે. તે પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ ત્રણની અપેક્ષાએ ભેદ પણ છે તેથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગ છે ને ત્રણે પર્યાયોની એકતા થઈ આત્મા સાથે અભેદ થઈ માટે એકાગ્રતા એ પણ મોક્ષમાર્ગ છે, એમ મોક્ષમાર્ગની પર્યાયનું બે પડખાંથી એકી સાથે જ્ઞાન કરવું તે પ્રમાણથી કથન છે.

આ પ્રમાણે ચરણાનુયોગ હોવાથી મોક્ષમાર્ગની એક જ સમયની પર્યાયમાં નિશ્ચયનય, વ્યવહારનય અને પ્રમાણ–ત્રણે ઉતાર્યા છે.

હવે શ્લોક દ્વારા મોક્ષપ્રાપ્તિને માટે દ્રષ્ટા–જ્ઞાતામાં લીનતા કરવાનું કહેવામાં આવે છે.

કળશ ૧૬

અર્થ :–એ પ્રમાણે, પ્રતિપાદકના આશયને વશ, એક હોવા છતાં પણ અનેક થતો હોવાથી (અર્થાત્ અભેદપ્રધાન નિશ્ચયનયથી એક–એકાગ્રતારૂપ–હોવા છતાં પણ કહેનારના અભિપ્રાય અનુસાર ભેદપ્રધાન વ્યવહારનયથી અનેક પણ–દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પણ થતો હોવાથી) એકતાને (એકલક્ષપણાને) તેમ જ ત્રિલક્ષણપણાને પામેલો જે અપવર્ગનો (મોક્ષનો) માર્ગ તેને લોક દ્રષ્ટા-જ્ઞાતામાં પરિણતિ બાંધીને (–લીન કરીને) અચળપણે અવલંબો કે જેથી તે (લોક) ઉલ્લસતી ચેતનાના અતુલ વિકાસને અલ્પકાળમાં પામે.

જે જીવ પોતાના જ્ઞાતા-દ્રષ્ટા સ્વરૂપમાં લીનતા કરે છે તે અલ્પકાળમાં કેવળજ્ઞાનને પામે છે.

એ પ્રમાણે કહેનારના અભિપ્રાય અનુસાર નિશ્ચયનયથી સ્વભાવમાં એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે ને કહેનારના અભિપ્રાય અનુસાર ભેદપ્રધાન કથનથી મોક્ષમાર્ગ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે–અનેકરૂપે પણ થાય છે. આ પ્રમાણે મોક્ષમાર્ગ નિશ્ચયનયથી એક લક્ષણવાળો છે ને વ્યવહારનયથી ત્રિલક્ષણવાળો છે. આવો મોક્ષનો માર્ગ તેને બધા જીવો પોતાના જ્ઞાનસ્વભાવમાં પરિણતિ કરીને અચળપણે અવલંબો. હું ચૈતન્ય શુદ્ધ છું, જડની ક્રિયા રહિત, પુણ્ય-પાપની ક્રિયારહિત માત્ર જાણનાર–દેખનાર છું એવી અંતર દ્રષ્ટિ કરીને, લીનતા કરીને ચૈતન્યને અવલંબો. જુઓ, અહીં આચાર્ય ભગવાન આખા લોકના જીવોને સાગમટે નોતરું આપે છે. આમ અવલંબન કરવાથી, જેમ પાણીના કુવારાને ચાંપ દાબવાથી પાણીની સેરો બહાર આવે છે, તેમ ચૈતન્યનાં શ્રદ્ધા-જ્ઞાન કરી સ્થિરતારૂપી ચાંપ દાબવાથી તે ઉલ્લસી આવતાં ચેતના અતુલ વિકાસને એટલે કે કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ, અનંતવીર્યને થોડા વખતમાં પામે છે. જેટલો કાળ સંસારમાં ગયો તેટલો કાળ મુક્તિ લેવા માટે જોઈતો નથી, અલ્પકાળમાં મુક્તિને પામે છે. આનું નામ યોગની સાધના છે. તે યોગની સાધનાથી પરમાત્મદશા–યોગીદશા પમાય છે.

હવે પરમાં ને પુણ્ય-પાપના અનેક ભાવોમાં એકાગ્ર થવું તે અનેકાગ્રતા છે. તેને મોક્ષમાર્ગપણું ઘટતું નથી, એમ દર્શાવે છે :–

ગાથા ૨૪૩

પરદ્રવ્યને આશ્રય શ્રમણ અજ્ઞાની પામે મોહને,
વા રાગને વા દ્વેષને, તો વિધવિધ બાંધે કર્મને. ૨૪૩.

જે મુનિ પરમાં લાભ માની આશ્રય કરે છે, તે મિથ્યાદ્રષ્ટિ થાય છે ને અનેક કર્મોને બાંધે છે.

અર્થ :–જો શ્રમણ અન્ય દ્રવ્યનો આશ્રય કરીને અજ્ઞાની થયો થકો મોહ કરે છે, રાગ કરે છે અથવા દ્વેષ કરે છે તો તે વિધવિધ કર્મો વડે બંધાય છે.

જે મુનિ પોતાના ચૈતન્ય સ્વભાવનો આશ્રય ચૂકીને શરીર, મન, વાણીથી લાભ થશે, પુસ્તકોથી જ્ઞાન થશે, જાત્રા કરવાથી ધર્મ થશે, એમ માનીને નિમિત્તો તથા પુણ્યપાપના ભાવોનો આશ્રય કરે છે તે મોહી થાય છે. પરદ્રવ્યથી તથા પુણ્ય-પાપથી નિવૃત્તિ વડે ધર્મ થાય છે તે ચૂકીને પરમાં લાભ–નુકશાન માને છે. અહીં મુનિની વાત મુખ્ય છે. ગૌણમાં ગૃહસ્થો આવી જાય છે. જંગલમાં ગિરિગુફામાં જઈએ તો ધર્મ થાય, એમ માને છે. જો ગિરિગુફાથી ધર્મ થતો હોય તો તેમાં રહેલા નોળકોળને પણ ધર્મ થવો જોઈએ. શાસ્ત્રમાં નિમિત્તનાં કથનો આવે–જ્યારે જીવ કેવળજ્ઞાન પ્રગટ કરે ત્યારે જે ક્ષેત્ર હોય તેના ઉપર આરોપ આવે છે પણ તે ક્ષેત્રથી કેવળજ્ઞાન થતું નથી. અજ્ઞાની જીવ પરમાં લાભ–નુકશાન માનીને અનુકૂળ પદાર્થોમાં પ્રીતિ ને પ્રતિકૂળ પદાર્થોમાં દ્વેષ કરે છે તેથી વિવિધ કર્મો વડે બંધાય છે.

*